કુમાર

ઑગસ્ટ ૧૯૫૪ · અંક ૩૬૮

આવતીકાલનાં નાગરિકો માટેનું આજનું માસિક



સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઇ રાવત

પંચવર્ષી યોજનામાં ધપતું નવભારત વિકાસપથનું પ્રથમ લક્ષ્ય પૂરું કરી બીજા લક્ષ્યના સીમાચિહ્ને આવી પહોંચ્યું છે. એ લક્ષ્ય છે ગ્રામવિકાસ



સુકન્યાની આરાધના : નવયૌવના સુકન્યાને વૃદ્ધ, શબ જેવા ચ્યવન ઋષિને પરણાવવામાં આવે છે. એથી અસંતુષ્ટ થએલી યૌવનમત્ત સુકન્યા, દેવોમાં પણ સ્વરૂપવાન એવા અશ્વિનોને આમંત્રે છે. અશ્વિનો એનું આમંત્રણ સ્વીકારીને આવે છે. તેમના સૌંદર્યથી ઘેલી બનેલી સુકન્યા તેમને હર્ષભરી મીટ માંડી જોઇ રહી છે. છેલ્લી પળે તેને 'સતીત્વ'નું મંત્રદર્શન થાય છે અને અશ્વિનો આશીર્વાદ આપી અદૃશ્ય થાય છે. ('પૌરાણિક નાટકો'–ક. મા. મુનશી) **ચિત્રકાર રવિશંકર રાવળ**

[ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ)ના 'ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' નામક ૩૨ પૂર્ણરંગી ચિત્રોના સંપુટમાંથી: સભાના સૌજન્યથી]

કુમાર

ઑગસ્ટ ૧૯૫૪

અંક ૩૬૮

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



જૂન માસના અંકમાં છપાએલી, શ્રી 'સુકાની'ની સુંદર શૈલીમાં લખાએલી વાર્તા 'નાખવાનું ખમીર' સૌને ગમશે એમાં કોઇ જ શંકા નથી, પરંતુ તે વાંચતી વખતે શબ્દોના અર્થ જોવા માટે વારંવાર ફૂટનોટ તરફ જોવું પડે છે તેથી વાર્તાના રસમાં ભંગ થાય છે. આપે શબ્દોના અર્થ કૌંસમાં આપ્યા હોત તો વાચકો માટે સમજવાનું ને વાંચવાનું સરળ ન થતે ?

(મુંબાઈ) —ગિરીશ દેસાઈ

[• 'સરલતા'ના સૂચન વિષે ખુદ એના લેખક 'સુકાની'એ જ અગાઉ કહ્યું છે: 'કુમાર'ના ૧૩૭મા અંકથી શરૂ થએલી 'ધુડાકિયો બાણુ'-ની વાર્તા સાથે નોંધ મોકલતાં એમણે લખેલું: ''આવા દરિયાઇ કિસ્સાને લાક્ષણિક ઓપ આપવા જતાં ખુશ્કી જવાનો માટે લીટીએ લીટીએ સૂચિચિહ્નો ભરવાં પડે છે. કેટલાકે લખ્યું છે કે 'હડકી વારી આઇ' (૧૦૭મા અંકમાં આવેલી વાર્તા) અમને સમજાઇ નહિ. એવાઓ માટે 'કુમારે' કાળજીપૂર્વક સૂચિ મંગાવી છાપી હતી, છતાં એમાં પણ ઘણાને મજા ન પડી. પાણીદાર અખરોટનાં કવચ તોડી ખાવા કરતાં બધાને હવે 'ક્રૉસ ઍન્ડ બ્લૅકવેલે' વિલાયતથી કાઢી મોકલેલો તૈયાર મગજ જોઇએ છે, કારણ, આજના જવાનની હથેલીમાં જોર નથી, અને કમાડની બેવડ વચ્ચે અખરોટ ભાંગે એવાં કમાડ પણ આજના ઘરધણી બનાવતા નથી....વીરકથાઓ તો સમજાય નહિ ને હૈયું ધડકાવે તોયે બસ છે. બહુ બચપણમાં કૅપ્ટન મરાયટની વાતો વાંચતાં તમારા આ 'સુકાની'ને કોષની જરૂર નહોતી પડી, કારણ, કોષ જોવા જેટલી ધીરજ જ રહેતી નહોતી! વીરગાથા હમેશાં સ્વયંદીપક હોય છે. વેદાન્ત પેઠે એમાં 'ડુક્રૃં કરણે' કરનારાના હાથમાં કાચલી રહે છે પણ ટોપરું વેડફાઇ જાયછે.'' એ પછી ૨૮૦મા અંકમાં આવેલી 'સાગવાનનું હૈયું' મોકલતાં એમણે લખેલું : ''આ વખતે મેં ખુશ્કી વાચકો માટે અર્થસૂચિ નથી આપી અને આપણે એ જેમ વહેલી પડતી મૂકીએ તેમ સારું કે જેથી એ નૌભાષા શબ્દો જાણવાની આપણા જુવાન વાચકોની જિજ્ઞાસા જાગૃત થાય.'' એ જાગૃત થએલી જિજ્ઞાસાને વાચકો તરત પોષી શકે એ માટે (આ વખતે પણ એમણે અમને ઝાઝા શબ્દો નહિ મોકલેલા છતાં) અમે આપમેળે એ લાંબી ફૂટનોટો તૈયાર કરેલી. ચાલુ વાચનમાં કૌંસમાં એકાદ ટૂંકો શબ્દ હોય તો આપી દેવો ઠીક લાગે; પણ લાંબા અર્થ, વિસ્તૃત સમજણ, વહાણોની ઓળખનાં લાંબાં વર્ણન તથા ચિત્રો માટે તો ફૂટનોટ કે પરિશિષ્ટ જ જોઇએ. અને જ્ઞાન વિષે સ્વાશ્રયી થવા માટે પણ, ઝટ ગળે ઊતરે એવો શીરો નહિ પણ ચાવવી પડે એવી સખત ભાખરી જ જોઇએ.]

'કુમાર'ના ૧૯૪૫ના જુલાઇ અંકમાં પૃષ્ઠ ૧૬૫ ઉપર 'જાંબુ' લેખમાં જણાવ્યું છે કે 'ધાર્મિક વિધિમાં વપરાતાં પલ્લવમાં જાંબુનાં પાનનો સમાવેશ થાય છે.' એ અર્ધસત્ય હોય એમ જણાય છે. સંસ્કૃતમાં તો નીચે મુજબ પંચ પલ્લવો કહ્યાં છે: પીપળો (અશ્વત્થ), આંબો (ચૂત), ન્યગ્રોધ (વડ), [સરખાવો : अश्वत्थोदुम्बर प्लक्ष चूत न्यग्रोध पल्लवाः] આમાં જાંબુનો કંઈ ઉલ્લેખ મળતો નથી, તેથી આ સરતચૂક સુધારી લેવા જેવી લાગે છે.

(મુંબાઇ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'કુમાર'ના ૩૬૭મા અંકના માધુકરી વિભાગમાં શ્રી ડી. જી. વ્યાસે 'ગુજરાતનું સંગીત નૃત્ય અને કલા' નામક લેખમાં શાસ્ત્રીય સંગીતનાં મૂળ તત્ત્વો ને સિદ્ધાંતોને લગતા ગ્રંથોની રચના વિષે લખતાં વર્તમાન સમયમાં સ્વ. પં. ભાતખંડેના સહકાર્યકર સ્વ. પં. વાડીલાલ શિવરામનો ઉલ્લેખ ભાવનગરના દરબાર-ગાયક અને 'સંગીત કલાધર'ના રચનાકાર તરીકે કર્યો છે, એમાં કંઇક ગેરસમજ થઈ છે. સ્વ. પં. વાડીલાલ શિવરામ એ સ્વ. પં. ભાતખંડેજીના શિષ્ય તેમજ સહકાર્યકર હતા તે વાત સાચી છે, પરંતુ તેઓ ભાવનગરના દરબારના ગાયક નહોતા તેમજ 'સંગીત કલાધર' તેમણે લખ્યો નથી. ઉપર્યુક્ત ગ્રંથના કર્તા તો સ્વ. પં. ડાહ્યાભાઈ શિવરામ હતા અને તેઓ જ ભાવનગરના દરબારના ગાયક હતા.

(અમદાવાદ) —રામચન્દ્ર ખરે

હાલમાં આપણા લોકોમાં પત્રમૈત્રીનો શૉખ વધતો જાય છે એ વાત સારી છે, પણ આપ નીચે લખેલી એક સાચી વાત વાંચશો તો ખબર પડશે કે તેમાં શું ચાલે છે.

થોડા વખત પર રવિવારના 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના પહેલા પાના પર આવેલું કે બૅંગલોરના એક લશ્કરી ઑફિસર પોતાની પાસે ને ખિસ્સામાં સાપ રાખે છે અને તે સાપ તે ઑફિસરને કાંઈ પણ કરતો નથી. આ પાનાનું કટિંગ એક ભાઇએ ફ્રાન્સના પોતાના પત્રમિત્રને મોકલ્યું ને વધુમાં લખ્યું કે 'અમારા લશ્કરનો પોણોભાગ આવી રીતે સાપ રાખે છે અને તે તેઓને કાંઈ પણ કરતા નથી, પણ તેઓના કહેવાથી બીજાઓને કરડે છે!'


આ વાત વાંચી પેલા ફ્રૅન્ચમૅને લખ્યું, 'હવે મને ખબર પડી કે તમારા સૈનિકો ગઈ લડાઇઓમાં બહાદુરીથી લડતા હતા તે પોતાની બહાદુરીથી નહિ પણ તેઓ પાસે સાપ હોવાને લીધે તે લોકો દુશ્મન સૈન્યમાં નાખતા હતા અને આથી જ દુશ્મન લશ્કર ભાગી જતું હતું.' વળી વધુમાં તે લખે છે કે 'હાલમાં તમે લોકોએ કોરિયામાં જે શાંતિ સ્થાપી તે પણ તેને જ આભારી હતું!!!'

ઉપરની વાત આપણા માટે કેટલી શરમજનક કહેવાય! આપણે જરૂર એ બંગલોરના ઑફિસર માટે ગર્વ લઈ શકીએ, પણ એને લીધે એમ ન કહી શકીએ કે મોટા ભાગના લશ્કરીઓ સાપ જ રાખે છે.

(મુંબઇ) —ઉર્વશી ઝવેરી

અંક નંબર ૩૬૫માં 'સાપ–સવિષ કે નિર્વિષ' વિષે વાંચીને ખૂબ જ જાણવાનું મળ્યું. કારણ અહીં એક ગામડા જેવું હોઈ સાપ તથા વીંછીનો ઉપદ્રવ હમેશાં રહ્યા કરે છે. વીંછી માટે થોડુંઘણું જાણવાનું લખશો તો આપનો આભાર.

(પરલી–હૈદરાબાદ દખ્ખણ)—કે. આર. શાહ



'પ્રભુચરણે': દક્ષિણહિંદમાં શ્રમણબેળગોળની ટેકરી પરની વિરાટકાય મૂર્તિની ચરણપૂજા કરતા માનવીના કદ પરથી એ મૂર્તિના કદની કલ્પના આવી શકશે.

(બૅંગ્લોર)

વૃક્ષ

· અનુષ્ટુપ ·

ઊભું છે વૃક્ષ કો એક પ્રફુલ્લ: વાયુલ્હેરીએ
શાખા પ્રશાખ ડોલંતી અનેક બાહુઓ સમી,
આનંદિત: લીલાં પત્રો મર્મરી મધુરું રહે.

વસન્ત ઋતુનાં પુષ્પે થતી કાયા વિમંડિત,
પૂષાનાં કિરણો ઝીલે દહાડે, રાતે શશીસુધા.
સુખમાં ખામી ના એનાં.

કિન્તુ, જ્યારે નિહાળતું
વૃક્ષ એ, વન્ય પશુને ચાલતાં લયબદ્ધ કૈં
ગતિમાં, મુક્ત: ત્યારે હા ઊંડે ઊંડે વિષાદ કો
જાગતો અંતરે એને અદૃશ્ય જ પુનઃપુનઃ,
'અરે, ચાલી શકું હું તો!'
–અને વીતી યુગો જતા!

પ્રજારામ

ઉષા

· પરંપરિત ઝૂલણા ·

આભને આંગણે શેની આ લાલિમા?
'આજ'–'ગઇ કાલ'ના યુદ્ધમાં
કાળના ઘા ઝીલીને ગઇ કાલ જે થૈ ફના
લાલિમા રક્તની તેહના છાઇ પ્રાચીતણે આંગણે
ક્ષિતિજ સમરાંગણે.

ગીતા પરીખ

-તો શું થાશે?

· ગઝલ ·

જીવન મૃત્યુ તણી શરણાગતી સ્વીકારવા જાતાં
મરણ પોતે જ જીવનને શરણ થાશે તો શું થાશે?
ફકત બે દિલ મળ્યાં ત્યાં સ્નેહ કેરું સ્વર્ગ સર્જાયું,
હજારો દિલતણું એકીકરણ થાશે તો શું થાશે?
હજુ બે ડગ ભર્યાં, ત્યાં આસમાનોમાં વિહરવું છે!
ધરાથી વેંત જો ઊંચાં ચરણ થાશે તો શું થાશે?
ગગન સુધી ફકત પહોંચી છે 'સાકિન'! કલ્પનાદૃષ્ટિ,
નજરથી દૂર નભનું આવરણ થાશે તો શું થાશે?

'સાકિન' કેશવાણી

નફો કે ખોટ?

· પરંપરિત હરિગીત ·

એક બાજુ
શુદ્ધ સોનાની સૂરજની ધાતુને,
ને અન્ય બાજુ
ચન્દ્રને તારા તણી ચોખ્ખી ચમકતી ચાંદીને ઢાળી ઘડયા
દિવસોતણા મોંઘા કંઇ સિક્કા વડે જેને ખરીદું
એ જ એ આ મૃત્યુ!

રતિલાલ જોગી

કાચા પાયા પરની ઈમારત

મધ્યસ્થ સરકારના શિક્ષણખાતાએ ભારતની સર્વ વિદ્યાપીઠો ઉપર એક પરિપત્ર પાઠવ્યો છે અને તેમાં વિદેશમાં શિક્ષણ લેવા જનાર હિંદી વિદ્યાર્થીઓ વિરુદ્ધની આવેલી ફરિયાદો જણાવી છે. કેટલાક વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને અથવા હિંદી એલચી દ્વારા પ્રવેશ મેળવે છે ને છેલ્લી ઘડીએ જવાનું મુલતવી રાખે છે. કેટલાક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી વિદેશ જાય છે, પણ ત્યાં જઇને નામ નોંધાવવાની ના પાડે છે. 'નિશ્ચિત મુદત પહેલાં અભ્યાસક્રમ નહિ છોડીએ' એવું સ્વીકારીને પણ વચ્ચે જ છોડી દેનાર વિદ્યાર્થીઓની સંખ્યા યે ઓછી નથી. આથી હિંદી વિદ્યાર્થીઓને અપાતી સગવડોમાં કાપકૂપ કરવાની ધમકી પણ કોઇકોઇ વિદ્યાપીઠે હવે તો આપી છે, ને પ્રવેશ પહેલાં તેમની પાસેથી જામીન તરીકે કૈંક રોકડ રકમ માગવાનું પણ કોઇકોઈ વિદ્યાપીઠોએ ઠરાવ્યું છે!

હિંદી વિદ્યાર્થીઓનું આ વર્તન ભલે બેકાયદા કે નિયમ વિરુદ્ધ ન હોય, છતાં બીજાની સગવડ-અગવડ જોવાને બદલે કેવળ વૈયક્તિક ને સ્વાર્થ સાધનારું છે. એટલે જ, તે અયોગ્ય ને હિંદની પ્રતિષ્ઠાને બાધક છે. અલબત્ત, તરુણ ને બિન-અનુભવી વિદ્યાર્થીઓ ઉપર જ બધા દોષનો ટોપલો ઓઢાડવો યોગ્ય નથી. તેમના પાલક પણ આમાં જવાબદાર છે. પરદેશમાં શિક્ષણ માટે જનાર વિદ્યાર્થી પાલકના પૈસે જ ત્યાં જાય છે ને રહે છે: તેથી પાલકની સંમતિ સિવાય તેઓ આમ વર્તે છે એમ કોઈ કહે તો તે ભૂલ છે.

વેપારીઓ વિષે આપણે હમેશાં ઘણી યે ફરિયાદો સાંભળીએ છીએ. નમૂના પ્રમાણે માલ ન દેવો, ભેળસેળ કરવી, મોડું કરવું, ખોટ આવે એવું લાગતાં કરાર રદ કરવો, આ બધાંથી પરદેશમાં પણ તેમની આબરૂ ઓછી થાય છે. જે વેપારીઓ ભારતમાં આ રીતે વર્તે છે, તેઓ પરદેશ સાથે વેપાર કરતાં બહુબહુ તો પાંચ દસ ટકા સુધારો બતાવે! જે વાત વેપારીઓને લાગુ પડે છે તે જ વાત બીજાને પણ લાગુ પડે તો સ્થિતિ કેટલી ખરાબ થાય! નીતિનું કંઈ મૂલ્ય જ નથી, એવી આજે જે ભયંકર સમજ ફેલાવા લાગી છે તે અટકાવવી જોઇએ ને તેનો પ્રારંભ યોગ્ય સમયે ને સ્થળે સત્વર કરવો જોઇએ. કૉપી કરી પાસ થનારનું પ્રમાણ આજે શાળાઓમાં ખૂબ વધ્યું છે એમ શિક્ષકો ખાનગીરીતે નામોશીથી કબૂલ કરે છે: આ જ વિદ્યાર્થીઓ પરદેશ જવાના ને પાછા આવીને વિવિધ ક્ષેત્રોનું નેતૃત્વ લેવાના! —શ્રી. વા. કાળે

[મૂળ મરાઠી ઉપરથી અનુવાદક શ. ન. ઓઝા]



આધુનિક હિંદની સ્વાતંત્ર્ય-સંગ્રામની પ્રવૃત્તિઓમાંના પહેલા પુરોહિત
રાજા રામમોહન રાય


અંગ્રેજોએ આ દેશમાં પહેલાં થાણાં તો જોકે પશ્ચિમ અને દક્ષિણ હિંદમાં નાખેલાં, પરંતુ એમની પહેલી હકૂમત પૂર્વમાં બંગાળમાં શરૂ થએલી હોઈ બીજા કોઈ પણ પ્રાંતના લોકો કરતાં બંગાળના લોકો એમના વધુ નિકટના સંપર્કમાં આવેલા અને તેમના જીવન પર એમના સંસ્કારોની સૌ પહેલી અને ઘેરી અસર પડેલી એ હકીકત છે. લૉર્ડ વિલિયમ બેન્ટિન્કનો સ્વાર્થી હેતુ પાર પાડવા લૉર્ડ મૅકૉલેએ આ દેશમાં અંગ્રેજી ભાષાને શિક્ષણના માધ્યમપદે મૂકી તે પહેલાંથી જ પશ્ચિમના સંસ્કારો બંગાળના મન ઉપર પડી ચૂકેલા; અને રાજા રામમોહન રાય એ સંસ્કારો ઝીલેલી વ્યક્તિઓમાં અગ્રગણ્ય હતા.

સામાજિક અને ધાર્મિક ક્ષેત્રમાં યુગાનુરૂપ સુધારણા લાવવાનો રામમોહન રાયનો ઉત્સાહ અદમ્ય હતો. પોતે સ્થાપેલી 'આત્મીય સભા'ની બેઠકો દ્વારા, તથા પુસ્તક-પુસ્તિકાઓનાં પ્રકાશન અને વર્તમાનપત્રોમાંના લેખો દ્વારા એમણે પોતાના સહધર્મીઓ પર અને એથી યે વધુ ખ્રિસ્તીઓ પર જબરો પ્રભાવ પાડેલો. એમણે પશ્ચિમની વિચારસરણી એટલી હદે અપનાવેલી કે ખ્રિસ્તીઓ એમને પોતાના સંઘમાંના એક તરીકે ગણાવવા માંડેલા; પરંતુ એમનો એ ભ્રમ રામમોહન રાયે વેળાસર દૂર કરી દીધો. પોતાના દેશવાસીઓના ધાર્મિક અને સામાજિક આચારના એ ગમે તેટલા વિરોધી હોવા છતાં હૃદયથી તો એ પૂરા રાષ્ટ્રવાદી અને પોતાના દેશબાંધવોના ચાહક રહેલા. આને લઇને એમણે એ સમયે માઝા મૂકી ગએલી ખ્રિસ્તી મિશનરીઓની અધમ પ્રવૃત્તિ સામે મોરચો માંડયો. પરાધીન પ્રજાના ધાર્મિક અને સામાજિક રીતરિવાજોને ખરાબ ચીતરીને રાજ્યાશ્રયે ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવો એ સજ્જનતાનું લક્ષણ ન હોવાનું જણાવી તેમણે ખ્રિસ્તી મિશનરીઓને એ ધર્મના સ્થાપકોના દાખલાને અનુસરીને તુર્કી, ઈરાન વગેરે જેવા સ્વતંત્ર દેશોમાં પોતાની પ્રવૃત્તિ વિસ્તારવાને કહ્યું.


'ધી કલકત્તા જર્નલ'નો તંત્રી જેમ્સ સિલ્ક બકિંગહામ રામમોહન રાયનો જબરો પ્રશંસક હોઈ તે એમનાં બંગાળી ને ફારસી લખાણોનાં અંગ્રેજી ભાષાંતર પોતાના પત્રમાં છાપતો. સરકારની ગેરરીતિઓ સામે એ કડક લખાણો કરતો. પરંતુ આ મુલકને શોષણનું જ એક ક્ષેત્ર સમજતી સરકારે પોતાની રીત સુધારવાને બદલે ઈ. ૧૮૨૩માં વર્તમાનપત્રો પર અંકુશ મૂકતો ધારો પસાર કર્યો, બકિંગહામનું લાઇસેન્સ છીનવી લીધું અને તેને દેશનિકાલ કર્યો. સરકારના આ દુર્વર્તન સામે રામમોહન રાય નિષ્ક્રિય ન રહ્યા. દ્વારકાનાથ ટાગોર, પ્રસન્નકુમાર ટાગોર વગેરે પોતાના સહકારીઓ સાથે મળીને તેમણે સુપ્રીમ કોર્ટ પર અરજી કરી. એનું કંઇ પરિણામ ન આવતાં એમણે ઇંગ્લંડના રાજા પર અરજી કરીને વર્તમાનપત્રોની સ્વતંત્રતાની આવશ્યકતા પર ભાર મૂકયો. એ અરજીમાં વ્યક્ત થએલાં સ્વાતંત્ર્યપ્રેમ, સબળ દલીલશક્તિ ને શૈલીની પ્રવાહિતાને લઇને તેને ઘણી વાર અંગ્રેજ કવિ મિલ્ટનના 'ઍરોપેજેટિકા' સાથે સરખાવવામાં આવે છે. ઉપર્યુક્ત દમનકારી ધારા સામે વિરોધ પ્રદર્શિત કરવાના બીજા કોઈ સાધનના અભાવે રામમોહન રાયે એમના ફારસી પત્ર 'મિરાતુલ અખબાર'નો છેલ્લો અંક તા. ૪થી એપ્રિલ ૧૮૨૩ના રોજ બહાર પાડીને તેનું પ્રકાશન મોકૂફ રાખ્યું.

અંગ્રેજોએ હિંદમાં અંગ્રેજી ભાષા દાખલ કરેલી એ કેવળ પોતાના સ્વાર્થ ખાતર. મૅકૉલે હિંદ આવ્યો ત્યાર પહેલાંથી શિક્ષણના માધ્યમનો ઝગડો ચાલતો હતો અને પૂર્વવાદીઓ તથા પશ્ચિમવાદીઓ એવા બે પક્ષ પડી ગયા હતા. હૉરેસ હેમેન વિલ્સન, પ્રિન્સેપ બંધુઓ વગેરે હિંદી પ્રજાને એમની પોતાની જ ભાષામાં શિક્ષણ આપવાની તરફેણમાં હતા, જ્યારે વિરુદ્ધમાં રેવ. ડૉ. ડફ વગેરે હતા. ગવર્નર-જનરલ બેન્ટિન્કનો ઇરાદો હિંદીઓનું આંગ્લીકરણ અને વિરાષ્ટ્રીકરણ de-nationalisation કરવાનો હતો, અને એ કાર્ય સાધવામાં મૅકૉલે તેને સંપૂર્ણ અનુકૂળ નીવડયો. રાજા રામમોહન રાય અંગ્રેજી ભાષાની વિરુદ્ધ નહોતા, પરંતુ એમનો અભિપ્રાય એ હતો કે એ ભાષાને બીજી ભાષા તરીકે શિક્ષણમાં દાખલ કરીને મુખ્ય પદ તો આ દેશની ભાષાઓને જ આપવું. એમણે આ પ્રશ્નને અનુલક્ષીને એક વિચારપૂર્ણ લેખ 'on the possibility and expediency of substituting the Bengali language for the English' નામનો લખેલો. હિંદીઓ અંગ્રેજી અપનાવે તે કરતાં હિંદમાંના થોડાક હજાર અંગ્રેજો અહીંની ભાષાઓ શા માટે ન અપનાવે, એ એમનો પ્રશ્ન હતો.


હિંદુ ધર્મ ઉપર થઈ રહેલા પ્રહારો સામે સંગઠિત થવા અને દેશ-




જેમ્સ સિલ્ક બકિંગહામ



દ્વારકાનાથ ટાગોર



પ્રસન્નકુમાર ટાગોર



તારાચંદ ચક્રવર્તી

ભારતની સ્વાતંત્ર્ય-સાધનાની પૂર્વભૂમિકા

જનોનો ઉત્કર્ષ સાધવા માટે ઈ. સ. ૧૮૨૩માં રામમોહન રાયના અનુયાયી દ્વારકાનાથ ટાગોર, પ્રસન્નકુમાર ટાગોર અને તારાચંદ ચક્રવર્તી તથા સનાતનધર્મીઓમાંથી રામજય તર્કાલંકાર, કાશીનાથ તર્કપંચાનન અને રઘુરામ શિરોમણિ એકત્ર થયા અને 'ગૌડીય સમાજ'ની સ્થાપના કરી. રાધાકાન્ત દેવ, રામકમલ સેન, ભવાનીચરણ બૅનરજી, રસમય દત્ત, કાશીનાથ મલ્લિક વગેરે અગ્રગણ્ય બંગાળીઓ એમાં જોડાયા. 'નેટિવ લિટરરી સોસાએટી' તરીકે પણ ઓળખાતી એ સંસ્થા વિષે ૧૮૨૪ પછી ખાસ કશું સાંભળવામાં નહોતું આવ્યું, છતાં તેણે વિદેશી કૃતિઓનાં ભાષાંતરો, રામાયણ મહાભારત ને પુરાણો ઉપરાંત અન્ય સાહિત્યગ્રંથો, વ્યાકરણ, શબ્દકોશ અને નકશા સુદ્ધાંના કરેલા પ્રકાશને એ સમયે ખૂબ અસર પાડેલી.

ઈ. ૧૮૨૬માં કલકત્તાની હિન્દુ કૉલેજમાં ઇતિહાસ અને અંગ્રેજી સાહિત્યના અધ્યાપક તરીકે જોડાએલો યુરેઝિયન કવિ હેનરી લૂઈ વિવિયન ડીરોઝિયો સ્વતંત્ર વિચારસરણી ધરાવતો જુવાન હોઇને તેણે પોતાના વિદ્યાર્થીઓને યુરોપના તત્કાલીન વિચારપ્રવાહોનો પરિચય આપતા રહી તેમનામાં સ્વતંત્ર વિચારશક્તિ વિકસાવી. ઈ. ૧૮૨૮માં 'ઍકેડેમિક એસોસીએશન' નામની વિદ્યાર્થીઓની એક ચર્ચાસભા સ્થાપવામાં આવી, જેનો પ્રમુખ ડીરોઝિયો બન્યો. હિન્દુ કૉલેજના પ્રમુખ યોજક અને હિંદી પ્રજાના હિતૈષી ડેવિડ હેર આ સભાઓમાં નિયમિત હાજરી આપતા, જ્યારે કલકત્તાની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સર એડવર્ડ રાયન અને લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કનો રહસ્યમંત્રી કર્નલ બેનસન પ્રસંગોપાત્ત હાજર રહેતા. ડીરોઝિયોથી પ્રભાવિત એ વિદ્યાર્થી-સમુદાયમાંના કેટલાક આગળ જતાં પત્રકારત્વમાં, કેટલાક અધ્યાપન-કાર્યમાં, કેટલાક સરકારી નોકરીઓમાં તો કેટલાક બીજા ધંધાઓમાં પડ્યા, પરંતુ 'તરુણ બંગાળ' તરીકે ઓળખાતો એ સમુદાય ખાનગી અને જાહેરજીવનની વિશુદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહ્યો.

ઈ. સ. ૧૮૨૬માં આ દેશમાં અંગ્રેજોએ પહેલવહેલી જ્યૂરીની પ્રથા દાખલ કરી, પરંતુ તેમાં ખ્રિસ્તીઓ અને બિનખ્રિસ્તીઓ વચ્ચે જે ભેદભાવ રાખવામાં આવેલો તેનો રામમોહન રાયે સખ્ત વિરોધ કર્યો. હિંદુ મુસલમાન બંને કોમોએ આ પ્રસંગે વિદેશી સત્તા સામે પહેલી જ વાર હાથ મિલાવ્યા અને આ સંયુક્ત આંદોલને ઈ. ૧૮૩૨માં જ્યુરીને લગતા ધારામાં સુધારો કરવાની સરકારને ફરજ પાડી.

હિંદમાં વસતા યુરોપિયનોને આ દેશમાં સ્થાયી વસવાટનો અધિકાર નહોતો અને સરકાર ગમે તેવા નજીવા બહાને તેમને દેશ-નિકાલ કરી દેતી. આ સામે યુરોપિયનોએ ઈ. ૧૮૨૯ના ડિસેમ્બરની ૧૫મીએ કલકત્તાના ટાઉનહૉલમાં ભરેલી સભામાં રામમોહન રાય અને દ્વારકાનાથ ટાગોરે અગ્રગણ્ય ભાગ લીધો અને દ્વારકાનાથે ઠરાવ રજૂ કર્યો, જેને રામમોહન રાયે ટેકો આપ્યો. રામમોહન રાયની એ ગણતરી હતી કે યુરોપિયનોની મૂડી અને સાહસવૃત્તિ આ દેશના સંપત્તિવિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવશે; પરંતુ ૧૮૩૩ના ચાર્ટર ઍક્ટ તથા વરાળયંત્રની શોધે આ ગણતરી ખોટી પાડી.

આ વિરોધપ્રદર્શન એક હકીકત તો સૂચવતું જ હતું કે હિંદીઓને તેમની પરાધીનતા સાલવા લાગી હતી. પ્રસન્નકુમાર ટાગોરે ઈ. ૧૮૩૧માં 'મારા દેશબાંધવોને સંબોધન'માં લખેલું કે: 'સ્વાતંત્ર્ય અને મુક્તિનો પ્રભાવ વિસ્તૃત છે અને હજુ ચોપાસ વિસ્તરતો જાય છે. એ પ્રવાહ કોઈથી રોક્યો રોકાય તેમ નથી.' રામમોહન રાયના સુધારાવાદી બ્રહ્મો-સમાજના વિરોધમાં સનાતનીઓએ સ્થાપેલી ધર્મસભા ધાર્મિક-સામાજિક ક્ષેત્રે મતવિરોધ ધરાવવા છતાં રાજકીય ક્ષેત્રે તો સહકાર-પૂર્વક જ કામ કરવા માંડેલી.

ઈ. ૧૮૩૫માં ગવર્નર જનરલ સર ચાર્લ્સ મેટકાફે વર્તમાનપત્રો પરનો અંકુશ દૂર કરતાં અનેક નવાં પત્રો શરૂ થયાં અને કેટલાંકે પોતાનું બંધ કરી દીધેલું પ્રકાશન ફરી ચાલુ કર્યું. એ વર્ષના ઑગસ્ટની ૨૭મીએ હિંદુ કૉલેજના માજી વિદ્યાર્થી કાલિકાચંદ્ર દત્તના તંત્રીપદે 'ધી હિન્દુ પાયોનિયર' શરૂ થયું. દ્વારકાનાથ ટાગોરે 'ધી ઇંગ્લિશમૅન'ના સંચાલનના હક્કો ખરીદી લીધા. બંગાળી પત્ર 'સંવાદ-પ્રભાકર' એના તંત્રી બંગકવિ ઈશ્વરચન્દ્ર ગુપ્તે ફરી ચાલુ કર્યું ને ૧૮૩૯ના જૂનની ૧૪મીથી એ બંગાળી ભાષાના સૌપ્રથમ દૈનિક તરીકે બહાર પડવા માંડ્યું.

પંડિત ગૌરીશંકર તર્કવાગીશના પ્રમુખપદ નીચેની 'બંગભાષા પ્રકાશિકા સભા' શરૂઆતમાં સંસ્કૃતિના ક્ષેત્રમાં જ કાર્ય કરતી, પરંતુ ૧૮૩૬ના ડિસેમ્બરની ૮મીએ શ્રી કાલિનાથ રાયચૌધરીએ મૂકેલા પ્રસ્તાવ દ્વારા તેણે રાજકીય ક્ષેત્રે પણ કામગીરી શરૂ કરેલી. આની સાથોસાથ 'લૅન્ડહોલ્ડર્સ એસોસીએશન'નો પણ ઉલ્લેખ આવશ્યક છે. હિંદીઓ અને યુરોપિયનોએ સંયુક્તપણે ૧૮૩૮માં સ્થાપેલી એ સંસ્થાના પ્રમુખ હતા રાધાકાન્ત દેવ, જ્યારે મંત્રીઓ હતા પ્રસન્નકુમાર ટાગોર તથા 'ધી ઇંગ્લિશમૅન'નો તંત્રી જૉન કૉબ હરી. આ મંડળી જો કે જમીનદારોનાં હિત અર્થે જ સરકાર સામે લડેલી અને એમાં અમુક અંશે સફળ પણ નીવડેલી, તોપણ સામાન્ય પ્રજાવર્ગ ઉપર પણ એની લડતનો જબરો પ્રભાવ પડેલો. રાજા રાજેન્દ્રલાલ મિત્રે લખ્યું છે તેમ, 'It gave to the people the first lesson in the art of fighting constitutionally for their rights and




રાધાકાન્ત દેવ



રામકમલ સેન



કવિ ડીરોઝિયો



ડેવિડ હેર


રામગોપાલ ઘોષ


રાજેન્દ્રલાલ મિત્ર


જ્યૉર્જ થૉમ્પસન


ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર


જૉન ઇલિયટ બેથ્યૂન


પીઆરીચંદ મિત્ર

taught them to manfully assert their claims and give expression to their opinion.'

આ મંડળીની લડતમાં 'લંડન સોસાએટી'એ સારા પ્રમાણમાં સહાય કરેલી. રામમોહન રાય અને દ્વારકાનાથના મિત્ર ડબ્લ્યુ. ડબ્લ્યુ ઍડમે ૧૮૩૯ના મધ્યમાં ઈંગ્લંડમાં એની સ્થાપના કરેલી. હિંદથી ઇંગ્લંડ જવા ઊપડતાં પહેલાં એણે રામગોપાલ ઘોષ સાથે એ સંબંધે ચર્ચાવિચારણા કરેલી અને હિંદના પ્રવાહો વિષે પોતાને નિયમિત માહિતી મોકલ્યા કરવા જણાવેલું. ગુલામોની મુક્તિ માટે લડનાર જ્યૉર્જ થૉમ્પસને શરૂઆતથી જ આ સોસાએટીને ટેકો આપ્યો. ઈંગ્લંડનાં મુખ્ય મુખ્ય કેન્દ્રોમાં એ હિંદી પ્રશ્નો પર ભાષણો આપતો અને લંડન સોસાએટી તે છપાવીને બહાર પાડતી. ૧૮૪૧થી સોસાએટીએ 'બ્રિટિશ ઇન્ડિયન ઍડવોકેટ' પત્ર પણ બહાર પાડવા માંડ્યું.

આ બધાં આંદોલનો મુખ્યત્વે પ્રૌઢ માણસોનાં હતાં, પરંતુ બંગાળનો તરુણવર્ગ પણ નિષ્ક્રિય નહોતો. એમણે પણ 'ધ સોસાએટી ફૉર ધી ઍક્વિઝિશન ઑવ જનરલ નૉલેજ' તથા 'તત્ત્વબોધિની સભા' શરૂ કરેલી. આમાંની પ્રથમ સંસ્થાના પ્રમુખપદે હતા તરુણ બંગાળના માનીતા નેતા શ્રી તારાચંદ ચક્રવર્તી. ડેવિડ હેરને સર્વાનુમતે સંસ્થાના 'વિઝિટર' તરીકે ચૂંટવામાં આવેલા. બંગાળી અને અંગ્રેજી ભાષામાં વિજ્ઞાનથી માંડી રાજકારણ સુધીના વિષયો એમાં ચર્ચાતા. 'તત્ત્વબોધિની સભા'ના સ્થાપક હતા દ્વારકાનાથ ટાગોરના પુત્ર દેવેન્દ્રનાથ ટાગોર. સભા તરફથી શ્રી અક્ષયકુમાર દત્તના તંત્રીપદે એક પત્રિકા પણ ચલાવવામાં આવતી. દેવેન્દ્રનાથ ટાગોર, રાજનારાયણ બોઝ, રાજેન્દ્રલાલ મિત્ર, પંડિત ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, પંડિત આનંદચન્દ્ર વેદાંતવાગીશ વગેરે તેના મુખ્ય લેખકો હતા.

વખત જતાં હિંદીઓ અને યુરોપિયનો વચ્ચેનો ભેદભાવ વધતો ચાલ્યો અને 'લૅન્ડહોલ્ડર્સ સોસાએટી'માંથી યુરોપિયનો ધીમેધીમે ખસતા ગયા. આથી હિંદીઓના પ્રશ્ન અર્થે લડનારી ખુદ હિંદીઓની જ એક સંસ્થાની આવશ્યકતા અનિવાર્ય બની. આ અનિવાર્યતા પિછાણીને દ્વારકાનાથ ૧૮૪૨માં જ્યૉર્જ થૉમ્પસનને પોતાની સાથે હિંદ લેતા આવ્યા. એનાં ભાષણોએ યુવાનવૃદ્ધ સૌમાં એકસરખો ઉત્સાહ આણી દીધો. એણે એના દેશવાસીઓ વતી કબૂલ કર્યું કે 'આ દેશમાં અમારીનીતિ સ્વાર્થી જ નહિ પણ આંધળી રહી છે' ને એ અંધત્વ દૂર કરાવવાનો ઇલાજ એણે સૂચવ્યો, 'સંગઠિત થાઓ અને એકીઅવાજે બોલતા થાઓ.'


દેવેન્દ્રનાથ ટાગોર

થૉમ્પસનની આ પ્રેરણાનું પરિણામ તે 'બેંગાલ બ્રિટિશ ઇન્ડિયા સોસાએટી.' 'લૅન્ડહોલ્ડર્સ સોસાએટી' કરતાં તે એ રીતે જુદી પડતી હતી કે એનું સ્વરૂપ પૂરેપૂરું હિંદી હતું અને ઇંગ્લંડમાંના હિંદીઓના મિત્રો કે એજન્ટો પર મદાર બાંધવાને બદલે પોતાના જ બળે ન્યાય મેળવવાનો એનો નિર્ધાર હતો. ઈ. સ.૧૮૪૩ના એપ્રિલની ૨૦મીએ થૉમ્પસનના પ્રમુખપદે મળેલી એની બેઠકે પસાર કરેલા છ ઠરાવોમાંનો ત્રીજો ઠરાવ બંધારણીય લડતને લગતો હતો. પોતાનો અવાજ રજૂ કરવા એણે 'ધ બૅંગાલ સ્પેક્ટેટર' નામનું પત્ર પણ શરૂ કરેલું. શાસક સત્તાના પ્રતિનિધિઓ તરુણ બંગાળના આવિર્ભૂત થએલા આ નવા પ્રાણને સહી ન શકે એ સ્વાભાવિક હતું. બંગાળી તરુણોના આગેવાન શ્રી તારાચંદ ચક્રવર્તીના નામ પરથી તેઓ આ સંગઠનને 'Chakervutty -action' તરીકે ઓળખાવતા.

ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ પૂરો થયો તે સમયે આ રીતે રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હિંદી પ્રજાજનોમાં સ્વાભિમાન અને દેશાભિમાન પ્રેરતી જતી હતી. હિંદીઓ હવે મૂગે મોંએ યુરોપિયનોની તુમાખી સહી લેવા તૈયાર નહોતા. હિંદુત્વનો મલિન નીતિરીતિથી કરવામાં આવતો હ્રાસ સહી લેવા પણ એ તૈયાર નહોતા. ઈ. ૧૮૫૧ના મેની ૨૫મીએ ઓરીએન્ટલ સેમીનરીમાં રાધાકાન્ત દેવના પ્રમુખપદે મળેલી જંગી સભાએ 'લાચારીના કારણે પરધર્મમાં ગએલા કોઇ પણ હિંદુને તેના ધર્મમાં પાછું આવવું હોય તો કશા જ પ્રાયશ્ચિત્ત વિના તેને સ્વીકારી લેવાનો' ઠરાવ પસાર કર્યો. 'ધ ફ્રેન્ડ ઑવ ઈન્ડિયા' પત્રે આ ઠરાવને 'One of the most important events of the present century' ગણાવ્યો. આ ઠરાવના અનુસંધાનમાં રાધાકાન્ત દેવના પ્રમુખપદે 'પતિતોદ્ધાર સભા' સ્થાપાઈ ને શ્રી ઈશ્વરચંદ્ર નંદીએ તેને લગતું સામયિક પણ બહાર પાડવા માંડ્યું.

ઈ. ૧૮૪૮ના એપ્રિલમાં જૉન ઇલિયટ ડ્રિન્કવૉટર બેથ્યૂન હિંદ સરકારના કાયદાસભ્ય તરીકે આવ્યો. રામગોપાલ ઘોષ સાથે એને મૈત્રી બંધાઇ, કારણ બંને જણ 'કાઉન્સિલ ઑવ એડ્યુકેશન'માં સાથે બેસતા. રામગોપાલે એને છોકરીઓ માટે શાળા ખોલવામાં સહાય કરી અને હિંદીઓ તથા યુરોપિયનો વચ્ચે રાખવામાં આવતા ભેદભાવ સામે એની ન્યાયવૃત્તિ ઉત્તેજી. બેથ્યૂને યુરોપિયનોના સ્વચ્છંદને અંકુશમાં લેવા કાયદાસભ્ય તરીકે ચાર ખરડા તૈયાર કર્યા. યુરોપિયનોએ તુરત જ આ પગલાને 'કાળા કાયદા' તરીકે ઓળખાવી તેનો વિરોધ આદરી દીધો. રામગોપાલે 'Remarks on the Black Acts' નામની પુસ્તિકા બહાર પાડી આ વિરોધની પોકળતા ખુલ્લી પાડી. યુરોપિયનોએ આથી ગુસ્સે થઇને એમને 'ઍગ્રી-હૉર્ટીકલ્ચરલ સોસાએટી'ના ઉપપ્રમુખપદેથી દૂર કરવા માગણી કરી, જો કે રામગોપાલ ઘોષે એ સંસ્થાને સારા પ્રમાણમાં નાણાંની (અનુ. પૃ. ૩૩૪)

ભવિષ્યની ડિરેક્ટરી

દિક્-કાળનો લોપ કરતી વૈજ્ઞાનિક શક્યતાઓની વાર્તા

લેખક · રમણિકલાલ જે. કપાશી

જ્યોતિ અને હું રેસ્ટોરાંમાં દાખલ થતાં'તાં ત્યાં બારણામાંજ શહેરિયારે કહ્યું,'સાહેબ,આજે રેસ્ટોરાં બે કલાક બંધ છે.'

'કેમ, કેમ? આજે તો મંગળવાર છે ને?' રેસ્ટોરાં સોમવારે બંધ રહેતું હતું તેથી મેં પૂછ્યું.

'આજે એક વિચિત્ર ગ્રાહકે રેસ્ટોરાં બે કલાક માટે સો રૂપિયે ભાડે લીધું છે, એટલે પબ્લિક માટે મારે બંધ રાખવું પડ્યું છે.'

'પૈસા આપશે તો ખરો ને?' મેં હસતાં હસતાં પૂછ્યું.

'અરે સાહેબ એ તો પહેલાં લીધા છે. સો રૂપિયાની નવી જ નોટ તેણે અગાઉથી આપી છે.'

અમે જરા નિરાશ થઇને પાછા વળવા જતાં હતાં ત્યાં અંદરના રૂમમાંથી એક યુવાન બહાર આવ્યો. 'આવો, આવો, અનિલભાઈ, હું તમારી જ રાહ જોતો હતો.' તેણે કહ્યું: 'મિ. શહેરિયાર, તમે બે પ્લેટ આઈસક્રીમ લઇ આવો અને પછી બહાર જાઓ ત્યારે દરવાજો બંધ કરતા જજો. આપણા કરાર મુજબ બે કલાક માટે રેસ્ટોરાં પબ્લિક માટે બંધ છે તે ધ્યાન રાખશો. આવો અનિલભાઈ, જ્યોતિબહેન, અંદર આવો.'

અજાયબ થઇને અમે બન્ને તેને જોઈ રહ્યાં. પણ તે અમને બન્નેને આગ્રહપૂર્વક અંદર લઇ ગયો.

'પણ—પણ હું તમને ઓળખતો હોઉં તેમ લાગતું નથી.' મેં કહ્યું.

'બરાબર છે. પણ તમને જ મળવા માટે મેં આ રેસ્ટોરાં બે કલાક માટે ભાડે રાખ્યું છે.'

'આનું નામ ડિંગ!' મેં જ્યોતિ સામે જોઇને કહ્યું.

'નહિ, આઈસક્રીમ.' શહેરીયાર બે પ્લેટ આઈસક્રીમ લઇને આવ્યો એટલે તેણે હસતાં હસતાં કહ્યું. શહેરિયાર પ્લેટ મૂકીને ગયો.

'પણ, આ રેસ્ટોરાંમાં અમે અત્યારે આવીશું તેની અમને જ પાંચ મિનિટ પહેલાં ખબર નહોતી.' જ્યોતિ બોલી.

'જ્યોતિબેન, તમે બન્ને જણ આ રેસ્ટોરાંમાં બપોરના બેથી ત્રણ વાગ્યાની વચ્ચે આવશો તે સોએ સો ટકા નક્કી હતું.'

'જુઓ, ગપ્પાં મારવાં રહેવા……' મેં જરા ગુસ્સાથી શરૂઆત કરી. પણ તેણે મને અટકાવ્યો.

'ગુસ્સે ન થશો. તમે પહેલાં આઇસ્ક્રીમ શરૂ કરો અને મારી વાત નિરાંતે સાંભળો. મારે તમારી સાથે બહુજ અગત્યની વાતકરવીછે.'

'મારી સાથે? પણ હું તો તમને ઓળખતો પણ નથી.'

'કાંઇ વાંધો નહિ. અમે તમને બરાબર ઓળખીએ છીએ. તમારી સાથે આ મીટિંગ ગોઠવવા માટે તો અમારે ખર્ચ કરીને આ રેસ્ટોરાં ભાડે લેવું પડ્યું છે. ખર્ચ કોને થયું તે તમે હવે પછી સમજશો. પણ આજે આ સિવાય તમને નિરાંતે મળવાનો બીજો કોઇ ટાઇમ નહોતો. અનિલભાઇ, તમે અમને ગંભીર મુશ્કેલીમાં મૂકી દીધા છે.'

'હેં? કેમ?—શી રીતે?' હું અજાયબ થયો.

'વાત, જાણે એમ છે, કે આજે સવારના અગિયાર વાગ્યે પરીખ બુકસેલર્સ પાસેથી તમે ચાર ચોપડીઓ ખરીદ કરી. અને તે આ તમે લાવ્યા તે પાર્સલમાં છે. તેમાંની ત્રણ ચોપડીઓ સંબંધે કાંઈ વાંધો નથી પણ ચોથી ચોપડી સંબંધે જ બધો ગોટાળો થયો છે.'

'તમેજ ગોટા વાળતા હો તેમ લાગે છે.' મેં જરા કડકાઈથી કહ્યું.

'આપણે નકામો ટાઈમ બગાડીએ છીએ; ચાલો.' જ્યોતિ ઊભી થઇ. ત્યાં તો તેની આંખમાંથી જાણે તણખા ખર્યા. જ્યોતિને તેણે કહ્યું, 'બેસી જાઓ!' અને નાના બચ્ચા પેઠે જ્યોતિ તુરત જ બેસી ગઈ.

'એ ચોથી ચોપડી તે ડિરેક્ટરી છે.' તેણે કહ્યું.

"હા. મેં 'વ્યાપાર' કાર્યાલયની ૧૯૫૪ની ડિરેક્ટરી ખરીદ કરી છે."

'એમ તમે માનો છો.'

'એટલે?'

'ત્યાં જ ગોટાળો થઇ ગયો છે. તમારા પાર્સલમાં ૧૯૮૪ની ડિરેક્ટરી છે. કઇ રીતે તે ત્યાં આવી તે તમે પૂછશો નહિ. તે જાણવાથી તમને કાંઇ ફાયદો થવાનો નથી. ગંભીર ગોટાળો થઈ ગયો છે. આવો ગોટાળો ફરીથી ન થાય તે સંબંધે અમે પગલાં લીધાં છે, અને તમારી પાસેની ડિરેક્ટરી પાછી લેવા માટે મારે આ મીટિંગ ગોઠવવી પડી છે.'

હું ખડખડાટ હસી પડયો. ૧૯૮૪ની 'વ્યાપાર'ની ડિરેક્ટરી! તેનું ખસી ગયું હતું કે શું? પાર્સલ લેવા મેં હાથ લાંબો કર્યો: પાર્સલ ખોલીને જોઉં તો ખરો! પણ તેણે મારો હાથ પકડી રાખ્યો.

'અનિલભાઈ, મહેરબાની કરી એ પાર્સલ ખોલશો નહિ.'

મેં જ્યોતિ સામે જોયું. 'તો તમારું શું કહેવું છે?' જ્યોતિ બોલી.

'મારે એ ડિરેક્ટરી જોઇએ છે. હું એ પાછી લઈ જવા માગું છું.'

'૧૯૮૪ની ડિરેક્ટરી?!!' મેં પૂછ્યું.

'હા.'

'મિસ્ટર, જુઓ; તમારા કહેવા મુજબ જો આ પાર્સલમાં ૧૯૮૪-ની ડિરેક્ટરી હોય તો તમે તો શું પણ તમારા જેવા સો માણસો આવશે તોપણ હું એ લઈ જવા નહિ દઉં.' મેં જરા જુસ્સાથી કહ્યું.

'શું કામ?'

'અરે ભલા માણસ! એ ડિરેક્ટરીથી તો હું કરોડો રૂપિયા કમાઈ જાઉંને? કઇ રાજકીય પાર્ટી સત્તા પર હશે? કઇ કંપની સધ્ધર હશે? કઇ બૅંક, કઇ વીમા કંપનીના શેર લેવા, કઈ જગ્યાએ પૈસા રોકવા...'

'અને એટલા માટે જ હું એ ડિરેક્ટરી લઈ જવા માગું છું. તમે લોકો ભવિષ્ય જાણીને તેનો ગેરઉપયોગ કરો તેની મને ખાતરી જ છે. ભવિષ્યમાં શું બનવાનું છે તે જાણીને તમે તે વિશે સટ્ટો ખેલો, જુગાર રમો. કઈ કંપની આબાદ થશે, કઈ જમીનની કિંમત વધશે, કયા શહેરની વસ્તી વધશે,કઈ નવી વૈજ્ઞાનિક શોધ થશે વગેરે દરેક બાબત ઉપર તમે પૈસા કમાવાની દૃષ્ટિથી જ જુઓ.'

'હાસ્તો' મેં કહ્યું.

'માફ કરજો અનિલભાઇ, પણ તમે નાના બચ્ચા જેવી વાત કરો છો. તમને પૈસા જોઇએ છે તે વાત સાચી; પણ તે તમારી મહેનતના, તમારા ખરા પરસેવાના પૈસા હોય તો જ. વગર મહેનતે તમને પૈસા મળશે તો તેમાં તમને મઝા નહિ રહે.'

'કાંઈ વાંધો નહિ.' મેં કહ્યું.

'તો તમે એમ માનો છો કે તમને બેઠાંબેઠાં પૈસા મળી જાય એટલે તમે સુખી થઈ જશો? તો તો પછી તમે મહેનત શું કામ કરો છો? ચોરી કરોને! લૂટ કરોને! બીજાને છેતરીને તેના પૈસા લઇ લ્યોને!'

'એ તો નૈતિક રીતે ખરાબ કહેવાયને?' મેં કહ્યું.

'બરાબર છે અનિલભાઈ, અને એટલા માટે જ તમે મહેનત કરીને પૈસા કમાઓ છો. તમે પ્રામાણિક છો; તમારે પૈસા અને કીર્તિ જોઇએ છે, પણ તે કોઇનાં ચોરેલાં નહિ જ.' હું વિચારમાં પડ્યો. તેનો મુદ્દો સાચો હતો અને તેની મારાથી ના પડાય તેમ નહોતું. આખરે મેં કહ્યું:

'તો હું જાણવા માગુ છું કે મને પૈસો અને કીર્તિ મળશે કે કેમ ?'

'એટલે તમે ડિરેક્ટરીમાં તમારું નામ જોવા માગો છો; તમે ભવિષ્યમાં શું થશો તે તમારે જાણવું છે, ખરું ને? શું કામ? તમને તમારા પોતાનામાં વિશ્વાસ નથી? તમારી શક્તિમાં શ્રદ્ધા નથી? હજુ તમે તાજા જ બૅરિસ્ટર થઇને આવ્યા છો. ઉપરાંત તમે બૅંકિંગ અને ઇકૉનૉમિક્સનો પણ ઊંડો અભ્યાસ કર્યો છે. તમારી કરીઅરની તો હજુ શરૂઆત છે. પછી તમને શી બીક રહે છે?'

હું અજાયબ થઈ ગયો. મારા વિષે તેને પૂરેપૂરી માહિતી હતી.

'તમને આ બધી શી રીતે ખબર પડી ?' મેં પૂછ્યું.

'અમને તમારા વિષે બધી ખબર છે. હવે બીજું તમારે શું જાણવું છે? જ્યોતિ બહેન તમને પરણશે કે નહિ તે સંબંધે?'

'મારા વિષે તેમને ડિરેક્ટરીમાં જોવાની બિલકુલ જરૂર નથી.' જ્યોતિ બોલી. મેં પ્રેમથી જ્યોતિનો હાથ દબાવ્યો.

'તો પછી તમારે બીજું શું જાણવું છે?'

'સલામતી'. કંઈ ન સૂઝવાથી મેં કહ્યું.

'જિંદગી એ જ જોખમ છે. સલામતી જિંદગીમાં છે જ નહિ. એ તો મૃત્યુમાં જ મળે.' તેણે કહ્યું.

'તમે ઊંધું સમજ્યા. હું તો દુનિયાની સલામતી સંબંધે પૂછતો હતો, અત્યારના ઍટમ બૉમ્બ ને હાઇડ્રોજન બૉમ્બ આદિના જમાનામાં.'

'વાત સાચી છે. એ જોખમ ખરું. પણ દુનિયામાં—પૃથ્વી ઉપર જીવન રહેશે તેની ખાતરી રૂપે મારું અસ્તિત્વ નથી લાગતું?'

'હું તમારી વાત માનું તો.'

"તમે માનો કે ન માનો; કાંઇ ફેર પડવાનો નથી. પણ ડિરેક્ટરી પાછી નહિ આપવાનું ખરું કારણ એ નથી. તમારે તો ફક્ત પૈસા જ જોઇએ છે. તમે ગંજીપાનાં પાનાંથી 'પેશન્સ' રમો છો ?" તેણે પૂછ્યું.

'હા.'

'તેમાં તમે પાનાં આડાંઅવળાં મૂકીને છેતરપીંડી કરો છો ખરા?'

'કોઈ કોઈ વખત.'

'પણ એવી રીતે જીતવામાં આનંદ આવે છે?'

'ના.' મેં કહ્યું.

'તો અનિલભાઇ, તમે પ્રામાણિક છો. મારું કહેવું માનો અને આ ડિરેક્ટરી મને આપી દો. એમાં જોયા પછી અને ભવિષ્ય જાણ્યા પછી તમને પૈસા મળશે તો પણ તમને એમ જ મનમાં રહ્યા કરશે કે કાંઇક છેતરપીંડી કરીને તમે આ પૈસા મેળવ્યા છે. અને તમારી જાતને એનો ડંખ રહી જશે.' હું વિચારમાં પડ્યો. મેં જ્યોતિ સામે જોયું.

'તો તમે એ બળજબરીથી કેમ નથી લઈ લેતા?' જ્યોતિએ પૂછ્યું.

'નહિ બહેન, મારાથી બળજબરી થાય નહિ. તમારી રાજીખુશીથી તે તમે આપો તો જ મારાથી લઈ જવાય. ક્રમવિરુદ્ધ અમારાથી કાંઇ લેવાય પણ નહિ અને દેવાય પણ નહિ.'

'પણ પેલો શહેરિયાર તો કહેતો હતો કે તમે રેસ્ટોરાંના ભાડાના સો રૂપિયા તેને આપ્યા.' મેં કહ્યું.

'તે એમ માને છે, પણ ખરી રીતે મેં તેને કાંઈ આપ્યું નથી. તે તો એમ જ માનશે કે મેં તો તેને છેતર્યો છે. પણ પછી તમે જ બધું બરાબર કરી દેશો. અને દરેક વસ્તુ તેના ક્રમ મુજબ જ થઇ જશે.'

'એટલે?'

'એટલે એમ કે આ ડિરેક્ટરી સંબંધી થઈ ગએલી ભૂલ સુધારવા અમે ઊંડો વિચાર કરીને જ બધું કરેલું છે. અને અનિલભાઇ, તમારી પ્રામાણિકતા ઉપર અમને વિશ્વાસ જ હતો કે તમે અમને ડિરેક્ટરી પાછી આપી દેશો જ. અમે તેને તેની યોગ્ય જગ્યાએ મૂકી દઈશું, અને તમે મને ફરીથી જોશો પણ નહિ. માટે કૃપા કરી એ મને આપી દો.'

હું વિચારમાં પડ્યો. ભવિષ્ય જાણવાનો લોભ જતો કરવાનું દિલ થતું નહોતું. તેમજ તેની વાત પણ સાચી હતી. વગર મહેનતે પૈસો મળે તો તેની કિંમત પણ શું? અને તે નૈતિક દૃષ્ટિએ વ્યાજબી કહેવાય ખરું કે?

'શું કરીશું, જ્યોતિ?' મેં જ્યોતિને પૂછ્યું.

'તેમની વાત બરાબર છે. ડિરેક્ટરી આપી દો.' જ્યોતિએ પણ કહ્યું.

મેં પાર્સલ તેના હાથમાં આપ્યું. તે લઇને એ અંદરના રૂમમાં ગયો. જ્યારે તે બહાર આવ્યો ત્યારે તેના હાથમાં ત્રણ છૂટી ચોપડીઓ હતી અને ડિરેક્ટરીનું નાનું પાર્સલ તેણે બનાવ્યું હતું. ત્રણે ચોપડીઓ તેણે ટેબલ ઉપર મૂકી અને મને કહ્યું, 'અનિલભાઈ, તમે અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. અમારી ગંભીર મુશ્કેલી તમોએ તમારી પ્રામાણિકતાથી દૂર કરી છે. અને તેથી તમને આપણી આ મુલાકાતનું કાંઈક સ્મરણચિહ્ન આપવાનો મારો વિચાર છે. સૃષ્ટિના ક્રમમાં ફેરફાર થાય તેવી વસ્તુ તો કાંઈ અમારાથી લેવાય-દેવાય નહિ. પણ તમને એક સ્મરણચિહ્ન તો જરૂર આપી શકીશ.' એટલું કહી જરા હસીને, ફરીથી અમારો બન્નેનો આભાર માની તેણે ચાલવા માંડ્યું.

'અરે...પણ પેલું સ્મરણચિહ્ન?' મેં યાદ કર્યું.

'તે તમને શહેરિયાર આપશે.' કહીને તે દરવાજા બહાર ચાલ્યો ગયો. જરા વાર તો અમે બન્ને ગુપચુપ બેસી રહ્યાં. પણ પછી, તે અમને બનાવીને મારી એક ચોપડી લઈ ગયો કે શું એવો વિચાર મને આવ્યો.

'જ્યોતિ, વાત સાચી હશે કે કોઇ બદમાશ હશે? આપણને બનાવીને એક ચોપડી પડાવી ગયો કે શું?' મેં પૂછ્યું.

'ગાંડો રે ગાંડો! તો ચોપડી આપ્યા પહેલાં વિચાર કરવો હતો ને?' જ્યોતિ હસી. 'પણ તે એક ચોપડી શું કામ લઇ જાય?! આખું પાર્સલ જ ન લઈ જાય? એક ડિરેક્ટરીની કિંમત પણ શું?'

જ્યોતિની વાત બરાબર હતી. પણ મારા મગજમાંથી શંકા હજુ ખસતી નહોતી. મને નવો વિચાર આવ્યો.

'પણ તેણે આપણને બેવકૂફ બનાવીને એક ચોપડી આપણી પાસેથી લેવાની તેના મિત્રો સાથે શરત કરી હોય તો? અત્યારે તે બધા બેઠાબેઠા આપણી બેવકૂફી પર હસતા હશે!'

'ના ના, મને તો એમ લાગતું નથી. શી સરસ તેની વાત હતી!'

'એમાં તો ના નહિ. શહેરિયારને પૈસા આપ્યા છે, છતાં તેણે તો કાંઇ આપ્યું નથી! અને શહેરિયાર છેતરાય નહિ તે મારે જોવું! વળી, શહેરિયારમને સ્મરણચિહ્ન આપશે! ચોક્ખેચોક્ખી બનાવટ!' મેં કહ્યું.

'ના ના હું નથી......' જ્યોતિ વાક્ય પૂરું કરે ત્યાં તો રેસ્ટોરાંનો દરવાજો ધડાક કરતો ઊઘડી ગયો અને લાલપીળો થતો શહેરિયાર અંદર ધસી આવ્યો : 'ચોર! લુચ્ચો! હરામખોર!! ક્યાં ગયો એ ચીનનો શાહુકાર?'

'કેમ કેમ? એ તો ગયો.' મેં કહ્યું.

'અરે પોલીસને જ સોંપી દઉં. બચ્ચાજીને જેલ ભેગો કરું તો જ ખરો.' શહેરિયારનો પિત્તો હજુ ઊછળેલો જ હતો: 'અને તમે ય શું વકીલ સાહેબ! તમે પણ આવા કાવતરામાં સાથ આપો છો? શરમ છે"

'પણ છે શું આટલું બધું? અને મને શું છે?' મેં પૂછ્યું.

'અરે, તેણે મને ભાડા માટે સો રૂપિયાની જે નોટ આપી એ લઈને મારા મિત્રને ત્યાં ગયો હતો. વાત નીકળતાં તેણે એ નોટ જોવા માગી અને જોઇને કહ્યું કે એ નોટ તો ખોટી છે—બનાવટી છે.'


'એમ? સો રૂપિયાની બનાવટી નોટ તેણે આપી?' જ્યોતિ હસી.

'જુઓ.' કહીને શહેરિયારે મને નોટ બતાવી.

(અનુસંધાન પૃષ્ઠ ૩૪૦મે)

પ્રથમ દર્શને જ મહત્તા ને સામર્થ્યનો પ્રભાવ પાડે અને વિશેષ પરિચય થતાં પ્રતિદિન તેની પ્રતીતિ વધારે દૃઢ અને ગાઢ બનાવે એવા પ્રતિભાસંપન્ન ને તેજસ્વી પુરુષ સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસનું વ્યક્તિત્વ, એક વાર પરિચય થાય પછી કદી ન ભુલાય એવું પ્રતાપી, વિશિષ્ટ ને મોહક છે. પડછંદ દેહ, વિશાળ ઓજસ્વી લલાટ, શાંત ને દૃઢ મુખમુદ્રા, વેધક છતાં પ્રેમાળ આંખો, અને પંચોતેર વર્ષે પણ ટટ્ટાર અદાવાળી આ મહાનુભાવ મૂર્તિ, સાદા ને શિષ્ટ યુરોપીઅન પહેરવેશમાં, માથે બનારસી ટોપી ને હાથમાં લાકડીથી સજ્જ થઈ ડિરેક્ટરોની મીટિંગમાં કે કોઈ સભામાં દાખલ થાય ત્યારે હવામાં ગાંભીર્ય ને સન્માનમિશ્રિત વિવેકનાં તત્ત્વો ઉમેરાય છે. સાંજે મરીન-ડ્રાઈવ પર નરીમાન પૉઇન્ટ પર ફરતા હોય ત્યારે પરિચિત જનો એમની સાથે વાત કરવા ઉત્સુક હોય છે કેમકે એમની સાથે બે શબ્દો બોલવાનો પ્રસંગ એ ઘણાને મન ગૌરવ છે.

એમને ઘેર સવારના નવ વાગ્યાથી મુલાકાતો શરૂ થાય છે અને નાના-મોટા અનેક જનો એમની નિસ્પૃહ, ન્યાયપૂર્ણ ને શાણી સલાહ લઇ સંતોષ અનુભવે છે. મુંબાઇ, ગુજરાત ને હિંદભરમાં એમની કીર્તિ ફેલાએલી છે. મુંબાઈના સર્વ વ્યાપારી વર્તુલોમાં એમનું સ્થાન અગ્રગણ્ય નેતાનું છે. મુંબાઇની દરેક મહત્ત્વની આર્થિક, વ્યાપારી કે સામાજિક પ્રવૃત્તિમાં તેઓ હમેશાં મોખરે હોય છે. તેઓ લગભગ ૭૦ કંપનીઓમાં ડિરેક્ટર છે અને તેમાંની કેટલીક મોટી ને સદ્ધર કંપનીઓના બોર્ડના ચેરમૅન છે. એમની પ્રતિષ્ઠા ને શાખ એટલાં ઊંચાં છે કે ભલભલા ધનવાનો અને બૅંકરો તેમના તરફ ભારે સન્માન ધરાવે છે. મુંબાઈના વ્યાપારી મહામંડળ 'ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર'ના તેઓ આદ્ય પ્રણેતા છે અને વર્ષો સુધી તેના પ્રમુખ હતા.



સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ

ભારતના નાણાંકીય અને આર્થિક તંત્રને સંગીન કરવામાં રચનાત્મક ફાળો આપનાર નીતિનિષ્ઠ વ્યાપારી, નીડર દેશહિતૈષી, પીઢ રાજપુરુષ અને અભિજાત મહાનુભાવ

લેખક · શ્રી રવિશંકર સંતોષરામ ભટ્ટ એમ.એ. (લંડન)

ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સના તેઓ પ્રણેતા અને ૧૯૨૮થી ૧૯૩૧ સુધી પ્રમુખ હતા. પશ્ચિમ હિંદની મશહૂર ઇસ્ટ ઇન્ડિયા કૉટન એસોસીએશનના મુખ્ય સર્જક ને શરૂઆતથી જ તેના પ્રમુખ છે.

આપણા દેશના અગ્રગણ્ય અને વિશિષ્ટ પુરુષોમાં એમનું સ્થાન અદ્વિતીય છે. હિંદના પ્રથમ પંક્તિના સમર્થ નેતાઓમાં અને ભાગ્યવિધાયકોમાં એક મહારથી (giant) તરીકે એમની ગણના થાય છે. આપણા દેશમાં જે અનેક ધનવાનો, ઉદ્યોગપતિઓ ને શાહ સોદાગરો છે એ સૌ તેમને અસાધારણ અનુભવી અને શાણા સલાહકાર તરીકે સ્વીકારે છે. એમનું જાહેરજીવન એટલે આપણા આર્થિક જીવનના જ છેલ્લાં પચાસ વર્ષનો ઇતિહાસ, કારણકે દેશની એવી કોઇ પણ મહત્ત્વની આર્થિક અને નાણાંકીય પ્રવૃત્તિ નહોતી કે જેની સાથે સર પુરુષોત્તમદાસનું નામ જોડાએલું ન હોય. એમના પ્રતિભાશાળી વ્યક્તિ-



ઇ. ૧૮૯૧માં બાર વર્ષની કુમારવયે

ત્વની છાપ આપણા પચાસ વર્ષના આર્થિક ઇતિહાસ પર સ્પષ્ટરીતે અંકિત થએલી છે. આ કાળ મુખ્યત્વે સ્વરાજ-પ્રાપ્તિ માટેની લડતનો હતો. એની સિદ્ધિ માટે રાજકીય, આર્થિક, વ્યાપારી અને નાણાંકીય ક્ષેત્રોમાં પરદેશી શાસન અને દાસત્વમાંથી મુક્તિ મેળવવાની હતી. એ વ્યાપક લડતમાં ભાગ લેનાર મહાન વ્યક્તિઓની પ્રતિભા અને ઉચ્ચ શક્તિઓએ અગ્નિમાં સુવર્ણ માફક, આવિષ્કાર પામી આપણા રાષ્ટ્રજીવનને ગૌરવાન્વિત બનાવ્યું છે. રાજકીય ક્ષેત્રના સમર્થ રાજપુરુષો—મહાત્મા ગાંધીજી, પંડિત નેહરુ, સરદાર પટેલ અને તેમના સાથીઓએ જે પ્રચંડ, અહિંસક લડત ચલાવીને સ્વતંત્રતા સિદ્ધ કરી તેમનાં નામો હિંદના ઇતિહાસમાં અમર થયાં છે, એ જ રીતે આર્થિક, વ્યાપારી અને નાણાંકીય ક્ષેત્રમાં રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે જે મહાન દેશભક્તોએ અપૂર્વ નીડરતા, સાહસ અને રાષ્ટ્રપ્રેમથી અણનમ લડત ચલાવેલી તેમાં સર પુરુષોત્તમદાસનું નામ મોખરે છે. સાથોસાથ આપણા આર્થિક અને નાણાંકીય તંત્રનો સંગીન અને સ્થિર વિકાસ થાય એ માટેની રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ એમનો ફાળો એટલો વિપુલ અને સઘન છે કે અત્યારે દેશમાં એમનું સ્થાન એક પીઢ રાજપુરુષ Elder statesmanનું ગણાય છે. ખાસ કરીને આર્થિક અને નાણાંકીય બાબતો અંગે વારંવાર ઉપસ્થિત થતા અનેક અટપટા પ્રશ્નો, ગૂંચવણભરી સમસ્યાઓ કે મુશ્કેલીઓના ઉકેલ માટે આપણા દેશનાં વ્યાપારી મંડળો અને સરકાર તરફથી પણ એમની શાણી સલાહ લેવાય છે, એટલું જ નહિ પરન્તુ એમનાં સલાહ અને સૂચનો નિર્ણયાત્મક ગણાય છે. આવું અપ્રતિમ, સર્વોચ્ચ ને વિરલ સ્થાન સર પુરુષોત્તમદાસના અત્યંત પ્રભાવશાળી વ્યક્તિત્વ, બુદ્ધિ-પ્રતિભા, વિપુલ-ગુણરાશિથી વિભૂષિત ઉદાત્ત ચારિત્ર્ય ને સત્યનિષ્ઠા ઉપરાન્ત અસાધારણ વ્યાપારી કુનેહ, કર્તવ્યપરાયણતા તથા ઉચ્ચ નીતિમત્તા અને સૌથી વિશેષ, તો પુરુષ-સિંહપણાના ગુણોના સમન્વયને આભારી છે. પવિત્રતા, હૃદયમાં દયા ને સમભાવ, સ્વભાવમાં ઉદારતા, આત્માની ક્ષમાવીરતા ને સમતા, સંસારવ્યવહાર તથા માનવો વિષેનું વિવેકયુક્ત જ્ઞાન, વિચાર-સ્વાતંત્ર્ય અને નિષ્કામ કર્મયોગીની કલ્યાણ-ભાવના, આ સદ્‌ગુણો આપણા સામાજિક જીવનમાં અને સ્વતંત્ર ભારતના પુનરુત્થાનમાં ભારે પ્રેરણાદાયી છે. આર્ય સંસ્કૃતિના ઉચ્ચ સંસ્કારો અને પશ્ચિમની શાસ્ત્રીય દષ્ટિનો એમના જીવનમાં આદર્શ સુમેળ થયો છે.

ગઈ તા. ૯મી જૂને એમણે એમના કર્તવ્યપરાયણ જીવનનાં પંચોતેર વર્ષ પૂરાં કર્યાં. આ સમય દરમિયાન એમણે પોતાની વિરલ શક્તિઓ અને અમૂલ્ય સેવાઓ દેશને અર્પણ કરી છે. એમનાં જીવન અને કાર્યપ્રદેશ હિંદની જનતા માટે અને ખાસ કરીને ગુજરાતની પ્રજા માટે ગૌરવનો વિષય છે.

સર પુરુષોત્તમદાસના દાદા શ્રી આત્મારામ હરિભાઇ સૂરતમાં રહેતા. એમની સ્થિતિ સાધારણ હતી, પરન્તુ એમનું કુટુંબ વિદ્યા અને સંસ્કારથી વિભૂષિત હતું. એમના મોટા પુત્ર શ્રી ઠાકુરદાસ સૉલિસિટરની પરીક્ષા પસાર કરીને મુંબાઇની એક સૉલિસિટરની પેઢીમાં જોડાયા, અને બીજા પુત્ર શ્રી વ્રજભૂખણદાસ, જેઓ સર સી. વી. મહેતાના પિતા થાય, તે મુંબાઈમાં નોકરીથી શરૂઆત કરી નારણદાસ રાજારામની સ્વતંત્ર રૂની પેઢીમાં ભાગીદાર થયા અને ટૂંક સમયમાં જ સફળતા મેળવી. આમ આખા કુટુંબે મુંબાઈમાં સ્થાયી વસવાટ કર્યો. પુરુષોત્તમદાસનો જન્મ સંવત ૧૯૩૫ના જેઠ સુદ ૯ તા. ૩૦મી મે ઇ. ૧૮૭૯ના રોજ સુરતમાં થએલો. બંને ભાઇઓના બહોળા કુટુંબમાં તેઓ પ્રથમ પુત્ર-સંતાન હતા એટલે સ્વાભાવિકરીતે સર્વના પ્રેમભાજન હતા. આ સબંધમાં એક હકીકત નોંધવા જેવી છે. એમના જન્મ પહેલાં તેમના પિતાશ્રી ઠાકુરદાસ હમેશાં તુલસીકૃત રામાયણની કથા માતા દિવાળીબાઇને સંભળાવતા. એ કથા પૂરી થઈ તેને બીજે જ દિવસે પુરુષોત્તમદાસનો જન્મ થયો હતો. આપણે ત્યાં દઢ માન્યતા છે કે માતાના વિચારો, સંકલ્પો અને સંસ્કારો બાળકના માનસમાં પ્રતિબિંબિત થાય છે. આ માન્યતા પરત્વે વૈજ્ઞાનિક તથ્ય સર્વસ્વીકૃત હોય કે નહિ, પરંતુ શ્રી પુરુષોત્તમદાસનાં જીવન ને કાર્યવિસ્તારના નિષ્પક્ષ અભ્યાસીને તેમાં 'રામાયણ'માં નિરૂપિત ઉચ્ચ સંસ્કારો અને નીતિના સિદ્ધાંતો મૂર્તિમંત થએલા જણાશે. એમનો શિશુકાળ અત્યંત આનંદમય વાતાવરણમાં પસાર થતો હતો તેવામાં એકાએક એમના પિતાશ્રી ઠાકુરદાસના અકાળ અને આકસ્મિક અવસાનથી કુટુંબમાં શોકની ઘેરી છાયા ફરી વળી. આથી સૌને ખૂબ આઘાત થયો અને એમનાં માતુશ્રી દિવાળીબહેન થોડા જ સમયમાં સ્વર્ગવાસી થયાં. આમ, માત્ર નવ વર્ષની ઉમરે પુરુષોત્તમદાસ માતાપિતાથી વંચિત થયા. એમના કાકા શ્રી વ્રજભૂખણદાસે એમનું પુત્રવત્ પાલન કર્યું. અને મમતા તથા ઔદાર્યથી એમનામાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું. શ્રી પુરુષોત્તમદાસનો અભ્યાસકાળ શરૂઆતથી જ તેજસ્વી હતો. એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલમાંથી મૅટ્રિક થઈ તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં



ઈ. ૧૯૦૧માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા ત્યારે

જોડાયા. તેજસ્વી મેધા, આત્મવિશ્વાસ અને ખંતપૂર્વકના અભ્યાસથી એમણે ૧૯મે વર્ષે બી. એ.ની પરીક્ષા ઉચ્ચ શ્રેણીમાં પસાર કરી. ત્યાર બાદ ઇ. ૧૯૦૧માં એમનાં લગ્ન રાજકોટના જાણીતા શેઠ શ્રી દામજી-ભાઈ કોઠારીનાં પુત્રી શ્રી ધનલક્ષ્મીબહેન સાથે થયાં. ભાવિ પરત્વે એમની સમક્ષ બે પર્યાયો હતા: કાં તો એમના પિતાની સોલિસિટર-ની પેઢીમાં જોડાવું અથવા કાકા શ્રી વ્રજભૂખણદાસની સાથે જોડાઇને વેપારમાં પડવું. અંતે તેમણે રૂનો ધંધો કરતી કાકાની નારણદાસ રાજા-રામની પેઢીમાં જોડાવાનો નિર્ણય કર્યો.

એમના ધંધાદારી જીવનની શરૂઆત પેઢીમાં ઉમેદવાર તરીકે થઈ હતી. પેઢીના કામકાજમાં નાનામાં નાની વિગતથી માંડીને પેઢીના મુખ્ય ભાગીદારોએ નિયત કરેલી નીતિ અને વ્યવહારનું પૂરેપૂરું જ્ઞાન પામીને રૂના વેપારમાં એમણે પ્રવેશ કર્યો. એમના કાકાશ્રી વ્રજભૂખણ-દાસનો એમના પર પુત્રવત્ પ્રેમ હતો, પરંતુ પેઢીના કામમાં કડક શિસ્તપાલન હતું. વળી પેઢીના ભાગીદાર શ્રી નારણદાસ રાજારામનો સ્વભાવ ઉગ્ર હતો. છતાં બન્ને પાસેથી રૂના ધંધાની એમણે પૂરેપૂરી તાલીમ લીધી અને મુંબાઈના રૂના વેપારનાં મંડળોમાં પોતાની બુદ્ધિ-શક્તિ, વ્યાપારી કુનેહ અને ઉચ્ચ પ્રામાણિકતાની છાપ પાડી. રૂના આંતરરાષ્ટ્રીય અને વ્યાપક વેપારની આંટીઘૂંટીનો ઊંડો અને ઝીણવટ-ભર્યો અભ્યાસ કરી કર્તવ્યનિષ્ઠા તથા કુનેહથી એટલી ઝડપી પ્રગતિ એમણે સાધી કે છ વર્ષના ટૂંકા ગાળામાં તેઓ નારણદાસ રાજારામની પેઢીના ભાગીદાર બન્યા. આ સમયનો એક પ્રસંગ નોંધપાત્ર છે. એક દિવસ કૉટન એસોસીએશનવાળા શ્રી ગ્લેડસ્ટને નારણદાસ રાજારામની પેઢીનો હિસાબ નક્કી થયા પ્રમાણે લેણી નીકળતી રકમનો પેઢીના નામનો ચેક લખીને શ્રી પુરુષોત્તમદાસના હાથમાં આપ્યો; અને બીજી જ ક્ષણે કંઈ યાદ આવ્યું હોય એમ, ક્ષણેક વિચાર કરીને એક બીજો રૂપિયા પાંચ હજારનો ચેક લખીને 'પૉકેટ મની' તરીકે તેમને આપતાં તેઓએ કહ્યું, 'આ તમારા માટે'. બીજે દિવસે નારણદાસ રાજારામની પેઢી તરફથી પત્ર મળ્યો તેમાં હિસાબના ચેકનો સાભાર સ્વીકાર કર્યો હતો અને સાથે વધારાના રૂપિયા પાંચ હજાર જમા કર્યાની નોંધ અને રસીદ હતાં! શ્રી ગ્લેડસ્ટને એમને નિમંત્રણ આપી બોલાવ્યા અને કહ્યું, 'શા માટે તમે બીજા પૈસા પેઢીમાં આપ્યા? એ તો મેં તમારું કામ જોઇને ખુશ થઇને અંગત ભેટ આપ્યા હતા. શું એ તમારું બાઈબલ છે?' શ્રી પુરુષોત્તમદાસે શાંત અને મક્કમ સ્વરે જવાબ આપ્યો, 'એમાં બિબ્લીકલ કંઈ નથી; એ તો સામાન્ય જ્ઞાનની—સાદી સમજની વાત છે.'

સર પુરુષોત્તમદાસે પેઢીનો વેપાર વિશાળ પાયા પર મૂકીને આધુનિક ધોરણે તેનો વિકાસ સાધ્યો. એમના સંચાલન નીચે રૂની ખરીદીનાં મથકો વધવા લાગ્યાં અને ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ દરિયાપાર આફ્રિકામાં કંપાલા અને જિંજામાં પેઢીની ઑફિસો તથા જીનરીઓ સ્થપાઈ. એમની પેઢીની શાખ એટલી ઊંચી હતી કે મીલોવાળા 'NR' માર્કાવાળા રૂની માગણી કરતા. એ શાખ ઉત્તરોત્તર વધતી જ રહી છે અને આજે પણ રૂના વેપારમાં એમની પેઢીનું સ્થાન મોખરે છે. સર પુરુષોત્તમદાસ અત્યારે એ પેઢીના ચેરમૅન છે અને મોટા ભાગનું કામ શ્રી રમણલાલ સરૈયા તથા બીજા યુવાન ભાગીદારોએ સંભાળી લીધું છે.

રૂના વ્યાપારના ક્ષેત્રમાં પોતાની પેઢીની પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવામાં અને તેની શાખ વધારવામાં એમણે ભગીરથ પ્રયત્ન કર્યો છે, પરંતુ સાથોસાથ હિંદના રૂના વેપારને એમણે જે સેવાઓ અર્પી છે તે મુકાબલે અમૂલ્ય છે. એનો સવિસ્તર ઇતિહાસ અહીં આપી શકાય તેમ નથી, પરંતુ એ વિષે ત્રણ પ્રવૃત્તિઓ ખાસ નોંધપાત્ર છે: (૧) રૂના બજારમાં યુરોપિયનોને બદલે હિંદી વેપારીઓનાં આધિપત્ય અને



ઇ. ૧૯૧૩માં : મુંબાઈના અગ્રગણ્ય વેપારી પુરુષોત્તમદાસ ઠાકુરદાસ

વર્ચસ્વની સ્થાપના (૨) રૂના વેપારની વ્યવસ્થા અને તેનો આયોજિત વિકાસ તથા (૩) રૂના ઉત્પાદક ખેડૂતની સ્થિતિની સુધારણા. સર પુરુ-ષોત્તમદાસે જ્યારે ધંધાની શરૂઆત કરી ત્યારે રૂના વેપારમાં અને મુંબાઈના કૉટન બોર્ડમાં મુખ્યત્વે યુરોપિયન વેપારીઓનું જ સ્વામિત્વ હતું. હિંદી વેપારીઓને તેમાં પ્રવેશ નહોતો. વેપારના ઊંડા અને ઝીણવટભર્યા અભ્યાસ તથા વ્યાવહારિક કુનેહ અને પ્રામાણિકતાથી સર પુરુષોત્તમદાસ એ કૉટન બોર્ડના સભ્ય થયા એટલું જ નહિ પણ થોડા જ સમયમાં તેના પ્રમુખ તરીકેનું માનપ્રદ સ્થાન મેળવ્યું. આખરે તેમના નેતૃત્વ નીચે એ કૉટન બોર્ડનું વિસર્જન થયું, અને ૧૯૨૨ની સાલમાં અન્ય હિંદી વેપારીઓના સહકારથી ઈસ્ટ ઇન્ડિયા કૉટન એસોસીએશનની સ્થાપના કરીને શ્રી પુરુષોત્તમદાસ તેના પ્રમુખ ચૂંટાયા ત્યારથી અત્યાર સુધી તેઓ એ સંસ્થાના પ્રમુખ રહ્યા છે. આ સંસ્થા દ્વારા દેશમાં હિંદી પેઢીઓને રૂના વેપારમાં અગ્રસ્થાન પ્રાપ્ત થયું છે. છેલ્લાં ત્રીસ વર્ષ દરમિયાન મુંબાઈના રૂના વેપારની વ્યવસ્થા અને સ્વ-શાસિત નિયમન ઉત્તરોત્તર વધતાં ગયાં છે. આ સમય દરમિયાન 'કૉટન ગ્રીન' કોલાબા પરથી ખસેડી સીવરી પર લઈ જવામાં આવ્યું, જ્યાં આજે ગોડાઉનો અને આલેશાન મકાનો બાંધવામાં આવ્યાં છે. ઉપરાંત ભૂલેશ્વર પર ઈસ્ટ ઇન્ડિયા કૉટન એસોસીએશનનું ભવ્ય મકાન બાંધ્યું છે. રૂનો વેપાર ઘણો સંકુલ અને આંટીઘૂંટીવાળો છે. એને લગતા મહત્ત્વના પ્રશ્નો જેવા કે (૧) રક્ષણાર્થ કબાલાનું ઘડતર (૨) સર્વેને લગતું કામ (૩) વલણની પદ્ધતિ (૪) ટ્રસ્ટ ફંડોનો વહીવટ (૫) મજૂરકલ્યાણની યોજના અને (૬) રૂના સમગ્ર વેપારનું એક માન્ય સંસ્થા નીચે એકી-કરણ, આ બધાંમાં શ્રી પુરુષોત્તમદાસે અવિશ્રાંત સેવાઓ અને અમૂલ્ય ફાળો આપ્યાં છે. મુંબાઈના રૂ બજારમાં હમેશાં લાખો ને કરોડો રૂપિયા-ના સોદા થાય છે અને દર અઠવાડિયે લગભગ બે કરોડ રૂપિયાનું વલણ નીકળે છે. છતાં છેલ્લી લડાઈ દરમિયાન અને ત્યાર પછીનાં વર્ષોમાં પ્રતિકૂળ સંયોગોમાં તેમજ સરકારી અંકુશોને લીધે વારંવાર પલટાતી નીતિની વચ્ચે પણ રૂ બજારની સમતુલા જે જળવાઈ રહી છે એ સર પુરુષોત્તમદાસની કુનેહ અને પ્રતિભાને આભારી છે. એમની જ સલાહને અનુસરીને સરકારે રૂના વાયદાનો વેપાર ફરી શરૂ કરવાની રજા આપી, અને પરિણામે વર્ષો પછી એ વેપાર ફરી શરૂ થયો છે. ગમે તેવા આંટી-



સર પુરુષોત્તમદાસ ઇ. ૧૯૩૪માં

ચૂંટીવાળા પ્રશ્નોનો કે વાયદાના બજારમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિનો ઉકેલ એમની ન્યાયયુક્ત સલાહ અને શાણપણથી આવે છે. એમના જેટલો બહોળો અનુભવ હિંદભરના રૂ બજારમાં ભાગ્યે જ બીજા કોઇને હશે. એમની તટસ્થ અને નિસ્પૃહી વૃત્તિને કારણે બજારની તેમની વર્ષો-જૂની સરમુખત્યારી ચાલુ રાખવા રૂ બજાર આજે એકઅવાજે આગ્રહ રાખે છે. હિંદના રૂ બજારના તેઓ પિતા છે.

રૂના વેપારના વ્યવસ્થિત વિકાસની સાથોસાથ રૂના ઉત્પાદન, તેની અનેક જાતોની સુધારણા, અને ખેડૂતને આર્થિક વળતર અંગેના પ્રશ્નોમાં એમણે છેલ્લાં ચાળીસ વર્ષોથી સતત રસ લીધો છે અને સક્રિય પ્રયાસો કર્યા છે. તેઓ ઇન્ડિયન સેન્ટ્રલ કૉટન કમિટીના ઉપપ્રમુખ હતા અને એ કમિટિ તેમજ રૂના ઉત્પાદનને લગતી અન્ય કમિટીઓમાં અત્યારે એમનાં સલાહ અને સૂચનો સન્માનપૂર્વક લેવાય છે.

જાહેર જીવનની શરૂઆત એમણે મુખ્યત્વે સામાજિક સેવા દ્વારા કરી. આ સદીના બીજા દાયકામાં ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થઈ ત્યારે તેને માટે એમણે મુંબાઇમાં ફંડ એકઠું કરીને એક સમિતિ નીમી. તેના પ્રમુખ સર વિલિયમ આર્મસ્ટ્રૉંગ હતા અને પોતે તેના મંત્રી હતા. એમાં એમણે ખૂબ બાહોશી ને કુનેહથી એ કામ કર્યું. પહેલા વિશ્વ-યુદ્ધને અંતે ૧૯૧૯-૨૦માં ખોરાક અને જીવનની જરૂરિયાતની ચીજોના ભાવો એટલી ઊંચી સપાટીએ પહોંચ્યા કે મુંબાઈમાં મધ્યમ ને ગરીબ વર્ગને ખૂબ હાડમારી સહન કરવી પડેલી. એવે સમયે તેમણે અન્ય મિત્રો સાથે મળીને એક ફંડ ઊભું કર્યું અને લગોલગ સસ્તા અનાજની દુકાનો ખોલી એ ફંડના મંત્રી તથા ખજાનચી તરીકે ઉમદા કામગીરી બજાવી. આ જાહેર સેવાની કદર રૂપે સરકારે એમને ૧૯૧૯-૨૦માં મુંબાઇના 'શેરીફ' નીમેલા. આ ઉપરાંત ૧૯૧૫-૧૮માં તેઓએ મુંબાઇના ધારાસભ્ય તરીકે જે પ્રશંસનીય કામગીરી બજાવી હતી તેથી એમની અસાધારણ શક્તિ, પ્રતિષ્ઠા, વિચારસ્વાતંત્ર્ય ને સેવાભાવનાની જાણ તે સમયની વિચક્ષણ મધ્યસ્થ સરકારને થઈ ચૂકી હતી એટલે ટૂંક સમયમાં જ તેમના કાર્યક્ષેત્રની સીમા વિસ્તૃત બની. ઈ. ૧૯૨૦-૨૧માં ઇન્ડિયન રેલવેઝના વહીવટની સુધારણા માટે મધ્યસ્થ સરકારે મિ. એકવર્થના અધ્યક્ષપણા નીચે સમિતિ નીમી તેમાં તેઓ સભ્ય તરીકે નિમાયા હતા. એ કમિટીના કામકાજ દરમિયાન તેમણે રેલવેના વહીવટમાં રહેલી ખામીઓ સામે ઉગ્ર વિરોધ દર્શાવી તેની સુધારણા માટે અનેક મહત્ત્વનાં અને વ્યવહારુ સૂચનો કર્યાં હતાં. ઇ. ૧૯૨૨-૨૩માં તેઓ કાઉન્સિલ ઑવ સ્ટેટના સભ્ય નિમાયા. આ જ અરસામાં મધ્યસ્થ સરકારે ખર્ચમાં કાપકુપ કરવાની શક્યતા વિચારવા માટે લૉર્ડ ઈન્ચકેપના પ્રમુખપણા નીચે એક કમિટી નીમી, તેમાં પણ તે સભ્ય નીમાયા. તેમાં તેમણે સરકારી ખર્ચના બોજા સામે અને ખાસ કરીને લશ્કર માટેના અસાધારણ ખર્ચ સામે, વિરોધ કરી તેમાં કાપકુપ કરી, હિંદની ગરીબ જનતા ઉપાડી શકે તેવીરીતે ખર્ચનો ભાર હળવો કરવા મજબૂત લડત ચલાવી હતી. આ સંબંધમાં એમણે જે સચોટ અને વ્યવહારુ આર્થિક સૂચનો કર્યાં એની સરકાર ઉપર ઊંડી છાપ પડેલી અને તેને પરિણામે મધ્યસ્થ સરકારના ખર્ચમાં ૨૦ કરોડ રૂપિયાનો બચાવ થયેલો. આ પ્રવૃત્તિઓમાં એમણે અસાધારણ નીડરતા, વિચારસ્વાતંત્ર્ય અને રાષ્ટ્રપ્રેમ દાખવ્યાં હતાં. એ સમયની રાજકીય અને આર્થિક પશ્ચાદ્ભૂમિમાં તો આ ગુણો વિશેષ દીપી ઊઠે છે. આ સંબંધમાં એક પ્રસંગ નોંધવા જેવો છે. મુંબાઈમાં ઈ. ૧૯૨૦-૨૩ના અરસામાં સર જ્યૉર્જ લૉઇડ ગવર્નર હતા. સર જ્યૉર્જનું વ્યક્તિત્વ શાહી દમદમાટ ને ઉગ્ર મિજાજથી ભરેલું હતું. અમુક મહત્ત્વની બાબત અંગે સર પુરુષોત્તમદાસ પર દબાણ લાવવાના હેતુથી એમણે એમને નિમંત્રણ મોકલાવ્યું અને વિવેકપુરઃસર સર પુરુષોત્તમદાસ મુલાકાતે ગયા. મુંબઈના આલેશાન ગવર્નમેન્ટ હાઉસના હૉલમાં સર જ્યૉર્જ મળ્યા અને એમની હમેશની રીત પ્રમાણે એમણે ઉગ્ર વચનોથી મુલાકાતનો આરંભ કર્યો. સર પુરુષોત્તમદાસ શાંતિથી સાંભળી રહ્યા. પોતાનાં વચનોને વધારે અસરકારક બનાવવાના હેતુથી સર જ્યૉર્જે ટેબલ પર જોરથી પોતાના હાથથી મુક્કો પછાડ્યો. તે જ ક્ષણે સર પુરુષોત્તમદાસે કહ્યું, 'સર જ્યૉર્જ, તમે જો ફરીવાર ટેબલ પર મુક્કો પછાડશો તો હું પણ તેમ કરીશ!' આ કથનની સર જ્યૉર્જ પર એવી અસર થઇ કે એમની ઉગ્રતા એકાએક ઓસરી ગઇ. એમણે રીત બદલી. ખૂબ વિવેક ને મિત્રાચારીભરીરીતે એમણે હવે એમને સમજાવવા માંડ્યા. પણ તેનો જવાબ એમણે એટલો જ આપ્યો કે 'મને જે સત્ય લાગશે તે હું જરૂર કરીશ.' ત્યાર બાદ સર જ્યૉર્જ લૉઇડ એમના મિત્ર બન્યા અને એમના તરફ હમેશાં માન અને સદ્ભાવથી વર્તવા લાગ્યા.

ઈ. ૧૯૨૪-૩૦ દરમિયાન તેઓ હિંદી વેપારી મંડળના પ્રતિનિધિ તરીકે ચૂંટાઇને મધ્યસ્થ ધારાસભામાં ગયા. એ વખતે ત્યાં કૉંગ્રેસના સ્વરાજ-પક્ષમાંથી પંડિત મોતીલાલ નેહરુ, દેશબંધુ ચિત્તરંજનદાસ, શ્રી રંગસ્વામી આયંગર અને અન્ય તેજસ્વી અને પ્રખર દેશભક્તો દાખલ થયા હતા. એટલે તે સમયની ચર્ચાઓમાં સરકાર સામે ઉગ્ર વિરોધ સાથે પાર્લામેન્ટરીરીતે બુદ્ધિ અને ચાતુર્યથી ખૂબ રસાકસી થતી. ત્યાં જતાંવેંત ૧૯૨૪માં સર પુરુષોત્તમદાસે હૂંડિયામણના દર અંગેની ઝુંબેશ ઉપાડી. તેમણે રૂપિયાનો હૂંડિયામણનો દર ૧૮ ને બદલે ૧૬ પેન્સ ઠરાવવાનું બિલ પેશ કરીને સરકારની ખુલ્લી શોષણનીતિ સામે પોકાર ઉઠાવ્યો. એ હૂંડિયામણના દર અંગેનો ઇતિહાસ તો લાંબો છે, પરંતુ અહીં ત્રણ હકીકતો નોંધવી જરૂરી છે:

(૧) ૧૮૯૯માં ફાઉલર કમિશનની ભલામણ અનુસાર હિંદ અને ઇંગ્લંડ વચ્ચે હૂંડીનો દર ૧૬ પેન્સનો રહે એ રીતે રૂપિયાની કિંમત ઠરાવવામાં આવી હતી. પહેલા યુદ્ધ દરમિયાન રૂપિયાનો ભાવ ઊંચે ચડતો ગયો, પરંતુ યુદ્ધ પૂરું થતાં તેમાં સ્વાભાવિકરીતે ઘટાડો થયો, છતાં સરકારે ૧૯૨૦માં રૂપિયાનો હૂંડીનો ભાવ ૨૪ પેન્સનો ઠરાવ્યો!

(૨) તે વખતના નાણાંપ્રધાન સર માલ્કમ હેઈલી પોતે આ દરની વિરુદ્ધ હતા, છતાં કૈં ઉપાય નહોતો. નાણાંવિષયક નીતિ તો લંડનની ઈંડિયા ઑફિસમાં ઘડાતી; એટલે અહીં ધારાસભામાં અને દેશ-

(અનુસંધાન પૃષ્ઠ ૩૩૦)

ચન્દ્રવદન મહેતાની આત્મકથા [૫૬



કલાકારોની દુનિયામાં

યુરોપમાં ઊંચામાં ઊંચો મિનારો ૧૮૮૯ના પ્રદર્શન વખતે ઇફલ સાહેબે બાંધેલો ૯૮૪ ફૂટ ઊંચાઇનો 'ઇફલ ટાવર' ગણાય છે. ઉપરથી પારીસ તો એક નાનકડા નકશા જેવું લાગે! ઉપર જવાને લિફ્ટ, ખાવાપીવાની મજલે મજલે સગવડ, એવો કૌતુકભર્યો આ લોહમિનાર બાંધણીનો એક અજબ નમૂનો છે. (સામે જુઓ) અને એની પાસેના રસ્તેથી નદીને કિનારે કિનારે બાંધેલી ફરસબંધી પર ચાલ્યા જાઓ તો ઠેકઠેકાણે અજબ જેવી નાની લાયબ્રેરીઓ જોવા મળે.

સેન જેટલી ગંભીરાઇથી વહી જાય છે, એનાથી પણ વધારે ગંભીર એવો કોઇ પીયેર કે મારશલ, એદુઆર્દ કે ઑગસ્ત, બાજુમાં સો બસો ચોપડી પાથરી બેઠો છે. એ છે એથી પણ વધારે ગંભીર એવા એક બે જણા બાજુમાં ઊભા રહી તલ્લીનતાની પરાકોટિએ પહોંચી કાલ-સ્થલનું ભાન ભૂલી ચોપડીઓ વાંચવામાં મશગૂલ છે. તમને જોઇએ તે પુસ્તક વાંચો; અધૂરું રહે તો કાલે આવી રહ્યું હોય ત્યાંથી પાછું શરૂ કરજો; આજના દિવસ માટે એક આનાનું ભાડું ધરી દો. તમારું નિશાન અમે રાખીશું. આમ કંઇક પુસ્તક વેચનારા ત્યાં પડ્યા રહે છે. ઊભા ઊભા અસંખ્ય જુવાનિયાઓ પુસ્તકો વાંચીવાંચી જાય છે ને બીજા આવે છે. કોઇ બે જણા વળી નીચે હોડીમાં ફરવા ઊપડે છે, તો પુસ્તક કલાકના દરે ભાડે લઈ લે છે. સહેલગાહની સહેલગાહ અને સાથે વાચન. અને એ નાનકડા વેચનારાઓની સામે જ બરાબર નજર


↑રોજના એક આનાના ભાડાથી પુસ્તકો વાંચવા આપનારી દુકાનો


૯૮૪ ફૂટ ઊંચો યુરોપભરનો મહાકાય લોહમિનાર પારીનો ઇફેલ ટાવર

કરો તો એક આલીશાન મકાન છે. શું ધારો છો? આ પાંચ મજલાની ઇમારતમાં પ્રવેશો તો તમને ફક્ત એક જ વ્યક્તિનાં પુસ્તકો મળે,—હ્યૂગોનાં, બીજા કોઇનાં નહિં! હાથપ્રત, થોડી પ્રત, અમુક સાલની, અમુક હસ્તાક્ષરવાળી, અમુક જણાની વેચેલી, વાંચેલી, દસમી, એંશીમી કે બસોમી આવૃત્તિ, કંઇ કથા કે કવિતા, દ લક્સ કે સાદી, બસ હ્યૂગો જ હ્યૂગો! અને પુસ્તકવિક્રેતા સારું કમાય પણ છે. આપણે ત્યાં નાનાલાલ માગ્યો તો ન મળે, પણ એ ત્રાજવે જોખાઇને વેચાયાનો ઇતિહાસ જાણીતો છે, ત્યાં ફલાણી ને ઢીંકણી આવૃત્તિની વાત ક્યાં કરવી?

અને ચિતારા? એ જ સેનમે કાંઠે નાનામોટા કંઇક ચિતારા ફલક લઇને શાંત વહેતી સેનને યા એની આસપાસની લીલાને ઉતારવા મથી રહ્યા છે. પંદરમી સદીમાં ફ્લાન્ડર્સથી અને ત્યાર બાદ ઇટાલીથી જે ચિતારાઓ આવ્યા એમણે જે રંગો અજમાવ્યા, તે પછી ત્રણચાર સૈકામાં પારીસે અનેક ચિતારા પેદા કર્યાં છે, વિવિધ શૈલીના લુવ્રે ઉપરાંત નોખાંનોખાં સંગ્રહસ્થાનો જમાવ્યાં છે. સંવેદનાશીલ, ઊર્મિલ, ભવ્ય, સૂચનાત્મક, સઘન, સાદી, સંબોધનશીલ, શીલગુણાત્મક, રોમાંચક, રમ્ય, જેટલાં નામો અપાય એ રીતે ચિત્રકળાના નવનવીન અખતરા કરવામાં પારીસે બાકી રાખી નથી. નામોની યાદી આપતાં પાર ન આવે એટલા ચિતારાઓએ આ શહેરને સમૃદ્ધ કર્યું છે. એમાં સાલોં, ક્લબો, રેસ્ટોરાંઓએ પણ અજબ જેવો ફાળો આપ્યો છે.

રાંધણી અને ખાણીપીણી માટે જ પારીસનાં રેસ્ટોરાં પ્રખ્યાત છે એ કદાચ ખરું હશે, પણ 'દ્રુઆં' રેસ્ટોરાંમાં ખાવાનું તો સારું મળે જ, તે ઉપરાંત અહીં દર સાલ વરસના ઉત્તમ પુસ્તક માટેનું પારિતોષિક આપવામાં આવે છે, એથી અહીં કલમબાજોનો અડ્ડો સારો જામેલો હોય છે. પણ અમે જઇ ચડ્યા 'લા પેરૂઝ'માં, નદીકાંઠે, સામે પાર ન્યાયમંદિરની સુંદર ઇમારત દેખાય છે ત્યાં. ઝાંની ભાવનગરી અમને ત્યાં ઘસડી જતો હતો.

સાહિત્યકારો અહીં જોવા ન મળે, પણ કહાવત એવી કે અહીં દેશદેશાવરનાં ભાવિ ઘડાતાં રહે છે. એનું પાઠાંતર કરીએ તો અહીં રાજ્યના કારભારીઓ વારંવાર ખાણીપીણી માટે મળે; ટૂંકમાં, રાજ્યખટપટો, મૂળ મસલતો અહીં ઠીક પ્રમાણમાં ચાલતી રહે. કોઇને શીશામાં ઉતારવો હોય, કોઇનું વાટવું હોય, કોઈ સાથે બાંધછોડ કરી પતાવટ કરવી હોય, કોઇના નાકમાં દમ લાવી નાખવો હોય તો



←ઝંઝાવાતમાં ઝબકો-ળેલી પીછી વડે જાણે ચીતરેલાં હોય એવાં આવેશ અને આવેગમય ચિત્રોના સર્જક ફ્રેન્ચ કલાકાર યુજેં દેલાક્રાની એક કૃતિ : હાથમાં ફ્રાન્સનો ત્રિરંગી ધ્વજ લઈ આગેકૂચ કરવા પ્રેરતી સ્વાતંત્ર્ય-દેવી



'બિલકુલ ન સમજાય એવાં કઢંગાં' મૉડર્નિસ્ટિક ચિત્રોનો સર્જક અને યુરોપના એવા ક્રાંતિકારી કલાકારોમાં સૌથી વધુ ફાંટાબાજ કલાકાર તેમજ કવિ, વાર્તાકાર અને નાટ્યલેખક-પાબ્લો પિકાસો. જેની ચિત્રશૈલી દાયકે દાયકે વધુ જટિલ ને દુર્બોધ બનતી જવા છતાં જગતમાં એ માન મુકાવે છે. એની એ ચિત્રશૈલીની ઉત્ક્રાન્તિનાં ઉદાહરણ સામેને પાને.

અહીં આ લા પેરૂઝ હોટેલમાં એનો બધો ઘડો લાડવો થઈ જાય.

રાજખટપટોની સાથેસાથ આ રેસ્ટોરાંના જૂનવાણી બેઠકના ખૂણાખાંચરે કંઈક પ્રેમકિસ્સાઓનાં પણ મૂળ નંખાયાં છે. જોકે બધા જ પાર ઊતર્યા છે એમ નહિ. કહે છે કે આ જમણા ખૂણાની બેઠક પર કંઇક ગોરીઓએ રાહ જોઇ છે, ચિઠ્ઠીઓ લખી છે, અધીરાઈ અનુભવી છે, નિસાસાઓ નાખ્યા છે, ધરતી ખણી છે. અહીં જ કોઈની સાક્ષી વિનાના હસ્તમેળાપો થયા છે, એમના પ્રેમના તાણાવાણા ગૂંથાયા છે, રાસગુંફન જેવા મજબૂત કોયડાઓ ગૂંથાઇ, ગઠ થઈ, પાછા ઝડપભેર ઉકેલાયા છે, દૂરથી પસાર થતા આગંતુકોની નજરો ઠરી છે, આંખો મળી છે ને પાછી ફરી છે, એમાંથી આગ પણ ઝરી છે, વિખવાદ ઈરખા વેરઝેરનાં બી વવાયાં છે, લાંબા કાળના વિરહે વલખતા બે જીવ એકાએક હળીમળી એકબીજાના આલિંગનમાં લીન થઈ સ્થળ અને સમયનું ભાન પણ ભૂલ્યા છે,–એમ પ્રણયરંગના પલટા માટે પણ આ જગ્યા ભારેની મશહૂર છે. સાહિત્યકારો અહીં ભલે ઓછા આવે, પણ અહીંના બનાવોમાંથી એમને ઘણું સાહિત્ય સાંપડયું છે.

ચિત્રકળાની બાબતમાં માથું મારવું મારે માટે નકામું છે, પણ સિત્તેરની આસપાસ પહોંચેલો પાબ્લો પિકાસો તે દિવસે ભાષણ કરવાનો હતો. ચમકતી આંખે શૂર પર ચડી રેયૉનના રેશમી તાંતણા ખેંચી કાઢતો હોય એમ એ ફ્રેન્ચનાં મુલાયમ વાક્યો કાંત્યો જતો હતો. શૂર વીરરસનું નહિ, પણ ઊર્મિનું હતું. એ જન્મ્યો એના વીસ વર્ષ પહેલાં ગુજરી ગએલા એક ચિત્રકાર વિષે એ બોલી રહ્યો હતો.

યુજેં દેલાક્રા (Eugene Del acroix). કોણ જાણે કેવી રીતે બૉની ઉચ્ચાર કરતો હતો કે એટલી મીઠાશથી આપણી જીભે બોલતાં પહેલાં તો જીભને મધના સો પુટ આપવા પડે, અને આરસના ખલમાં સેંકડો વાર લસોટવી પડે ત્યારે એવો મધુર ઉચ્ચાર ઝરે!

તૉરી, અમીરી, એકાંતનો ચાહનારો, ભારોભાર જિદ્દી યુજેં ભવ્ય સ્વપ્નાંઓને ચિત્રમાં મૂર્તિમંત કરનારો ફ્રાન્સનો એક અચ્છો ચિતારો થઈ ગયો. શેક્સ્પીઅરનો હૅમ્લેટ, ગથેનો ફાઉસ્ટ, તેમજ ગ્રીસના પ્રાચીન વીરનરોના વિચારોમાં જ એ મગ્ન રહેતો, અને એવાં જ કથાવસ્તુ ચીતરતો. એના મગજમાં સૂર્યના તેજ જેવા ઝબકારા થતા અને હૃદયમાં ભયંકર ઝંઝાવાતો વીંઝાતા. એથી એની પીછી સંતોને, શૂરવીરોને, સિંહોને અને કુસુમકમળોને સચેતન કરતી. (ઉપલું ચિત્ર)

પિકાસોએ એક સરસ વાત કહી. જીન ડૉમિનિક ઈન્ગ્રેસ પણ એક અઠંગ ચિતારો થઈ ગયો. (એની કલમનો નમૂનો જુઓ પૃ. ૩૦૯ પર.) એ યુજેંનો મુરબ્બી, પણ સાતસાત વાર પ્રયાસો થયા છતાં દેલાક્રાને ફ્રેન્ચ આકાદામીમાં એ સ્થાન લેવા દેતો નહોતો. બંને જુદીજુદી શૈલીના, જુદીજુદી વિચારશ્રેણીના ચિતારા. આખરે દેલાક્રાને ઘરડા ઈન્ગ્રેસના વિરોધ છતાં આકાદામીમાં સ્થાન મળ્યું. ત્યાર બાદ બંને એ સંસ્થાની એક સભામાં હાજર થવા પધાર્યા ત્યારે અકસ્માત જ બંને બહારના દરવાજા આગળ સામસામે આવી ઊભા. મિનિટોસુધી બને એકબીજાની સામે ટગરટગર જોતા રહ્યા. આખરે ઈન્ગ્રેસે હાથ લંબાવ્યો, એની કારકિર્દી સ્વીકારી અને વર્ષોના દુશ્મનો મિત્રો બની એકએકની કરગૂંથણીમાં સભામાં દાખલ થયા. હાજર રહેલા બધા સભ્યોની આંખમાંથી હરખનાં આંસુ ટપકી પડયાં, અને પછી ભીંતો ડોલે એવા તાળીઓના ગડગડાટે એમને બંનેને વધાવ્યા.


એ દેલાક્રાનાં ચિત્રો લુવ્રેમાં જઈ જોયાં;–ઈંગ્રેસ, કૉરબે, કૉરો વગેરે કંઈકનાં ચિત્રો જોયાં. બૉનીએ ફ્રેન્ચ કાફેની જાતજાતની વાતો કરી. એમાં બોહીમીઅનોએ ચલાવેલા કાફેની વાતો કરી. પરંતુ એ ભૂખડીબારસો પાસે પૈસા નહોતા પણ કલા હતી; અને ફ્રાન્સના બે ત્રણ રૂપીએ મળનારા સસ્તા વાઈનો પણ એ ખરીદી શકે એમ નહોતું ત્યારે એ સાહેબો 'પાણી જ ઢીંચનારાઓની ક્લબો' કાઢી બેઠા હતા.

આ 'કાફે'ની રંગતો ઓર જ છે. ગોતીએર, હ્યુગો, બોદલીએર, બાલઝાક વગેરે અનેક કલમધુરંધરોએ અહીંના કાફે જીવનને બહેલાવ્યું છે, એની રંગતોમાં વધારો કર્યો છે, વાદવિવાદ અને ચર્ચાચોકા જમાવી ફ્રાન્સના સાહિત્યને અનેરું વ્યક્તિત્વ આપ્યું છે.

સભા પૂરી થઇ અને ઓળખવ્યવહાર ચાલ્યો. પછી તો થોડા જ જ જણા બેઠા રહ્યા. બૉની ભાવનગરી અમને પિકાસો પાસે લઈ ગયો અને પિકાસોની પહોળી કાળી આંખ વધારે સતેજ થઈ. અલકમલકની વાતે એ વળગેલો ચગીચગીને આસમાની સુલતાની હાંકી રહ્યો હતો.

આ—આ પાબ્લો પિકાસો! ચિત્રકળાની સૃષ્ટિમાં અવનવા ધડાકાઓ કરનાર પિકાસો! દાયકે દાયકે નવી જ શૈલી! કવિતા? તો કહે કે હું લખું; નાટક? તો એ પણ કહે કે લખું. આડું મોઢું ચીતરે, અને




















'અડબંગ ને અર્થહીન' મનાતાં 'ઍાડર્નિસ્ટિક ચિત્રોનો' આજના યુરોપનો અગ્રણી કલાકાર પિકાસો રંગ, રેખા ને આલેખનનો સમર્થ સ્વામી છે એ તો એનાં મથાળાનાં બે ચિત્રો આપોઆપ દર્શાવી દે છે. પહેલું 'કબૂતર' એની વાસ્તવદર્શી શૈલીનો સચોટ પુરાવો છે, ને બીજી 'બકરી'માં એ શૈલી 'માત્ર ચિત્તતંત્રમાં ઝિલાએલી છાપનું જ આલેખન' કરવાના સિદ્ધાંત પર જતી આધુનિક કલાના સીમાડા પરનું ચિત્ર છે. બીજી હારમાં શરૂનાં બે ચિત્રો 'પ્રણયી' અને 'માતા'માં હૂબહૂ આલેખન કરતાં ઊર્મિ ને આવેગનાં આલેખન છે, અને એ શૈલી પછી ક્રમશઃ મનની ગૂઢ ભોમમાં અંકાતી છબિઓનો આવિષ્કાર કેમ કરતી ગઈ તેનાં ચાર ઉદાહરણો આપ્યાં છે. પહેલી છે 'એક ગૃહસ્થની તસ્વીર', જેમાં આબેહૂબતા નહિ પણ વ્યક્તિની નિગૂઢ પ્રતીતિ જ માત્ર આલેખી છે. નીચેનાં ચિત્રો છેઃ (૧) 'નારી'–એમાં છોડ પર લાગેલાં ફળ પાન સ્વરૂપે સ્ત્રીના ચહેરા, હાથ, સ્તન તથા વાળનું દર્શન છે; (૨) ખુરશી પર બેઠેલી સ્ત્રી–ખુણિયાદાર ચહેરામાં આડી-ઊભી આંખો, પડખે દાંતની હાર ને નીચે પિરામિડ જેવાં સ્તન દર્શાવ્યાં છે; (૩) મેજ અને જાળીનું દૃશ્ય!



← કલાકાર હેન્રી માતીસ (Henri Matisse)
જેમના એક કલાકાર માટે લૂઈ સામેના પાત

ની બહાર નીકળવા જ નહોતો દેતો. બજાર-શાક પોતે જ ખરીદવા જતો. પછી તો એક ઑલ્ગા કૉકલોવા નામની નર્તિકાને પણ પરણ્યો. પછી વળી એક કાળા કેશવાળી ડોરામારને પરણ્યો. એનાં ઘણાં ચિત્રો એણે દોર્યા, અને જાહેરમાં પણ બતાવ્યાં. એવામાં એક વાર આગલી વારની વહુ ઑલ્ગાએ જ્યાં એ બતાવવામાં આવ્યાં હતાં ત્યાં જઈ એ બધાંના ચીરેચીરા પણ ઉડાડી નાખ્યા! એને આજે થયાં હશે સિત્તેરેક વર્ષ ઉપર, પણ તાજેતરમાં જ કરેલી એનાથી ચાળીસ-બેતાળીસ વરસ નાની ફ્રાંકવા ઝીલોં નામની આખરની વહુ સાથે એ રહે છે. આ એ પિકાસો! એણે ઘર બાંધ્યું છે રીવાએરા પાસે એક નાનકડા ગામડામાં, પણ આજે ચુર્ગે દેલાક્રાને અંજલિ આપવા એ ખાસ પારીસ આવ્યો હતો અને પારીસ એ આવે ત્યારે તો ઘણાં કાફે, રેસ્ટોરાં, ક્લબ, સાલોં, નાટકશાળાઓ, સભાગૃહો એના નામે સળવળી ઊઠતાં, ક્યાંક ને ક્યાંક રોજ રાતે વાદવિવાદોની, ચર્ચાચાતુરીની, ફાસન-ફિસિયારીની ધમાચકડી ચાલી રહેતી.

એમાં બે આંખ અને નાક દેખાય એવું વિચિત્ર, કઢંગું, બેડોળ, હાસ્યાસ્પદ ચાડું લીટીઓ દોરી બતાવે! એથી તો ઘણાં એને ફાંદાબાજ માને છે, ઘણા એને વિલક્ષણ પણ માને છે. સ્પેનમાં મલાગા શહેરમાં જન્મ્યો. પછી ચૌદમા વરસમાં બાર્સીલોનાની નિશાળમાં એક મહિનામાં શીખવાનું એણે એક દિવસમાં જ શીખી કરી નામના મેળવી ત્યારે એની વિચક્ષણ બુદ્ધિને માટે તો કોઈ ને બે મત હતા જ નહિ.


પારીસમાં આવ્યો ત્યાં એક કોટડીમાં એક રડ્યાખડ્યા કવિરાજ સાથે રાત ને દિવસના વારા બાંધી એક ખાટલે પડી રહેવાથી એણે જિંદગીની શરૂઆત કરી. પણ આજે તો હવે પ્રખ્યાત મ્યૂઝિયમોમાં એનાં ચિત્રો ગણ્યા ગણાય નહિ એટલા ક્રાંકમાં વેચાઈ ટંગાયાનો ઇતિહાસ જગજાણીતો છે.

જમતાં જમતાં એણે છ વખત તો ટેબલ ઠોક્યું. પોતાની માન્યતાઓ મમતાપૂર્વક પણ મક્કમતાપૂર્વક કહી બતાવી. ઘડીકમાં ગુસ્સે થતો, ઘડીકમાં હસતો એ, 'ભૂતકાળમાંથી માણસ શીખી શકે છે' એ વાત તો ભારપૂર્વક જણાવતો જ રહેતો. 'તમે તમારામાંથી જ, તમારી મારફત જ શીખો.' આપણું 'તું તારી જાતને જાણ' એમ તો એ નહિ કહેતો હોય?

સ્ત્રીઓએ પણ એને ઓછો નથી પજવ્યો; અથવા એણે સ્ત્રીઓને કદાચ પજવી હોય! શું થાય ત્યારે? સ્ત્રી એ શક્તિ છે. એમાંથી પ્રેરણા લેવા માંડો ત્યારે અગનઝાળમાં શેકાવું પણ પડે. જ્યારે એ મોંમાત્રે મહોલ્લામાં પેલી નાનકડી કોટડીમાં રહેતો ત્યારે ફ્ર્નાંદે ઑલિવર નામની એક મોડેલ સાથે પ્રેમમાં પડ્યો, અને બંને પછી સાથે રહેતાં. ઑલિવર પર એનો એટલો બધો ઇજારો-યા એને બીજાની અદેખાઈ કહો,—તે ઑલિવરને એ ઓરડી-



કલાકાર ઈન્ગ્રેસની વાસ્તવદર્શી ચિત્રણાના શ્રેષ્ઠ નમૂના રૂપ ગણાતી કાઉન્ટેસ હોસનવિલેની તસ્વીર



ગઈ લગભગ અરધીપોણી સદી થી યુરેપમાં પાંગરેલી 'મૉડર્ન'–આધુનિક કલાના વિદ્યમાન પીઢ આવિષ્કારકોમાં ફ્રેન્ચ કલાકાર હાંરી માતીસનું વિશિષ્ટ સ્થાન છે; પણ એની કલા પિકાસો જેવી અકલ દુર્બોધ નથી. ચિત્રકલા ઉપરાંત અન્ય પ્રકારોમાં પણ એણે પ્રયોગો કર્યા છે તેના ઉદાહરણ રૂપ એણે બાંધેલા એક દેવળનાં ચિત્રો બાજુએ આપ્યાં છે. શું એનાં સ્થાપત્યમાં કે શું એનાં ભીંતચિત્રો, વેદી કે રંગીન કાચબારીમાં, સર્વત્ર સાદી સરળતા ને સીધી સચોટતાની ભૂમિકા ઉપર માંડણી કરીને એણે અભિનવ સર્જન કર્યું છે. દેવળ જેવા સાર્વજનિક સ્થાનમાં આવતા આમવર્ગને સ્પર્શતી કલા માટે એ જ ઉચિત પણ ખરું.

પિકાસો માટે અનેક વાતો ફ્રાન્સમાં જાણીતી છે એમાંની એક આ ખાસ જાણવા જેવી છે: પેલી કોટડીમાં એ જેની સાથે એક વાર રહેતો હતો એ કવિરાજે કેટલોક વખત પિકાસોના મંત્રી તરીકે પણ કામ કર્યું હતું. પાસે કંઇક 'જીવ' થતાં, અને બીજા જીવ સાથે જીવ જોડાતાં કવિરાજે પ્રભુતામાં પગલાં માંડવાનું નક્કી કર્યું. શેઠને નોતરું દેવા મહેતાજી ગયા ત્યારે શેઠે ચારસો સવાલો પૂછ્યા! એમાંનો એક અતિ મહત્વનો એ કે તમે પરણીને રહેવાનાં ક્યાં છો? કવિ જે જગ્યામાં જઈ રહેવાના હતા તે એમણે જણાવ્યું, એટલે તે રાતે જ પિકાસોએ ત્યાં જઈ ભીંત ઉપર તરેહતરેહનાં ચિત્રો દોરી નાખ્યાં! કવિરાજ અને કવિપત્ની પરણીને ત્યાં રહેવા ગયાં એવાં જ ચિત્રો જોઇને સ્તબ્ધ જ થઈ ગયાં. પિકાસોની આ લગ્ન-ભેટ હતી! તેઓ ત્યાં ઠીક રહ્યાં. પછી વળી વહુ સારાં પગલાંની હશે તે પાસે જરા સારો જીવ થતાં એમણે મોટી જગ્યામાં રહેવાનું નક્કી કર્યું. પણ આ ચિત્રોનું શું? એ જગ્યા કઢાય કેમ? આખરે એ જગ્યા પણ રાખી અને એનું ભાડું ભર્યા કર્યું! એમ કરતાં ઘરધણીઆણી (પોતાની વહુ નહિ, લૅન્ડલેડી—ઘર-માલિકણ) ખિજાઈ અને કહેવા લાગી: રહેવું ન હોય તો ઘર હવાલે સોંપી દો; આમ નહિ ચાલે! વાટાઘાટો પછી એમ નક્કી થયું કે જગ્યા સોંપી દેવી, પણ કવિરાજ અને એની વહુ એ જગ્યામાં કોક વાર રહેવા આવ્યા કરે. આવું નક્કી થયું કે પેલી માલિક બાઇએ છાપાંમાં જાહેરાત આપી કે પિકાસોનાં અદ્ભુત ભીંતચિત્રો જોવાં હોય તો નીચેને ઠેકાણે જવું: ફી આટલા ફ્રાંક! ચિત્રો તો સરસ હતાં જ, અને વળી ફ્રેન્ચ પ્રજા, એટલે પૂછવું શું? દરોડો જ પડયો! આ પછી કવિરાજે બાઈ ઉપર દાવો માંડયો. ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે આમાં કવિરાજનું કંઈ ચાલે નહિ. કરાર મુજબ એ ચિત્રો જોવા જઇ શકે, અને તે મફત જોઇ શકે!

પણ પિકાસો જન્મ્યો એ પહેલાં દસ-બાર વર્ષ જન્મેલો, એંશી વટાવી જનાર બુઢ્ઢો હાંરી માતીસ પણ ત્યાં હાજર હતો. પિકાસો એને જોતાં જ ઊછળ્યો: 'મંસ્યુ હાંરી! આ–હા... આ–હા...' કરતોક એને ટેબલ પાસે લઈ આવ્યો. પિકાસોની ગણતરીએ તો એ માતીસ જૂનવાણી કહેવાય; છતાં દાયકાઓ પહેલાં, કાયદાનો અભ્યાસ કરી, પછી એ છોડી દઇને તે રંગ અને પીંછી લઈ બેઠો, અને ચિત્રકળાની સૃષ્ટિમાં રૂઢ થએલા કાનૂનો ઉવેખવા માંડયો ત્યારે મોંમાત્રે લત્તામાં ઘરોની ભીંતો ઉપર 'દારૂ કરતાં યે માતીસ વધારે હાનિકારક છે' એવાં લખાણો કોયલાથી લખવામાં આવ્યાં હતાં! પણ પછી તો દુનિયાનાં મશહૂર સંગ્રહસ્થાનોમાં અને ખુદ લુવ્રેમાં પણ એનાં ચિત્રો ટંગાએલાં છે.

'અ લા દામા લે, તારુંવ્વા, ફ્રાંસેએએ' અને સામેથી ધીરગંભીર અવાજે 'ને પાસે નત્રે બોંઝ્રે, દોઝ્રે, પોંઝ્રે' કહી માતીસે જવાબ વાળ્યો. પછી તો આ જૂના દોસ્તોએ ડેલાક્રાથી કોરબે, કૅરો, દેગા, માને, પીસારો ને બ્રાક સુધીના કંઈક કલાકારોને ચમકાવીને મધમીઠી જીભ વડે સુરસાદની સૃષ્ટિમાંની શબ્દોની અવનવીન રંગીલી મહેફિલ જે જમાવી તે એના ભણકારા તો જે બેઠા હતા તે કોઈ ભાગ્યે જ ભૂલશે.

વાતમાં ખબર પડી કે માતીસ વળી એક વાર હિંદ ને એશિયામાં સફર મારી આવ્યો હતો અને એ તરફની રંગમિલાવટમાંથી પોતે ઘણું શીખ્યો હતો. આખરે જ્યારે તાઝગીભરી ચર્ચા પછી બુઝર્ગ માતીસ જવા ઊભો થયો ત્યારે પિકાસોએ એની લાકડી ને હૅટ લાવી આપ્યાં, કોઈ રાજા બેઠકમાંથી વિદાય લે એ રીતે આખી મેહફિલે ઊભા થઈ લળીલળીને એને માન આપ્યું, ને પિકાસો એને દોરવી લઇ ગયો, એ દૃશ્ય જોતાં ત્યાં જમા થએલા ફ્રેન્ચ કલાકારોની આંખમાં પાણી આવ્યાં, એ જોઈ અમારી આંખમાં પણ ઝળઝળિયાં ભરાઈ આવ્યાં (ચાલુ)

આપણી સંસ્કૃતિના એક શ્રેષ્ઠ અંગ **સ્વરશાસ્ત્ર** નો પરિચય આપતી લેખમાળા : ૩

લેખક · વિભુકુમાર શિ. દેસાઈ

શાસ્ત્રકારો આ સ્વરશાસ્ત્રમાં એટલા ઊંડા ઊતરે છે કે એમણે આ સ્વરોની જાતિ, એમના રસ, રંગ ને ભાવ વિષે પણ ખૂબ ઝીણવટથી વિવેચન કરેલું છે. પ્રથમ આપણે જાતિ વિષે વિચાર કરીએ :

સ્વરોની જાતિ

रिधौ तु क्षत्रियौ ज्ञेयौ वैश्यजातिर्निगौमतौ ।
शूद्रावन्तरकाकल्यौ स्वरवर्णास्त्विमे क्रमात् ॥ (સં૦ રત્ના૦)

''पंचमो मध्यमः षड्ज इत्येते ब्राह्मणाः स्मृताः
ऋषभो धैवतश्चापीत्येतौ तौ क्षत्रियावुभौ ॥
गांधारश्च निषादश्च वैश्यावर्द्धे न वै स्मृतौ ।
शूद्रत्वं विद्धि चार्धेन पतितत्त्वान्न संशयः ॥ (નારદી શિક્ષા)

અર્થાત્ **સા, મ, પ** સ્વરો એ બ્રાહ્મણ જાતિના છે, **રે** અને **ધ** ક્ષત્રિય જાતિના છે અને **ગ, નિ** એ વૈશ્ય જાતિના છે.

પરંતુ આ સ્વરો અમુક જાતિના કેમ કહ્યા તે કાંઈ સમજાતું નથી. સ્વરોમાં પણ બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ તથા વૈશ્યત્વના ગુણો સ્થાપિત કરવામાં એમનો શો ભાવાર્થ રહેલો છે તેની કાંઈ સ્પષ્ટતા થએલી જણાતી નથી, એટલે આની ફક્ત માહિતી પૂરતી નોંધ લઇશું.

એ જ રીતે તેઓએ વિવિધ સ્વરોને પશુપક્ષીના અવાજ સાથે પણ સરખાવ્યા છે : **સા** ને મોરના, **રે** ને ગાયના, **ગ** ને બકરાના, **મ** ને સારસના, **પ** ને કોકિલના, **ધ** ને અશ્વના અને **નિ** ને હાથીના સૂરની સાથે સરખાવ્યા છે :

षड्जं वदति मयूरो चातको ऋषभं तथा ।
अजो विरौति गांधारं क्रौंचः क्वणति मध्यमम् ॥
आतपसाधारणे काले कोकिलो वदति पञ्चमम् ।
अश्वश्च धैवतं चैव निषादं च गजस्तथा ॥ (સં૦ રત્ના૦)

આ સરખામણી કે સંજ્ઞાઓ એમ ને એમ મનસ્વીપણે નક્કી નથી થઈ. કુદરતમાં દશ્ય પછી અવાજને જ આપણે વધુમાં વધુ ઝડપે ગ્રહણ કરી શકીએ છીએ. એટલે પ્રાગૈતિહાસિક કાળમાં માણસ જ્યારે ..વદશામાં હતો ત્યારે પશુપક્ષીના સૂરોથી તે ઘણો પ્રભાવિત થયો હશે અને તે બધા વચ્ચેનો તફાવત પણ સમજતો થયો હશે. તે પછી કદાચ અનુકરણની તેની સ્વાભાવિક વૃત્તિથી તેણે સ્વરો નિશ્ચિત કર્યા હશે, જેનો ક્રમવાર વિકાસ થતો જઇ આખરે સંગીતના આ સૂરો તથા શ્રુતિનાં બંધારણો તેણે ઘડયાં હશે.

સ્વરોના રંગો

સ્વરોનું દરેક દષ્ટિથી શાસ્ત્રકારોએ વિવેચન કરેલું છે, એટલે તેના રંગો વિષેનું વિવેચન પણ કેમ રહી જાય? એ ઉપરથી પછી રાગનાં ચિત્રોની કલ્પના ઊભી થઈ હશે, એટલે તે દ્વારા વિવિધ રાગરાગિણીઓનાં પુષ્કળ ચિત્રો આપણે ત્યાં દોરાયાં છે. આ વિષે 'રાગ અને ચિત્રો' ઉપરના એક અલગ લેખમાં વિવેચન થશે. અહીં તો આપણે સ્વરોના જે રંગો શાસ્ત્રકારોએ કહ્યા છે તે જોઇએ :

...स्वरा वर्णास्त्विमे क्रमात् ।
पद्माभः पिंजरः स्वर्णवर्णः कुंदप्रभोऽसितः ।
पितः कर्बुर इत्येषां... ॥ (સંગીત રત્નાકર)

पद्मपत्रप्रभः षड्ज ऋषभः शुक्लपिंजरः ।
कनकाभस्तु गान्धारो मध्यमः कुन्दसंप्रभः ॥
पञ्चमस्तु भवेत्कृष्णः पीतवर्णस्तु धैवतः ।
निषादः सर्ववर्णाभ इत्येते स्वरवर्णकाः ॥ (નારદી શિક્ષા)

'સંગીત પારિજાત'માં પણ આ વિષે શ્લોકો આપેલા છે, પરંતુ તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે જ રંગો દર્શાવ્યા છે એટલે તે ટાંકયા નથી. વળી જુદાજુદા પંડિતોએ આ રંગો જુદાજુદા દર્શાવેલા છે તેની પણ નોંધ લેવી ઘટે, એટલે આ હકીકત એક કોષ્ટક દ્વારા વધુ સરળતાથી સમજાશે : નીચેના એના કોષ્ટકમાં રંગોની સાથે છેડે સ્વરોની જાતિ તથા રસોનો પણ સમાવેશ કરી દીધો છે :

સ્વરો	સંગીત રત્નાકર તથા નારદી શિક્ષા પ્રમાણે	સુરેન્દ્રમોહન ટાગોર પ્રમાણે	પિંગળ પ્રમાણે	આત્યા બેગમ પ્રમાણે	અન્ય	જાતિ	રસ	પ્રાણી સ્વર
સા	લાલ : કમળ જેવો	કાળો	સિત	ગુલાબી	રક્ત	બ્રાહ્મણ	વીર રૌદ્ર અદ્ભુત	મોર
રે	પિંજર (લીલાશપડતો પીળો)	બદામી	સારંગ	આછો લીલો	પીત	ક્ષત્રિય	,,	ગાય
ગ	પીળો : સોના જેવો	સોનેરી	પિશંગ	નારંગી	સુવર્ણ	વૈશ્ય	કરુણ	બકરો
મ	સફેદ : કુંદ પુષ્પ જેવો	સફેદ	કૃષ્ણ	આછો ગુલાબી	શ્વેત	બ્રાહ્મણ	હાસ્ય પ્રેમ	સારસ
પ	કાળો	પીળો	નીલ	લાલ	શ્યામ	,,	,,	કોકિલ
ધ	પીળો	જાંબુડિયો	લોહિત	પીળો (હિંગળોકિયો)	પીત	ક્ષત્રિય	બીભત્સ ભયાનક	અશ્વ
નિ	બધા રંગના મિશ્રણવાળો : કર્બુર : જાતજાતનાં ટપકાંવાળો	લીલો	ગૌર	કાળો	વિચિત્ર	વૈશ્ય	કરુણ	હાથી

આ કોષ્ટકમાં આપેલી હકીકત ઉપરથી જણાશે કે 'સંગીત રત્નાકર' તથા 'નારદી શિક્ષા'માં જે રંગો દર્શાવ્યા છે તે કરતાં અન્ય ગ્રંથકારો જુદાજુદા રંગો આપે છે, પરંતુ આનું શાસ્ત્રીય પદ્ધતિએ નિરાકરણ થવું જોઇએ. વળી ઉપર જે રંગો જણાવ્યા છે તેમાં કંઈ સર્વ રંગોનો સમાવેશ થતો જણાતો નથી. વળી તીવ્ર તથા કોમળ સ્વરોના તેમજ શ્રુતિના રંગો પણ હોવા જોઈએ. આ બધું કશું મળતું નથી.

આ ઉપરાંત રંગનું પણ ઇલાયદું વિજ્ઞાન છે. જુદાજુદા રંગોની મનુષ્ય ઉપર જુદીજુદી અસર થાય છે અને જુદાજુદા રંગો જુદાજુદા રસનું પણ સૂચન કરે છે. પીળો રંગ ક્ષમાસૂચક છે. તે માંગલિક તથા ધાર્મિક પ્રસંગોમાં વપરાય છે અને દિવ્યતા દર્શાવે છે. સફેદ રંગ પવિત્રતા દર્શાવે છે. લાલ રંગ અગ્નિ તથા લોહીનો રંગ છે અને તે જીવન, ગતિ, ક્રોધ અને ભયનો સૂચક છે. લીલો રંગ કુદરતે આપેલો છે; તે

આંખને શીતળતા અને આનંદ અર્પે છે. કાળો રંગ દિલગીરી દર્શાવે છે અને કેસરી રંગ જે કેસરિયાં કરતી વખતે વપરાતો તે વીરરસ ભરેલી નિરાશા કે ઝનૂન સૂચવે છે. રાગનાં ચિત્રો દોરવામાં આ સર્વ હકીકત ધ્યાનમાં રાખવી જોઇએ. રાગનાં જે ચિત્રો આપણને મળે છે તેની આ દૃષ્ટિએ પણ ચકાસણી કરવી જોઈએ એમ લાગે છે.

સ્વરોના રસ

હવે સ્વરોના રસ વિષે વિચાર કરીએ. સંગીતના સ્વરો પર શાસ્ત્રકારોએ કોઇ પણ દૃષ્ટિથી વિચાર કરવાનો બાકી રહેવા દીધો નથી:

सरी वीरेऽद्भुते रौद्रे गो बीभत्से भयानके।
करुणे च धनी कार्यौ हासशृंगारयोर्मपौ ॥ (સં૦ રત્ના૦)

मध्यपंचमभूयिष्ठं गानं शृंगारहास्ययोः।
षड्जर्षभप्रायकृतं वीररौद्राद्भुतेषु च ॥
गांधार सप्तमप्रायः करुणे मानमिष्यते।
तथा धैवतभूयिष्ठं बीभत्से स भयानकः ॥ (સંગીત મકરન્દ)

આ પંડિતોના દર્શાવ્યા પ્રમાણે **સા,રે** સ્વરો વીર તથા અદ્ભુત રસ દર્શાવે છે, **ગ** બીભત્સ તથા ભયાનક, **ધ** તથા **નિ** કરુણ ને **મ,પ** સ્વરો હાસ્ય તથા શૃંગાર રસો દર્શાવે છે. જોકે સામાન્યરીતે સ્વરોના રસો નીચે પ્રમાણે ગણાય છે: (૧)**સા,રે** સ્વરો વીર, રૌદ્ર તથા અદ્ભુત રસો દર્શાવે છે; (૨) **ગ,નિ** કરુણ રસ; (૨) **મ,પ** હાસ્ય તથા શૃંગાર અને (૪) **ધ** સ્વર બીભત્સ તથા ભયાનક રસ દર્શાવે છે.

અહીં એ યાદ રાખવાની જરૂર છે કે આ 'રસો' વિશાળ અર્થમાં લેવાના છે. વીર એટલે ફક્ત શૂરવીરતા જ નહિ, પરંતુ તે ઉપરાંત ઉદારતા, વિશાળતા, દૃઢતા અને સ્વતંત્રતા વગેરે વીરને લાયક અન્ય ગુણોનો પણ તેમાં સમાવેશ થાય છે, અને તેવી જ રીતે અન્ય શબ્દો વિષે સમજવાનું છે. પરંતુ અત્રે એ પ્રશ્ન સહજ થાય કે આ સ્વરોના જે રસો દર્શાવ્યા છે તે શા આધારે? **સા** અને **રે**માં એવાં કયાં તત્ત્વો છે કે જેને લીધે તે વીર, અદ્ભુત અને રૌદ્ર રસોને લાયક ગણાયા? તેવી જ રીતે અન્ય સ્વરોમાં એવાં કયાં તત્ત્વો રહેલાં છે કે જેને લીધે તે સ્વરો તે તે રસને લાયક મનાયા? આ જોકે પંડિતો માટે સંશોધનનો વિષય છે, પણ આપણે થોડો વિચાર કરીએ:

સ્વરોનો ઉપયોગ રાગોમાં થાય છે, જુદાજુદા રાગોમાં જુદાજુદા સ્વરો તથા તેની શ્રુતિઓ આવે છે. સામાન્ય રીતે એક રાગમાં પાંચથી ઓછા સ્વરો હોતા નથી, અને વધુમાં વધુ સાત સ્વરો પણ આવે છે. તેમાં તો બધા રસોનો સમાવેશ થઈ જાય. તો પછી એક જ રાગમાં પરસ્પર વિરોધી રસોનો સમાવેશ કેમ થઇ શકતો હશે? એક રાગમાં એક જ રસ હોઈ શકે. કાં તો તે શૃંગાર કે હાસ્યપ્રધાન હોય અગર તો વીર કે રૌદ્ર રસપ્રધાન હોય યા તો કરુણરસપ્રધાન હોય.

આનો ખુલાસો એમ થઈ શકે કે દરેક રાગમાં મુખ્ય સ્વરો વાદી તથા સમવાદી સ્વરો હોય છે, અને તેને મદદ કરનાર અનુવાદી સ્વરો હોય છે, જ્યારે વિવાદી સ્વરો તેના વિરોધી હોય છે. એટલે આ વાદી–સમવાદીના ધોરણે રાગના રસનો નિર્ણય થઈ શકે. એટલે કે જે રાગમાં હાસ્ય કે શૃંગાર રસનું પ્રાધાન્ય હોય તેમાં **મ** તથા **પ** મુખ્ય સ્વરો એટલે કે વાદી–સમવાદી હોવા જોઈએ. અર્થાત્ **સા,મ,પ** સ્વરો જે રાગમાં વાદી અને સમવાદી હોય તે રાગ હાસ્ય તથા શૃંગાર રસને વધુ અનુકૂળ થાય એમ કહી શકાય. તેવી જ રીતે કરુણ રસપ્રધાન રાગોમાં **ગ** અને **નિ** સ્વરોનું પ્રાધાન્ય હોવું જરૂરી.

આ સાથે આ સ્વરોની શ્રુતિઓનો પણ વિચાર કરવો જોઇએ; એટલે આ વિષય કેટલો ગહન અને ગૂઢ છે તે સમજી શકાશે. આવા પ્રશ્નોનો નિકાલ કરવાનો સમય હવે પાકી ગયો છે. શાસ્ત્રજ્ઞ પંડિતો, કૉન્ફરન્સો તથા વિશ્વવિદ્યાલયો વગેરેએ આ દિશામાં સંશોધન કરવું જોઇએ. માણસ જ્યારે દિલગીરીમાં અગર આનંદમાં હોય, યા તો આવેશમાં હોય ત્યારે તેના અવાજમાં–સ્વરમાં સ્વાભાવિક તદનુસાર તફાવત પડે છે. તે સમયે જે જે સ્વરો તેના ગળામાંથી નીકળે છે તે ધોરણે પણ આ સ્વરોના રસોનો નિર્ણય કરવામાં આવ્યો હોય એમ ન બને? આ બધું વિચારવા જેવું છે.

સ્વરોનાં નામો

આ સ્વરોનાં જે નામો અપાયાં છે—ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ—તે કેમ આપ્યાં તે માટે પણ જોઇએ તેવો સ્પષ્ટ ખુલાસો મળી શકતો નથી. 'સંગીત સમયસાર'માં ષડ્જ નામ કેમ પડયું તેનું એક સૂચન કરેલું છે:

"नासा कण्ठ उरस्तालु जिह्वा दन्तास्तथैव च।
षड्भिः संजायते यस्मात् तस्मात् षड्ज इति स्मृतः ॥

અર્થાત્ છ જગ્યામાંથી ઉત્પન્ન થાય તે સ્વરને ષડજ કહ્યો: **ષટ્** એટલે છ અને **જ** એટલે ઉત્પન્ન થવું તે. નાક, કંઠ, છાતી, તાળવું, જીભ અને દાંત એ છ જગ્યામાંથી પસાર થતા સ્વરને ષડ્જ (સા) કહ્યો. પરંતુ આ અર્થ કેટલે અંશે સ્વીકારી શકાય તે વિચાર કરવા યોગ્ય છે, કેમકે ષડ્જ આ છ જગ્યામાંથી પસાર થાય છે એમ જણાતું નથી. એ નાભિમાંથી ઉત્પન્ન થાય છે, એટલે આ અર્થ વિષે શંકા રહે છે.

ષડ્જ સ્વરની મહત્તા વિષે વિચાર કરતાં જણાશે કે સંગીતમાં આ ઘણો મહત્ત્વનો સ્વર છે, કારણકે કોઈપણ રાગ **સા** વિનાનો નથી. દરેક રાગમાં આ સ્વર તો અવશ્ય હોવો જ જોઈએ. વળી આ સ્વર અચલ છે અને તે આપણા સપ્તકનો મુખ્ય સ્વર છે તથા તે દરેક રાગને અનુકૂળ છે. આ સ્વરનો નિર્ણય થયા પછી જ અન્ય સ્વરોનાં સ્થાનોનો નિર્ણય થયો છે. સંગીતમાં '**સા**'નું માહાત્મ્ય ઘણું છે.

ઋષભ=વૃષભ=આખલો. એ ઉગ્રતા દર્શાવે છે ને 'સંગીત મકરન્દ'માં ઋષભ સ્વર જે શ્રુતિ ઉપર આવે છે તે શ્રુતિનું નામ પણ **ઉગ્રા** છે; એટલે ઉગ્ર ઉપરથી આખલો અને તે ઉપરથી વૃષભ અને પછી ઋષભ થયો એમ રા. ભિસનસ્વરૂપ પોતાના પુસ્તકમાં જણાવે છે. વળી 'સંગીત સમયસાર' તે માટે નીચે પ્રમાણે જણાવે છે:

नाभेः समुदितो वायुः कण्ठशीर्षसमाहतः।
वृषभवन्नदेद्यस्मात्तस्माद् ऋषभ ईरितः ॥

(અર્થાત્ નાભિમાથી ઉત્પન્ન થએલો વાયુ કંઠ, શીર્ષ, તાલુ, જીભ અને દાંત એ જગ્યામાંથી પસાર થતાં નીકળતો સ્વર તે ઋષભ કહેવાય. ઉપરના બન્ને અર્થ કેટલે અંશે ગ્રાહ્ય રાખવા તે વિચાર કરવા યોગ્ય છે, કારણ કે પ્રથમ અર્થ બેજોમેળે બેસાડેલો લાગે છે, અને બીજો અર્થ પણ બરાબર બંધબેસતો નથી.

ગાંધાર સ્વર જે શ્રુતિ ઉપર સંગીત મકરન્દમાં જણાવ્યા પ્રમાણે આવે છે તેનું મૂળ નામ '**निर्विरी**' છે. નિર્વિરી એટલે જેના પતિ અને પુત્રો મરણ પામ્યા છે તેવી. અને મહાભારતની લડાઈમાં ગાંધારીના પુત્રો કૌરવો માર્યા ગયા હતા તે ઉપરથી આ નામ પડયું એમ શ્રી ભિસનસ્વરૂપ જણાવે છે. પરંતુ એક માન્યતા એ છે કે આ સ્વર ગાંધારગ્રામ ઉપરથી અગર તો ગાંધાર (કંદહાર) પ્રદેશ, જે સંસ્કૃતિમાં ખૂબ આગળ વધેલો હતો અને જ્યાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલું તક્ષશિલા વિશ્વવિદ્યાલય હતું તેની યાદ આપતો હોવો જોઇએ.

મધ્યમ સ્વરનો અર્થ તો સમજાઈ જાય તેવો છે. આ સ્વર સપ્તકના સાત સ્વરોની મધ્યમાં આવેલો છે એટલે તેને મધ્યમ કહ્યો; અને

(અનુસંધાન પૃષ્ઠ ૩૨૩મે)



'પ્રભુનો મૃત્યુ-દૂત' ભારતીય કલાના પુનરુત્થાનના પુરોહિત કલાચાર્ય અવનીન્દ્રનાથના મોટા ભાઈ ગગનેન્દ્રનાથ ઠાકુરની આ રહસ્ય-રસભરી ચિત્રકૃતિ આજથી બરોબર પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'ના અંકના મુખચિત્ર તરીકે આવેલી, તે આજે, સામેના પાના પરના 'મૃત્યુ'વિષયક લેખના સમુચિત સાથી તરીકે આવી રહે છે એ સુભગ યોગ છે.

મૃત્યુ

દિવસભરના થાક અને જંજાળમાંથી જેમ ઊંઘ આપણને આરામ અને મુક્તિ આપે છે એમ જીવનભરના પરિશ્રમ અને પરિતાપમાંથી શાશ્વત શાંતિ અને મુક્તિ અપાવનાર છે

'કાયાની કરામત' : ૪૭

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વૃદ્ધિ, વિકાસ અને ક્ષય, આ ક્રમ જીવમાત્રના જીવનમાં અનુસરાતો જણાય છે. સતત પરિવર્તનશીલ જગતનું એ આગળપડતું લક્ષણ છે. જમીનમાં પડેલા બીમાંથી ફણગો ફૂટે છે, એમાંથી છોડ કે વૃક્ષ બને છે, અને ફળફૂલવંત બનીને બીજ આપ્યા બાદ તે યથાકાળે કરમાઈ નાશ પામે છે. એ બીજમાંથી ફરી છોડ કે વૃક્ષ પેદા થાય છે. **जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च** (જન્મે છે એનું મરણ, ને મરેલાનો જન્મ અવશ્ય થાય છે.–ગીતા : ૨-૨૭)

જે આયું તે જાય, ફૂલ ખીલ્યું તે ખરશે,
ભર્યું તેહ ઠલવાય, ચડયું તે તો ઊતરશે.

જીવનની આ ઘટમાળ છે. આથી તો પુરાણોમાં એને **चक्रनेमिक्रमेण**-ની (ફરતી રેંટમાળની) ઉપમા આપવામાં આવી છે.

માનવીના આયુની પણ અવધિ છે. એ પૂરી થતાં મરણ આવી જ પડે છે. એ નિશ્ચિત તો છે જ; છતાં એનો કાળ અનિશ્ચિત છે. ભર્તૃહરિ આ હકીકતને આમ સમજાવે છે : 'રોગો શત્રુઓની જેમ દેહ ઉપર પ્રહાર કરે છે. ફૂટેલા ઘડામાંથી ઝમી જતા પાણીની જેમ આવરદા સ્ત્રવી સ્ત્રવીને બધી રીતે ખૂટતી જાય છે.' કહ્યું છે કે **मरणं प्रकृतिः शरीरिणाम्**—મરવું એ શરીરનો સ્વભાવ છે.

શરીર આમ મરણાધીન હોવા છતાં યે સગાંસ્નેહીનું મૃત્યુ આપણને કેવા વિચાર કરતા બનાવી દે છે? મરણ અને જીવનની સમસ્યા આદિકાળથી માંડીને આજ સુધી ચિંતનકારોના ચિંતનનો વિષય બની છે. કઠોપનિષદમાં નચિકેતાએ ખુદ યમરાજાને મૃત્યુનું રહસ્ય પૂછયું છે **येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नास्तीति चैके।** (કઠોપનિષદ : ૧-૨૦) 'માનવ મૃત્યુ પામ્યા પછી કોઈ કહે છે કે જીવે છે તો કોઇ કહે છે કે નથી જીવતો.' જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિનાં સાંસારિક દુઃખો જોઇ કપિલવસ્તુના રાજકુમાર સિદ્ધાર્થને વૈરાગ્ય ઊપજે છે અને તે ગૌતમ બુદ્ધ બને છે. શ્રીમદ્ શંકરાચાર્ય વિવેકી માણસોને વિચાર કરવા પ્રશ્નો પૂછે છે **'कोऽहं कुतः आयातः'** (હું કોણ છું? ક્યાંથી આવ્યો છું?) કવિવર ટાગોર જીવનમરણનો મર્મ સમજાવતાં લખે છે : 'હે દિવ્ય માતા! જ્યારે માનવ-બાળક જીવન રૂપી એક સ્તનને ધાવતાં પોષણ મેળવતાં કંટાળે છે ત્યારે તું મૃત્યુ રૂપી બીજા સ્તને તેને પોષણ માટે ધવડાવવા સારુ વળગાડે છે.' મહર્ષિ અરવિંદ આધ્યાત્મિક બાનીમાં કહી ગયા છે :

Life only is or death is life disguised,
Life a short death until by life we are surprised.

'મૃત્યુમાં જીવન છુપાએલું છે'. મહાત્મા ગાંધીજીનું કથન છે કે 'મૃત્યુથી પ્રત્યેક જણ જ્યાંથી આવ્યા ત્યાં જાય છે. આથી પ્રાચીનોએ મૃત્યુને ગૃહગમનની ઉપમા આપી; જિંદગીને ગૃહવિયોગની.' મૃત્યુ વિષે વિચારતાં એડીસન લખે છે : 'જીવનનદી અનંત અવ્યક્તમાંથી પ્રગટ થઈ, મધ્યમાં વ્યક્ત થઈ અનંત અવ્યક્તમાં ફરી લીન થાય છે. મહાન કાળસાગરમાં એક મોજું લપાય છે, પણ તે બીજા મોજા સ્વરૂપે ઊઠવા માટે જ.' કાકાસાહેબ કાલેલકર મૃત્યુને બિરદાવતાં કહે છે : 'મોત એટલે ઘડીકનો આરામ. મોત એટલે બે અંક વચ્ચેનો પડદો. મોત એટલે વાણીના અસ્ખલિત પ્રવાહમાં આવતાં વિરામચિહ્નો.'

મૃત્યુની ઉત્પત્તિનું વેદમાં સુંદર બયાન છે. બ્રહ્માને પૃથ્વીનું દુઃખ જોઈ ક્રોધ ચડ્યો. ક્રોધમાંથી ઊપજેલા અગ્નિથી સૃષ્ટિ બળવા લાગી. રુદ્રની વિનંતિથી એ અગ્નિનો ઉપસંહાર કરતી વખતે બ્રહ્માની સમગ્ર ઇંદ્રિયોનાં છિદ્રોમાંથી એક સ્ત્રી પ્રગટ થઈ. મૃત્યુ એનું નામ. પોતાનું કાર્યક્ષેત્ર જોઈ વિચારી તે રોવા લાગી. મૃત્યુનાં આંસુ બ્રહ્માના હાથમાં પડેલાં જોઈ બ્રહ્માએ કહ્યું, 'તારાં અશ્રુઓ પ્રાણીઓના દેહમાં ઉત્પન્ન થએલા રોગો બનશે. એ રોગો મનુષ્યોને નિર્જીવ કરી મારી નાખશે. લોકો રોગથી મર્યા એવું કહેવાશે, તારા નામને કલંક નહિ આવે.'

માનવ-અસ્તિત્વનાં બે પાસાં છે : જીવન અને મરણ. જીવન એટલે સ્થૂલ ભૂમિકામાં વ્યક્ત થવું. અને પાછું સૂક્ષ્મ ભૂમિકામાં અવ્યક્ત થવું એ મરણ છે. મૃત્યુ એ જીવનનો અંત નથી, નાશ પણ નથી, પરંતુ જન્મોની અનંત હારમાળામાં એ એક અંકોડારૂપ છે. એના દરવાજામાંથી પસાર થઈ માનવ નવું જીવન, નવું યૌવન પ્રાપ્ત કરે છે. વિશાળ વૃક્ષ બનતાં પહેલાં એના બીજને શું જમીનમાં મરવું નથી પડતું? જીવન મૃત્યુમાંથી પેદા થાય છે. મૃત્યુથી સૂક્ષ્મ દેહના સંસ્કારોનો ઉત્તરોત્તર વિકાસ સધાય છે. આથી જીવન વધુ સમૃદ્ધ બને છે. ગીતામાં મૃત્યુને જીર્ણ કપડાં બદલવા સાથે સરખાવ્યું છે. **वासांसि जीर्णानि यथा विहाय तथा शरीराणि विहाय जीर्णानि** (ગીતા–૨-૨૨). આપણાં ધર્મશાસ્ત્રોએ મૃત્યુને મંગલ સ્વરૂપે નિરખ્યું છે, ભીષણ કે ભયાનક નહિ.

માનવીના જીવનની ઘણી સમસ્યાઓ અકળ છે. આમાંની એક મૃત્યુ છે. મૃત્યુના ઘણા પ્રકાર છે. જેટલી જાતના 'જીવ' એટલા પ્રકારનાં મૃત્યુ છે. જીવાણુ, માછલી, ઝાડ કે માનવનાં મૃત્યુ સરખાં નથી હોતાં; પણ બધા પ્રકારના મૃત્યુનું એક સામાન્ય લક્ષણ એ છે કે એમાં પ્રાણીનું વિઘટન (disintigration) થાય છે.

મૃત્યુની બે અવસ્થાઓ છે : સાર્વત્રિક મૃત્યુ અને સ્થાનિક મૃત્યુ. સાર્વત્રિક મૃત્યુ એટલે દૈહિક (somatic) મોત. એ હૃદયનો છેલ્લો ધબકારો બંધ થયે આવે છે. તેની સાથે જ જીવન અને આરોગ્ય જાળવનારાં બે અંગો ફેફસાં અને મગજની કામગીરી સંપૂર્ણ બંધ થાય છે. એમાં ચેતના નાશ પામે છે; પેશીઓ અને લોહી વચ્ચેનો સંબંધ છૂટો થાય છે. આ પછી આવે છે સ્થાનિક કે આણ્વિક (molecular) મોત. આમાં અવયવોનું ઉત્તરોત્તર વિઘટન થાય છે. આ રીતે પ્રથમ મનની અને ઇંદ્રિયોની કામગીરી નાશ પામે છે, અને પછી દેહનું મૃત્યુ થાય છે.

મૃત્યુ બે જાતનાં છે : અકાળ ને સ્વાભાવિક. રોગ કે અકસ્માતથી થતું મૃત્યુ એ અકાળ મોત છે. ઘડપણમાં પેશીઓ ને અવયવો ઘસારે પડવાથી થતું મોત એ સ્વાભાવિક મૃત્યુ છે. પણ આ તો અપવાદરૂપ છે, કારણ કે વૃદ્ધત્વ પામતું શરીર જલ્દી કોઇ ચેપી જીવાણુઓનું ભોગ બનવાથી કે ક્ષય જેવા ક્ષીણકારી (degenerative) રોગોમાં સપડાવાથી અવયવો કામ કરવા શક્તિમાન હોવા છતાં શરીર પડે છે.

શરીર અનેક ભાગોનું બનેલું હોવા છતાં યે એક અને અવિભાજ્ય છે. શરીરનો દરેકે દરેક ભાગ જ્ઞાનતંતુઓ વડે મગજ અને જ્ઞાનરજ્જુ

સાથે જોડાએલો છે. આના કરતાં યે વળી દરેક ભાગને ગાઢ સંપર્કમાં રાખનાર સતત પરિભ્રમણ કરતું લોહી છે. શરીરના એક એક કોષને એ લોહીમાંથી જ પોષણ મળે છે, અને એમાં જ એનાં વ્યયદ્રવ્યો—કચરો પણ ભળે છે. આમ હોવાથી રોગો અને અકસ્માતોની અસર એક સ્થળે સ્થાયી ન રહેતાં આખા શરીરમાં વ્યાપે છે.

મોત ત્રણ રીતે થાય છે: (૧) હૃદય બંધ થવાથી (૨) લોહીનું બંધારણ (composition) બદલાવાથી અને (૩) મધ્યસ્થ જ્ઞાનતંત્ર કામ કરતું બંધ થવાથી.

હૃદય સતત ધબકયા કરી શરીરમાં સર્વત્ર લોહી પહોંચાડે છે. એની માંસપેશીઓ ઘણી મજબૂત છે, છતાં તે અમુક રોગનો ભોગ બને છે: જેવા કે પડદાઓની ખોડ અને માંસપેશીઓનું કમજોર બનવું. વળી હૃદયને પોષણ આપતી લોહીની નળીમાં કે એની શાખાઓમાં લોહી જામી પડવાથી તાત્કાલિક મૃત્યુ નીપજે છે. ઉપરાંત, લોહી વહી જતાં એનું પ્રમાણ ઘટવાથી, ગૂંગળામણ વખતે લોહીમાં પ્રાણવાયુ નહિ હોવાથી, માથામાં કે પેટમાં વાગવાથી, કે બીજા અવયવોની કામગીરી અટકવાથી, કે જીવાણુઓથી લોહી બગડવાથી પણ હૃદય બંધ પડે છે અને મૃત્યુ આવી પડે છે. આ મૃત્યુને 'સીન્કપી' (syncope) કહે છે, જ્યારે હૃદય બંધ પડતાં પહેલાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ થવાથી થતા મોતને 'શ્વાસાવરોધ' (asphyxia) કહે છે.

બીજાં કોઇ પણ કારણો કરતાં લોહીના પોષક ગુણો બદલાવાથી કે તે ઝેરી થવાથી થતાં મરણોનું પ્રમાણ બહુ મોટું હોય છે. ઘણા રોગોના કારણે લોહીના રાસાયણિક બંધારણમાં મોટા ફેરફારો થાય છે. ખોરાકમાં પૂરતા પ્રમાણમાં વિટામિનો અને ક્ષારો ન હોય ત્યારે પણ આ દશા ઊભી થાય છે. જીવાણુઓના ચેપ વખતે તેમજ કલેજું, ગુરદા અને બીજા અવયવોના રોગોમાં, તથા કૅન્સર વખતે પણ લોહી 'ઝેરી' બને છે. આંતરસ્રાવી રસો ઘટવાથી લોહીમાં પોષક દ્રવ્યોની કમીના ઊભી થાય છે. આથી રક્તકણોની સંખ્યા ઘટતાં પેશીઓને જોઇતો પ્રાણવાયુ ઓછા પ્રમાણમાં મળે છે. પરિણામે રક્તક્ષયથી કે બહુ લોહી વહી જવાથી જીવન ઉપર મોતનો ભય ઝઝૂમે છે. મગજ કે જ્ઞાનરજ્જુના કોઇ પણ કેન્દ્રમાં નસ તૂટવાથી, કે નસમાં લોહી ગંઠાઇ જવાથી, કે આઘાત અથવા ગોળી વાગવાથી જે મૂર્છાવસ્થા (coma) પ્રાપ્ત થાય છે તે પણ છેવટે મૃત્યુમાં પરિણમે છે. કોઈ મોટા ભય કે આનંદના અતિરેકથી યા તીવ્ર સંવેદનાને લીધે થતા આકસ્મિક મૃત્યુના કારણમાં અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર ઉપરનો આઘાત (Shock) હોય છે.

હૃદયનો છેલ્લો ધબકારો બંધ થયા પછી પણ મગજની કામગીરી જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી મૃત્યુઅવસ્થા આવી ગણાતી નથી. મગજના શ્વાસોચ્છ્વાસના કેન્દ્રને લોહી મળતું બંધ થયા પછી ત્રીસ મિનિટથી વધુ વખત તે 'જીવતું' નથી; જ્યારે રુધિરાભિસરણ બંધ થયા પછી મગજના કોષો છ થી આઠ મિનિટ સુધી જ 'જીવતા' રહે છે. આ હકીકતના આધારે, ઑપરેશન કે અકસ્માતમાં જો કોઈ દરદી હૃદય બંધ થવાથી ગુજરી જાય તો એવા દરદીની છાતી ચીરીને હૃદય ઉપર માલિશ કરવાથી હૃદય પુનઃ ધબકતું થઇ દરદી પુનર્જીવન પામે છે!

દૈહિક મૃત્યુ થયા બાદ વારાફરતી અંગો અને પેશીઓ મરવા માંડે છે. આના કારણરૂપ આંતરડાંમાં રહેલા જીવાણુઓની ક્રિયા અને પેશીઓના આથવણોની અસરો છે. આની અસર નીચે હોજરી, બરોળ અને આંતરડાંની દીવાલોને સડો તરત લાગુ પડે છે, જ્યારે માંસપેશીઓ અને ચામડી ઉપર મોડી અસર થાય છે. આમ હોવાથી મૃત્યુ પછી છ કલાકની અંદર કાઢી લીધેલો કોર્નિયા (આંખનો પારદર્શક પડદો) કે ચામડી અને હાડકાં જો યોગ્યરીતે સાચવી રાખવામાં આવે તો લાંબો સમય સુધી તે 'જીવંત' રહે છે, જે અમુક પ્રકારના અંધાપાની સારવારમાં કે કોઇ ઘા પર ગ્રાફ્ટિંગ(grafting)માં—નવી ચામડી કે હાડકું લગાડવાના ઑપરેશનમાં સફળતાપૂર્વક વપરાય છે. રશિયામાં તો તાજા મૃત્યુ પામેલા શરીરનું ખેંચી લીધેલું લોહી પણ ટ્રાન્સફ્યુઝન(transfusion)માં—લોહીના દાનમાં વપરાય છે.

મૃત્યુ પછી તરત જ માંસપેશીઓ ઢીલી પડવા માંડે છે. સાંધાઓ વાળી શકાય છે. આ સ્થિતિ બેથી ત્રણ કલાક રહે અને પછી શરીર લાકડા જેવું સખત અને સાંધાઓ વાળ્યા ન વળે એવા બને છે. આનું કારણ 'Rigor Mortis' (રાઈગર મૉર્ટિસ) છે. આણુક મૃત્યુ આવવાથી શરીરના સાર્કોલૅક્ટિક (sarcolactic) અને બીજા ઍસિડો દૂર ન થતાં માંસપેશીઓનું માયોસીન (myosin) જામી જાય છે, પરિણામે આ દશા આવે છે. ગરમ ને ભીની હવામાં એ જલદી આવી પડે છે ને થોડો વખત ટકે છે, જ્યારે ઠંડીમાં ધીમેધીમે આવી લાંબો સમય ચાલુ રહે છે. કૉલેરા, ટાઇફૉઇડ, ક્ષય અને કૅન્સર જેવા રોગોમાં તે જલદી શરૂ થઈ તરત અદૃશ્ય થાય છે, જ્યારે ઍપોપ્લેક્સી (મગજની નસ તૂટવી) અને ન્યૂમોનિયામાં તેની શરૂઆત મોડી થાય છે.

આ પછી બારથી અઢાર કલાકે મૃતદેહમાં સડાની(putrifaction) સ્થિતિ આવે છે, જે બૅક્ટેરિયમ ટર્મો નામના જીવંત મૃતજીવી (saprophytic) જીવાણુઓના વિપાક(fermen)ની ક્રિયાથી ઉત્પન્ન થાય છે. જિંદગી દરમ્યાન આ જીવાણુઓ મોટી સંખ્યામાં અન્નમાર્ગમાં વસે છે, પણ મૃત્યુ બાદ તે થોડા જ વખતમાં પેશીઓ, અવયવો અને લોહીમાં ફેલાઈ જાય છે. એમની ક્રિયાથી મૃતદેહ સડવા માંડે છે. એની પહેલી નિશાની રૂપ પેટ ઉપર થતો લીલો રંગ છે. સાથેસાથે સલ્ફરેટેડ હાઇડ્રોજન, માર્શ ગૅસ, કાર્બન ડાયૉક્સાઇડ, ઍમોનિયા, ફૉસ્ફેટેડ હાઇડ્રોજન વગેરે વાયુઓ ઉત્પન્ન થતાં મડદામાંથી માથું ફાડી નાખતી દુર્ગંધ નીકળે છે. સડાની આ ક્રિયાથી મૃતદેહ વાયુઓ અને રાખ રૂપ બની જે જડ દ્રવ્યોનો તે બનેલો હતો એમાં છેવટે ભળી જાય છે.

પણ યોગક્રિયાઓથી શુદ્ધ બનેલા યોગીઓના દેહ વિષે સડાની ક્રિયા થતી નથી. મહર્ષિ અરવિંદના મૃતદેહ પાંચ દિવસ પર્યંત જળવાઈ રહ્યો હતો; અને અમેરિકાના લૉસ ઍન્જેલિસ શહેરમાં મહાસમાધિમાં પોઢેલા પરમહંસ સ્વામી યોગાનંદનો મૃતદેહ એકવીસ દિવસ સુધી (૭મી માર્ચથી ૨૭મી માર્ચ ૧૯૫૨ સુધી) સુકાયા કે સંકોચાયા વિનાની કોઈ પણ નિશાનીઓ વગર, તેમજ સડાની દુર્ગંધ વિના,—જાણે કે હમણાં જ મોત થયું હોય એવા તાજા સ્વરૂપમાં જળવાઈ રહ્યાનું આપણે ક્યાં નથી જાણતા? સીસું, પારો ને સોમલનાં ઇન્જેક્શન આપીને મૃતદેહમાં થતો સડો અટકાવી એને જાળવી રખાય છે, પણ એમાં શરીર વિષે જલશોષણ થઇને સુકારો તો થાય જ છે. એના ઉદાહરણ રૂપ ઇજિપ્તમાં મસાલા ભરી જાળવી રાખેલાં હજારો વર્ષ જૂનાં 'મમી'ની હકીકત સુવિદિત છે.

આ બધી સ્થૂલ દેહના વિલોપનની વાત થઈ. પણ આપણા તત્ત્વચિંતકો અને દર્શનકારોએ સ્થૂલ દેહ ઉપરાંત અંગૂઠા જેટલા આકારના સૂક્ષ્મ દેહનો પણ ખયાલ કરેલો છે, જે 'જ્યોતિર્મય પદાર્થ' તરીકે વર્ણવાએલો છે: **अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति ज्योतिरिवाधूमकः।** (કઠોપનિષદ ૧ : ૧૨-૧૩) 'અંગુષ્ઠમાત્ર પુરુષશરીરની મધ્યે અગ્નિના પ્રકાશ જેવો તે રહેલો છે.' જે સ્થૂલ દેહનું સંચાલન કરે છે. વળી સૂક્ષ્મ દેહનું નિર્માણ અને સંચાલન આત્મા દ્વારા થાય છે. આત્મા મનથી જુદો છે. એને રૂપ કે આકાર ન હોવા છતાં યે સર્વવ્યાપી હોઈ એનો મન ઉપર અમલ છે; અને મન દ્વારા શરીર ઉપર પણ તે અધિકાર જમાવે છે. આત્મા અને પ્રાણ વિષે શાસ્ત્રીય વિવેચન કરવાનું

આ સ્થાન નથી, પણ દર્શનકારોએ વર્ણવેલા દેહના પાંચ કોશોમાં વિજ્ઞાનમય કોશમાં જે પ્રાણ-શક્તિ છે એ જ આપણો પ્રાણ છે. પ્રાણ સંબંધી જાણવા માટે પ્રયોગો પણ થયા છે. ડૉ. ડંગન મૅકડુગલે એક ક્ષયના દરદીને મૃત્યુ સમયે અત્યંત સૂક્ષ્મ ભારદર્શક ને ભારમાપક યંત્ર ઉપર મૂકી રાખ્યો. કાંટો એનું વજન બતાવતો હતો. જ્યાં એનું મરણ થયું કે તરત જ કાંટો પાછો હઠ્યો. શરીરના વજનમાંથી અઢી ઔંસનો (સવા છ તોલાનો) ઘટાડો થયો હતો! આ ઘટાડો થયો એ જ શરીરમાં પ્રાણ હોવાની વિજ્ઞાનીની માન્યતા છે. આ જ ઉપનિષદકારોએ કહેલો સૂક્ષ્મ કે લિંગદેહ હશે ને? ઉપનિષદમાં હોતા આશ્વલે યાજ્ઞવલ્ક્યને કહ્યું છે 'इदं सर्वं मृत्युनाप्तं सर्वं मृत्युनाभिपन्नम्॥ (આ બધું મૃત્યુને વશ છે, મૃત્યુથી ઘેરાએલું છે.')

આમ, મૃત્યુ જો નિશ્ચિત અને અનિવાર્ય છે તો એનાથી ડરવા જેવું શું? જીવનની એ તદ્દન કુદરતી અને આવશ્યક દશા છે. દરેકના જીવનને એ વળગેલું છે. ખરી રીતે તો એ રોગ અને વૃદ્ધાવસ્થાનાં દુ:ખોમાંથી મુક્તિ આપનાર તારણહાર છે. એ આપણે માનીએ છીએ એટલું દુ:ખદાયક કે ભયંકર નથી. બહુ પીડા ભોગવ્યા વિના જીવ જતો નથી એ માન્યતા પણ ભ્રામક છે. ખ્યાતનામ ડૉ. વિલિયમ ઑસ્લરે પાંચસો મૃત્યુનો અભ્યાસ કર્યો છે. આમાંથી ફક્ત અગિયાર જણાઓએ પીડા પામવાની અને બે જણાઓએ ત્રાસની નિશાનીઓ દર્શાવી હતી. ડૂબવાથી, વીજળીના આઘાતથી કે શ્વાસાવરોધથી મરણ પામેલા જે માણસોને તાત્કાલિક ઉપચારોથી પુનર્જીવન આપવામાં આવ્યું છે તેઓનું બયાન છે કે મૃત્યુ સમયે એમને નહોતો થયો કશો પરિતાપ, નહોતી થઈ પીડા કે નહોતો કોઈ ભય. એ વખતે હોય છે ફક્ત પરમ શાંતિ!

સુભાષિત

विद्यते कलहो यत्र गृहे नित्यमकारणः।
तद्गृहं जीवितं वाञ्छन् दूरतः परिवर्जयेत॥

(અનુવાદ)

અકારણ રહે નિત્યે ક્લેશ જે ઘરને વિષે,
ઇચ્છો જો જીવવા તો એ ઘરને દૂરથી ત્યજો.

[વિવરણ: અર્થ બહુ સ્પષ્ટ છે. એમાં 'અકારણ' શબ્દ બહુ મહત્ત્વનો છે. ક્લેશ સકારણ પણ હોય, અને એ મનુષ્ય-સ્વભાવની નબળાઈ છે. સકારણ ક્લેશ ન કરે તે મહાત્મા. પરંતુ અકારણ ક્લેશ કરવાની ટેવ પણ ઘણાં કુટુંબોમાં હોય છે. એવી વ્યક્તિઓને આપણામાં કહે છે કે 'એને તો વા સાથે પણ લડવાની ટેવ પડી છે'. ક્લેશ–કલહનો પર્યાય શબ્દ સંસ્કૃતમાં કલિ છે, અને લોક તથા પુરાણની માન્યતા પ્રમાણે ચાર યુગો પૈકીના છેલ્લા કલિયુગમાં આજે આપણે જીવી રહ્યા છીએ, એટલે કંકાસ કે ક્લેશ થાય તો 'એ તો કલિનું માહાત્મ્ય છે' એમ કહી લોક મન વાળે છે. તાત્ત્વિક દૃષ્ટિએ કાળમાં એવા કાંઈ ભેદ નથી. સતયુગમાં બધું કેવળ સારું અને માત્ર આનંદ જ હોય એવું નથી, તેમજ કલિયુગમાં બધું ખરાબ ને ક્લેશમય જ હોય એવું યે નથી. એના પુરાવા વેદથી માંડી આજ સુધીના સાહિત્યમાંથી મળે છે. સાર એ કે જ્યાં અને જ્યારે ક્લેશ વિનાનું પ્રસન્ન વાતાવરણ હોય ત્યાં સતયુગ છે અને જ્યાં ને જ્યારે કંકાસ, ક્લેશ કે કલહ હોય ત્યાં કલિયુગ છે. જ્યાં અકારણ ક્લેશ નિત્ય હોય ત્યાં તો સદા કલિયુગનો જ વાસ છે એમ સમજવું, એનાથી હમેશાં દૂર રહેવા પ્રયત્ન કરવો.

શ્લોકના છેલ્લા ચરણમાં અકારણ ક્લેશનો દૂરથી ત્યાગ કરવા માટે दूरतः परिवर्जयेत्'નો જે બોધ કર્યો છે એ રીતે દૂરથી ત્યાગ કરવાની વસ્તુઓ બોધતા दूरतः परिवर्जयेत्ના કેટલાક રસમય શ્લોકો છે:

गजं मत्तं द्विजं भ्रष्टं वृषभं काममोहितम्॥
नृपमन्तःपुरगतं दूरतः परिवर्जयेत्॥
महानदीप्रतरणं महापुरुषविग्रहम्।
महाजनविरोधं च दूरतः परिवर्जयेत्॥
खरं श्वानं जारजातं कृष्णसर्पं च कुद्विजं।
राजपुत्रं कुमित्रं च दूरतः परिवर्जयेत्॥
अप्रियं पुरुषं चापि परद्रोहं परस्त्रियम्।
अधर्ममनृतं चैव दूरतः परिवर्जयेत॥

મત્ત થએલો (ગાંડો) હાથી, ભ્રષ્ટ બ્રાહ્મણ, કામમોહિત આખલો, જનાનામાં ગએલો રાજા, મોટી નદી તરવાનું, મોટા માણસ સાથેનો કજિયો, મહાજન (સંઘ) સામે વિરોધ, ગધેડો, કૂતરો, કુકર્મથી જન્મેલો (જેની જાતિ કહી ન શકાય), કાળોતરો સર્પ, ખરાબ બ્રાહ્મણ, રાજપુત્ર, ખરાબ મિત્ર, અપ્રિય પુરુષ, પારકાનો દ્રોહ, પરસ્ત્રી, અધર્મ અને અનૃત(અસત્ય) આટલી ચીજોનો દૂરથી ત્યાગ કરવો એમ શાસ્ત્ર કહે છે. —ર. ભી.]

હૃદયરોગ અને ન્યૂમોનિયામાં મૃત્યુને ભેટીને આવેલા કેટલાક દાક્તરોનો એ સમયનો અનુભવ મંદ ઘેનમાં પડી ગયા હોવાનો છે. હાર્વર્ડ યુનિવર્સિટીના હાઇજીનના પ્રોફેસર ડૉ. આલ્ફ્રેડ વોરસેસ્ટર કહે છે: 'મૃત્યુની વેદના જેવી કોઈ વસ્તુ છે જ નહિ. શરીરને રોગની ગમે એટલી ભારે વેદના હોય, તોપણ મરતાં અગાઉ તો પરમ શાંતિ અને આનંદનો જ સમય આવે છે. મરતા શરીરની તાણો એ આપણને દુ:ખદાયક દૃશ્ય લાગે છે, પણ આપણે ધારીએ છીએ એમ એ કાંઈ રિબામણી નથી. એ તો રિફ્લેક્સ માંસપેશીઓનું સંકોચન માત્ર છે. ઊંઘમાં પણ આપણું મોઢું મરડાતું નથી હોતું? એમાં ઊંઘનારને ઓછી કાંઈ વેદના થતી હોય છે!' અઢારમી સદીનો શરીરશાસ્ત્રી વિલિયમ હંટર છેલ્લાં ડચકાં લેતાં લેતાં બોલ્યો હતો કે 'અત્યારે મને જો લખવાની શક્તિ હોય તો લખું કે મરવાનું કેટલું સહેલું અને આનંદભર્યું છે!'

મરતી વેળાનાં શારીરિક ચિહ્નો જોઈ કોઈને થાય કે જીવ જતો કંઈ સહેલો નથી; મરવું બહુ વ્યથાજનક છે. પણ ખરી રીતે આ ચિહ્નો તો મૃત્યુ આણનાર રોગનાં હોય છે. મૃત્યુ થતાં રોગ જીતે છે. તેની સામે ટક્કર ઝીલતું શરીર છેવટે હારી થાકીને મરવા જ્યારે પડે છે એ વખતે થોડી વિશ્રામની પળો આવીને બધું શાંતિમય રીતે જ પતે છે.

જીવનની છેલ્લી પળોમાં હૃદયના ધબકારા મંદ પડતાં શરીરમાં લોહી ઓછું ને ઓછું ફરે છે. આથી ચેતના પણ ઝાંખી ને ઝાંખી પડતી જાય છે. આમ, સંવેદનાઓનું જ્ઞાન ઓછું ને ઓછું થવા માંડતાં રોગની વેદના પણ નાબૂદ થવા માંડે છે. મેનિન્જાઇટિસ અને ધનુર્વા જેવા ભીષણ વેદનાભર્યા રોગોમાં પણ છેલ્લી પળે શાતા અને શાંતિ અનુભવાય છે. લોહીનું ફરવું ધીમું થતાં રુધિરાભિસરણને લીધે પ્રાણવાયુની ખોટ મગજ ઉપર અસર જમાવે છે. એ વખતે દરદી કોઈ ઘંટારવ સાંભળતો હોવાની કે તેજ:પુંજ દેખાયાની ભ્રમણા અનુભવે છે. જરા અસ્વસ્થતા પણ અનુભવે છે. પછી ધીમેધીમે ચેતના ગુમાવે છે, અને અંતે શાંત ઊંઘમાં પડ્યો હોય એમ શાશ્વત નિદ્રા એને ઘેરી વળે છે. દિવસભરના થાકને જંજાળમાંથી જેમ ઊંઘ આપણને આરામ ને મુક્તિ આપે છે, એમ જીવાત્માને જીવનભરના પરિશ્રમ ને પરિતાપમાંથી શાશ્વત શાંતિ અને મુક્તિ આપનાર છે મૃત્યુ. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રાવણ '૮૬
અંક ૬૮

'ફ્રાન્સના એક નાના ગામડામાં એક ખેડુ-દીકરી પોતાના ઘરની ઓસરીએ બેઠી હતી. સુંદર સ્વપ્ન જેવી નિર્દોષ જુવાની એ કન્યાના શરીર ઉપર રમતીરમતી જાણે આછાં ગુલાબ વેરી રહી હતી.

દૂધ જેવાં સફેદ ઘેટાં ચરે છે. હૂંફાળો ઉનાળો ગામનાં ખેતરોને સુવર્ણે મઢે છે. ઊંચા મિનારાવાળાં દેવળોમાં ઘંટના નાદ ગુંજી રહ્યા છે. ગામને પાદર મેયુઝ નદીનાં ઊંડાં પાણી ગંભીર ચૂપકીદીથી ચાલ્યાં જાયછે. આયે 'ઓક' વૃક્ષોની ઘેરી લીલી વનઘટા ગાઢી છાંયડી ઢાળતી ઊભી છે અને પુરાતન દેવળની મોટી બારીમાંથી સંત માઇકેલની મૂર્તિનું દેદીપ્યમાન કવચ તથા સતી માર્ગારેટની પ્રતિમાના હાથમાં ચળકતો ક્રૉસ-દંડ દેખાય છે. એ બધાંની વચ્ચે બેઠેલી ખેડુકન્યા જોનને જીવવું મીઠું લાગે છે.'

આવી કવિત્વમય બાનીમાં, ગુજરાત-સૌરાષ્ટ્રના લાડીલા કવિ અને વિદ્વાન લોકકથા-આલેખક સ્વ. ઝવેરચંદ મેઘાણીએ, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં, ઇંગ્લંડ ને ફ્રાન્સની જગત્પ્રખ્યાત થએલી સંત કુમારી જોનના ધર્મયુદ્ધ અને શહીદીની કથા આલેખેલી. અંગ્રેજોની બેડીમાંથી છૂટવા મથતા ભારતના પ્રયત્નોમાં સૂર પુરાવતી એ કાળે પ્રેરક નીવડેલી એ કથા લંબાણનો ભય વહોરીને પણ જરા ટૂંકાવી અહીં ફરી ઉતારવા જેવી છે:

'પરંતુ એ સુખભાવો ઘડીની માયા સમા વીખરાઈ ઊડી જાય છે. એણે લોકો પાસેથી સાંભળેલી શોકવાર્તાઓ એના અંતઃકરણમાં તાજી થાય છે. ફ્રાન્સ દેશની પ્રજામાં કુસંપ ફાટી નીકળ્યો છે: પડોશમાંથી ઈંગ્લંડના રાજા હેન્રીએ તલવારને જોરે ગાદી પચાવી પાડી છે: એક તરફથી ઈંગ્લંડના પચાઉગીર રાજાનું સૈન્ય પ્રજાને રિબાવી રહ્યું છે અને બીજી બાજુ દેશના જુદાજુદા લડાયક અગ્રેસરોનાં લશ્કરો ફ્રાન્સનાં ગામડાં ને શહેરો પર પડી લૂંટો ચલાવે છે.

માતાના વિદાય-ચુંબન સમું વહાલું વતન ફ્રાન્સ, સંતો ને શૂરવીરોનું જન્મસ્થાન પુનિત ફ્રાન્સ, કુદરતનું લાડકવાયું રમ્ય ફ્રાન્સ જે વેળા આવા બેહાલ ભોગવતું પરદેશી રાજાના પગ નીચે ચગદાઈ રહ્યું હતું, ત્યારે ફ્રાન્સનો સાચો, વંશપરંપરાનો રાજવારસ ક્યાં હતો? બૌર્જીઝ નામના શહેરમાં બેઠોબેઠો એ ડૉફિન (ફ્રાન્સનો પાટવી) ચાર્લ્સ દુન્યવી વિલાસ માણતો અંગ્રેજોનાં ચરણ ચૂમીને પોતાનો એ રાજવૈભવ ટકાવી રહ્યો હતો!

આ બધું સંભારીસંભારીને જોન ઝબકીઊઠી. ઘડી પહેલાં મીઠી લાગતી જિંદગી એને અસહ્ય થઈ પડી. એના મનમાં મનસૂબા ઊઠ્યા: શા માટે મારો રાજા ડૉફિન દોડીને આ દુશ્મનોને દરિયામાં ફેંકી દેતો નથી? અરે હું શા માટે એક ગામડિયાને ઘેર છોકરી બની અવતરી? મને એક કવચ, એક તલવાર અને એક ઊંચો અશ્વ કોઈ આપે! ડાકુઓ સામે હું સંગ્રામ ખેલવા જાઉં! મારા રાજાને પડકારીને ખડો કરું. ઓચિંતુંએના અધર પર એક આછુંસ્મિત છવાયું. જાણે એ સ્મિતમાં એનો ઊંડાણે પોઢેલો આત્મા શતપાંખડી પદ્મ શો પ્રગટી ઉઠ્યો.

'જોન!' એને કાને જાણે દૈવી અવાજ આવ્યો. ચોપાસ જોયું, કોઈ નહોતું. કાન માંડ્યા. ધ્વનિ ઊઠ્યો: 'પ્રભુની પુત્રી! ઊભી થા. આગે કદમ! હું, સંત માઇકેલ! તારી સાથે છું.'

રોમેરોમમાં કોઈ જીવંત શક્તિની પ્રેરણા અનુભવતી જોન પરમ શ્રદ્ધાભેર ઊઠી. બાપ પાસે દોડી કહ્યું, મને ઘોડો અપાવો. તલવાર મંગાવી આપો. મને ડૉફિન પાસે તેડી જાઓ. મેં 'અવાજ' સાંભળ્યા છે. મારાથી રહેવાતું નથી; ખમાતું નથી. ફ્રાન્સને સ્વાધીન કરવું છે.

'અરે વાહ? દીકરીની જાત થઈને આ શાં ધતિંગ માંડ્યાં છે' એવો જવાબ દેતા ને ડોળા કાઢતા પિતાથી દબાયા વિના જોન પોતાના કાકા પાસે ગઈ. દિલસોજ કાકો પરગણાના લશ્કરી કૅપ્ટન પાસે પહોંચ્યો. કૅપ્ટને મોટા પાદરીને પુછાણ કર્યું. પાદરીએ જોનને હસી કાઢી. પણ જોને ન માન્યું. એના તલપતા આત્મામાં અવાજો ઊઠતા જ ગયા. દિવસ-રાત જોન જાણે દીવાની બની હોય તેમ તે ભટકતી. ત્રણ વર્ષો સુધી એણે લોકોની મશ્કરી, ધર્મગુરુઓની ધમકી ને પિતાની ડરામણી સામે ટક્કર ઝીલી. અંતે ઈ. ૧૪૨૯ના એક પ્રભાતે એને ગવર્નર સન્મુખ લઈ ગયા. હાકેમ આ નાનકડી છોકરી પાસે હારી ગયો. એણે જોનને શાહજાદા ડૉફિનને દરબારે રવાના કરી.

આળસુ, નશાબાજ, વિલાસી અને કદરૂપ શાહજાદાની રાજકચેરીમાં જેવો બોલ પડ્યો કે 'દેશને તારવા એક દિવ્ય કુમારિકા આવે છે' તેવી જ એ ભ્રષ્ટ મંડળીએ ઠેકડી કરવા માંડી. પણ એ કશું જ ગણકાર્યા વિના પુનિત જોને પાધરીદોર શાહજાદા પાસે આવી, ઘૂંટણ ઝુકાવી નમન કર્યું ને બોલી, 'ઓ મારા રાજા!'

'નહિ, નહિ,' ડૉફિન બોલી ઉઠ્યો: 'હું રાજા નથી. રાજા તો અંગ્રેજ છે!'

'ના, મારા રાજવી! તું જ ફ્રાન્સનો રાજા છે; તું જ દેશનો આત્મારામ છે. ખડો થઈ જા, ફ્રાન્સના પ્રાણ! ફ્રાન્સને મુક્તિ અપાવ.'

ડૉફિને, કોણ જાણે શી પ્રેરણા થઈ, કે જોનને હાથ ઝાલીને ઊભી કરી. જોન શાહજાદાને એકાંતમાં લઈ ગઈ. થોડી વારે બંને પાછાં આવ્યાં. શાહજાદો શ્રદ્ધા-નીતરતે ચહેરે બોલી ઊઠ્યો: 'આપણે જોનને સૈન્ય સોંપી દઈએ. એ દિવ્ય શક્તિ ફ્રાન્સને તારવા આવી છે.'

એક પાદરીએ ટોણો માર્યો: 'છોકરી, તું કહે છે કે દિવ્ય શક્તિ દેશને તારવા માગે છે તો પછી લશ્કરની તને શી જરૂર પડી?'

જોન બોલી: 'માનવી લડે તો જ દિવ્ય શક્તિ એને વિજય અપાવે.'


'તો તું કાંઈ પરચો બતાવને?' ટકોર કરી.

'હું પરચા દેવા નથી આવી; હું તો યુદ્ધે ચડવા આવી છું. છતાં પરચો જોવો હોય તો મને અંગ્રેજે ઘેર્યા ઑર્લીઆંનગર પર લઈ જાઓ. હું શત્રુદળને નસાડી તેને મુક્ત કરાવીશ.'

આખરે તમામ વિરોધી ચૂપ થયા. જોનનો ઇરાદો શાહજાદાને દેશના પ્રાચીન નગર રીમ્સમાં લઈ જઈ વિધિપૂર્વક તખ્તનશીન કરવાનો હતો. પરંતુ માર્ગમાં ઑર્લીઆં નગર પર ઘેરો નાખીને અંગ્રેજ લશ્કરો પડ્યાં હતાં તેને પ્રથમ વિખેરવાની જરૂર હતી. જોને સેનાનું અગ્રેસરપદ લીધું. શાહજાદો એને સમશેર બંધાવવા આવ્યો. પણ જોને કહ્યું કે 'ના, એ શમશેર નહિ. દેવાલયની વેદી પછવાડે ખોદીને તપાસ કરાવો. ત્યાં એક તલવાર દટાએલી પડી છે. એ મારી તલવાર છે.'

જોને આપેલ એંધાણ મુજબ તલવાર નીકળી! એ પાક શમશેર લટકાવી, ચકચકતું શ્વેત કવચ ધારણ કરી, હાથમાં ઈસુની પ્રતિમાવાળો સોનેરી રૂપેરી ઝીકે મઢ્યો ધ્વજ ધારી જોન જ્યારે મોટામોટા સેનાધ્યક્ષોની પણ સ્વામિની બની અશ્વ હાંકતી ચાલી નીકળી ત્યારે, ઈ.સ. ૧૪૨૯ના એપ્રિલ માસના એક સૂર્યોદયે, પ્રજાએ જીવતીજાગતી માતૃભૂમિ ફ્રાન્સનું જાણે કે માનવસ્વરૂપ જોયું.

ઑર્લીઆંની નજીક પડાવ નાખીને જોને અંગ્રેજ લશ્કર પાસે દૂત મોકલ્યો કે પારકી ભૂમિ ખાલી કરીને તમારા મુલકમાં ચાલ્યા જાઓ. ફ્રાન્સના ઇતિહાસમાં પહેલી જ વાર એ દિવસે 'ફ્રાન્સ ફ્રેન્ચોને માટે' એવો સ્વ-



એકાકિતા સીતા (પરમ્બનન મંદિરનું શિલ્પ) રેખાંકન: શ્રી શ્યાવક્ષ ચાવડા

વિંધ્યાચળને પાર કરીને દક્ષિણ તરફ મહર્ષિ અગસ્ત્યે વિસ્તારેલી આર્યસંસ્કૃતિ છેક અગ્નિ એશિયાના દેશો સુધી પ્રસર્યાની જે શ્રેષ્ઠ પ્રતીતિ ત્યાંનાં પુરાણાં શિલ્પ-સ્થાપત્યો આજે આપી રહ્યાં છે તેમાંનું આ એક સુંદર ઉદાહરણ છે. શ્રી શ્યાવક્ષ ચાવડા એ પ્રાચીન કલાધામો ખૂંદીને જે અસંખ્ય ચિત્રો ભરી લાવ્યા છે તેમાંનું 'સીતા'ના શિલ્પનું આ ઝડપી આલેખન જાણે ભારતના જ કોઈ શ્રેષ્ઠ શિલ્પરત્નનો ખયાલ આપે છે. જોગ્જાકાર્તાથી આઠ માઇલ દૂર પરમ્બનન (પરમ-વન?) નામે ગામડામાં એક પ્રાચીન મંદિરની બહારની દીવાલો ઉપર ઉપસાવેલી અર્ધ-શિલ્પની તક્તીઓ પૈકીની એકમાં આ અતીવ સુંદર શિલ્પ કંડારેલું છે. સીતાનું એકાકી-પણું વ્યક્ત કરવા માટે, તેને આશ્વાસતી પરિચારિકા સિવાય કલાકારે આ તક્તીનો બાકીનો બધો ભાગ ખાલી મૂકી દીધો છે. આજે સૈકાઓથી તદ્દન ખુલ્લામાં તાપ અને વરસાદનો ઘસારો ખાતું આવ્યા છતાં અણીશુદ્ધ સચવાઇ રહેલા આ પરમોચ્ચ કક્ષાના શિલ્પમાંની સીતાની મૂર્તિ મૃદુતાભર્યા લાવણ્યનો ઉત્તમ નમૂનો છે.



ગયા વર્ષમાં આપેલા સોળ દેશોના રાષ્ટ્રધ્વજો તથા બીજા આંતરરાષ્ટ્રીય ધ્વજો તેમજ સંકેત-ધ્વજોને અનુસંધાને આ વર્ષે પણ, સ્વાતંત્ર્યદિન નિમિત્તે બીજા


નૉર્વે



પનામા


પારાગ્વે


પીપલ્સ રીપબ્લિક ઑવ ચાઈના


પેરુ


પૉર્ટુગાલ


પૉલૅન્ડ


ફ્રાંસ


ફિન્લૅન્ડ


બલ્ગેરિયા


બહેરિન


બ્રાઝિલ


બૅલ્જિયમ


બૉલિવિયા


મૅક્સિકો


મૉરોક્કો


યમન


યુક્રેનિયન એસ. એસ. આર.


યુગોસ્લાવિયા


રૂમાનિયા


લક્ઝમબર્ગ


લાઇબેરિયા


લેબૅનોન


વેનેઝ્યુએલા


સ્પેન


સ્વિટ્ઝર્લૅન્ડ


સ્વીડન


સધર્ન (દક્ષિણ) કોરિયા


સીરિયા


હંગેરી


હૉન્ડુરાસ


હૉલૅન્ડ

, બીજા ચોસઠ રાષ્ટ્રધ્વજો આપીએ છીએ, જેમાંની રાષ્ટ્રસંજ્ઞાઓ સાથે રંગ અને રચનાઓનું વૈવિધ્ય અવલોકવું ઘણું જ્ઞાનદાયક અને રસમય થઈ પડશે.



ચોમાસું · દ્વિરંગી વૂડકટ · કલાકાર: રમેશ પંડ્યા · ફાઇન આર્ટ કૉલેજ વડોદરા

દેશાભિમાનનો ને પ્રજાવાદનો બોલ સંભળાયો. જોનના કાસદનો કાગળિયો ચીરી નાખી અંગ્રેજ સેનાપતિએ કહેવડાવ્યું કે 'હેમખેમ પાછી તારા બાપનાં ગાયઘેટાં ભેગી થઈ જા.' જવાબ સાંભળીને જોન ઘોડે ચડી.

આખું સૈન્ય જાણે એક જ યોદ્ધો હોય તેવી અધીનતા અને એકતાનતાથી કિલ્લા પર તૂટી પડ્યું. સૈન્યને મોખરે રણચંડી બની ધૂમતી વીરાંગના જોન ઉપર, બુરજ પરથી શત્રુઓનાં તીર વરસે છે; ને ફ્રાન્સના વિજય-ઘોષ લલકારતી જોન એ ભોંકાએલા તીરને એક પછી એક પોતાના શરીરમાંથી ખેંચીખેંચી ફેંકતી જાય છે. એવો સાત દિવસનો સંગ્રામ જોઈ ઑર્લિઆંની પ્રજા યે જાગી ઊઠી. બંનેએ મળી બ્રિટનોના સાત માસના ઘેરાને સાત જ દિવસમાં સફા કરી નાખ્યો. અંગ્રેજોએ પલાયન કર્યું. પોતે જેને ફ્રાન્સનો પ્રાણ સમજતી હતી તેની—શાહજાદા ડૉફિનની સન્મુખ જઇને જોને ઑર્લીઆંનો વિજય ધરી દીધો.

હવે શાહજાદો પણ જોનની સંગાથે સૈન્ય લઈ ચડચો. રસ્તામાં 'ટ્રોયેઝ' અને 'રૅંલો' નગરોને રૂંધીને પડેલી બ્રિટિશ પલટનો પર જોન તૂટી પડી. જ્યાં છ છ દિવસની ગણતરી હતી ત્યાં ફક્ત અક્કેક ને બબ્બે દિવસમાં જ બ્રિટિશ છાવણીઓને તેણે ફૂંદી નાખી. નગર પછી નગરોને મુક્ત કર્યાં. પછી તો રોજેરોજના અક્કેક સંગ્રામ અને અક્કેક વિજય નોંધાયા. જોન અજેય ગણાઈ ગઈ. ગામડેગામડાં જાગી ઊઠયાં, પ્રજા એને જોવા ટોળે મળી. એના મુખ પર અવર્ણનીય પ્રભામંડલ નિહાળ્યું.

આખરે હીમ્સ આવી પહોંચ્યું. દેશવાસીઓની ચકિત આંખો વચ્ચે શાહજાદો દેવાલયની વેદી પર રાજ્યાભિષેક પામ્યો. પરંતુ એ આખી ક્રિયાનું કેન્દ્ર રાજા નહોતો, ચકચકતા વજ્ર-કવચમાં શોભતી, ઈસુની પતાકા ફરકાવતી, શમશેરધારિણી ચંડિકા જોન હતી. એ અબોલ બાલિકા એવી ભરી મેદનીમાં પણ એકલતા અનુભવતી, ઘૂંટણીએ નમી, હાથ જોડી હોઠ ફફડાવતી હતી: 'પ્રભુની ઇચ્છા પૂર્ણ થઈ!'

'ઓ જોન!' રાજા પૂછે છે: 'બોલ, તારે શું જોઇએ? તું માગે તે સાહ્યબી તારે ચરણે ધરું.'

'બીજું કશું જ નહિ, ભલા રાજા! મારા ડોમ્રેમી ગામના કરવેરા કાઢી નાખ. બીજું કંઈ જ મારે ન જોઇએ.' આજે એ વાતને પાંચસો વર્ષ વીત્યાં છે, છતાં ફ્રાન્સ દેશના વસૂલાતના ચોપડામાં પ્રત્યેક સાલે ડોમ્રેમી ગામના નામ સામે ખાલી પડેલા ખાનામાં ફક્ત આટલા જ શબ્દો લખાતા આવ્યા છે: 'કુમારી જોનને ખાતર કરવેરા માફ છે.'

છતાં જોનનું અંતઃકરણ હજી ભેદાઈ રહ્યું હતું. દેશાભિમાને સળગતી એની મીટ પરાધીન પડેલા મહાનગર પારીસ પર મંડાઈ હતી. પણ બાયલો રાજા મુકુટ મળવાથી સંતોષ પામી વિલાસમાં ડૂબી ગયો. જોન એને ઢંઢોળવા લાગી, પણ જોનના વિરોધી પુરોહિતો ને ઉમરાવો રાજાના હૃદયમાં ઝેર સીંચતા રહ્યા. એ તપસ્વિનીનો તાપ મોજીલા રાજાને અળખામણો બન્યે જતો હતો. જોન પોતાને જંપવા નથી દેતી એ વાત રાજાને ખટકવા લાગી.

વસ્તુસ્થિતિ આવી જોઇને જોન ચુપચાપ પોતાના પ્યારા ગામડામાં પાછી ચાલી જવા તૈયાર થઈ. ત્યાં તો, એના વિજય પર વિજયો દેખીને ઉત્તેજિત થઇ ગએલું લશ્કર, એ જ્યાં લઈ જાય ત્યાં એની સાથે જવા તત્પર થયું. એટલે જોને ફરી તલવાર બાંધી. સોઇસૉંનું થાણું કબજે થયું, શાટેઓ ને થીએરી તારાજ થયાં, અને ઈ. ૧૪૨૯ના સપ્ટેમ્બરની ૮મી તારીખના અરુણોદયમાં પારીસના મિનારા ને પ્રાસાદશિખરો આઘેઆઘે ઝળહળી ઊઠચાં. પારીસ હાથવેંતમાં હતું!

તાત્કાલિક ધસારો કરીને દુર્ગનાં દ્વાર ભેદવા અધીર બનેલી જોને એક દરવાજે હલ્લો કર્યો. કલાકો સુધી ટક્કર લીધા પછી એકાએક લશ્કરમાં ખબર પ્રસર્યા કે 'જોનને જાંગ ઉપર જખ્મ થયો છે.' આટલા જ સમાચાર સૈન્યને નાઉમેદ કરવા માટે બસ થયા. જોનને તેઓએ દિવ્ય શક્તિ માની હતી. આજ સુધી એક પણ જખ્મ ન પામનારી જોનને ઢળી પડેલી દેખી સૈનિકોની શ્રદ્ધા હલમલી ગઈ; ઉત્સાહ તૂટી પડચો; સેનામાં ભંગાણ પડ્યું.

જ્યારે જોન સાજી થઇને ઊઠી ત્યારે એણે જોયું કે રાજાનું મન ઊંધી સલાહોને વશ થયું છે અને સૈનિકોની આસ્થા પોતાની મનાએલી દિવ્યતા પરથી ઊખડી પડી છે.

છતાં જોનનું શ્રદ્ધાબળ અખૂટ હતું. જોતજોતામાં એનો પ્રભાવ લશ્કર ઉપર પ્રસરી ગયો. પણ રાજકચેરીમાં જોનનો બોલ ઝીલનાર કોઈ જ ન રહ્યું. આખા દેશનું પરિબલ એકત્રિત કરીને મુક્તિધ્વજ રોપવાનો એનો અવાજ પથ્થરોએ સાંભળ્યો, પણ રાજાએ ને રાજપુરુષોએ તો કાનમાં આંગળીઓ દઈ દીધી! આઠ મહિનાના પછાડા એળે ગયા. જોનના વીર આત્માને માટે ધીરજની અવધિ આવી ગઈ, ને ૧૪૩૦ના એપ્રિલની એક પ્રભાતે, રાજાને જાણ કર્યા વિના, ફક્ત નાનીશી ટુકડી લઇને જોન નીકળી પડી. કૉમ્પેન નામના નગર પર બર્ગૅન્ડીનો લુટારો અમીર સવારી લઈ આવતો હતો તેની સામે એ નગરના લોકોને રક્ષણ આપવા માટે જોને જઈ પતાકા રોપી. પણ વિશ્વાસુ જનોએ વિશ્વાસઘાત કરી જોનને થાપ દીધી. એક અણધારી રાત્રિના અંધકારમાં જોન ઘેરાઈ ગઈ, યુદ્ધ ચાલ્યું. કેવા વીરત્વ સાથે એ કુમારિકાએ સંગ્રામ ખેલ્યો ને કેવા વેગથી એણે શત્રુઓનાં ટોપ-બખ્તરો પર શમશેરો ઝીંકી એ કથા અક્ષરશઃ નોંધાએલી છે. એના સૈનિકો પણ એને નાસી છૂટવાની તક દેવા આનંદભેર કતલ થઈ ગયા. પરંતુ આખરે એ અંધારામાં પાછળથી કોઇએ આવીને જોનને ઘોડા પરથી પછાડી, ઘસડીને કેદ પકડી લીધી; ચુપચાપ બર્ગૅન્ડીના અમીર પાસે એને પહોંચાડી દીધી. અમીરે ઇંગ્લંડના રીજન્ટ જ્હૉનને દૂત મોકલી તાબડતોબ ખબર આપ્યા. બર્ગૅન્ડીના અમીરે—એક ફ્રાન્સવાસીએ ઊઠીને પોતાની દેશપુત્રી જોનને શત્રુના હાથમાં વેચી દીધી! શત્રુ રાજા એને ઉઠાવીને ચાલતો થયો.

એક પછી એક કોટકિલ્લા વટાવતી એ બંદિની ચાલી જાય છે. એણે મુક્ત કરેલાં ગામોનાં લોકો એને શત્રુના હાથમાં દેખી રડે છે; પરંતુ ફ્રાન્સનો રાજા, રાજસત્તા, રાજપુરુષો, કોઇની આંગળી પણ ઊંચી થતી નથી; પોતાને વિજયના પંથ પર દોરનારી એ વીર નારીને માટે એક પણ સૈનિક શમશેર ખેંચતો નથી! ઊલટું જોનને શરીરે બેડી પડી છે તેનો આનંદોત્સવ ઊજવતું પારીસ નગર આતશબાજી ફોડે છે!

અંગ્રેજો એને પોતાની સરહદના શહેર 'રાઉએન'માં ઉઠાવી ગયા. એને લોઢાને પાંજરે પૂરી દોઢ માસની રિબામણીને અંતે રાઉએનના કિલ્લામાં આવેલા એક દેવાલયમાં એને ઘસડી જવામાં આવી. ફ્રાન્સ દેશના સાઠ સર્વોત્તમ બુદ્ધિવંતો એ ધર્મમંદિરના ન્યાયાસન ઉપર ચડીને જોનનો ઇન્સાફ કતારવા બેઠા. ઈન્સાફની તુલા તે દિવસોમાં પુરોહિતોને હાથ હતી. દેશના સ્થાપિત ધર્મ ઉપર અશ્રદ્ધાનો શબ્દ પણ બોલનાર તે દિવસોમાં અપરાધી ગણાતો ને જીવતાં સળગાવી દેવાની સજા પામતો. કુટિલ અંગ્રેજોએ પોતાની વૈરિણીનો ન્યાય ખુદ એના જ દેશવાસીઓને હસ્તક તોળાવવાનો નુકતો ઊભો કર્યો હતો. એ આખું એક કૌભાંડ હતું. એ સાઠેનો શિરોમણિ ન્યાયમૂર્તિ બિશપ કાઉશૉં અંગ્રેજોનો જ ગુલામ હતો. એ અને એના તમામ સાથીઓ, આરોપીને અપરાધના ફાંસલામાં ફસાવવાની, આરોપી પોતાની ઇચ્છા વિરુદ્ધ પણ બંધાઈ જાય એવા બોલ એના મુખમાંથી કઢાવવાની વિદ્યામાં પ્રવીણ હતા. 'દિવ્ય અવાજો'ની અને 'સંત માઇકેલ મારો સહાયક હતો' એવી વાતો કરનારી આ છોકરી પર તેઓ ધર્મદ્રોહ, જાદુગરી

અને મેલી વિદ્યાનું આરોપનામું સાબિત કરવા મળ્યા હતા.

સન્મુખ આવીને અઢાર વર્ષની કુમારિકા ઊભી રહી. ગ્રામ્ય, અભણ, હજી ઊગતી અવસ્થાની, યુદ્ધો કરીકરીને થાકેલી, વિશ્વાસઘાતના આઘાતોથી દુભાએલી, કારાવાસ બેઇજ્જતી અને ભૂખતરસે કરમાએલી, તે છતાં પણ હિંમતભરી, નિર્ભય ને અડગ જોન આ ધર્મપાલોના ડોળા સામે શાંતિપૂર્વક ઊભી રહી. ને પછી એના ઉપર સવાલોની ઠઠ્ઠાબાજી ચાલુ થઈ.

એના મોંમાંથી 'મેં અધર્મ આચર્યો છે' એટલો બોલ કઢાવવા માટે દમદાટી, ધમકી, અટપટી પ્રશ્નજાળ ને આખરે કબૂલાત કરાવવાની રિબામણી, બન્યું તે બધું જ વપરાયું. પણ જોનનો જવાબ એક જ હતો: 'મારા શરીરમાંથી એકેએક અવયવ ખેંચીને તોડી નાખો તોપણ આથી વધુ કશું જ મારે કહેવું નથી.'

છ દિવસ સુધી જાહેર મુકદ્દમો ચાલ્યો ને ત્રણ મહિના સુધી એની ને ન્યાયાધીશોની વચ્ચે રકઝક ચાલી. આખરે પારીસની વિદ્યાપીઠ, કે જ્યાં ધર્મમૂર્તિઓ ચુકાદો ઘડવા ગયા હતા ત્યાંથી ફેંસલો આવ્યો કે 'એ છોકરી ખૂની, ધર્મદ્રોહી, જુઠ્ઠાડી ને ઘાતકી પુરવાર થાય છે. અમે એનો છેલ્લો ઇન્સાફ ઉતારવા સંસારી ન્યાયાધીશને સોંપીએ છીએ.'

એ છેલ્લી અપીલ સંભળાવવા નવ નવા ન્યાયપુરુષો હાજર થયા. જોનને એમણે કહ્યું, 'હજુ માની જા. કહે કે હું પાપી છું. ધર્મપાલોના ચુકાદા પર તારી સહી કરી દે. ધર્મને શરણે જા. તારો પ્રાણ બચી જશે.'

નાનકડી જોને ઉત્તર વાળ્યો, 'મારી ચોમેર ચિતા ખડકાય, આગ મેલવાનું લાકડું હાજર થાય, ઘાતક આગ પેટાવે, ને હું એ જ્વાળાઓની વચ્ચોવચ્ચ સળગવા લાગું, ત્યારે પણ કશું વિશેષ નહિ કહી શકું.'

અદાલતમાં એક જ મનુષ્ય એવો હતો જેનો આત્મા આ વીરત્વ નીરખીને ઉછાળા મારતો હતો. એ હતો, ન્યાયમૂર્તિનો કારકુન. આ જવાબ લખતી વેળા એ વીસરી ગયો કે પોતે કારકુન છે. હાંસિયામાં એ જવાબ સામે એણે લખ્યું કે 'Responsio Superba: ભવ્ય ઉત્તર !'

ન્યાયશિરોમણિ (!) કાઉશૉ હાજર થયો. એના હાથમાં કાગળિયો હતો. કાગળમાં બે વાક્યો હતાં: 'કબૂલ કરે તો જન્મકેદ; ઇન્કાર કરે તો જાહેરમાં જીવતું ચિતારોહણ.'

એક વાર જોન લથડી પડી. એક વાર એણે કહી નાખ્યું, 'હું ચર્ચને (ધર્મને) અધીન થાઉં છું.'

છતાં ધર્મપાલોએ એને છોડી નહિ. કારાગૃહમાં મોકલી. અને એની સહી ઉપર એણે કદી સહી ન કરેલી એવી કબૂલાતો લગાવી દીધી. એના નામ પર જૂઠા એકરારો ચડાવ્યા. ધર્મપાલોએ અધમમાં અધમ કૂડ આચર્યું. જોનને જાણ થઈ. પલકમાં એની છાતી નીચે નવો હુતાશ પ્રજ્વલી ઊઠચો. એણે કહ્યું, 'મેં ગુનો નથી કબૂલ્યો. મેં કેવળ સળગવાના ભયથી જુઠાણા પર સહી કરી આપી છે.'

યજ્ઞ ભાવના

દેવતા ચેતવી તેમાં ઘી, ચોખા કે નાળિયેર હોમીએ એનું નામ યજ્ઞ નહિ. ચારે બાજુ નજર કરો કે કુદરતનાં તત્ત્વો કેવીરીતે કામ કરી રહ્યાં છે. ઝાડ ઊગે છે; પરંતુ તેને હવા જોઈએ, પાણી જોઇએ. તમે મોટા થાઓ છો: તમારે પણ અનાજ જોઈએ, કપડાં જોઈએ. આમ, જીવનની જરૂરિયાતો બહારથી આવે છે.

સામી બાજુ, ઝાડને પુષ્પ આવે છે ફળ આવે છે તેનો લાભ બીજાઓને તે આપે છે. તમે પણ રોજ ઘરમાં, શાળામાં, શહેરમાં, ગામડામાં કાંઈ ને કાંઈ કામ કરો છો. આમ, કુદરતમાં આદાનપ્રદાન (આપ-લે)નો નિયમ પ્રવર્તે છે. યજ્ઞભાવનાનું મૂળ આ સત્યમાં રહેલું છે.

'આપણને મળે છે તેમ આપણે પણ આપવું જોઇએ, ને તે પણ રાજીખુશીથી આપવું જોઇએ' એ યજ્ઞની ભાવના છે. તેનાથી આત્મવિકાસ થાય છે. સ્થૂલ યજ્ઞ કરવા માટે જેમ વેદિ જોઈએ, તેમ સૂક્ષ્મ યજ્ઞમાં આપણું અંતઃકરણ એ જ વેદિ છે. વેદિમાં જેમ અગ્નિ જોઇએ તેમ માનવના અંતરણમાં ઊંચે ચડવાની, ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાની ધગશ જોઈએ. વેદિના અગ્નિમાં જેમ આહુતિ હોમાય છે, તેમ એ ઉચ્ચ જીવનની ધગશને જાગ્રત રાખવાને સઘળું જીવન તેમાં હોમવું જોઇએ. એ વગરનો માણસ સ્વાર્થી છે. ગીતા તેને 'ચોર' કહે છે; કારણકે તે કેવળ પોતાનો સ્વાર્થ જ સાધ્યા કરે છે, બુદ્ધિપૂર્વક 'આપતાં'–યજ્ઞ કરતાં શીખતો નથી.

યજ્ઞ રૂપે સર્વ કર્મો કરવાં ને અંતરમાં ઉચ્ચ જીવન માટેનો અગ્નિ સતત જ્વલંત રાખવો એ પ્રત્યેક આર્યનો ધર્મ છે.

(અંબાલાલ પુરાણી)

પણ બીજી પ્રભાતે ધર્મપાલો બંદીખાને પધાર્યા. સંભળાવ્યું. 'જોન, તૈયાર થા. આજે તારે ચિતા પર ચડવાનું છે.' રૌએનના ચોકમાં અપરાધીનું ગાડું આવી પહોંચ્યું. પુરોહિતોને ધર્મપાલોએ અપરાધપત્ર સંભળાવ્યું. જોને સાંભળી લીધું ને ચિતા પર ચડી ગઈ. 'મને ક્રૉસ આપશો ?' એટલી જ માગણી કરી. પણ 'ક્રૉસ' લાવવાની હિંમત આ ધર્મપાલોમાં રહી નહોતી. પાસે ઊભેલા એક અંગ્રેજ સૈનિકે એક લાકડી ભાંગી, ત્યાં ને ત્યાં તેને ક્રૉસ આકારે બાંધી, તે અપરાધીના હાથમાં આપી. જોને એ ક્રૉસ પર ચુંબન કર્યું. છેલ્લી વાર અવાજ દીધો: 'સંત માઇકેલ! સંત માઇકેલ! સંત માઇકેલ! સહાય કરજે.' એ હૈયાફાટ સાદે નિર્દય કાઉશૉને પણ રોવડાવ્યો.

જ્વાળા પેટાવવામાં આવી. ભડકા વીંટળાવા લાગ્યા. જોને અશ્રુભરી આંખે, પોતે યશસ્વી બનાવેલા સ્વદેશ ઉપર છેલ્લી મીટ માંડી લીધી. અને પછી છલંગો મારતી ઘાટી જ્વાળાઓ વચ્ચેથી આટલા કરુણ બોલ સંભળાયા: 'મેં સાંભળેલા અવાજો ઈશ્વરના હતા. એ અવાજોએ મને નથી ઠગી; નથી ઠગી.'

જલ્લાદોએ જીવનમાં પહેલી જ વાર પોતાના આ પાપની તોબાહ પોકારી. ચિતામાં એક લાકડું હોમવાની પ્રતિજ્ઞા કરીને આવેલો એક અંગ્રેજ તો ભયથી જ ભાગી ગયો. જ્વાળાની સન્મુખ ઊભેલો એક પાદરી પોકારી ઊઠચો કે 'ઓ પ્રભુ! મારા આત્માને પણ એ કુમારીના આત્માની સમીપે જ વાસ મળજો !'

'આપણું સત્યાનાશ જશે. આપણે એક સંતને સળગાવી મૂકેલી છે' એટલું બોલીને ઇંગ્લંડ-રાજનો એક મંત્રી ભાન ભૂલી ચિતા પાસેથી ભાગી છૂટચો.

પેલો અદાલતનો કારકુન—જુબાનીઓ લખનાર પેલો લહીઓ તો ઘેર જઇને તે દિવસ જેટલું રડચો તેટલું કદી જ નહોતો રડચો. જોનની જુબાનીની લખામણીના જે પૈસા મળ્યા તેની એક પ્રાર્થનાપોથી ખરીદીને રોજ એ જોનને માટે પ્રાર્થના કરતો થયો.

આજે એ દેશભક્ત કુમારિકાને ફ્રાન્સ પૂજે છે. બ્રિટન એનાં યશોગાન ગાય છે. અંગ્રેજો પોતાના એ ભૂતકાળને ફિટકાર આપે છે.

ઇતિહાસની આ વધુમાં વધુ અવિશ્વસનીય લાગતી કથાનો શબ્દેશબ્દ સાચો હોવાના પુરાવા ફ્રાન્સના દફતરમાં આજે પણ મોજૂદ છે.

'ભારતની પ્રાચીન કળાસંપત્તિ તરફ જે વખતે આખા દેશની આંખ બંધ હતી અને પરદેશીઓ રેઢી પડેલી વાડીમાંથી અમૂલી સામગ્રી ખેંચી જતા હતા તે વખતે, આખા મુંબાઇ ઇલાકામાં એક જ રસિક અને કદરદાન શ્રીમાન યુવાન હતો, જેને પોતાના મિત્રો અને સંબંધીઓના ઉપહાસને અવગણીને પણ એ લુટાતી ભારતલક્ષ્મી અટકાવવા પાછળ

અઢળક દ્રવ્ય અને પુરુષાર્થ ખરચવાં હતાં.'

આ ઉપાડ સાથે ગુજરાતના પ્રથમ કલા સંગ્રાહકનો પરિચય એ અંકમાં આપેલો :

'એ શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી જંગી વેપાર અને ઔદ્યોગિક સાહસોનો રંજ ખેંચતાં માત્ર ૪૮ વર્ષની વયે ગુંજરી જવાથી ગુજરાતને કલા, સાહિત્ય અને ઇતિહાસના એક અનન્ય ભક્ત અને ઉપાસકની ખોટ પડી. એમનું સ્થાન તો સદા ખાલી રહેશે, પણ એમણે ભારત માટે સંઘરેલો પ્રાચીન વસ્તુઓનો વારસો એમનું નામ હમેશ માટે અમર રાખશે.

એમણે સંઘરેલાં અનેક પુસ્તકો, હસ્તલિખિત પ્રતો, પથ્થરો અને ધાતુ પરના લેખો, તામ્રપત્રો, જૂનાં વાસણો, ચિત્રો, છાપો, ઘરેણાં વગેરે ભારતનું અદ્વિતીય ધન છે. મરાઠા ઇતિહાસની સામગ્રી સંઘરનાર તરીકે તેમણે આખી મહારાષ્ટ્ર જનતા પર ઉપકાર કર્યો છે, અને તેમનાં જ સાધનો તથા સંગ્રહ પરથી શ્રી પારસનીસ, પ્રો. જદુનાથ સરકાર ને બીજા અનેક ઇતિહાસલેખકોએ લાભ લીધો છે.

ચિત્રકળા માટે તેમનો પ્રેમ અનહદ હતો અને સારા ચિત્રકારોને પોતાની પાસે રાખી, પોતાની ભાવના પ્રમાણે અનેક ચિત્રગુચ્છ કરાવી 'સુવર્ણમાળા' રૂપે તેમણે બહાર પાડચાં છે તે ગુજરાતના કળાના ઇતિહાસમાં નોંધપાત્ર રહેશે. શ્રી ધુરંધર, મ્હાત્રે, માળી આદિ દક્ષિણી ચિત્રકારો તેમાં તેમનો આશ્રય પામતા કેમકે ત્યારે કોઇ ગુજરાતી ચિત્રકાર તૈયાર થયો ન હતો. તેમની સ્થિતિ આબાદ હતી ત્યારે તેમની પાસે ગએલો કોઈ પણ કારીગર કે કલાકાર નિરાશ થતો નહિ.

વેપારનો અત્યંત બોજો હોવા છતાં પોતે નિયમિત પોતાના પુસ્તકાલય અને સંગ્રહસ્થાનમાં બે કલાક દેવસેવાની માફક ગાળતા અને લેખો તૈયાર કરતા. કલા કે ઇતિહાસ પર તેમની વાતચીત સાંભળનારને પોતે કોઈ જ્ઞાનસાગરમાં પડચો હોય તેવું લાગતું.

મુંબાઈમાં કલા સામગ્રી વસાવવા ઉપરાંત તેમણે વતન દ્વારિકામાં સમુદ્રતટ ઉપર 'સિંધુસદન' નામનું સુંદર મહાલય રચ્યું, જ્યાં કેટલી યે જોવાલાયક ચીજોનો સંગ્રહ કરેલો. તેમનું ખરું વતન તો દ્વારિકાથી ચાર માઈલ પર આવેલું વરવાળા ગામ. ઓખામંડળના વાઘેરોમાં એમની બહુ ઊંચી પ્રતિષ્ઠા હતી. વાઘેરોનો તેમના પર અપાર પ્રેમ હતો. એ કોમને સુધારવાને અને તેમને કામધંધે લગાડવા દ્વારિકામાં તેમણે સીમેન્ટ ફૅક્ટરી નાખી, પરંતુ એમના જીવનકાળમાં તેમાં તેમને યારી ન મળી.

ચોરને પોટલે....



પ્રબોધ જોષી

'દુનિયામાં જેટલા ગોટાળા મેં કર્યા છે એટલા કોઇએ નહિ કર્યા હોય!'

અમારો વિચાર આ રીતે લેખ શરૂ કરવાનો હતો. પણ પછી બીક લાગી કે આમ શરૂઆત કરું તો પહેલું જ વાકચ વાંચી 'કુમાર' છાતી ઉપર મૂકી વાચક હાજર અન્યને કહેત કે 'આ આટલો ચારિત્ર્યહીન હશે તેની મને ખબર નહિ. હિસાબમાં ગોટાળા કરે, પૈસામાં ગોટાળા કરે તેનું ચારિત્ર્ય શું?'...અને એવું તો કંઈનું કંઈ મારે વિષે તમે એક પળ માટે તો ધારી જ લ્યો. એવું નથી કે મને આવું કોઈ ધારે તે સામે સૂગ છે. સાચી વસ્તુ કોઈ કહે તેમાં સૂગ શી? પણ મને થયું એમ કે હવે જ્યારે લોકો એમ ને એમ જ ધારતા હોય તો આપણે શા માટે કારણ આપવું? મેં એ વિચાર માંડી વાળ્યો, તેની સાથે જ આ લેખનું શીર્ષક 'ગોટાળો' રાખવાનું પણ માંડી વાળ્યું.

'ગોટાળો' શીર્ષક બહુ જણાએ બહુ જગ્યાએ બહુ રીતે વાપર્યું છે. દુનિયાનું સાહિત્ય ગોટાળા ઉપરથી જ સર્જાય છે. જ્યારે અમારી કૃતિમાંથી ગોટાળો ને 'ગો' (go) કરી દઇએ છીએ ત્યારે તંત્રીઓ 'ટાળો' એવું એમના સત્સંગીઓને કહે છે. તમે કોઈ ઍકાઉન્ટન્ટ માટે સાંભળો કે એના હિસાબ ચોખ્ખા છે, ત્યારે તમે એ વાકચ પૂરું સાંભળશો પણ નહિ; પણ જ્યારે એમ સાંભળશો કે એણે ગોટાળો કર્યો છે, ત્યારે તમે ઊભા રહેશો, બેસશો, પલાંઠો લગાવશો અને પૂછશો કે 'કેટલાનું કરી નાખ્યું? કોનું કરી નાખ્યું? કચાં કરી નાખ્યું? કચારે કરી નાખ્યું! હેં કે? તે એ કેવી રીતે કર્યું? ઓહ! તો ખબર કચારે પડી? અચ્છા! તો હવે શું થશે? પકડાશે એમ? વાહવાહ, તો સજા થશે કેમ? સરસ સરસ...બૈરાં છોકરાં છે?–મૂઆં હોય તે. છોકરી છે–એમ? કુંવારી ...દેખાવડી...ઉંમરલાયક...બિચ્ચારો . . . ખોટો ભરાવો હશે. આ શેઠિયાઓનું આ જ દુ:ખ કરે. પોતે અને બિચારા મુનીમોને...' તમે પોતે જે ગોટાળા ઉપર ગોટાળો કરી વાર્તાપ્રસંગ સર્જો છો તે જોયો? તમે વિચાર કરો કે હું કેટલી આશાથી 'ગોટાળા' ઉપર લખવા બેઠો હોઇશ. અને જ્યારે મેં જાણ્યું હશે કે એ શીર્ષક બધાએ વાપર્યું છે, બહુએ વાપર્યું છે ત્યારે દુનિયામાં કેટલા ગોટાળા થયા હશે?

બાકી, હા. મારા જેટલા ગોટાળા કોઇ નહિ કરતું હોય! એક વખત અમારે ઘેર જઇને કોઈ કૈંક કહી આવ્યું. એટલે અમારે ઘેરથી ધમકી ભરેલો કાગળ આવ્યો. હવે તમે તો અનુભવી છો, એક્કા છો, એટલે જાણો છો કે ઘેર તો ખોટું જ કહેવાય. મેં પણ એમ કર્યું હતું. પણ ફક્ત ગોટાળો એ કર્યો કે બાળાનો પત્ર ઘરના કવરમાં અને ઘરનો પત્ર બાળાના કવરમાં નાખ્યો, અને બીડચો, અને ભેજ્યો....અને પરિણામ? ધોબીના કૂતરા સ્તો!

પણ બીજા ગોટાળા કરવાની તક આ ગોટાળા પછી બહુ મળી. કોઈ કહેનારું ન હતું ને? બાળા નંબર બે! પગ ઉપર ઊભા રહેવાનો અખતરો. પહેલા ગોટાળાના અંગારમાંથી સર્જાતી આ બે વસ્તુઓ જોઈ? સારું. હવે ગોટાળો નંબર બે જુઓ: પત્રનો સ્તો! ઇન્કમ ટૅક્સ ઑફિસને આવક બતાવતું રીટર્ન મોકલવાનું હતું અને બાળાને કમાણીની લપેટ બતાવતો પત્ર લખવાનો હતો. આ વખતની બાળા ગ્રૅજ્યુએટ હતી; અને ઇન્કમટૅક્સ અફસર તો હોય જ. કેમ લાગે છે? બિલકુલ બરાબર! માત્ર બંને કવર પર ખોટાં સરનામાં થઈ ગયાં! પરિણામ? પહેલા ગોટાળા કરતાં પણ ભયંકર! અમે કડકા છીએ એવો બાળાએ જે પ્રચાર કર્યો હતો તેની છાપ ભૂંસવા બહારગામ જતા રહેવું પડયું; અને ઇન્કમટૅક્સ અફસરે પાસ કરેલું એસેસમેન્ટ ભૂંસાવવા છેક અપીલમાં ટ્રિબ્યુનલ પાસે લડવા પણ બહારગામ જવું પડયું.

ગોટાળા તમારા ભાગ્યોદય માટે પણ આવે છે. કોલમ્બસના ગોટાળાથી અમેરિકા આવ્યું; અમારા ગોટાળાથી અમને બઢતી આવી. ધંધામાં ચીવટ, બીજા પ્રયોગોમાં પણ ચીવટ. પત્ર લખવા જ નહિ એમ નક્કી કર્યું. અમે પેલા સૂત્રને અપનાવ્યું કે 'ડુ રાઇટ ઍન્ડ ફીઅર નો મૅન; ડોન્ટ રાઈટ ઍન્ડ ફીઅર નો વૂમન.' એમાં 'રાઈટ'ના બે અર્થ થાય: 'સત્ય' અને 'લખવું'. અને આ બે પ્રયોગોથી ફાવ્યા, ધનિક બન્યા, એક બાળાને મળ્યા. તેની સમક્ષ ધંધાની કમાણીની અને એવી કંઇક લપેટો મારતા જ ગયા. છોકરીઓ આવું સાંભળી ખુશ થાય છે એમ માનનારો ન તો હું પહેલો હતો, ન તો છેલ્લો છું. અમે તો ખૂબ ચલાવી કે અમે ચારસોના પગારથી માણસ રાખી શકીએ એવી અમારી ઑફિસ છે, આમ છે ને તેમ છે.

પણ ભાઇ, અમારા કિસ્સામાં તો એ બહેનને સાચે જ રસ પડતો હતો. નથી માનતા? તો સાંભળો, એક દિવસ સાંજે અમને મળીને તેમણે કરેલી વાત સાંભળો :

'તમે તો ખૂબ કમાઓ છો ને? ઑફિસમાં ચારસોના પગારનો માણસ રાખી શકો તેમ છો ને? તમને મારા માટે લાગણી છે, તો તમે મારી લાગણી નહિ દુભાવો ને? તો—મારે એક યુવાન સાથે પરણવું છે. અમારે વર્ષોની મૈત્રી છે. એ હોશિયાર છે, દેખાવડો છે. તેને અત્યારે સારી નોકરી નથી. મેં આજ સવારે જ પ્રૉમિસ આપ્યું છે કે તમે તેને ચારસોની નોકરી આપશો. તમે તો સારા માણસ છો ને?'

હવે તમારે અમને એમ પૂછવું છે ને કે આ ગોટાળો થયો કેમ! અને અમે બાઘા જેવા રહ્યા કેમ?

ત્રણ ગોટાળાએ અમને શીખવ્યું કે હવેથી કોઇ બાળાને લખવું યે નહિ અને એને બોલીને પણ કંઇ કહેવું નહિ. તો અમારો ચોથો કિસ્સો જુઓ. અમે બોલવાનું બંધ કર્યું હતું. એક બાળા મળ્યાં. ઓળખાણ કરાવનારે કહી જ રાખ્યું હતું કે આ ભાઇને બોલવાની ટેવ નથી. એ બાળા તો સાવ સીધી સાદી હતી. દેખાવડી હતી, પૈસાનો મોહ નહોતો, સ્વભાવે પણ ઠીક લાગી. એ જ બોલ્યા કરે: 'કેમ છો?' થી શરૂ કરી 'ચાલો ત્યારે આવજો' સુધીમાં બધું એ જ બોલે. મને કોઈ દિવસ નથી મારી આવક પૂછી, નથી મારો ભૂતકાળ પૂછ્યો, નથી મારી ખાનદાની પૂછી, નથી મારી આવડત પૂછી. લ્યો ભાઇ, આ તો ઘેર બેઠાં ગંગા આવી. બધું નક્કી લાગ્યું એટલે એક દિવસ અમે જરા લાંબી જીભને ધીમેથી હલાવી કે 'આજ તને હું એક વાત કહેવા માગું છું. હું બોલતો નથી તેનું કારણ કહેવા માગું છું. મારો ભૂતકાળ કથવા માગું છું...' હું બોલ્યે જતો હતો, પણ તેને તો કંઈ પડી જ ન હોય એમ તે તો સીધું જોઈને જ ચાલતી હતી. ઓચિંતી તેની નજર કંઇ કહેવા મારા ઉપર પડી અને તે બોલી, 'તમે કંઈ બબડો છો?'

મેં કહ્યું, 'બબડું છું? અરે ક્યારનો નિવેદન કરી રહ્યો છું.' એ બોલી, 'જરા મોટેથી બોલો; હું જરા ઓછું સાંભળું છું.'

બસસાહેબ? એ ગોટાળો પકડાયો ત્યારથી હું યે તેના તરફથી તેના વિષે ઓછું સાંભળું છું!

હવે પછીની વાત જરા વધુ રસપ્રદ છે, ઉપરની બધી વાતો કરતાં વિશેષ; માટે આગળ વધતાં પહેલાં તમારે બે ત્રણ કામ કરવાનાં છે. આ વાંચો છો તે સામયિક જરા બાજુએ મૂકો. હા હા, ગભરાઓ નહિ; બાજુએ મૂકો. પછી ઊભા થાઓ. (મોટા હો તો બેસી રહો.) પાણી પી આવો. એક દસની નોટ લ્યો, અને એક ફાઉન્ટન પેન લ્યો. (મોટા હો તો એ ત્રણે વસ્તુ મંગાવો.) બહેનોને ખાસ વિનતિ કે જો તમને તમારા પતિરાજ (કુંવારાં હો તો પપ્પા) દસની નોટ કે પેન ન આપે તો અહીંથી વાંચવાનું છોડી દો. ખિજાઓ; રાંધવાની ના પાડો; રિસાઓ.

હજી પણ તમે કેમ આગળ વાંચ્યા કરો છો? ચાલો, ચાલો, જલદી કરો. આ દસની નોટ તમારી પાસે મંગાવું છું તેનું કારણ છે. એ નોટ ઐતિહાસિક બની જશે. તમારી દસની નોટ તમારા 'કુમાર'માં સ્થાન પામનાર છે. એનાથી તમને ફાયદો થશે. ના, ના, આઇ ઍમ નૉટ જોકિંગ. તમે દસની નોટ નહિ લ્યો તો આ લેખની હીરૉઈન ક્યાંથી મળશે? તમારી નોટ જ આ લેખની નાયિકા છે. ગભરાઓ નહિ; જાદુ નથી,—છતાં છે. એ દસની નોટ તમારી પાસે જ યાદદાસ્ત તરીકે રહેશે. તમે જુઓ તો ખરા!

બધું બરાબર પતાવ્યું? તો હવે સાંભળો:

શનિવારે બપોરે અમે ઑફિસેથી ઘેર આવ્યા તો મિતાએ હાસ્યથી આવકાર આપ્યો. મિતાના હાસ્યની કિંમત ૪૭ લાખ ૮૦ હઝાર રૂપિયાની છે; એટલેકે એનું 'મિલિયન ડૉલર સ્માઈલ' છે. (આ છપાય ત્યારે ડૉલરની કિંમત ૪.૭૮થી બદલાય તો તે પ્રમાણે તેના હાસ્યની કિંમતમાં વધઘટ કરવાનો તમને હક છે.)

'પણ આ મિતા કોણ?'

અરે હા, મેં પણ અત્યારથી જ ગોટાળો કર્યો. મિતાની ઓળખાણ જ ન કરાવી. મિતા અમારો ગોટાળો નંબર પાંચ, જે છેવટે સફળ ગોટાળો હતો, તે છે. એની સાથે મારાં લગ્ન થયાં તેની પાછળ એક ભયંકર ગોટાળો છે.

મિતાના બાપ વસંતલાલ જરા વિચિત્ર માણસ છે. ધંધો કરે છે. મારી પાસેથી માલ લીધેલો. છ મહિનાથી બિલ આવતું નહોતું. રોજ ઘેર લેવા જાઉં અને એ મળે નહિ. કાં તો મળે તો ચા પાય અને આડીતેડી વાતો કરે: અમારી મિતા આમ, અને અમારી મિતા તેમ કરે. અંતે મહિના પછી ચાન્સ મળ્યો. એ એકલા હતા. મેં કહ્યું, 'વસંતભાઈ એક વાત...'

'હા, હા; શું છે?'

'વસંતભાઈ, કહેતાં શરમ આવે છે, પણ...'

'અરે, પણ એમાં શરમ શું? બોલોને યાર!'

'વસંતભાઈ, વાત જાણે એમ છે ને, કે ઘણા વખતથી હું તમને...'

'હા હા; બોલોને!'

'વસંતભાઈ, હું તમને ખાસ એમ કહેવા માગું છું કે—તમને ખોટું ન લાગે તો મારો વિચાર એમ છે કે...'

'સમજી ગયો સુરેશભાઈ! તમે મિતા માટે કહો છો ને? મને કંઈ જ વાંધો નથી. સોનામાં સુગંધ ભળશે. ભલે મિતાને પરણો, તેમાં મને કંઈ જ વાંધો નથી. મિતાને પણ તમે પસંદ છો ને? બસ ત્યારે, બીજું શું જોઇએ?...'

'ગ'ને કાનો માત્ર, 'ટ'ને માત્ર કાનો, અને 'જ'ને બંને!!

હું હજુ કંઈ બોલું તે પહેલાં તો મિતા આવી. મેં તેને જોઈ અને બરફના ગચિયા ઉપર પડીને પાણીનું એક ટીપું જેમ બરફ બની જાય છે તેમ, મીઠાઈના વેપારીની ભાષામાં કહું તો 'હું ચાસણી ચાસણી થઈ ગયો.' એ ઓળખીને?

ઓળખીને? પણ ના; તમને પરિચય જ થયો છે, ઓળખાણ નહિ. મિતા ઉપર તમારે ખિજાવાની જરૂર નથી. એનો સ્વભાવ બહુ જ સારો છે-બહુ જ સારો. એ મારા ઘરમાં આવ્યા પછી હું ખૂબ સુખી થયો છું. મને ઊલ ઉતારવાની ટેવ પડી છે. એ એકજ ટાઈમ એવો છે કે જ્યારે મારી જીભ તમે ઘરમાં જોઈ શકો છો. બાકી તમે મિતાની જીભને દાંત અને હોઠ સાથેબાથંબાથી કરી તથદધન, પફબભમ જેવા અક્ષરો ઉચ્ચારતી અને કચટતપ, ખછઠથફ, ગજડદબ, ઘઝઢધભ વગેરે અક્ષરોની મદદથી બોલબોલ કરતી જોઈ શકો છો. ઊલમાં રસ પડે એટલે પિત્ત થાય નહિ; પિત્ત થાય નહિ એટલે માંદા પડો નહિ, માંદા પડો નહિ એટલે તબિયત સારી બને; તબિયત સારી બને એટલે 'હેલ્થ ઈઝ વેલ્થ' મુજબ પૈસો બને; પછી 'ટાઈમ ઈઝ મની' મુજબ સમય મળે. જોયું? જિંદગી આમ લાંબી થાય છે અને સુધરે છે.

અચ્છા! તો શનિવારે અમે ઘેર આવ્યા ને મિતાએ આવકાર આપ્યો. હું જરા હસ્યો. લેખક વાર્તાનું પુસ્તક વંચાવવાનો હોય તો 'બે બોલ' લખે અને 'પ્રસ્તાવના' લખાવે. પતિરાજ કંઈ કહેવાના હોય ત્યારે હસે અને પત્નીમાં ઇતેજારી ઉપજાવે. અમે એ જ કર્યું હતું. એ તે જ સમજી હતી. પ્રશ્ન આવ્યો; ઊડાવી દીધો. આગ્રહ આવ્યો; બાજુએ કર્યો. જિદ આવી; ફેંકી દીધી. હુકમ આવ્યો; પલળી ગયા: 'ખાસ કંઈ નથી. પેલી તારી મિત્ર મળેલી. મલી હતી!'

'કઈ? રમા?'

'ના પેલી બીજના ચંદ્ર જેવી ભ્રમર છે તે.'

'કોણ નીલા?'

'ના ના! પેલી ગાલમાં ખંજન પડે છે તે!'

'અચ્છા, સુનંદા!'

'નારે, ના, પેલી ઊંધી સાડી પહેરે છે તે!'

'લતા? એને બી ખરી ટેવ છે! પ્રિન્ટેડ સાડીની ડિઝાઇન ચત્તી કઇ બાજુ અને ઊંધી કઈ બાજુ એનું પણ તેને.. '

'જો મિતા, ગોટાળો ન કર. ઊંધી એટલે અવળી નહિ, પણ બંગાળી શૈલીની! પેલી ગાંઠિયા અંબોડો લે છે તે...'

'ગાંઠિયા નહિ, જલેબી. હવે પાછા એમ ન કહેશો કે એ બધાં તો જોડે જ આવે. ઓહ, તો તમે મીનાક્ષીની વાત કરો છો?'

'કેવી ચક્કર જેવી...'

'શું! શું? હું ચક્કર જેવી વાત કરું છું?'

"ના ના; હું તો એમ કહેતો હતો કે 'હું' કેવી ચક્કર જેવી ઓળખાણ આપું છું! મિતા, હું તો પેલી તારી કૉલેજવાળી બહેનપણી, જે કંઈ નાટકમાં ભાગ લે છે ને? શું નામ એનું? હા...લતા; ના, લીના;–ના લપ...."

'લોપા? તમને લોપા મળી હતી? તમે એને મળ્યા જ કેમ?'

'કેમ? ખરાબ છે!'

'તદ્દન!'

મારો તો પારો એટલો નીચો ઊતરી ગયો કે જેટલો બૅરોમીટર ફૂટે ત્યારે જ ઊતરે. મેં કહ્યું, 'મિતા, તને ખોટી બીક છે કે હું દેખાવડો છું. તને ખોટો ભ્રમ છે કે તારી બધી બહેનપણીઓ મારા ઉપર...'

'બસ હવે બસ! રાખો! જરા યે શોભતા નથી. તમે લોપાને કહ્યું શું? એ જરા ચોર છે!'

જે લોપા માટે હું કવિતા રજૂ કરવા જતો હતો તે લોપા ચોર છે જાણીને–આઈ મીન સાંભળીને મેં કોઈક અજ્ઞાત પ્રેરણાથી ખિસ્સાં તપાસી જોયાં. સેઇફ હતાં. મેં કહ્યું, 'લોપા–ચોર? છે તો દેખાવમાં...'

'કોઇના રૂપનાં વખાણ કરતાં શરમાતા નથી? એ અંતરથી ચોર નથી, પણ ટેવની વાત છે. સ્કૂલમાં હતી ત્યારે બહારની લારીમાંથી ચોરી કરવાની ટેવ. માબાપ પૈસા વાપરવા આપે નહિ, ને ચોરી ખરાબ કહેવાય એમ ધમકાવે કે સમજાવે નહિ, તેનું આ પરિણામ. એની એ ટેવ ગઇ જ નહિ. કોઈની નોટ, કોઇની પેન્સિલ, કોઇની પેન લઇ જ જવાની. કૉલેજમાં યે શું? કૅન્ટીનમાં બટાકુંવડું સિફ્તથી ઉઠાવી લે. એક વખત મારી બહેનપણી ઉર્મીની એક ચોપડી મારી ગઈ હતી. ગયા વર્ષે, આટલી મોટી થઇને પણ, મારી ફ્રેન્ડ સુલાની ઘડિયાળ લઈ ગઈ હતી. અરે હજુ છ મહિના ઉપર પેલી મારી મીની નથી, તેની શું લઇ ગઇ હતી?...આં—અરે હા, એની તો એક ગોલ્ડટૉપ પેન્સિલ લઈ ગઈ હતી!'

ઉર્મી! સુલા! ચીની! આ છોકરીઓનાં ફ્રેન્ડ્ઝમાં શાર્ટ હૅન્ડમાં જે નામ હોય છે તેનાથી તોબા! પીપા, રીના, અન્ના, સીલુ, લકટી, મીમી વગેરે નામ બિલાડીઓનાં માનવાની જરૂર નથી, સિવાયકે મિતાની બહેનપણીને બિલાડી કહેવાની તમારી હિંમત હોય!

લોપા ચોર નીકળી તે જરા ખોટું થયું! આપણને બીજો તો કંઇ રસ નથી, પણ વાત જાણે એમ છે કે...

'એમાં આમ વિચારમાં કેમ પડી ગયા? શું છે? તમે કંઇ એને કહ્યું છે?'

'હોવે! કાલ બપોરે બોલાવી છે.'

'કાલ બપોરે? કેમ બોલાવી? ભોગ લાગ્યા! આપણે તો કાલે મમ્મીને ઘેર જવાનું છે!'

'છોને આવતી બિચારી. એ કંઈ આ બાજુ નીકળવાની છે તો આવશે. નહિ ચોરી જાય.'

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એ કહેવત મને લાગુ પડી હતી. તેમાં મિતાને ચૌદમું રતન એ શ્રેષ્ઠ અને સમજુ રતન એ યાદ આવ્યું. જો તમારામાંથી કોઈ અમારા પાડોશીને પૂછશો તો તેમને એ શનિવાર તો યાદ હશે જ, —અમારા ઘરમાંથી જે વાસણકૂસણ, ને લોટા-વાડકીની આપલે દરમિયાન અવાજો આવ્યા તે સતત ચાલુ રહ્યાને કારણે!

રવિવારની સવાર. અમે જલ્દી જતા રહેવા તૈયાર થઇ ગયાં અને દસ વાગ્યે મિતાને ઘેર પહોંચી જવા જેવાં બહાર નીકળતાં હતાં ત્યાં લોપાદેવી, જે બારેક વાગ્યે આ બાજુ નીકળવાનાં હતાં તે આવ્યાં! મિતાએ તેનામાં ખાસ રસ બતાવ્યો નહિ. મમ્મીને ઘેર જવાની વાત કરી, તો લોપાએ શરૂઆતમાં તો કહ્યું કે 'તમે જઇ આવો; હું ઘરમાં બેસીશ.' પણ બે આંખ કરતાં એક આંખ જાય એ સારી. આંધળામાં કંઈ જ ગુણ નથી, છે એ કાણામાં છે. એટલે આખું ઘર લૂંટાવવાને બદલે લોપાને જોડે નજર આગળ રાખવી વધારે સહીસલામતી ભર્યું છે એ મતલબનો મિતાએ મને આંખોથી રિપ્લાય પેઇડ તાર કર્યો. એ તાર વાંચી, જવાબ માટે સ્થિર ઊભેલી તેની આંખોને મેં મંજૂરી આપી. લોપા અમારી સાથે, અને અમે આવ્યાં વસંતલાલને ઘેર!

અરે હા, એક વાત કહેવી ભૂલી ગયો. તમે ભગવાનમાં માનોછો? તો યાર, બાધા રાખોને કે વસંતલાલને ત્યાં લોપા કંઇ કરે નહિ, અને બધું સહીસલામત ઊતરે!

અમે મકાનમાં પેઠાં. પહેલાં એક રૂમ આવે છે, જેમાં જોડા, છત્રી વગેરે અન્ય સામાન મૂકીને મળનાર અંદર જઇ શકે છે.

વચ્ચે એક ટેબલ હતું. તેના ઉપર લોપાએ તેની પર્સ મૂકી. અમે અંદર ગયાં. પરિચયવિધિ પત્યો. મિતાનાં મમ્મી ચા મૂકવા અંદર ગયાં. એ દરવાજેથી રસોડામાં પણ જવાય અને બહાર પેલા રૂમમાં પણ જવાય. મમ્મીની બેડરૂમ પણ એ જ બાજુ. ડ્રૉઇંગરૂમના ત્રીજા દરવાજામાં પેઠાં એટલે સીધા ગ્રેટ વસંતલાલના ગ્રેટ બેડરૂમમાં જવાય.

ઇધરઉધરકી ચલતી રહી. અમે લોપા ઉપર પહેરો ભરતાં હતાં. લોપાએ કહ્યું 'આ તમારો બૅડરૂમ કે?' વસંતલાલે બણગું ફૂંક્યું 'હા હા, જુઓને!'

મિતાએ કહ્યું 'ચાલ હું બતાવું!'

'તું બેસને મિતા; એમાં શું બતાવવાનું છે. જાઓ જુઓ બહેન!'

લોપા અંદર ગઇ. બેત્રણ મિનિટ બાદ 'સરસ છે' કહી ને આવી. પછી અમે બેઠા હતા તે ડ્રૉઇંગ રૂમ જોઈ, ફરતીફરતી બહાર ગઇ. ને એ સાત મિનિટ સુધી આ અમારા મિતાસુરેશના જર્જરિત જોડાના બ્લડ પ્રેશરની સંખ્યામાં અભિવૃદ્ધિ કરી પુનઃ 'મકાન તો સરસ છે' કહીને બેસી ગઈ.'

થોડી વાર પછી વસંતલાલ ઊભા થયા. એમને ક્યારે શું યાદ આવશે તે કહેવું મુશ્કેલ છે. એ બેડરૂમમાં ગયા. ગયા હતા કંઈ છાપું શોધવા, અને આવ્યા બૂમો પાડતાઃ 'મારી દસની નોટ ક્યાં ગઈ?' હજુ હમણાં તો મેં ટ્રિપૉઈ ઉપર મૂકી હતી! આ ઘરમાં આ દુઃખ બહુ છે!'

મારી અને મિતાની આંખો વચ્ચે ઉપરાઉપરી તારો ચાલ્યા. મિતા કંઈ રસ્તો કાઢવાને બદલે દરેક તારમાં 'તમે આને બોલાવી ને આ થયું?' વાળી જ વાત કરતી હતી. હું એને તાર કરીને રસ્તો કાઢવાનું કહેતો હતો. અંતે મેં વસંતલાલને કહ્યું કે 'જરા જુઓ, બરાબર જુઓ. એમ કહીને મેં મિતાને છેલ્લો તાર કર્યો. તે સરકીને બહાર ગઇ. એક મિનિટમાં તે દસની નોટ છુપાવીને લઇ આવી. મારો તાર બરાબર પહોંચ્યો હતો. મને એમ કે 'કોડ' તારમાં કંઈ ઊંધું સમજશે. પણ ના, મિતા હોશિયાર હતી. તે સમજી ગઈ હતી કે મારા કહ્યાનો અર્થ એ હતો કે લોપા બહાર ગઈ હતી. બહાર તેની પર્સ પડી છે... મિતા મારી પાસે આવીને ધીમે રહીને મારા હાથમાં દસની નોટ સરકાવી ગઇ અને બોલી કે 'તમે તે શું અહીં ઊભા રહ્યા છો? જરા શોધવામાં મદદ કરો ને?'

સમય બડા બલવાન હૈ. પહેલાં છોકરીના બાપને ખાતરી આપવી પડે છે કે તમારી છોકરીને સારી રીતે રાખીશ; પરણ્યા પછી છોકરીને ખાતરી આપવી પડે છે કે તારા બાપને

સારી રીતે રાખીશ! પહેલાં વસંતલાલ મિતા માટે કહેતા, આજે મિતા વસંતલાલ માટે કહી રહી હતી! જોકે વાત તેની સાચી હતી. નાક સાચવવાનું હતું. મેં કહ્યું, 'હા હા.'

હું અંદર ગયો. વસંતલાલનું ધ્યાન બીજે ખેંચી નોટ મૂકી. પછી નોટ સામે આંગળી ચીંધી કહ્યું, 'અરે, આ શું છે?'

વસંતલાલે કહ્યું, 'અરે હા યાર; મારે ચશ્માંનો નંબર હવે કઢાવવો જોઇએ.'

નોટ લઇને બહાર આવતાં વસંતલાલ બોલ્યા, 'જોયું મિતા? આવું છે! આ તો ઠીક છે કે તમે ઘરનાં છો, ને મારો સ્વભાવ જાણો છો. બાકી કોઇને તો એમ જ લાગેને કે મેં તમને ચોર કહ્યાં? નોટ ત્યાં જ પડી હતી!'

સૌ સારું જેનો અંત સારો એમ માનનાર અમે બેઠાં. પણ લોપાને કંઈ થયું! તે 'ચાલો ત્યારે, હું જાઉં; મારે મોડું થાય છે.' કહી ઊભી થઈ. અમે આગ્રહ ન કર્યો, પણ વસંતલાલ બોલ્યા, 'અરે, બેસને બહેન; જમવાનું છે!'

'ના, મારે બીજે જમવા જ જવાનું છે.'

'પણ ચા તો પી!'

'નહિ, મોડું થશે; આવજો!'

અમે નાટકમાં જેવું મોં કરી માણસ રડે કે હસે છે તેવી જ રીતે બનાવટી મલકાટ મુખ ઉપર લાવી બનાવટી 'આવજો' કહ્યું.

એ તો ગઈ. હજુ ચા નહોતી આવી. મેં કહ્યું, 'મિતા, મમ્મીને મદદ કરને!' પણ ત્યાં તો મમ્મી આવ્યાં. એ સાવ જુદાં લાગતાં હતાં. અમે આવ્યા ત્યારે ઘરનાં કપડાંમાં હતાં, અત્યારે બહાર જવાનાં. એમણે બૂમ મારી 'કોઇએ મારી પર્સમાંથી દસની નોટ લીધી છે?'

આ નવું! પાછું મમ્મીને શું થયું? મમ્મીએ કહ્યું, 'મારે જરા મંડળમાં જવું હતું તે દસની નોટ આ પર્સમાં મૂકીને મેં પર્સ બહાર મૂકી હતી,—બહાર, ટેબલ ઉપર. તે મૂકી હું ચાનું કહેવા ગઈ. તૈયાર થઇને આવી ને પર્સ જોઉં છું તો નોટ જ નથી!'

વસંતલાલ હસ્યા, 'અરે રે! તને પણ ભ્રમ થયો કે? મને પણ હમણાં થયો હતો. બરાબર જો. 'પર્સમાં જ હશે!'

મમ્મી: 'તમે મને શું ચસકેલ માનો છો?' કહી મમ્મી ખિજાઇને બહાર જઈ પર્સ લઇ આવ્યાં. પર્સ ઊંધી કરીને કહ્યું, 'લ્યો, શું જોઉં?'

'તેં ચોક્કસ નોટ એમાં જ મૂકી હતી?'

'મિતા, જો તો ખરી! તારા પપ્પા મને શું સમજે છે?' પણ મિતા અને હું તો મમ્મીની પર્સ જોઇને જ ઠરી ગયાં હતાં. એ બરાબર લોપાની પર્સ જેવી જ હતી!

મમ્મીએ આગળ ચલાવ્યું, 'તમે તો ખરા છો! હું કંઈ કાચી નથી. મેં નોટનો નંબર સિફ્ખે લખી રાખ્યો છે. મારું કામ હમેશાં પાકું જ હોય. ઊભા રહો, હું નંબર લાવું!'

મમ્મી તેમના રૂમમાં ગયાં, ડાયરી જેવું કંઇક લાવ્યાં અને બોલ્યાં, 'નોટનો નંબર હતો .... '(આ ખાલી જગ્યામાં પેનથી તમારી નોટનો નંબર લખો.)

વસંતલાલ બોલ્યા, 'નંબર રાખ્યે શું વળે?'

મમ્મી બોલ્યાં, 'કોઈ દિવસ પાછી મળી જાય! હું તો રૂપિયાની નોટનો યે નંબર રાખું!'

વસંતલાલ બોલ્યા, 'તું બરાબર જો. મારી યે દસની નોટ ખોવાઈ હતી, પણ મને તો જડી.'

'તો હવે તમે એનો નંબર લખી રાખો.'

'શી જરૂર છે?'

'હવે લખી રાખોને.'

પતિપત્નીના આ સંવાદ વખતે અમને એમ કે લોપા હવે મમ્મીની નોટ ખેંચતી ગઈ હશે. આ તો સાવ ચોર નીકળી! ત્યાં વસંતલાલે મને કહ્યું, 'લ્યો સુરેશભાઈ, નંબર લખાવો.'

મેં નોટ લઈ નંબર જોવા માંડયો. અને જોતાંવેંત હું પડતાંપડતાં રહી ગયો! એ નોટ ઉપર નંબર હતો ....'
(અહીં પણ તમારી જ નોટનો નંબર લખો!)

હું બોલ્યો નહિ. મેં મિતાને છેલ્લો તાર કર્યો કે આમાં ગોટાળો તેં કર્યો છે. લોપા તો પોતે પકડાઈ માની તેનું પોટલું લઈ જતી રહી હશે. બાકી તારા ગોટાળાને લીધે ચોરને પોટલે મૂળની મૂળ નોટ ગઈ. મિતા મને તાર કરીને જવાબ આપતી હતી. (એક્સપ્રેસ નહોતો, ઑર્ડિનરી હતો) કે ગોટાળો મેં નથી કર્યો, ગોટાળો પર્સે કર્યો છે.

મેં મમ્મીને કહ્યું, 'મમ્મી, આ તે એવી કઇ મોટી વિસાત હતી? લોકો હજારની નોટ પાછી નીકળ્યા પછી હવે સોની નોટના પણ નંબર નથી લખતા તો આ તો દસની નોટ છે.'

સાસુ અમારાં સુધુમણાં બોલ્યાં, 'તો યે તમે લખાવોને!' મિતાએ મને કહ્યું: 'તમે પણ નકામા મમ્મીને હેરાન કરો છો ને? નંબર લખી લઇને નોટ પપ્પાને આપી દો ને?'

પપ્પાને હવે નોટ યાદ આવી. તે બોલ્યા, 'સુરેશભાઇ, તમે તમારે નંબર લખી લઇને એ નોટ મને પાછી આપી દો. મને આ નંબર બંબરમાં રસ નથી. તમે તો જાણો છો ને, તમારાં સાસુ...'

મમ્મીએ કહ્યું, 'ભલે અમે ગમે એવાં રહ્યાં! સુરેશભાઈ, તમે તમારે નંબર લખીને સાચવીને રાખજો. ગમે ત્યારે કામ લાગે!'

અને ગઈ કાલે જ મિતાએ કહ્યું કે 'પપ્પાની પેલી નોટ ફરી ખોવાઈ છે અને તમારી પાસેથી મમ્મીએ નંબર મંગાવ્યો છે.'

મેં મિતાને કહ્યું કે 'નંબર તો મેં આ વખતના 'કુમાર'માં લખ્યો છે!'

મને ખાતરી છે કે તમારી પેઠે અમારે ઘેર પણ આ વખતનું 'કુમાર' લાંબા સમય સુધી સચવાશે. ફેર એટલો છે કે તમે એ નોટ સાચવશો ને આવતે વર્ષે 'કુમાર'નું લવાજમ ભરશો; અને અમારી તો નોટ ગઈ છે, અને સાથે સંબંધ પણ જવાનો, જે દિવસે આ બધો ભંડો ફૂટશે ત્યારે!

સ્વરશાસ્ત્ર (અનુસંધાન પૃષ્ઠ ૩૧૨થી)

પંચમ એ **સાથી** પાંચમો સ્વર એટલે તેને એમ નામ આપ્યું.

ધૈવત શબ્દ મૂળ **ધવ્**માંથી ઉત્પન્ન થયો અને તેનો અર્થ 'લુચ્ચો' એવો થાય છે. વળી એ જે શ્રુતિ પર આવે છે તેનું 'સંગીત મકરન્દ'માં જણાવ્યા પ્રમાણે 'હૃદયોન્માલિની' નામ છે, જેનો અર્થ 'મેલા હૃદયની' એવો થાય છે. ને **ધ** સ્વર બીભત્સ તથા ભયાનક રસનું દર્શન કરાવે છે એટલે તે ઉપરથી 'ધૈવત' નામ પડયું એમ કહેવાય છે.

નિષાદ એટલે બેઠેલો, એમ ઘણાં પુસ્તકોમાં આપેલું છે, પરંતુ તેનો કાંઈ અર્થ સમજાતો નથી.

સ્વરોનાં નામો કેવી રીતે પડયાં હશે તેની આ તો આપણે કાંઇક ઝાંખી કરી. આ અર્થો બધા બરાબર હશે એમ ખાતરીથી કહી શકાતું નથી, પરંતુ આ નામો પાડવા પાછળ કાંઇ પણ અર્થ તો હોવો જ જોઈએ, એટલે તેનું સંશોધન કરવામાં ઉપર આપેલી હકીકત કદાચ ઉપયોગમાં આવે એમ ધારી આપી છે.

હવે આ સ્વરો વિષે એક સામાન્ય અવલોકન કરી લઈએ:

(૧) આ સ્વરો ક્યારે તથા કયા ક્રમમાં શોધાયા તે વિષે આગળ આપણે જોઇ ગયા છીએ. વૈદિક કાલમાં આ નામો નથી અને ભરતમુનિના નાટયશાસ્ત્રમાં છે; એટલે વૈદિક કાલ પછી આ નામો શોધાયાં. પણ ભરતમુનિના નાટયશાસ્ત્ર પહેલાંના પંડિતોનાં પુસ્તકો અસ્તિત્વમાં નથી, એટલે ભરતમુનિના પહેલાં આ સ્વરોનાં નામો કદાચ અસ્તિત્વમાં હોય તોપણ તે નામો કોણે આપ્યાં તે ખાતરીથી કહી શકાતું નથી.

(૨) આ સ્વરોનો વિકાસ ક્રમશઃ થયો **હશે એમ** જ લાગે છે; સાત સ્વરો એકસર શોધાયા એમ લાગતું નથી. પ્રથમ પૂર્વાંગ **(સા,**

રે, ગ, મ) અને તે ઉપરથી ઉત્તરાંગ (પ, ધ, નિ, સ) એટલે કે પૂર્વાંગના સમવાદી સ્વરોનો મેળ લઈ આખું સપ્તક રચાયું હોવું જોઇએ.

(૩) આ સ્વરો એવા સંપૂર્ણ છે કે તેમાં હજી સુધી વધારોઘટાડો કોઇથી થઈ શક્યો નથી અને થવાની આવશ્યકતા પણ જણાતી નથી.

(૪) આ સ્વરોનો ક્રમ પ્રથમ અવરોહનો હતો તે ધીમેધીમે આરોહમાં ફેરવાઈ ગયો, અને તેમાં આપણાં તંતુવાદ્યોએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે તે આપણે આગળ જોઈ ગયા.

(૫) સ્વરોનો સંપૂર્ણ વિકાસ સમાજની સ્થિતિ ઉપર આધાર રાખે છે. આદિવાસી, ભીલ, કોળી તથા ગ્રામલોકો પોતાના સંગીતમાં ઓછા સ્વરોનો ઉપયોગ કરે છે, અર્થાત્ સમાજની પ્રથમાવસ્થામાં થોડા સ્વરોનો ઉપયોગ થાય છે (બાળકો પણ થોડા જ સ્વરોનો ઉપયોગ કરે છે). એટલે સમાજનો જેમજેમ વિકાસ થતો ગયો તેમતેમ વધુ સ્વરોનો ઉપયોગ થવા લાગ્યો. એટલે આ સ્વરોના સંશોધન સમયે ભારતીય સમાજની સ્થિતિ ઘણી ઉચ્ચ હોવી જોઇએ. તે સિવાય સ્વરોના ને શ્રુતિઓના આવા ઝીણવટભર્યાં ઉલ્લેખ થવા સંભવ નથી.

(૬) વળી આ સ્વરો જુદાજુદા 'ગ્રામ'માં જુદીજુદી શ્રુતિઓ ઉપર આવેલા છે. ગ્રામ એ શ્રુતિ સ્વરોની વિશિષ્ટ પ્રકારની રચના ગણાય છે. ग्राम: स्वरसमूहः। એટલેકે ગ્રામ એ સ્વરસમૂહ છે, પણ તે વિશિષ્ટ પ્રકારનો હોય તો જ. દાખલા તરીકે જે સ્વર-રચનામાં સપ્તકના સાત સ્વરો સા, રે, ગ, મ, પ, ધ, નિ ૪, ૭, ૯, ૧૩, ૧૭, ૨૦ ને ૨૨ શ્રુતિ પર અનુક્રમે આવે તેને ષડ્જ-ગ્રામ માન્યો છે. આવા ગ્રામો ત્રણ છે: ષડ્જ, મધ્યમ અને ગાંધાર. આ દરેક ગ્રામમાં કયો સ્વર કઈ શ્રુતિ પર આવે છે તે આ લેખમાળાને અંતે એક સર્વગ્રાહી પત્રકમાં રજૂ કરીશું.

(૭) વળી, વચગાળાના કાળમાં સંગીતશાસ્ત્રમાં જેમજેમ ઉત્ક્રાન્તિ થતી ગઇ તેમતેમ શ્રુતિઓ પરત્વે સ્વરોનાં સ્થાન ફરતાં રહ્યાં છે. એ ફેરફાર કયા કયા સમયમાં કઇ કઈ શ્રુતિઓ ઉપર થયા તે તો વિગતથી એક મોટા કોષ્ટક દ્વારા જ દર્શાવી શકાય. તે પણ આ લેખમાળાને છેડે આવનારા કોષ્ટકમાં આપીશું. તેમાં ૧૩મા સૈકાના સારંગદેવના સમયથી માંડી પંડિત ભાતખંડેના સંશોધન અનુસારની છેક હાલના સમય સુધીની વિગતો આપવામાં આવશે. (ચાલુ)

પત્રમિત્ર વિભાગ

હિંદી પત્રમિત્રો

(36) Bhagwant C. Pandya, Brahman St., Unja (N. Guj.)—22, stamps, Cricket; (37) Y. A. Khalil, 89, Sarang Street, 1st Floor, Rm. No. 6, Bombay-3—20, Stamps, Reading, Swimming, Pleasure trips; (38) Rameshchandra Bhimani, Ratan Bhuvan, 8, Mahilashram Road, Matunga, Bombay-19—24, (39) Surendra H. Sanghani, 13 Mathew Road, 2nd Floor, Bombay-4—14, Phgtography, Stamps; (40) Mistry Bhogilal Premjibhai, C/o P. N. Mistry, Near Tennis Club, Dhrangadhra (Saur.)—13, Science, Music; (41) Samarsinh, S. Bhatia, C/o Goverdhandas Trikamdas, 15, Elgin Road, Calcutta-20—20, Foreign affairs, Films, Photography, (42) Surendra M. Gandhi, Pandya Pole, Mehmadabad (Dist. Kaira)—19, Politics, Literature, Music; (43) Niranjan Prabhulal Modi, River View Hostel, Room No. 2, Morvi (Saurashtra)—18, Stamps, Photography; (44) Purushottam M. Patel, Gandhi Chawk, Piplav, Via Anand—20, Stamps, View-cards; (45) Ashwinkumar Rajendralal Vakil, Opp. Gandhiwada, Kapadvanj (Dist. Kaira)—16, Reading, Music, Cinema; (46) Ashokkumar N. Sheth, 71 Canning Street, Office Rm. No. D 113, Culcutta-1—21, Stamps, Viewcards; (47) Narendra Eknath Patel, (D. Arch.), Jogidas Vithal's Pole, Ravpura Road, Baroda—25, Painting, Architecture, Music, (48) Dineshchandra Arvindray Pathak, C/26 Pannalal Terraces, Grant Road, Bombay-7—Cricket, Swimming, Literature; (49) Jaswantlal Ramanlal Parikh, 20, Dahyalal Vasanji's Bunglow, Opp. Imperial Bank, Rajkot (Saur.)—21, Story-writing, Cinema, Music, Art; (50) Mehta Sushilkumar, C/o Roshanlal Sethia Building, Relief Road, Ahmedabad—17, Stamps, Coins; (51) Vijaykumar, Rm. No. 14, Shri Nivas Building, Opp. Jhakaria Masjid, Relief Road, Ahmedabad—13, Stamps, Coins; (52) Ramnik J. Shah, 4th flat, Rm. No. 42, 34 Chhipi Chawl, Bombay-2—19, Stamps, Drawing, Painting, Greeting Cards; (53) Abhas Patel, C/o Girish Trivedi, Keshav Kunj, Raipur, Ahmedabad—15, Literature, Stamps, Sports; (54) Girish Trivedi, Kashav Kunj, Raipur, Ahmedabad—18, Sports, Literature, Culture; (55) Shashi Shah, Jekor Nivas, Dixit Road, Bombay-24—20, Stamps, Literature; (56) Dinesh Vithaldas Gandhi, 103 Cathedreal St., Motilal Kanji Build., 2nd floor, Bombay-2—19, Swimming, Mode of life in foreign Countries; (57) Ashok M. Patel, Kharikui, Sojitra, Via Nadiad-21, Stamps, Personal Photo Callecting, Film-Stars' Photos. (ચાલુ)

પરદેશનાં પત્રમિત્રો

(1) Damayanti V. Devani, P. O. Box No. 58, Mombasa, Kenya (E. Africa)-16, Stamps, Photography (ઉલ્લેખ: Pravin Shah, C/o D. P. Shah, Bhagvan Nivas, Ramnagar, Sabarmati, Ahmedabad-5), (2) Pravinchandra T. Doshi, C/o Halal Shipping Co. Ltd., Aidrus Road, Crater, Aden (Br. Arabia)—19, Stamps, Photography, Natural View-cards, Sports, Films; (3) Vasantkumar C. Desai, P. O. Box No. 1381, Daressalaam, (East Africa)-20, Stamps Painting, Photography, Cricket; (4) Harikrishna V. Patel, P. O. No. 543, Daressalaam, (East Africa)-18, Stamps, Painting, Photography, Gardening.

ટિકિટ સંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષેનો વિભાગ

'લાઈફ'નો અદ્દભુત સમુચ્ચય

અમેરિકાના જાણીતા સામયિક 'લાઈફ' (ઈન્ટરનૅશનલ)નો૨૮મી જૂનનો અંક ટિકિટસંગ્રાહકો માટે એક અણમોલ વસ્તુ બની રહેશે. આજથી બે વર્ષ પર એના સંપાદકોને વિચાર સૂઝયો કે દુનિયાભરની મોઘામાં-મોઘી ને વિરલમાં વિરલ ટિકિટો વિષે અજબ કરી દે એવી હકીકતો ટિકિટ–શૉખીનો સાંભળતા હોય છે, પણ એનાં દર્શન તો સૌને દુર્લભ જ ને ? ખરીદનાર તથા વેચનાર સિવાય એ કુબેરભંડારને કોણ કદી જોઈ શકવાનું હતું ? આપણે એ બધી ટિકિટોના રંગીન ફોટોગ્રાફો છાપીએ તો એક જગત્સ્પર્શી કાર્ય થયું ગણાય. આ સંકલ્પ કરીને એમણે પોતાની તરફથી મોટા ખર્ચે ટિકિટજ્ઞાનના વિદ્વાન સંશોધકો અને કાબેલ ફોટોગ્રાફરોને જ્યાં જ્યાં એવા સંગ્રહો હતા ત્યાં ત્યાં—ઇજિપ્ત, સ્વિટ્ઝર્લૅાંડ, ફ્રાન્સ, સ્વીડન, પોર્ટુગલ, ઑસ્ટ્રિયા, ગ્રેટ-બ્રિટન વગેરે સ્થળે–મોકલી તેના ખાસ ફોટો લેવડાવ્યા, અને બીજા કેટલાક દેશોની ટિકિટો ફોટોગ્રાફો પાડવા માટે લંડન અને પારીસમાં મંગાવવામાં આવી. ખીચોખીચ ભરેલા પૂઠા પર તથા અંદરનાં આઠ પાનાં ભરીને ટિકિટ જગતનો એ અદ્દભુત દર્શનીય મહામૂલો ભંડાર એ પત્રે પોતાના વાચકો આગળ ઉપર્યુક્ત અંકમાં ઠાલવી દીધો છે, જેમાંની કેટલીક વસ્તુઓ તો મહામૂલ્યવાળા હીરા અને રત્નો કરતાં પણ કીમતી છે. આ પ્રકટ થશે એ પહેલાં તો ઘણા જાણકારોએ એ અંક મેળવી લીધો હશે; અન્યથા, શક્ય હોય તેમણે કોઇ પણ પ્રયત્ને એ મેળવીને સંઘરવા જેવો છે.




શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહની **જર્મનીની ટિકિટો**

સાદી એકરંગી છતાં ઉઠાવદાર ડિઝાઇન એ જર્મનીની ટિકિટોનું ખાસ લક્ષણ. પહેલી હારની ચારે ટિકિટો 'જર્મન ડેમોક્રૅટિક રીપબ્લિક'ની છે, જેમાં શરૂની બે પર, અનુક્રમે સ્કી-ઇંગ કરતો પુરુષ અને નૃત્યનો આભાસ આપતું સ્કેટિંગ કરતી યુવતી એમ બે શિયાળુ (બરફની) રમતોનાં આલેખન છે. ત્રીજી અને ચોથી ટિકિટ મેન્સફીલ્ડની ત્રાંબાથી ખાણો શોધાયાની ૭૫૦મી સંવત્સરીની છે જે પર ત્રાંબું ખોદતો ખાણિયો તથા ગાળીને શુદ્ધ કરતો કામદાર બતાવ્યા છે. બીજી હારની પહેલી ટિકિટ ચૂંટણી અંગેની છે જે પર પેટીમાં મત નાખતો હાથ અને શાંતિદૂત પક્ષીની ઉપર ગોળાકારમાં કડિયાનું લેલું, કારીગરની હથોડી, અનાજનું ડૂંડું, જ્ઞાનનું પુસ્તક અને વિજ્ઞાનનું સૂચક કાચનું ફ્લાસ્ક દર્શાવ્યાં છે. બીજી ટિકિટ લાઈપઝિક સંવત્સરીની છે, જે પર જૂની ટિકિટ લઇને ઊડતું શાંતિ-પંખી પૃથ્વીના ગોળાની ભૂમિકા પર બતાવ્યું છે. ત્રીજી ટિકિટ મજૂરોના 'મે દિન'ની ૬૦મી જયંતીની છે, તે પર એના અક્ષરોવાળી પૃથ્વીના ગોળાની અરધી બાજુ જાગૃતિનો સૂર્ય ને બીજી બાજુ અંધકાર દર્શાવ્યાં છે. ચોથી ટિકિટ જર્મનીની પહેલી ટિકિટની ૧૦૦મી સંવત્સરીની છે, જે પર બૃહદદર્શક કાચ મૂકી તે દર્શાવી છે. ત્રીજી હારની પહેલી બે ટિકિટ બીજા મહાયુદ્ધ પછી શાંતિ તરફ વળતા જર્મન ભાવની નિર્દેશક છે. ત્રીજી ને ચોથી ટિકિટ પર અનુક્રમે તલવારધારી યુદ્ધવીર તથા નાઝી સ્વસ્તિક સાથે ખડ્ગ ને વિજયમાળ દર્શાવ્યાં છે.

ર્હોડેશિયા–ન્યાસાલૅન્ડ

ઉત્તર અને દક્ષિણ ર્હોડેશિયા તથા ન્યાસાલૅન્ડના આફ્રિકન પ્રદેશોનાં નવા રચાએલા ફેડરેશન(રાજ્યસંઘ)ની નવી ટિકિટો ગયે મહિને બહાર પડી, તે 'કુમાર'ના અર્ધા પાનાના કદના મોટા ને મજબૂત ખાસ ફર્સ્ટ-ડે કવરસાથે, બ્લૅન્ટાયરથી ભાઈ ચંદુભાઈ મટાણી તરફથી અમને મળી છે. એ મોટું કવર અહીં બતાવવું અશક્ય હોવાથી તે પૈકીની બે ટિકિટો, તથા એ ત્રણે રાષ્ટ્રોના પ્રતીકોને એકસૂત્રે યોજીને રચેલું એ સંઘનું કવર પર છાપેલું પ્રતીક આ નીચે આપીએ છીએ.





ફોટોગ્રાફિક ડેવેલપર

લેખક · ગોવિન્દ એસ. સેવાડા બી.એસસી.
કૅમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ · ગુજરાત કૉલેજ

ફોટોગ્રાફિક પ્લેટ, ફિલ્મ તથા પેપર વિષે ગયા અંકોમાં જોઇ ગયા. હવે તે પર પ્રકાશની અસરથી છબિ કેવી રીતે અંકિત થાય છે તથા તેને વિકસાવી દશ્ય બનાવવા માટે કયાં રસાયણોની જરૂર પડે છે તે વિષે વિચાર કરીએ.

ફોટો પાડયા પછી તરત જ જોવામાં આવે તો છબિ જેવું કંઇ જ માલૂમ પડશે નહિ. પરંતુ ઈમુલ્શનના સિલ્વર હેલાઈડમાં પ્રકાશની અસરથી કંઇક ફેરફાર તો જરૂર થયો જ હોવો જોઇએ; અને તે ફિલ્મ ધોવાથી જ માલૂમ પડે. આ ઉપરથી માની શકાય કે પ્રકાશની અસરથી ફિલ્મના ઈમલ્શનમાં અદશ્ય-છબિ (latent image) પડે છે. પાડેલા ફોટાને ધોવામાં આવે ત્યાં સુધી ગુપ્ત રહેતી આ તસવીર ફોટોગ્રાફીના વિષયમાં અત્યંત આશ્ચર્યકારક ને મુગ્ધ કરે તેવી બીના છે. ફિલ્મ પર ફોટા પાડી તેને અમુક સમયમાં ધોઈ નાખવી જોઇએ, નહિ તો વખત જતાં તેના ઉપરની છબિ ઝાંખી પડી જવા અથવા બગડી જવા પૂરેપૂરો સંભવ છે. પરંતુ અપવાદ રૂપે એવા કેટલાક પ્રસંગો નોંધાયા છે જેમાં છબિ ગુપ્ત અવસ્થામાં વર્ષો સુધી પડી રહી હોય. ૧૯૦૮માં સાનફ્રાન્સિસ્કોમાં આગ લાગેલી તેની છબિઓ ૧૯૩૭માં જ્યારે ધોઈ ત્યારે સંતોષકારક જણાએલી ! ૧૮૯૭ની સાલમાં આન્દ્રેની મંડળી ઉત્તર ધ્રુવની મુસાફરીએ ગએલી. તે લોકો તો ત્યાં નાશ પામ્યા હતા પરંતુ તેમની સાધન-સામગ્રી જ્યારે ૧૯૩૦માં હાથ આવી ત્યારે તેમાંથી મળી આવેલા કૅમેરાઓમાં જે ફિલ્મો હતી તે ધોવાથી ૧૮૯૭ માં આન્દ્રેની મંડળીએ ઝડપેલાં દશ્યો જોવા મલ્યાં.

૧૮૪૦માં ફૉક્સ ટાલ્બૉટને સૌપ્રથમ તે વખતની ફોટોગ્રાફીમાં પ્રચલિત પોતાની 'કૅલોટાઈપ પ્રોસેસ'માંથી વિચાર આવ્યો કે ફોટો પાડયા પછી ઈમલ્શનમાં ગુપ્ત છબિ અંકાય છે; પણ એના પ્રકાર વિષે એને કંઈ સમજણ પડેલી નહિ. ત્યાર બાદ કેટલાંક વર્ષો પછી એમ માનવામાં આવ્યું કે પ્રકાશની અસરથી સાદા સિલ્વર હેલાઈડમાંથી ચાંદીના વધારે પ્રમાણવાળા સિલ્વર હેલાઈડ (sub-halide) બને છે. (દા. ત. $AgCl$ અથવા $AgBr$ને બદલે Ag_2Cl અથવા Ag_2Br- Ag=સિલ્વર). રિન્ડર્સે જાહેર કર્યું (૧૯૧૧) કે સાધારણ સંજોગોમાં સબ-હેલાઈડ બનતા નથી, પણ ખરી રીતે તો પ્રકાશની અસરથી સિલ્વર અને હેલોજન બન્ને છૂટાં પડે છે. લૉરેન્ઝે (૧૯૧૫) આ માન્યતાને અનુમોદન આપ્યું અને જણાવ્યું કે પ્રકાશની ખૂબ અસર પામેલા સિલ્વર હેલાઈડના શુદ્ધ કણોને અતિ સૂક્ષ્મદર્શક યંત્ર(ultra microscope)માં જોવાથી તેની ઉપર સિલ્વરના કણ જોવામાં આવે છે. ડૅગરેટાઈપની ફોટોકળામાં પારાની વરાળથી છબિ વિકસાવવામાં આવતી; તે પરથી એમ જણાય છે કે પ્રકાશની અસરથી સિલ્વર હેલાઇડમાંથી ચાંદી છૂટી પડી તેનો પારા સાથે ઍમાલ્ગમ (amalgum—પારાની મિશ્ર ધાતુ) થતો.

ત્યાર બાદ પ્રો. સ્વેડબર્ગ, ડૉ. ટૉય, ડૉ. સિલ્બરસ્ટાઈન વગેરેએ પોતાના જુદાજુદા મતો દર્શાવ્યા. તેમના અનુસંધાનમાં કોડૅક લૅબોરેટરીના ડૉ. શેપર્ડ અને ટ્રીવેલીએ પ્રયોગો કરી સાબિત કર્યું (૧૯૨૫) કે ઇમલ્શનમાંનાં સિલ્વર ને બ્રોમીનનાં આયન્સ (ions) પર પ્રકાશની અસર થવાથી બ્રોમીન આયન(ion)નું એક ઇલેક્ટ્રોન (electron) છૂટું પડી સિલ્વરના આયનમાં આવે છે, તેથી બંનેના પરમાણુઓ (atoms) છૂટા પડે છે. આ રીતે અમુક પ્રમાણમાં સિલ્વરના પરમાણુઓ છૂટા પડવાથી ડેવેલપરની મદદથી પ્રકાશની તીવ્રતાના પ્રમાણમાં તે જગ્યાએ વધારે સિલ્વર છૂટું પડી દશ્ય છબિ બને છે.

હવે ડેવેલપરનો પરિચય કરીએ.

ઉપર જોઈ ગયા તે અદશ્ય છબિને ધોઇ દશ્ય બનાવવા માટે રસાયણોનું જે મિશ્રણ વપરાય છે તેને 'ડેવેલપર' (developer) અને ધોવાની ક્રિયાને 'ડેવેલપમેન્ટ' કહે છે. પ્રકાશની અસરથી છૂટા પડેલા સિલ્વરમાંથી ડેવેલપમેન્ટની ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયાને 'એરિયલમાંથી રેડિયોમાં આવતા અતિ મંદ વિદ્યુતપ્રવાહને ઍમ્પ્લીફાયરથી વિસ્તૃત કરી સ્પીકરમાંથી અવાજ રૂપે બહાર પાડવામાં આવે છે' તેની સાથે સરખાવી શકાય.

કઇ દવાઓ કેટલા પ્રમાણમાં નાખી ડેવેલપર બનાવવું તેનો આધાર મુખ્યત્વે ફિલ્મ અથવા પેપરની બનાવટ, તેમના ઉપયોગ તથા તેમાં તેજ-છાયાની ભિન્નતા-પડછો (contrast) કેટલા પ્રમાણમાં લાવવી છે તે વગેરે બાબતો પર રહે છે. તેથી ડેવેલપર મિશ્રણ બનાવવા માટે ઘણી જાતનાં પ્રમાણો (formula) નક્કી થયાં છે. આવા દરેક પ્રમાણમાં મુખ્યત્વે ૧ ડેવેલપિંગ એજન્ટ (ધોવા માટેનું દ્રવ્ય), ૨ પ્રીઝર્વેટિવ (રક્ષણાત્મક-છાપને સાચવી રાખનાર દ્રવ્ય), ૩ એક્સીલરેટર (ઝડપ વધારનાર દ્રવ્ય) અને ૪ રીસ્ટ્રેઈનર (ઝડપ ઘટાડનાર દ્રવ્ય) તરીકેના ગુણ દર્શાવતા પદાર્થોનું મિશ્રણ કરવામાં આવે છે.

આપણે આગળ જોઈશું કે ડેવેલપિંગ એજન્ટ્સ ઘણી જાતના છે: કેટલાક છબિને ધીમેધીમે તો કેટલાક ઝડપથી વિકસાવે છે. કેટલાકની સાથે જુદાંજુદાં રસાયણો વાપરવાથી જુદીજુદી જાતનું કામ થાય છે. વળી તેમના પ્રમાણની પણ ડેવેલપિંગ એજન્ટસ પર બહુ અસર પડે છે. તેથી આવા પદાર્થો (૨,૩,૪માં જણાવેલા) પહેલાં જોઇએ.

પ્રીઝર્વેટિવ

ડેવેલપિંગ એજન્ટ રીડ્યુસર(reducer)હોવાથી, ઈમલ્શનમાંના પ્રકાશની અસર પામેલા, સિલ્વર હેલાઈડને સિલ્વર રીડ્યુસ કરી છબિ તૈયાર કરે છે. વળી હવામાંથી પ્રાણવાયુ (ઑક્સિજન) લઇને (ઑક્સિડાઈઝ થઇ) તે ડેવલપર તરીકેના ગુણ ગુમાવી બેસે છે તથા ફિલ્મ પર ઘેરા કથ્થાઇ રંગના ડાઘ પાડે છે. હવાની તેના પર થતી આ વિકૃત અસરમાંથી તેને રક્ષણ આપવા તેની સાથે રક્ષણાત્મક દ્રવ્ય ઉમેરવું પડે છે. આ કાર્ય માટે ખૂબ જ પ્રચલિત પદાર્થ સોડિયમ સલ્ફાઇટ છે. પહેલાંના વખતમાં એમ માનવામાં આવતું કે તે હવામાંનો પ્રાણવાયુ શોષી લઈ સોડિયમ સલ્ફેટ બનાવે છે અને આ પ્રમાણે ડેવેલપરને હવાની અસર થવા દેતું નથી. પણ તાજેતરમાં એમ જાણવા મળ્યું છે કે છબિ ધોવાતી હોય તે દરમિયાન તે સિલ્વર બ્રોમાઇડને સિલ્વરમાં રીડ્યુસ કરી પોતે ઑક્સિડાઈઝ થઇ ગએલા ડેવેલપિંગ એજન્ટને તેના



પોલીસની સંસ્થા આપણા દેશ માટે નવી નથી. મનુએ દુષ્ટ લોકોને દંડ આપવા અને અપરાધનું પ્રમાણ અંકુશમાં રાખવા માટે પોલીસ જેવી સંસ્થા હોવી જરૂરી ગણી છે. ઈ. પૂ. ૩૧૦ આસપાસ લખાએલા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ એના સમયની 'હેરક પ્રવૃત્તિ'નું રસપ્રદ વર્ણન આપેલું છે. મૌર્યથી મુઘલ સમય સુધી કયા પ્રકારની પોલીસ-સંસ્થા હતી તેનો નિર્ણય થવો હજુ બાકી છે, પરંતુ ત્યારે પણ થોડાં ઘણાં નગરોને બાદ કરતાં દેશમાં દરેક ગામનું શાસન એ ગામને હસ્તક જ હતું અને ગામડાનો મુખી જ તેના ગામની શાંતિ ને સલામતી માટે જવાબદાર ગણાતો. આજે પોલીસ-સંસ્થા સ્વરૂપે છે એવું કંઈક તેનું સ્વરૂપ મુઘલ શાસન દરમિયાન ઘડાવા માંડયું અને કેટલાંક મોટાં શહેરોમાં કોટવાલની નિમણૂક શરૂ થઈ. આ કોટવાલનો દરજ્જો આજના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ જેવો હતો અને તે શહેરોમાં બનતા રોજિંદા બનાવો પર નજર રાખવા સાથે નગરમાર્ગોની સલામતી જાળવતો. નાનાનાના ગુનાઓની તપાસ ને સજાનો અધિકાર એને અપાએલો હોઇને શહેરનો તે એક મહત્ત્વનો ને ખૂબ પ્રતિષ્ઠિત અધિકાર ગણાતો.

મુઘલ વહીવટ નીચે મુલકને જુદાજુદા સૂબામાં વહેંચી નાખવામાં આવેલો ને દરેક સૂબેદારના હાથનીચે કેટલાક ફોઝદારો રહેતા. આ ફોઝદારોના હાથ નીચેના થાણેદારો મહેસૂલ ઉપરાંત વહીવટી અને પોલીસ ફરજો પણ સંભાળતા; પરંતુ ગુના બનતા અટકાવવા અને બન્યા પછી ગુનેગારોને શોધી કાઢવા એ આજે પોલીસની જે સૌથી વધુ અગત્યની ફરજો ગણાય છે એ બે ફરજોનો એમના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નહોતો.

બ્રિટિશોના હાથમાં દેશનો વહીવટ જતાં તેમણે સુલેહશાંતિ જાળવવા માટે ઉપર્યુક્ત બંને ફરજોનો સમાવેશ કરતું પોલીસતંત્ર વિકસાવું શરૂ કર્યું. ઇ. સ. ૧૮૬૦ના પ્રથમ પોલીસ-કમિશનની ભલામણો પરથી ૧૮૬૧ માં પોલીસધારો પસાર કરવામાં આવ્યો. આગળ જતાં ૧૯૦૨-૩ના પોલીસ-કમિશને પોલીસ સંસ્થામાં કેટલાક વધુ સુધારા સૂચવ્યા, જેના પરિણામે આજે આપણે જોઇએ છીએ તેવી પોલીસ-સંસ્થા અસ્તિત્વમાં આવી.

આપણા દેશની આંતરિક સલામતીનો ભાર રાજ્યના ગૃહખાતા પર છે. ગૃહખાતું છૂપી પોલીસ (સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો) દ્વારા જુદાંજુદાં રાજ્યોની કામગીરી વચ્ચે એકવાક્યતા જાળવી રાખે છે અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા પ્રશ્નો પરત્વે સલાહસૂચનો આપે છે. હિમાચલપ્રદેશ, દિલ્હી, અજમેર વગેરે જેવાં 'ક' વર્ગનાં રાજ્યોનું પોલીસ-દળ તો સીધું મધ્યસ્થ સરકારના ગૃહખાતા નીચે જ છે.

જિલ્લા યા 'ડિસ્ટ્રિક્ટ પોલીસ' એ પોલીસ-સંસ્થાનું પ્રધાન વહીવટી ને કારોબારી એકમ છે, એના ઉપરી તરીકે એક સુપરિન્ટેન્ડેન્ટ હોય છે જે જિલ્લા મૅજિસ્ટ્રેટને શાંતિ જાળવવા સહાય કરે છે અને પોતાના હાથ નીચેના પોલીસદળની શિસ્ત અંગે જવાબદાર રહે છે. જિલ્લો 'સર્કલ' નામે જુદાજુદા પેટા વિભાગોમાં વહેંચાએલો હોય છે અને એવા દરેક સર્કલ દીઠ એકેક ઈન્સ્પેક્ટર હોય છે. આવું દરેક સર્કલ પાછું જુદાંજુદાં પોલીસ થાણાંમાં વહેંચાએલું હોય છે અને દરેક થાણાદીઠ એક સબ-ઈન્સ્પેક્ટર તથા તેના હાથ નીચે હેડ કૉન્સ્ટેબલો અને કૉન્સ્ટેબલો હોય છે.

છૂપી પોલીસ આપણા દેશમાં ૧૯૦૨-૩ ના પોલીસ-કમિશનના હેવાલના પરિણામે થઈ. એશિયાભરમાં સૌથી લાંબી ૩૪,૦૦૦ માઇલની આપણી રેલવે માટે વળી જુદી જ પોલીસ રોકવામાં આવે છે. આ રેલવે પોલીસની કામગીરી ખૂબ મુશ્કેલીભરી છે કારણકે 'ફ્રન્ટીયર મેલ' જેવી ગાડીઓનો પ્રવાસ હજાર કરતાં યે વધુ માઈલનો હોય છે અને જુદાંજુદાં રાજ્યોમાં થઇને એ પસાર થતી હોય છે.

હવે તો સ્ત્રીઓનું પોલીસદળ પણ આપણા દેશમાં ઊભું થતું જાય છે. દરેક જિલ્લાને વાયરલેસ સાધનોથી સજ્જ કરવાના પ્રયત્નો ચાલુ છે. પોલીસને તેની ફરજ પ્રત્યે જાગ્રત અને

સલ્ફૉનેટમાં બદલી નાખે છે. આ સલ્ફૉનેટ રંગહીન હોવાથી ડેવલપર-મિશ્રણ રંગીન થઈ જતું અટકે છે. સોડિયમ સલ્ફાઈટ સ્ફટિક (crystalline) અને અ-સ્ફટિક બંને રૂપોમાં આવે છે. સ્ફટિકમાં બરાબર અસ્ફટિકના વજન જેટલું પાણી હોવાથી કોઇ પણ મિશ્રણમાં સ્ફટિકમય સોડિયમ સલ્ફાઈટ જોઇએ તે કરતાં અસ્ફટિકમય અર્ધું નાખવું. તેના પર હવાની અસર જેમ બને તેમ ઓછી અથવા બિલકુલ ન થાય તેવી રીતે સાચવી રાખવું જોઇએ, નહિ તો તેનું સલ્ફેટમાં રૂપાંતર થઈ, રક્ષણાત્મક દ્રવ્ય તરીકેનો ગુણ તે ગુમાવી બેસી નકામું થઈ જાય છે. સ્ફટિકમય ઉપર આવી અસર જલદી થઇ જતી હોવાથી તેનો વપરાશ બહુ ઓછો છે. સોડિયમ સલ્ફાઈટ કેટલેક અંશે સિલ્વર બ્રોમાઈડને ઓગાળતું હોવાથી ડેવલપરમાં તેનું પ્રમાણ વધારવું સલાહભરેલું નથી. સોડિયમ સલ્ફાઈટ ઉપરાંત કેટલીક વખત સોડા અથવા પોટાશ મેટાબાઈ સલ્ફાઈટ પણ આ કાર્ય માટે વપરાય છે. સોડિયમ સલ્ફાઈટ સ્વભાવે સ્હેજ આલ્કલાઈન છે જ્યારે મેટાબાઈ સલ્ફાઈડ ઍસિડિક છે.

ઍકસીલરેટર

છબિ ધોવાની ઝડપમાં વધારો કરવા ડેવલપરમાં આલ્કલી નાખવામાં આવે છે. આલ્કલી પદાર્થો સાબુ જેવા ચીકણા હોય છે. તેની અસરથી જિલેટીન ફૂલે છે અને તેથી ડેવલપર તેમાં પ્રવેશીને અંદર આવેલા પ્રકાશની અસર થએલા સિલ્વરબ્રોમાઈડને રીડયુસ કરી શકે છે.

ફોટોગ્રાફીમાં આલ્કલીને તેની તીવ્રતાના પ્રમાણમાં ત્રણ ભાગમાં વહેંચી શકાય: (૧) પત્રકારત્વ માટેના તથા એવા બીજા તાકીદના ફોટો ઝડપથી તૈયાર કરવા માટેનું ડેવલપર બનાવવા તેમાં કૉસ્ટિક આલ્કલી (કૉસ્ટિક સોડા અથવા પોટાશ) ઉમેરાય છે. આમાં ધોએલી છબિમાં તેજ-છાયાની ભિન્નતા વધારે (hard) હોય છે. કૉસ્ટિકવાળું ડેવલપર જલદી બગડી જાય છે તથા તે વાપરતી વખતે હાથની ચામડી ઉપર દાઝ્યા જેવી અસર થતી હોવાથી રબ્બરનાં મોજાં પહેરવાં જોઇએ. વળી તે હવામાંથી ભેજ તથા કાર્બન ડાયૉક્સાઈડ શોષી લેતું હોવાથી તેને સારીરીતે પૅક રાખવું જોઇએ. કૉસ્ટિકવાળા ડેવલપરમાં ફિલ્મ જરા વધુ સમય ધોવામાં આવે તો ઇમલ્શનના જિલેટીન ઉપર પણ તેની અસર થાય છે અને ફિલ્મને સૂકાતાં વધુ સમય લાગે છે. આ પ્રમાણે કૉસ્ટિક આલ્કલીના લાભ તથા ગેરલાભ બંને હોવાથી ઉપર જણાવેલા ખાસ પ્રસંગો માટે જ તે વપરાય છે.

કૉસ્ટિક આલ્કલીની જગ્યાએ સોડિયમ મેટાસિલિકેટ અથવા ફૉર્મેલીન પણ વાપરી શકાય. જિલેટીન પર તે અસર નહિ કરતાં હોઇ તેમાં ધોએલી ફિલ્મ જલદી સુકાય છે. પૅરાફૉર્મેલ્ડીહાઇડને પાણીમાં ઓગાળવાથી ફૉર્મેલીનનું દ્રાવણ તૈયાર થાય છે. ફૉર્મેલીન ફિલ્મના જિલેટીનને કડક બનાવતું હોઈ ગરમીના દિવસોમાં ફિલ્મ ધોવામાં તે વાપરવું સારું છે. ડેવલપરમાંના સોડિયમ સલ્ફાઈટ પર તે રસાયણિક

પોલીસ વિશે આ તમે જાણતા હતા?

પ્રોત્સાહિત રાખવા માટે 'પોલીસ ઍન્ડ ફાયર સર્વિસીઝ મેડલ' તથા 'પોલીસ-મેડલ' નામક ચન્દ્રકો રાખવામાં આવ્યા છે, જેના વિજેતાઓનાં નામ દર પ્રજાસત્તાક દિને (તા. ૨૬મી જાન્યુઆરીએ) તથા સ્વાતંત્ર્ય દિને (૧૫મી ઑગસ્ટે) જાહેર કરવામાં આવે છે.

ઇંગ્લંડમાં ત્યાંના રાજા ચાર્લ્સ બીજાના સમયમાં રાત્રે સંત્રીઓ પહેરો ભરવા નીકળતા જે 'ચાર્લી'ના 'નામે ઓળખાતા! હાથમાં ફાનસ ને લાકડી સાથે નીકળતા આ સંત્રીઓ દર અરધા કલાકે સમય તથા હવામાનની જાહેરાત કરતા. એ પહેલાંના ઍંગ્લો-સૅક્સન કાળમાં ધર્મગુરુઓ સિવાયના ૧૫થી ૬૦ વર્ષ સુધીના દરેક શખ્સને 'સમ્રાટની શાંતિ'ની સુરક્ષા અર્થે સેવા બજાવવી પડતી.

'પોલીસ' શબ્દ પહેલવહેલો ૧૮મી સદીની શરૂઆતથી પ્રચલિત થયો. 'નગરની પોલીસ' (સિટી પોલીસ) એ શબ્દ પ્રારંભમાં નગરના સામાન્ય વહીવટ માટે એટલે કે મોટે ભાગે મ્યુનિસિપલ ફરજો માટે યોજવામાં આવતો. મૅકૉલેએ તો 'પોલીસ' શબ્દ 'દીવાબત્તીની વ્યવસ્થા'ના અર્થમાં વાપરેલો છે! આજના અર્થમાં એ શબ્દ પહેલવહેલો ૧૮૨૯માં વપરાશમાં આવ્યો. એ સાલમાં લંડન શહેરના પોલીસદળ(લંડન મેટ્રોપૉલિટન પોલીસ ફોર્સ)ની સ્થાપના થઈ. સ્કૉટલૅન્ડના રાજાઓ ઇંગ્લંડના રાજવીને નજરાણું આપવા આવતી વખતે જે સ્થાને ઊતરતા એ 'સ્કૉટલૅન્ડ યાર્ડ'નામક સ્થાને આ દળની કચેરી રાખવામાંઆવેલી તે પરથી એ દળ પણ આજે 'સ્કૉટલૅન્ડ યાર્ડ'ના નામે જ ઓળખાય છે. એના છૂપી પોલીસ ખાતામાં સ્ત્રી ડિટેક્ટિવોની ખાસ ભરતી કરી તાલીમ આપવામાં આવે છે, કારણકે સ્ત્રીના કુતૂહલપ્રિય સ્વભાવને લીધે તે ડિટેક્ટિવ તરીકે સારું કામ કરી શકે છે એવું સી. આઇ. ડી. અફસરોનું કહેવું છે!

પીટરબરો મુકામે વાહનવ્યવહાર સંભાળતી પોલીસ વળી 'પ્રકાશિત પોલીસ' છે. સફેદ કોટમાં સજ્જ થએલો પોલીસ એક હાથમાં લાલ ને બીજામાં લીલી બત્તી પકડી રાખે છે ને એના શિરટોપ (હેલમેટ) પર 'પોલીસ' શબ્દ ખિસ્સા-બૅટરી વડે પ્રકાશતો રહે છે!

ગયા મહાયુદ્ધ પહેલાં ચીનના શાંઘાઈ નગરમાં બે પોલીસદળો કામગીરી બજાવતાં–એક નગરની આંતરરાષ્ટ્રીય વસાહતમાં અને બીજું શહેરના ચીની વિસ્તારમાં. આમાંના કોઇ પણ એક ભાગનો પોલીસ કોઈ ગુનેગારનો પીછો પકડતાં બીજા ભાગની હકૂમતમાં પ્રવેશી જતો તો તુરત તે પોલીસને જ ગિરફતાર કરી લેવામાં આવતો!

ઇંગ્લંડનો પોલીસ 'બૉબી'ના વહાલસોયા નામે ઓળખાય છે. 'બૉબી' એ 'રૉબર્ટ'નું લાડકું નામ છે, ને ૧૮૨૯માં લંડન પોલીસદળની સ્થાપના કરનાર સર રૉબર્ટ પીલ પરથી એ ઊતરી આવેલું છે. પોલીસ માટે વપરાતા બીજા શબ્દ 'કૉપર'નું મૂળ અજ્ઞાત છે. કેટલાકના કહેવા મુજબ તે અંગ્રેજી દેશ્ય શબ્દ 'ટુ કૉપ' એટલે 'પકડવું' પરથી ઊતરી આવેલો છે, જ્યારે કેટલાકના કહેવા મુજબ તે 'કૉન્સ્ટેબ્યુલરીઝ ઑાવ પોલીસ'નું ટૂંકું રૂપ છે. 'કૉન્સ્ટેબલ' શબ્દનું મૂળ લાટીન શબ્દ 'કોમીસ સ્તાબુલી'માં રહેલું છે જેનો અર્થ થાય અશ્વપતિ (master of the horse).

બકરસ્ત(બુખારેસ્ટ)માં વાહનવ્યવહાર સાચવતા પોલીસ ને મોટરિસ્ટો વચ્ચે એટલી બધી જીભાજોડી થતી કે ત્યાંના સત્તાવાળાઓએ ગયા મહાયુદ્ધ પહેલાં એ ફરજ બહેરા ને મૂગા પોલીસને જ સુપ્રત કરેલી! કાયદાનો ભંગ કરતા કોઈ પણ વાહનનો નંબર એ નોંધી લેતો અને એની સાથે દલીલમાં ઊતરવા આવનાર નાસીપાસ થઇને રસ્તે પડતો!

અમેરિકામાં પોલીસ-વાનને 'બ્લૅકમેરિયા' નામે ઓળખવામાં આવે છે. આ કોઈ કલ્પિત નહિ પણ સાચેસાચું નામ છે. એ નામની એક હબસણ બૉસ્ટન મુકામે એક બોર્ડિંગ-હાઉસ ચલાવતી. તે શરીરે એટલી મજબૂત હતી કે કોઇ પણ કેદીને લઈ જવામાં પોલીસ અશક્ત નીવડતી ત્યારે મેરિયાનું શરણું શોધતી અને તે એને એકલે હાથે જેલ સુધી ઢસડી જતી!

ક્રિયા કરી કૉસ્ટિક છૂટો પાડે છે, જે આલ્કલી તરીકે કામ આપે છે.

(૨) સર્વસામાન્ય કામમાં સોડિયમ કાર્બોનેટ (ધોવાનો સોડા) વપરાય છે. તે સ્ફટિક ને અસ્ફટિક રૂપોમાં આવે છે. અસ્ફટિક સોડાની વપરાશ વધારે છે. કેટલીક વખત પોટાશ કાર્બોનેટ પણ વપરાય છે. તે ફક્ત અસ્ફટિક રૂપમાં જ આવે છે. તે હવામાંથી ભેજ ચૂસે છે, સોડા કરતાં વધુ વપરાય છે તથા મોંઘો પણ છે અને છતાં તેની જગ્યાએ સોડા વાપરવાથી ડેવેલપરના કાર્યમાં ખાસ કંઈ જ ફેર પડતો નથી તેથી તેની વપરાશ નહિ જેવી છે. પહેલાંના વખતમાં પાયરોગૅલૉલના ડેવેલપરમાં સોડાની જગ્યાએ લાઇકર ઍમૉનિયા પણ વપરાતું.

(૩) જેમ ઝડપી ડેવેલપર વાપરવામાં આવે તેમ છબિમાંના સિલ્વરના કણ મોટા અને તેથી વિસ્તૃત એન્લાર્જમેન્ટમાં ગ્રેઈનીનેસની અસર (સ્પ્રે-વર્ક જેવું) વધારે. સામાન્યરીતે ફિલ્મ તથા પ્રિન્ટ માટે આપણે ઉપર જોયું તેમ સોડા-કાર્બ વપરાય છે. પણ સિનેમાની ફિલ્મ તથા સારાં એન્લાર્જમેન્ટ માટેની રોલ-ફિલ્મને 'ફાઈન ગ્રેઈન' ધોવા માટે તેમાં મંદ આલ્કલી જેવાં કે બોરૅક્સ, કોડાલ્ક (સોડિયમ મેટાબોરેટ, જે બોરૅક્સમાં કૉસ્ટિક સોડા નાખવાથી બને છે) નાખવાં જોઇએ. હાલમાં ટ્રાય-ઇથેનૉલ અમીન અને ટ્રાય-સોડિયમ ફૉસ્ફેટ પણ વપરાય છે. આ પદાર્થોનું આલ્કલીપણું ઓછું હોવાથી ઘેરી છાયાવાળા ભાગોમાં રહેલી બારીક વિગતો પણ સ્પષ્ટ કરી શકાય છે.

કોઇ પણ ડેવેલપરમાં સોડા-કાર્બની જગ્યાએ પોટાશ-કાર્બ અથવા કૉસ્ટિક સોડાની જગ્યાએ કૉસ્ટિક પોટાશ પ્રમાણમાં યોગ્ય ફેરફાર કરી વાપરી શકાય; પણ કાર્બોનેટની જગ્યાએ કૉસ્ટિક ન વાપરી શકાય, કારણકે કાર્બોનેટ અને કૉસ્ટિકના કાર્યનાં પરિણામો જુદાંજુદાં છે.

રીસ્ટ્રેઈનર

પ્રકાશની અસર થઈ હોય તેવા સિલ્વર હેલાઈડ ઉપર જ ડેવેલપરે અસર કરવી જોઇએ. છતાં પ્રતિકૂળ સંજોગો(વધારે ઉષ્ણતામાન, લાંબો વખત સુધી ધોવાની ક્રિયા, જૂનું ઈમલ્શન વગેરે)માં તે સિવાયના સિલ્વર હેલાઈડ પર અસર થઇને, 'ફૉગ' ઉત્પન્ન ન થાય તે માટે તથા ધોવાની ક્રિયા પર કાબૂ રાખવા માટે વપરાતા પદાર્થને રીસ્ટ્રેઈનર કહે છે. આ કાર્ય માટે પોટાશ બ્રોમાઈડ જમાનાથી વપરાતું આવ્યું છે. તે ઉપરાંત હાલમાં નાઇટ્રો બેન્ઝેમાઈડ ઍઝૉલ અને બેન્ઝોટ્રાય ઍઝૉલ પણ વપરાય છે. પોટાશ બ્રોમાઈડ કરતાં આ બે વધુ અસરકારક છે પણ તે કિંમતી હોવાથી તેમનો ઉપયોગ હજી સામાન્ય થયો નથી.

ડેવેલપરમાં બ્રોમાઇડ વધારે-ઓછું ન પડી જાય તે માટે જણાવેલા માપ પ્રમાણે બરાબર જોખીને નાખવું; કારણકે તેનું પ્રમાણ બદલવાથી ડેવેલપરના ગુણધર્મોમાં બહુ ફેરફાર થઈ જાય છે. જૂની ફિલ્મ ઉપર થતા ફૉગની અસર દૂર કરવા ડેવેલપરમાં થોડું વધારે પોટાસ્યમ બ્રોમાઈડ નાખવું ઠીક થઈ પડશે. (ચાલુ)

ઈલેક્ટ્રો-કેમિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ



(કરાઇકૂડી · મદ્રાસ)

આજનો યુગ વિદ્યુત-યુગ છે. આપણા રોજિંદા જીવનમાં વીજળી એક અંગ જેવી થઈ ગઈ છે. આપણી સામાન્ય વપરાશની ચીજો બનાવવા માટેના ઉદ્યોગોમાં પણ હવે વીજળીશક્તિ કોલસા અને વરાળનું સ્થાન લેતી જાય છે. અનેક ઉદ્યોગોમાં સંચા ચલાવવામાં તો તેનો ઉપયોગ થાય છે પરંતુ તેની મદદ વડે અનેક રસાયનો પણ બનાવી શકાય છે. આ વિજ્ઞાનશાખા ઇલેક્ટ્રો-કેમિસ્ટ્રી (વિદ્યુત-રસાયન) કહેવાય છે. તેમાં ખાતર, ગ્રેફાઈટ, રંગો તથા ગજવેલ જેવી ચીજોની બનાવટમાં વીજળીનો ઉપયોગ આજે સામાન્ય થઈ પડયો છે. ઍલ્યુમીનિયમ, મૅગ્નેશિયમ, જસત, સીસું વગેરેને તેમનાં ખનિજોમાંથી કાઢવાના ઉદ્યોગમાં થતી ક્રિયાઓ વીજળી પર નિર્ભર છે.

આપણા દેશમાં છેલ્લા બેત્રણ દસકાથી થોડા વિદ્યુત રાસાયનિક ઉદ્યોગો અસ્તિત્વમાં આવ્યા છે, પણ હજી નવા ઉદ્યોગોની સ્થાપના માટે ખૂબ અવકાશ છે. ઉદ્યોગોમાં વપરાતા મૂળભૂત તેમજ વચગાળાના પદાર્થોની બનાવટ માટે આપણા દેશમાં પુષ્કળ શક્યતાઓ છે. આ જાતની ઔદ્યોગિક ખિલવણી માટે યોગ્ય તાલીમ પામેલા માણસોની, તેમજ વિદ્યુત-રસાયન અને તેને લગતા વિષયોમાં સંશોધન કરવાની પાયાની જરૂરિયાત છે. થોડા છૂટાછવાયા પ્રયત્નોને બાદ કરતાં આપણા દેશમાં કાર્ય ઉપાડી લે તેવી કોઈ સંસ્થા નહોતી. સેન્ટ્રલ ઇલેક્ટ્રો કેમિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ આ જરૂરિયાત પૂરી પાડે છે.

આપણા દેશમાં પાણી દ્વારા વીજળી પેદા કરવાનાં સ્થળો(હાઇડ્રો-ઇલેક્ટ્રિક મથકો)ની તપાસ દર્શાવે છે કે તેમાંથી કુલ અઢી કરોડ કિલોવૉટ શક્તિ મળી શકે એમ છે, જેમાંની હજી તો માત્ર પાંચ જ ટકા ખપમાં લેવાય છે. અને પ્લૅનિંગ કમિશને (નિયોજન પંચે) વિચારેલી બધી યોજનાઓ જ્યારે વીજળી પેદા કરતી થશે ત્યારે તો ૭૦ લાખ કિલોવૉટ વધુ પેદા થશે. અત્યારના વપરાશમાંથી માત્ર ૭ જ ટકા વીજળીનો ઉપયોગ ધાતુસંશોધન, રસાયનો, ખાતરો વગેરેની બનાવટમાં થાય છે.

આથી આપણા દેશ માટે ઉદ્યોગોમાં પ્રગતિ કરવા સારુ વિદ્યુત-રસાયનના ક્ષેત્રમાં સંશોધન અને ખિલવણીની ખાસ જરૂર છે એમ કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક અને ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ (C.S.I.R) એ ૧૯૪૦માં નક્કી કર્યું અને દેશનાં ચાલુ સંશોધનકેન્દ્રોમાં જુદીજુદી સમિતિઓ દ્વારા સંશોધન-યોજનાઓ હાથ ધરવામાં આવી. તે પછી નૅશનલ કેમિકલ લૅબૉરેટરીમાં વિદ્યુત-રસાયનનો ખાસ વિભાગ રાખવાની દરખાસ્ત રજૂ થઈ. પરંતુ વિદ્યુત-રાસાયનિક ઉદ્યોગોમાં સંશોધનનું ક્ષેત્ર રોજ-બ-રોજ એટલો બધો વિસ્તાર પામતું ગયું કે અંતે તેની એક ખાસ સંસ્થા જ કાઢવાનું વિચારવામાં આવ્યું અને ૧૯૪૪માં 'વિદ્યુત-રસાયનની રાષ્ટ્રીય પ્રયોગશાળા' કાઢવાની યોજના રજૂ થઈ.

C.S.I.Rના સંચાલન તળે આ બધી રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ કાઢવાનું એક નોંધપાત્ર પરિણામ એ આવ્યું છે કે દેશના ઉદ્યોગપતિઓ હવે સંશોધનની બાબતમાં રસ લેતા થયા છે. તદનુસાર આ સેન્ટ્રલ ઇલેક્ટ્રો-કેમિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટની સ્થાપના માટે ડૉ. અલગપ્પા ચેટ્ટીયારે ૧૫ લાખ રૂપિયા અને કરાઇકૂડી નજીક ૩૦૦ એકર જમીનની ઉદાર સખાવત કરી, ને ૧૯૪૮ના જુલાઈમાં વડા પ્રધાને એનો પાયો નાખ્યો. ૧૯૪૯માં સંસ્થાના કાર્યાલયનું કામ શરૂ થયું. ૧૯૫૩ સુધી તો સંસ્થા મર્યાદિતરીતે જ કામ કરતી હતી, કારણ કે મકાનનું બાંધકામ પૂરું થયું નહોતું. ગયા વર્ષે ડૉ. બી.બી.દે તેના નિયામક નિમાયા.

વિદ્યુત-રસાયન એટલે તો સીમાડાનો જ (border-line) વિષય. બળતણ, કાચ, માટી, ધાતુસંશોધન, ભૌતિક તેમજ કાર્બનિક રસાયન વગેરે વિધવિધ વિજ્ઞાનશાખાઓ તેના કાર્યપ્રદેશમાં આવે. એટલે કરાઇકૂડી ઈન્સ્ટીટ્યૂટમાં અત્યારે પાંચ વિભાગોથી શરૂઆત કરવામાં આવી છે. એ દરેક વિભાગનો કાર્યપ્રદેશ ટૂંકમાં નીચે પ્રમાણે છે:

(૧) ધાતુસંશોધન અને વીજળિક ભઠ્ઠી વિભાગ: ધાતુસંશોધનમાં વીજળીનો ઉપયોગ; ગરમી વડે ઓગાળેલા પદાર્થોનું વિદ્યુત-વિશ્લેષણ; કારબાઈડ, ગરમીરોધક પદાર્થો, કાર્બન ડાયસલ્ફાઈડ, ફૉસ્ફરસ વગેરે વીજળિક ભઠ્ઠીની મદદ વડે બનતા પદાર્થો અંગે સંશોધન. તેને અંગે એન્જિનીઅરિંગ વિભાગ. જુદીજુદી જાતની ભઠ્ઠીઓની રચના.

(૨) ઇલેક્ટ્રોલિટિક સેલો: મીઠામાંથી આલ્કલી, ક્લોરીનની બનાવટમાં ઉપયોગી સેલો; ફ્લોરિનની બનાવટ માટે સેલો: ખનિજ તેમજ કાર્બનિક પદાર્થોની બનાવટ માટે ઑક્સીડેશન-રીડ્કશન સેલો અંગે અન્વેષણ: હાઇડ્રોજન પેરૉક્સાઈડની બનાવટ: બૅટરી, ઍક્યુમ્યુલેટર વગેરેને લગતું સંશોધન. ઉપરાંત વિદ્યુતપૃથક્કરણને લગતું કામ.

(૩) વિદ્યુત-નિપાત(ઇલેક્ટ્રો-ડિપોઝિશન) અને તે અંગેની ક્રિયાઓ: ઇલેક્ટ્રોપ્લેઇટિંગ: ધાતુ-શુદ્ધિકરણ વગેરેને લગતું સંશોધન.

(૪) વાયુઓને લગતું વિદ્યુત-રસાયન.

(૫) ઉપરના સંશોધનનાં જે પરિણામો આવે તેનો વ્યવહારમાં ઉપયોગ; કાચા પદાર્થોની તપાસ; ઉદ્યોગો સાથે સંપર્ક તથા માહિતી વિભાગ; લાયબ્રેરી, પ્રકાશન ખાતું વગેરે.

અત્યંત સાદાઈ, કરકસર અને ઉપયોગિતા લક્ષમાં રાખીને આ સંસ્થાનાં મકાનો બાંધવામાં આવ્યાં છે. તેમાં જુદાંજુદાં કાર્યો માટે બાર લૅબૉરેટરી ઉપરાંત વીજળીના ખાસ કામ માટે પણ સગવડો છે. પ્રવેશના ઓરડાની દીવાલો માટે 'ચેટ્ટીનાડ પ્લાસ્ટર' તરીકે જાણીતો પ્લાસ્ટર વાપરવામાં આવ્યો છે. આથી ખૂબ પૉલિશ કરેલા આરસપહાણ જેવી લીસીસપાટી દેખાય છે. વીજળીની શક્તિ પાયકારા સ્ટેશનમાંથી લેવામાં આવી છે.

કરાઈકૂડી એ મદ્રાસના તવંગર ચેટ્ટીઆરોની ભૂમિ છે, છતાં તેને 'પ્રભુએ તજેલી ભૂમિ' કહેવામાં આવે છે. ઇલેક્ટ્રો-કેમિકલ ઈન્સ્ટીટ્યૂટની સ્થાપના પછી ત્યાં પ્રાણ સંચરવા માંડયો છે. પહેલી શુભ શરૂઆતમાં ત્યાંની પાણીની તંગી દૂર થઈ છે. ડૉ. ભટનાગરે આગાહી કરી છે કે 'થોડા જ વખતમાં વિદ્યા અને સંશોધનના એક રમ્ય વિહાર તરીકે આ ભૂમિ સુપ્રસિદ્ધ બનશે અને હિંદ તેમજ પરદેશોમાંથી નામાંકિત વિદ્વાનો અહીં આવતા થઈ જશે.' **નરસિંહ મૂ. શાહ**

માં એમને બચાવ કર્યા સિવાય છૂટકો નહોતો. આ અખતરો નિષ્ફળ ગયો ને સરકારના નાણાંખાતાની પ્રતિષ્ઠા હલકી પડી. છતાં સરકારની નાણાંવિષયક ચલણ અંગેની નીતિ સામે પ્રજાકીય અંકુશને અભાવે સરકારે હૂંડિયામણનો દર ૧૮ પેન્સનો રાખવાનો નિશ્ચય કર્યો.

(૩) આ અરસામાં સર બેઝિલ બ્લૅકેટ મધ્યસ્થ સરકારના નાણાં-પ્રધાન તરીકે નિમાયા. એમ કહેવાય છે કે તેમના કરતાં વધારે નિ-ષ્ણાત અને શક્તિશાળી બીજો અંગ્રેજ નાંણાપ્રધાન કદી અહીં આવ્યો નથી. તેણે આવતાં પહેલાં જ રૂપિયાની હૂંડીનો દર ૧૮ પેન્સનો રાખવા મનમાં ગાંઠ વાળેલી. સર બેઝિલ બ્લૅકેટના એ નિશ્ચયનું એક પરિણામ એ આવ્યું કે નાણાંકીય અંકુશ લંડનની કાઉન્સિલને બદલે હિંદની સરકારના હાથમાં આવ્યો. પરંતુ આ દર ટકાવી રાખવા સર-કારને લગભગ રૂ. ૫૦ કરોડ ખર્ચવા પડેલા. પણ વિશેષ ગંભીર પરિ-ણામ તો એ હતું કે આ કૃત્રિમ ભાવથી દેશના વ્યાપાર-ઉદ્યોગને અને ખેડૂતોને જબ્બર ફટકો પડી રહ્યો હતો. ખેડૂતવર્ગ ઉપર એકંદર ૧૨½ ટકાનો હમેશનો બોજો લાદવામાં આવતો હતો; અને બીજી બાજુ, પરદેશી કારખાનાંવાળાઓને ૧૨½ ટકાનો લાભ મળતો હતો! આ પરિણામો દેશને નુકસાનકર્તા હતાં. સર પુરુષોત્તમદાસે મધ્યસ્થ ધારાસભામાં ઉપાડેલી ઝુંબેશના પરિણામે દેશભરમાં જબ્બર ઉહાપોહ થયો. સરકારે હૂંડિયામણના પ્રશ્નની સંપૂર્ણ તપાસ માટે સર હિલ્ટન યંગના અધ્યક્ષપણા નીચે 'રૉયલ કમિશન ઑન ઇન્ડિયન કરન્સી ઍન્ડ ફિનાન્સ' નામના પંચની નિમણૂક કરી અને તેમાં એક સભ્ય તરીકે પુરુષોત્તમદાસને લેવામાં આવ્યા. એ શાહી કમિશને તો ૧૮ પેન્સના દરના હૂંડિયામણની ભલામણ કરી, કારણકે તેના સભ્યોને ઈંગ્લંડનું હિત જાળવવું હતું! સર પુરુષોત્તમદાસે એ ભલામણ વિરુદ્ધ જઇને પોતાની જુદી વિરોધનોંધ (મિનિટ ઑવ ડિસેન્ટ) લખી. આ નોંધમાં તેમણે આખા પ્રશ્નની ઐતિહાસિક ભૂમિકા, સત્તાવાર નિવે-દનો તથા નિર્ણયોના દાખલાદલીલો સાથેની વિસ્તૃત છણાવટ કરીને હૂંડિયામણનો દર ૧૬ પેન્સનો જ હોવો જોઇએ એ મુદ્દાનું સમર્થન કર્યું. એમની એ 'મિનિટ ઑવ ડિસેન્ટ' એટલી જ્ઞાનપૂર્ણ, તર્કબદ્ધ દલીલોથી ભરપૂર અને સત્યનિષ્ઠ હતી કે દેશમાં એમની વિચાર-સરણી અને દૃષ્ટિબિંદુને સંપૂર્ણ ટેકો મળ્યો. પરન્તુ એ વખતની ધારા-સભામાં સરકારનિયુક્ત સભ્યોની બહુમતિના જોરથી સરકારે ૧૮ પેન્સના રૂપિયાનું ચલણ ઠોકી બેસાડયું.

આ સંબંધમાં એક જાણવા જેવા પ્રસંગની નોંધ લેવી ઘટે છે. ધારાસભામાં હૂંડિયામણને લગતી ચર્ચા ચાલતી હતી એ દરમિયાન દિલ્હીમાં સર પુરુષોત્તમદાસને નિવાસસ્થાને એક જાણીતા ધનિક વેપારી ગયા અને જણાવ્યું કે 'બહાર બે માણસો આવ્યા છે અને તેઓ કહે છે કે તમે જો રૂ. ૧૦,૦૦૦ આપવાનું કબૂલ કરો તો તેઓ બે મત તમારી તરફેણમાં મેળવી આપવા તૈયાર છે.' સર પુરુષોતમ-દાસે સાફ ના સંભળાવી દઈને કહ્યું કે 'આમ લાંચ આપીને કામ લેવામાં હું માનતો નથી. મારે પક્ષે સત્ય હશે તો પછી ધારાસભામાં મારી હાર ભલે થતી એથી હું હતાશ થવાનો નથી.' એ જ દિવસે ફરી બપોરે એ બંને માણસો આવ્યા; પણ એમણે તો તેમને હવે મળવાની જ ના પાડી દીધી; ધારાસભામાં એમના પક્ષને હાર મળી. પાછળથી એમને આધારભૂતરીતે માહિતી મળી કે તેઓ એક મેલી રમતના ભોગ થતા બચી ગએલા. એ બંને ભેદી આગંતુકો સરકાર પક્ષના જાસૂસ હતા અને યુક્તિ એમ હતી કે લાંચ મળે તો ધારાસભામાં ચર્ચા સમયે નાણાંપ્રધાન એ ભંડો ફોડી નાખી પુરુષોત્તમદાસના પક્ષ પર



મદાસ ઠાકુરદાસ (૧ નવેમ્બર ૧૯૩૬)

આક્ષેપ મૂકી તેમને વિહ્વળ કરી મૂકે અને એ રીતે આખી ચર્ચા નાટ-કીય અદાથી વેડફાઈ જાય! આ પ્રસંગ સર પુરુષોત્તમદાસની સત્યનિષ્ઠા સાથે વિચક્ષણતાનો દ્યોતક છે. વર્ષો પછી સર બેઝિલ બ્લૅકેટે લંડનમાં સર પુરુષોત્તમદાસ પાસે આ વિષે દિલગીરી પણ જાહેર કરેલી!

બ્રિટિશ હકૂમતના સમયમાં એવો શિરસ્તો હતો કે પ્રતિવર્ષ કલ-કત્તામાં યુરોપીઅન અને અંગ્રેજી વેપારી પેઢીઓના પ્રતિનિધિત્વવાળી 'એસોસીએટેડ ચેમ્બર્સ ઑવ કૉમર્સ'ના વાર્ષિક અધિવેશનમાં ખુદ વાઈસરોય હાજરી આપતા, એટલું જ નહિ પરંતુ સરકારની આર્થિક અને નાણાંકીય નીતિ અંગે મહત્ત્વની જાહેરાત કે ખુલાસો કરતા. હિંદી પેઢીઓને આવા અધિવેશનમાં બિલકુલ સ્થાન નહોતું. આથી સર પુરુષોત્તમદાસે, શ્રી બિરલા, શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, સર શ્રીરામ વગેરે અગ્રગણ્ય ઉદ્યોગપતિઓના સાથથી ઈ. ૧૯૨૮માં 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ'ની રચના કરી અને તેનું પહેલું અધિવેશન દિલ્હીમાં તેમના પ્રમુખપણા નીચે મળ્યું. તેમાં સરકારના પ્રધાનોએ અને ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી; અને ત્યારથી એવી પ્રણાલિકા ઊભી થઈ કે ફેડરેશનનાં અધિવેશનોમાં સરકારી પ્રધાનો હાજરી આપી સરકારી નીતિ સંબંધે જરૂરી નિવેદન કરતા. સર પુરુષોત્તમદાસ એ ફેડરેશનના ત્રણ વર્ષ સુધી પ્રમુખ રહ્યા.

ઈ. ૧૯૩૦માં મધ્યસ્થ સરકારે દેશમાં બૅંકિંગની ચાલુ પરિસ્થિતિ-ની તથા તેનો વિસ્તાર કરવાની શક્યતાની તપાસ કરવા 'સેંટ્રલ બૅંકિંગ ઈન્કવાયરી કમિટીની નિમણૂક કરી અને સર પુરુષોત્તમદાસને તેમનાં નિષ્ણાત જ્ઞાન, વિશાળ અનુભવ અને પ્રતિષ્ઠાને લક્ષમાં લઈને તેના ઉપ-પ્રમુખ તરીકે નીમ્યા. આ કમિટીનો રીપોર્ટ ઐતિહાસિક દૃષ્ટિએ બૅંકિંગના ક્ષેત્રમાં સીમાચિહ્ન (land mark) ગણાય છે.

૧૯૩૦ના એ જ વર્ષમાં સ્વાતંત્ર્યસિદ્ધિ માટે દાંડી-કૂચના સત્યા-ગ્રહનો જંગ શરૂ થઇ ગયો હતો. બીજી બાજુ સરકારે લંડનમાં રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ બોલાવી હતી. રાષ્ટ્રીય મહાસભાના નેતાઓ અને હિંદી ઉદ્યોગ તેમજ વેપારના પ્રતિનિધિઓ વિહોણી આ કૉન્ફરન્સ કેવળ પૂતળાંઓના ખેલ જેવી લાગતી હતી. ઈ. ૧૯૩૧માં લૉર્ડ અર્વિન સાથે સંધિ થતાં રાષ્ટ્રપિતા ગાંધીજી અને મહાસભાના આગેવાનોએ એ કૉન્ફરન્સમાં હાજરી આપવા સંમતિ આપી અને તેમાં હિંદી

છે. પરદેશી શાસન દરમિયાન આપણા દેશના સોનાના રક્ષણ માટે, તેમજ સ્ટર્લિંગ અસ્કયામતો કશા પણ નુકસાન વિના હિંદને ભરપાઈ થાય એ માટે થએલા પ્રયાસોમાં એમનો ફાળો એટલો વિપુલ અને નિશ્ચયાત્મક હતો કે એ બાબતમાં તો આ સમગ્ર દેશ એમના જ ઋણમાં છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ભારત સ્વતંત્ર થયા પછી એમનો એ સહકાર અવિચ્છિન્ન રહ્યો છે. ૧૯૪૯માં સરકારે ગામડાંની શરાફીની તપાસ સમિતિ(Rural Banking Inquiry committee)નીમી તેના તેઓ પ્રમુખ હતા. રીઝર્વ બૅંકનું રાષ્ટ્રીયકરણ થયા પછી તેના બોર્ડના શ્રી પુરુષોત્તમદાસ વિશિષ્ટ અને માનનીય સભ્ય રહ્યા છે અને એમની સલાહ અને માર્ગદર્શન પૂર્વવત્ લેવાય છે. એમની તટસ્થ અને નિસ્પૃહ વૃત્તિ તેમજ આર્થિક તથા નાણાંકીય ક્ષેત્રનાં જ્ઞાન અને અનુભવ એવાં તો અદ્વિતીય છે કે દેશનાં વ્યાપારી વર્તુલો અને સરકાર બન્નેના એ શાણા સલાહકાર છે.

આર્થિક અને વ્યાપારી ક્ષેત્રમાં ઉપર્યુક્ત જાહેર પ્રવૃત્તિઓ ઉપરાંત એમના રોજિંદા વ્યવસાયમાં એમની પોતાની પેઢીના સંચાલનની સાથેસાથ તેઓ લગભગ ૭૦ કંપનીઓમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપે છે. એમાંની કેટલીક મોટી અને પ્રતિષ્ઠિત કંપનીના તો તેઓ ચેરમૅન છે. તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ, તાતા હાઇડ્રો ઇલેક્ટ્રિક, તાતા પાવર કં, અમદાવાદ ઈલેક્ટ્રિક, સુરત ઈલેક્ટ્રિક, કોહીનૂર મિલ્સ, અમદાવાદ કૅલિકો, બેલાપુર શ્યૂગર, એસોસીએટેડ સિમેન્ટ વગેરે જેવી સદ્ધર કંપનીના તેઓ વર્ષોથી ડિરેક્ટર છે. ઓરીએન્ટલ ગવર્ન્મેંટ સિક્યુરિટી લાઇફ ઍસ્યુ. કં. જેવી વીમાના ક્ષેત્રમાં અગ્રગણ્ય કંપનીમાં તેમજ બીજી અનેક કંપનીઓના બોર્ડના તેઓ ચેરમૅન છે. સર પુરુષોત્તમદાસ જે બોર્ડના સભ્ય હોય તે લાગતીવળગતી કંપની માટે ગૌરવનો વિષય ગણાય છે, કેમકે શેર-હોલ્ડરોને એમની શાખને ઈજ્જતમાં સંપૂર્ણ વિશ્વાસ છે, અને ખાતરી છે કે કોઇ પણ કંપનીના તેઓ ડિરેક્ટર હશે ત્યાં સુધી એ કંપનીમાં કૈં અનિષ્ટ થવા નહિ પામે, અને એવાં તત્ત્વો દાખલ થશે તો તેઓ હરગીઝ તે સાંખી નહિ લે. જુદીજુદી જૉઇન્ટ સ્ટૉક કંપનીઓના સંચાલનમાં એમનો રચનાત્મક ફાળો ત્રણ પ્રકારનો છે. પ્રથમ તો તેઓ માને છે કે આપણી વ્યાપારી અને ઔદ્યોગિક જાહેર કંપનીઓના સંચાલનમાં કાર્યદક્ષતાની માત્રા ઊંચી હોવી જોઈએ, તેમની વ્યવસ્થા અને કામકાજ આધુનિક ધોરણે થવાં જોઈએ તથા તે માટે નિષ્ણાત, અનુભવી અને પ્રામાણિક માણસોની પસંદગી કરીને તેમને સંપૂર્ણ જવાબદારી સોંપવી જોઇએ. બીજું, કંપનીના વ્યવહારમાં સંપૂર્ણ પ્રામાણિકતા અને નીતિમત્તાનાં ઉચ્ચ ધોરણો જળવાવાં જોઈએ. વ્યાપારી વ્યવહારનો પાયો પરસ્પર વિશ્વાસ છે. ખાનગી સાહસમાં પ્રામાણિક હરીફાઈ ભલે હોય, પરંતુ અનીતિ અને હલકી સ્પર્ધાને સ્થાન નથી. અને ત્રીજું, છેલ્લાં ત્રીસ વર્ષોથી એમની દૃઢ માન્યતા છે કે હિંદી ઔદ્યોગિક અને વ્યાપારી સંસ્થાઓનું સંચાલન અને નિયંત્રણ હિંદીઓના હાથમાં જ હોવું જોઈએ. આ સિદ્ધાંતનું એમણે અસરકારક પાલન કર્યું છે. ઓરીએન્ટલ લાઈફ ઍસ્યુરન્સ કં.નો દાખલો લઇએ તો આ કંપની હિંદમાં સૌથી મોટી અને પ્રથમ દરજ્જાની વીમા કંપની છે. સર પુરુષોત્તમદાસ આજ ૩૫ વર્ષથી તેના ડિરેક્ટર ને છેલ્લાં ૨૧ વર્ષથી ચેરમૅન છે. આ કંપનીમાં ૧૯૪૦ સુધી મુખ્યત્વે અંગ્રેજો જ ઉચ્ચ અધિકારીપદે હતા. પણ એમની જ દીર્ઘદૃષ્ટિ, કુનેહ અને દક્ષતાથી ઇ. ૧૯૪૬થી સર્વાંશે હિંદી અધિકારીઓ તેનું સંચાલન કરે છે. આ કંપનીની પ્રગતિ કેટલી વિશાળ અને સંગીન છે તેનો ખયાલ તેનાં વાર્ષિક નવાં કામ અને લાઈફ-ફંડમાં થતા વધારાના આંકડા તપાસવાથી મળે છે. ૧૯૩૩માં એનું નવું કામ રૂ.



પંચોતેરમે વર્ષે અભિનંદન

૭/૪૦ કરોડનું અને લાઈફ-ફંડ રૂ. ૧૪/૩૦ કરોડનું હતું તે વધીને ૧૯૫૩માં નવું કામ રૂ. ૨૩/૩૯ કરોડનું અને લાઈફ-ફંડ રૂ. ૭૦/ કરોડ ઉપરાંતનું થયું છે. ઓરીએન્ટલ કંપનીની આવી પ્રભાવજનક પ્રગતિ સર પુરુષોત્તમદાસના કાર્યદક્ષ માર્ગદર્શન અને શાણા નેતૃત્વને જ આભારી છે. મુંબઇની મશહૂર બૉમ્બે ઇલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સ્પોર્ટ–BEST –કંપનીના બોર્ડના યે તેઓ વર્ષો સુધી ચેરમૅન હતા. ૧૯૪૭માં મુંબાઇ મ્યુનિસિપાલિટીએ તે કંપની ખરીદવા નિર્ણય કર્યો ત્યારે શેર-હોલ્ડરોનાં હિત જાળવીને થએલી બંને પક્ષને હિતકારક ગોઠવણ એમની જ સલાહ અને માર્ગદર્શનને આભારી હતી.

સર પુરુષોત્તમદાસના જાહેર જીવનમાં આર્થિક અને વ્યાપારી ક્ષેત્ર ઉપરાંત સામાજિક અને ધાર્મિક ક્ષેત્રની અનેક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે. ઈ. ૧૯૨૮–૨૯માં ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થતાં 'ગુજરાત રાહત ફંડ'ના પ્રમુખ તરીકે એમણે અમૂલ્ય સેવાઓ આપી હતી. ૧૯૩૨–૩૩માં તેઓ સૂરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાએટીના પ્રમુખ હતા. એમણે સૂરત જિલ્લામાં ૧૨૫ જેટલાં શાળાનાં મકાનો બંધાવી આપ્યાં છે, જે દ્વારા ગરીબ અને પછાત ખારવા જાતિનાં બાળકોને જ્ઞાનનો પ્રકાશ મળે છે. સૂરત જિલ્લાની ૪૦૦ જેટલી લાયબ્રેરીઓ અને ૨૧ વ્યાયામશાળાઓમા તેમણે ફાળો આપ્યો છે. પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ માટે ૧૫ મકાનો, ડાકોરમાં હાઈસ્કૂલ માટે બે મકાનો અને ભાવનગરમાં વિદ્યાર્થી છાત્રાલય માટે ઉદાર સખાવતો કરી છે. સૂરતમાં તેમનું 'ઠાકોર બાગ' નામનું મકાન પ્રસૂતિગૃહ માટે હિંદુ ચૅરીટી ફંડને એમણે આપ્યું છે. વનિતાવિશ્રામના પ્રમુખ તરીકે તેમણે હિંદુ સ્ત્રીસમાજની ઉન્નતિ માટે ઘણું કાર્ય કર્યું છે. આ ઉપરાંત એમણે અનેક ઑસ્પિટલોમાં ઉદારતાપૂર્વક મદદ કરી છે તેમજ ઍક્રૂમી ટ્રીટમેંટ ક્લીનિકમાં ક્ષય માટે રૂ.૮૦,૦૦૦ની સખાવત કરી છે. 'રામાયણ'ના અંગ્રેજી ભાષાંતર માટે તેમણે એકઈનામી યોજના તૈયાર કરી છે. યુદ્ધ દરમિયાન ઊભી થએલી સૂરતના જરી–ઉદ્યોગની મુશ્કેલીઓનો એમણે જ હિંમત ને કુનેહથી ઉકેલ આણેલો.

એમની અનેકવિધ, વિશિષ્ટ સેવાઓની કદરરૂપે એમને બ્રિટિશ સરકાર તરફથી ઈલ્કાબો, પ્રજા તરફથી માનપત્રો અને બનારસ યુનિવર્સિટી તરફથી ડૉક્ટર ઑવ લિટરેચરની માનાર્હ પદવી પ્રાપ્ત થયાં છે. જીવંત પુરુષોનાં સ્મારક થાય એ અસામાન્ય અને વિરલ વસ્તુ છે. સર પુરુષોત્તમદાસની સેવાઓ બદલ ઓરીએન્ટલ કંપનીના શેરહોલ્ડરો

તથા પૉલિસીહોલ્ડરોએ તેમની પ્રતિમા સ્થાપી છે. ૧૯૪૯માં હિંદી વેપારી મંડળના હૉલમાં એમનું તૈલચિત્ર ખુલ્લું મૂકીને મંડળની અને વ્યાપારઉદ્યોગની એમણે બજાવેલી સેવાઓની વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓએ સહૃદય કદર કરી છે. ૧૯૫૨ના મે માસમાં સીવરી કૉટન ગ્રીન ખાતે એમની પૂરા કદની કાંસાની પ્રતિમા ખુલ્લી મૂકીને રૂના વેપારીઓએ તેમની અપ્રતિમ સેવાઓની કદર કરી છે. ૧૯૫૪ના મે માસમાં ઈસ્ટ ઇન્ડિયા કૉટન એસોસીએશને તેમની ભવ્ય અને લાંબી સેવાઓ લક્ષમાં લઇને તેમને એસોસીએશનના માનાર્હ આજીવન સભ્યની પદવી આપી માનાંજલિ આપી છે.

તરુણ વયથી જ એમણે પોતાનું જીવન નિયમિત, સ્વસ્થ અને ઉચ્ચ નૈતિક સિદ્ધાંતોને અનુરૂપ બનાવ્યું છે. દરેક વિષયનો જાતે જ ઝીણવટથી ને સંપૂર્ણરીતે અભ્યાસ કરવાની એમને ટેવ છે. આટલી વયે પણ પોતાથી ઓછી વયનાં માણસોને પોતાનાં અભ્યાસ, વાચન અને વિચાર-શક્તિઓથી તેઓ હેરત પમાડે છે. એમની દિનચર્યા વહેલી શરૂ થાય છે. છેલ્લી માંદગી પહેલાં, એ હમેશાં સવારના સાતે મલબાર હિલના બંગલેથી નીકળી લગભગ એકાદ કલાક ફરીને પાછા આવે. તે પછી લગભગ નવ વાગ્યાથી મુલાકાતોની પરંપરા શરૂ થાય. અગાઉથી આપેલા સમય પ્રમાણે નિયમિતરીતે મુલાકાતીઓ આવતા જાય અને લગભગ અગિયાર વાગ્યે તે પૂરી થાય. તેઓને બુદ્ધિપૂર્વકની દલીલો અને વિવેચન સાંભળવામાં રસ છે, પરંતુ નિરર્થક વાતો કે ગપ્પાં માટે સમય નથી. એમની મનોસૃષ્ટિનો વિસ્તાર એટલો વૈવિધ્યપૂર્ણ છે કે અનેક નાનામોટા જનો એમની સલાહ લેવા આવે છે. એ સૌને તેઓ સમભાવ અને સહૃદયતાથી સાંભળે છે. એમનો બુદ્ધિગ્રાહ એટલો તીવ્ર છે કે ઘણી વાર તમે વિષયને છેડીને હજી તો તમારું દૃષ્ટિબિંદુ સમજાવવાનો પ્રયત્ન કરો તે પહેલાં એમણે વાતનું હાર્દ સમજીને પોતાનો અભિપ્રાય બાંધી લીધો હોય છે. એમનાં વિશાળ જ્ઞાન અને અનુભવને પરિણામે આર્થિક અને નાણાંકીય વિષયો તો એમને હસ્તામલકવત્ હોવાથી તેઓ સત્વર નિર્ણય લઈ શકે છે. મળવા આવનારાઓ એમની શાણી સલાહ અને એમની મહત્તાનો સ્પર્શ પામીને જ જાય છે.

સર પુરુષોત્તમદાસની માનવપરીક્ષા અદ્ભુત છે. પહેલી જ વાતચીતના પ્રસંગે અને થોડા જ સમયમાં એ ગમે તેવી માનવ-વ્યક્તિનું માપ કાઢી લે છે. માણસોની પરીક્ષામાં એ integrity (નીતિનિષ્ઠા) અને સહૃદયતાનો ક્યાસ મૂકે છે. એક મહાદીપ અનેક દીપોને પ્રકટાવે છે એમ એમના જીવનવ્યવસાયમાં એમણે સેંકડો હિંદી અને ગુજરાતી યુવાનોને પ્રોત્સાન અને સમયસર તકનો લાભ આપીને આગળ આણ્યા છે અને તેમની શક્તિઓના વિકાસને અવકાશ આપ્યો છે. જ્યાં શક્તિ ને વિચારસ્વાતંત્ર્ય દેખાય ત્યાં પોતાથી અરધી વયના માટે પણ કદર, પ્રશંસા કે માનની લાગણી દર્શાવવાનું ચૂકતા નથી. એમના જીવનમાં પોતાના આદર્શો ને શ્રદ્ધાની એમણે દીપ્તિ પૂરી છે. છતાં જ્યારે ઉપકારવશ જનો તે માટેનો આભાર વ્યક્ત કરે છે ત્યારે તેઓ કહે છે: 'મારી થોડી ઘણી પ્રતિષ્ઠા હોય તો આને લીધે જ છે.' કવિ સ્વિન્બર્ને કહ્યું છે તેમ :

નથી શું આપણી વચ્ચે નરો કૈં રાજવી જેવા ?
ન વશ થાતા જમાનાને, જમાનો વશ થતો જેને ?

પોતાના ખાનગી તેમજ વ્યાપારી વ્યવહારમાં તેમજ લાંબા જાહેર જીવનમાં એમણે નીતિના જે ઉચ્ચ સિદ્ધાંતોનું પાલન કર્યું છે એ સૌને માટે આદર્શ રૂપ છે. એને લીધે જ હિંદના આર્થિકજગતમાં એમની શાખ અને પ્રતિષ્ઠા આટલાં ઊંચાં છે. લડાઈ દરમિયાન ઉદ્યોગ અને વેપારના ખૂણેખૂણામાં નૈતિક ધોરણોની અધોગતિ થઈ હતી એવા કાળમાં આવી નેકી અસામાન્ય અને વિરલ છે. અસત્ય, છળ અને મેલી મુરાદ એમનો પુણ્યપ્રકોપ જન્માવે છે. એમનું વ્યક્તિત્વ એવું છે કે એમની પાસે અનીતિ કે અન્યાયની વાત કરવાની પણ કોઈની મગદૂર નથી.

એમના જાહેર જીવનનો બીજો અવિચલ સિદ્ધાંત એ છે કે એમની પ્રવૃત્તિઓમાં એમને જે માહિતી કે ખાનગી ખબર મળે તેનો અથવા પોતાનાં સ્થાન અથવા સત્તાનો લાભ લઇને એમણે કદી સ્વાર્થ સાધ્યો નથી. આ પ્રકારનાં પ્રલોભનો એમણે હમેશાં ત્યાજ્ય ગણ્યાં છે. ઊલટું એમને નીતિમય જીવનમાં એવી ઊંડી શ્રદ્ધા છે કે તેઓ કહે છે કે 'જેમ મેં પ્રલોભનો જતાં કર્યાં છે તેમ ઈશ્વરે મને અનેકગણું વધારે આપ્યું છે.' મૂળગત સંસ્કારો તથા ઉચ્ચ વ્યક્તિ–નીતિના સિદ્ધાંતો પરના આગ્રહને પરિણામે એમણે હમેશાં માન્યું છે કે જે સાચું હોય તે જ થઈ શકે; જાહેર બાબતોમાં અયોગ્ય વગ કે શેહને કદી વશ થવાય નહિ.

યુવાનવયથી જ જે કામ હાથમાં લીધું હોય તેને અંગે પૂરેપૂરું જ્ઞાન મેળવી, એમાં પોતાની સર્વ શક્તિ પરોવી, તેનું શ્રેષ્ઠ પરિણામ લાવવા એમણે અવિરત પુરુષાર્થ સાધ્યો છે અને પરિણામે કામને દીપાવ્યું છે. તેઓ ધનવાન છે, વ્યાપારી છે અને માને છે કે સમાજમાં વ્યક્તિગત સાહસ અને પુરુષાર્થને અવકાશ હોવો જોઇએ; પરંતુ તેઓ કોઈ 'વાદ'માં માનતા નથી. એમનું લક્ષ્ય માનવસમાજની ઉન્નતિ પર કેન્દ્રિત છે અને વ્યક્તિસ્વાતંત્ર્ય, સામાજિક ન્યાય અને માનવતાની ભાવનાઓનો ઉત્કર્ષ સાધી શકાય એવી સમાજવ્યવસ્થામાં એમની શ્રદ્ધા વસેલી છે. સ્વભાવે તેઓ મિતભાષી છે, પરંતુ એમની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તેઓ અસરકારક વક્તા છે. શિષ્ટ અને સ્પષ્ટવાણીમાં આકર્ષકરીતે તેઓ સરલ પ્રવાહથી બોલે છે અને એમની વાણીનો હમેશાં પ્રભાવ પડે છે.

એમનું ગૃહજીવન શાંત ને સુખી છે અને તેમાં સાદાઇ ને સંસ્કારિતા છે. પોતાનાં કુટુંબીજનો, સંબંધીઓ અને મિત્રો તરફ એ ખૂબ મમતા ધરાવે છે. એમનું વ્યક્તિત્વ પ્રભવાશાળી છે, પણ હૃદય કોમળ ને પ્રેમાળ છે. એમના સ્વભાવમાં ખાનદાની, ચારુતા ને વિવેકનો સુમેળ છે.

આજે પંચોતેર વર્ષે પણ એમણે નિવૃત્તિ સેવવાની ઈચ્છા કરી નથી. તેઓ કહે છે કે 'જ્યાં સુધી આ શરીર કામ આપે છે ત્યાં સુધી મારે સેવા આપવી જ જોઇએ. બેઠાંબેઠાં આરામ લઇને કાળ વિતાવવાનું મને ગમતું નથી.' નિષ્કામ કર્મયોગીની કલ્યાણ-ભાવનાથી એમણે પોતાની જાહેર-સેવાઓ ચાલુ રાખી છે. હાલમાં રાજ્યોની પુનર્રચના અંગેની હીલચાલમાં મુંબાઇ શહેરના ભાવિ વિષે ઉહાપોહ થયો છે, તેમાં 'ગુજરાતી' તરીકે કે 'વેપારી' તરીકે નહિ પરંતુ 'મુંબાઈના સાચા શહેરી' તરીકે એમણે ઘણો આગળપડતો ભાગ લીધો છે. એ અંગેની મુંબાઈની નાગરિક સમિતિના તેઓ પ્રમુખ છે.

એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા એમના ચારિત્ર્ય અને હૃદયના ગુણરાશિના સમન્વયમાં સમાએલી છે. એમના નિકટ પરિચયમાં આવનારને એમના હૃદયના ગુણો–સ્વાભાવિક ખાનદાની, કરુણા, ઉદારતા, ક્ષમાવીરતા, નમ્રતા, સત્યનિષ્ઠા, સહૃદય માનવતા અને ઊંડી ઈશ્વરભક્તિની પ્રતીતિ થયા વિના નહિ રહે. આવા પ્રતિભાસંપન્ન, સ્વતંત્ર, નીડર અને નિખાલસ નરરત્ન શતાયુ થાય અને આપણને સૌને એમની દીર્ઘદૃષ્ટિ, શાણપણ ને સલાહનો લાભ મળતો રહે એમ આપણે ઈચ્છીએ.

એમને વિષે મુંબઈ રાજ્યના ગવર્નર લખે છે : 'Of the older generation of the makers of the new India that I have known, he counts among the giants, and that is where history will permanently place him.'

'મારી જીવનકથા' (જવાહરલાલ નેહરુ)ના ઉપોદ્‌ઘાતને અંતે સ્વ. મહાદેવભાઈ દેસાઇએ મૂકેલા શબ્દોમાં એમને વિષે પણ ખરેખર કહી શકાય કે—

जयंति ते सुकृतिनो निष्कामाः कर्मयोगिनः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥

સહાય કરેલી. યુરોપિયનોના આ ઉકળાટ સામે સરકારે નમતું આપી દીધું અને બેથ્યૂનના ખરડા પાછા ખેંચી લીધા.

આ વસ્તુસ્થિતિ અસહ્ય હતી. એ સામે સંગઠિત થયા વિના છૂટકો ન હતો. કંપનીનો પટ્ટો ૧૮૫૩માં નવેસરથી થવાનો હોઈ એ સમયે હિંદનો સંયુક્ત અવાજ રજૂ કરવા બંગાળનો નેતાગણ ચર્ચાવિચારણા કરવા લાગ્યો, જેના પરિણામે ૧૮૫૧ના સપ્ટેમ્બરની ૧૪મીએ 'નૅશનલ એસોસીએશન' નામની રાજકીય સંસ્થાનો જન્મ થયો. 'દેશહિત સાધી શકે એવાં પગલાં લેવા'નો સંસ્થાએ પોતાનો ઉદ્દેશ નક્કી કર્યો અને જાતિ, રંગ કે ધર્મના કશા જ ભેદભાવ વિના તેનું સભ્યપદ સૌને માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. જાહેર પ્રવૃત્તિ કરતી કોઈ પણ સંસ્થાએ પોતાના નામમાં 'નૅશનલ' અથવા 'રાષ્ટ્રીય' સંજ્ઞા મૂકી હોય તો તે આ પહેલવહેલી જ સંસ્થા હતી. સ્થાનિક કે પ્રાદેશિક નહિ પરંતુ રાષ્ટ્રીય પ્રશ્નોને જ મહત્ત્વ આપવાનું એણે નક્કી કરેલું. દોઢ મહિના બાદ એનું નામ બદલીને 'બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશન' રાખવામાં આવ્યું અને લગભગ એક પચ્ચીસી સુધી એ સંસ્થા હિંદમાંના બ્રિટિશ મુલકમાં વસતી પ્રજાનો અવાજ બની રહી. રાજા રાધાકાન્ત દેવ એના પ્રમુખ, રાજા પ્રતાપચન્દ્ર સિંગ ઉપપ્રમુખ અને દેવેન્દ્રનાથ ટાગોર મંત્રી હતા, જ્યારે પ્રસન્નકુમાર ટાગોર, હરિમોહન સેન, રામગોપાલ ઘોષ, પીઆરીચંદ મિત્ર, હરિશ્ચન્દ્ર મુખરજી, રાજેન્દ્રલાલ મિત્ર વગેરે તેની કાર્યવાહક સમિતિ પર હતા.

કંપનીને નવો પટો અપાતી વખતે હિંદીઓનો અવાજ સંયુક્તપણે રજૂ થાય એ માટે દેવેન્દ્રનાથે આ સંસ્થાના મંત્રી તરીકે જુદાંજુદાં સ્થળોએ પત્રો લખ્યા. પરિણામે આ રાજકીય જાગૃતિની લહર અન્ય પ્રાંતોને પણ સ્પર્શી. મદ્રાસમાં તો આ સંસ્થાની જ એક શાખા ખોલવામાં આવી, જ્યારે મુંબાઈ અને પૂનામાં આ સંસ્થાના જ ધોરણે ૧૮૫૨માં અનુક્રમે 'બૉમ્બે એસોસીએશન' તથા 'ડેક્કન એસોસીએશન'ની સ્થાપના થઈ. આ બધી સંસ્થાઓએ પાર્લામેન્ટ પર સંયુક્તપણે તો અરજી ન મોકલાવી, પરંતુ જુદીજુદી ગએલી અરજીઓનો પણ સૂર એક જ હતો કે હિંદની સરકાર પ્રાતિનિધિક બને એ માટે ધારાસભાના મોટા ભાગના સભ્યો હિંદી હોવા જોઇએ, મુલ્કી નોકરીઓની પરીક્ષા ઇંગ્લંડ તેમજ હિંદમાં પણ લેવાવી જોઇએ, ન્યાય અને પોલીસખાતાની સુધારણા થવી જોઇએ, ખેતી અને ઉદ્યોગોનો વિકાસ થવો જોઇએ, શિક્ષણનો પ્રસાર થવો જોઇએ વગેરે.

પરંતુ હિંદીઓની લાગણીની સતત ઉપેક્ષા જ થતી રહી. આ ઉપેક્ષાથી પ્રજાનો એકેએક વર્ગ ઊકળી ઊઠ્યો હતો. રેવ. લૉંગ જ્યારે ઉર્દૂ હસ્તલિખિત પુસ્તકોની શોધ માટે દિલ્હી ગએલો ત્યારે પ્રજાનો આ ઉકળાટ તેણે પ્રત્યક્ષ જોએલો. એ શાંત પાડવાને બદલે કંપની સરકાર તેની પોતાની ચાલ પર જ મક્કમ રહી. આ ઉપેક્ષાએ ૧૮૫૭માં હિંદીઓને હાથે સ્વાતંત્ર્યયુદ્ધનાં મંડાણ કરાવ્યાં, જે યુદ્ધની ગંભીરતાનો ઉપહાસ કરવા અંગ્રેજોએ એને 'સિપાઇઓના બળવા'નું નામ આપેલું. આ સ્વાતંત્ર્યયુદ્ધના દાયકામાં જ હિંદમાં કલકત્તા, મુંબાઈ ને મદ્રાસ મુકામે યુનિવર્સિટીઓ ઊભી થઈ ચૂકી હતી ને એમાં શિક્ષણ પામીને, મૅકૉલેની આ ધારણાને સાચી પાડતો વિદ્યાર્થીવર્ગ બહાર પડયે જતો હતો–'a class of persons, Indian in blood and colour, but English in taste, in opinions, in morals and in intellect.'

સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધ પછી દેશમાં નિરાશાનું જે મોજું ફરી વળ્યું તે કારણે, તથા કંપની સરકાર પાસેથી હિંદનો વહીવટ બ્રિટિશ તાજને હસ્તક જતાં એ સમયની ત્યાંની રાણી વિક્ટોરિયાએ હિંદી પ્રજાજોગ ઢંઢેરો બહાર પાડીને આપેલા આશ્વાસનના કારણે, જાહેર ખાનેનો ધૂંધવાટ તો ચાલુ જ હતો. ઈ. ૧૮૭૭માં બંગાળમાં વાવાઝોડા અને દક્ષિણમાં દુકાળના ભોગ બની લાખો લોકો ભૂખમરા અને મૃત્યુનો ભોગ બનેલા ત્યારે શાહીસત્તાએ દિલ્હીમાં ભવ્યદરબાર યોજ્યો. એ પછી આવ્યો દેશી ભાષાઓનાં અખબારોને મોંએ ડૂચો દેતો 'વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ', અને તે પછી આવ્યું ઈલબર્ટ બિલ. હિંદી ન્યાયાધીશ કોઈ યુરોપિયન સામેનો કેસ ચલાવી ન શકે એવા પ્રચલિત અન્યાયી કાયદામાં સુધારો કરવા હિંદ સરકારના કાયદાસભ્ય ઈલબર્ટે એક ખરડો તૈયાર કરેલો, પણ યુરોપિયનોએ તે સામે પ્રચંડ વિરોધ ઉઠાવ્યો. એમણે એ વખતના વાઇસરૉય લૉર્ડ રિપન સામે એવો આક્ષેપ મૂક્યો કે તે હિંદની રાજકીય સત્તા ક્રમશઃ યુરોપિયનોના હાથમાંથી ઝૂંટવી હિંદીઓના હાથમાં સોંપી દેતો હતો. એનું અપહરણ કરીને ઇંગ્લંડ ભેગો કરી દેવાનું કાવતરું પણ રચાયાનું સંભળાતું. 'સિવિલ ઍન્ડ મિલિટરી ગેઝેટ'તો એના વાઇસરૉયપદના રાજીનામાની માગણી કરેલી.

હિંદીઓ આ માનહાનિ સહી લે એવી સ્થિતિ હવે રહી ન હતી. પ્રજાહૃદયનો ધીકતો જ્વાળામુખી ક્યારે ફાટી નીકળે તે કહી શકાય તેમ ન હતું. સર વિલિયમ વેડરબર્ને લખેલું છે તેમ '... ill-starred measures of reaction, combined with Russian methods of police repression, brought India...within measurable distance of a revolutionary outbreak.' અને ખરેખર હિંદ ક્રાન્તિને આરે જ આવી ઊભું હતું. ખુદ સરકારે દેશના જુદાજુદા ભાગોમાં બાતમીદારો મોકલીને સાત ખંડોમાં એકઠા કરેલા હેવાલમાં પણ પ્રજામાં વ્યાપેલા અસંતોષનો નિર્દેશ કરવામાં આવેલો અને તે ગમે ત્યારે રાષ્ટ્રવ્યાપી બંડનું સ્વરૂપ ધારણ કરી લે એવો ભય વ્યક્ત કરવામાં આવેલો.



રેવરંડ લૉન્ગ



એલન ઑ. હ્યુમ

આ આંતરિક ભય તેમજ બહારથી રશિયન આક્રમણના ભયને લઇને હિંદના વાઈસરૉય લૉર્ડ ડફરિને ઍલન ઑક્ટેવિયન હ્યૂમ નામના એક અંગ્રેજ આઈ.સી.એસ. અમલદારને એ ભય સામે એક 'સેફ્ટીવાલ્વ' ઊભો કરવા પ્રેર્યો. એણે શિક્ષિત સમુદાયને પોતાના સાથમાં લઇને 'ઇન્ડિયન નૅશનલ યૂનિયન' નામની સંસ્થા ઊભી કરી. એ પોતે એનો મહામંત્રી બન્યો અને એનું પ્રથમ સંમેલન પૂના મુકામે ભરવાનું નક્કી થયું. 'બ્રિટિશ તાજ પ્રત્યે અવિચળ વફાદારી' ('unswearing loyalty to the British crown') એ આ સંસ્થાનો પાયો હતો. કેટલાક સભ્યોને તેનું નામ ન ગમતાં તે બદલીને 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ' રાખવામાં આવ્યું અને તેની પૂના મુકામે નિર્ધારિત બેઠક, ત્યાં પ્લેગ ફાટી નીકળતાં મુંબાઈ મુકામે ભરવામાં આવી. આ રીતે થઈ 'હિંદી રાષ્ટ્રીય મહાસભા' અથવા આપણી આજની 'કૉંગ્રેસ'ની સ્થાપના. તે દ્વારા આપણી સ્વાતંત્ર્યયાત્રાની જે નવેસરથી શરૂઆત થઈ એ તો એક નવા જ પ્રકરણનો પ્રારંભ છે.



માધુકરી

(અનુષ્ટુપ)

માનવી તરીકે મારી વિશિષ્ટતા હજો જ એ,
કે મર્યાદા શકું જાણી થયા વિના હતાશ હું;
અને જાણ્યા પછી હૈયે 'નથી હું કાંઇ'ની પીડા
મને ના પીડશો ઇશ! સ્વપ્નેય, એ જ પ્રાર્થના!

—સુરેશ દલાલ


એક અપ્રસિદ્ધ ક્રાન્તિકારી : સ્વામી નિરાલંબ

આપણી માતૃભૂમિને વિદેશી હકૂમતથી મુક્ત કરવા માટે જે ગુપ્ત ક્રાન્તિકારી આંદોલન ચાલેલું તેમાં બંગાળનું સ્થાન મોખરે હતું. એ આંદોલનની ગુપ્તતાને લઇને એમાં ભાગ લેનાર કેટલાયે દેશભક્તોનાં નામ આપણી જાણ બહાર રહી જવાં પામ્યાં હશે, જેમની કારકિર્દી પ્રકાશમાં આણવાની આપણો દેશ સ્વતંત્ર થયા પછી આપણી ફરજ છે.

એવા દેશભક્તોમાંના એક હતા સ્વામી નિરાલંબ, જે એમના સંસારી જીવનમાં જતીન્દ્રનાથ બૅનરજી તરીકે જાણીતા હતા. એમના પછી થએલા બીજા એક સુપ્રસિદ્ધ ક્રાન્તિકારી સ્વ. જતીન્દ્રનાથ મુખરજી સાથે એમના નામસામ્યને લઇને એમનું નામ લગભગ અંધારામાં જ રહી જવા પામ્યું છે એમ કહીએ તો ચાલે. પોતે સંન્યાસ લેવાથી લોકસ્મૃતિમાંથી યે ખરી પડયા, જ્યારે જતીન્દ્રનાથ મુખરજી તો પોલીસ અને લશ્કરદળ સાથે જ નહિ પરંતુ જંગલમાં વાઘની સાથે પણ લડીને 'બાઘ જતીન' તરીકે લોકસ્મૃતિમાં કાયમ માટે અંકાઈ રહ્યા.


આ જતીન્દ્રનાથ બૅનરજીનો જન્મ બર્દવાન નજીક ચન્ના નામના ગામડામાં ૧૮૭૭ની ૧૯મી નવેમ્બરે થએલો. છ ફૂટના કદાવર ને કસરતી બાંધાના જતીનના મનમાં નાનપણથી જ ધૂન હતી કે હિંદી જુવાનોએ લશ્કરમાં ભરતી થઈ, તાલીમ મેળવીને પછી સત્તાવનના જેવા સશસ્ત્ર સંગઠન દ્વારા વિદેશી હકૂમતને ઉથલાવી પાડવી જોઇએ. બંગાળમાં તો ભરતી થઈ શકાય તેમ નહોતું, કારણ બંગાળી જુવાનોને બ્રિટિશો શંકાની નજરે જોતા. આથી તે ઈ. ૧૮૯૭માં ગમે તેમ કરીને વડોદરા પહોંચ્યા અને ઘોડેસવાર ટુકડીમાં ભરતી થઈ ગયા. પોતાનું બંગાળીપણું છુપાવવા એમણે પોતાનું નામ પણ બદલીને જતીન ઉપાધ્યાય રાખ્યું, અને એમના કદાવર બાંધા પરથી સૌકોઈ એમને ઉત્તર હિંદના જ વતની માનવા લાગ્યા.

યોગાનુયોગે શ્રી અરવિંદ ઘોષ એ વખતે વડોદરા રાજ્યના કેળવણી ખાતામાં ઉચ્ચ પદે હતા. બંને વચ્ચે પરિચય થતાં એ મૈત્રીમાં પરિણમ્યો, અને બંનેએ સાથે મળીને હિંદમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાની યોજનાઓ ઘડવા માંડી. પરિણામે 'ગણતંત્રી ભારત'ની ગુજરાત શાખા વડોદરા મુકામે સ્થાપિત થઈ. જતીન્દ્રનાથને લાગ્યું કે પોતે હવે બંગાળ પહોંચીને અહીં ઘડેલી યોજનાઓ અમલમાં મૂકવી જોઇએ, એટલે ઈ. ૧૯૦૨માં શ્રી અરવિંદનો શ્રી રવીન્દ્રનાથ ટાગોરની ભત્રીજી સરલાદેવી પરનો પત્ર લઈ એ બંગાળ પહોંચ્યા.



સ્વ. જોગેન્દ્રનાથ વિદ્યાભૂષણે લખેલું ગૅરીબાલ્ડીનું જીવનચરિત્ર ત્યારે બંગાળી જુવાનોના પ્રધાન પ્રેરણાસ્રોત બનેલું. બંગાળની સૌપહેલી ગુપ્ત ક્રાન્તિકારી સંસ્થા પણ એમને ત્યાં જ, નં. ૪ શામપુકુર લેનના પોતાના નિવાસસ્થાને સ્થપાએલી. ત્યાર બાદ એ સંસ્થાનું મથક ૧૦૨, અપર સર્ક્યુલર રોડ પર લઈ જવામાં આવેલું, જ્યાં ક્રાન્તિકારી દળના સક્રિય સભ્યોની ભરતીનું કાર્ય શરૂ થએલું.

જતીન્દ્રનાથને સરલાદેવી મારફત બૅરિસ્ટર પી. મિત્ર નામના એક ખ્રિસ્તી જુવાનનો પરિચય થયો. એ બંનેએ મળીને 'અનુશીલન સમિતિ' નામક સંસ્થા સ્થાપેલી. બંગાળી જુવાનોના શારીરિક, માનસિક



છેક પુરાણકાળથી પરિચિત આ પ્રાણી એક કાળે ગ્રીસ, સમગ્ર આફ્રિકા, ને દક્ષિણ એશિયામાં વસતું હતું. પણ હાલ તો પૂર્વ આફ્રિકા, મેસોપોટેમિયા તથા ઇરાન ઉપરાંત હિંદમાં તો માત્ર સૌરાષ્ટ્રમાં ગીરનાં જંગલોમાં જ તેની વસતિ રહી છે. સિંહને એશિયાના ને આફ્રિકાના એમ બે વિભાગમાં વહેંચી નંખાય છે. તેમાં યે સોરઠનો સિંહ આખી દુનિયાના સિંહોની એક વિશિષ્ટ જાતિ ગણાય છે. એશિયન સિંહની કેશવાળી આછી ને પૂર્ણ વિકસિત દશામાં છેડેથી કાળી હોય છે. સેનિગાલના સિંહોને યાળ હોતી નથી.

નાકથી પૂછડીના છેડા સુધી સિંહ નવ ફૂટથી યે લાંબો ને લગભગ ૫૦૦ રતલ વજનનો હોય છે. માદા નર કરતાં એકાદ ફૂટ નાની હોય છે. બંનેની પૂછડીને છેડે વાળનો કાળો ગુચ્છો હોય છે, જેમાં શિંગડા જેવો સખત 'કાંટો' હોય છે.

સિંહને હિંદીમાં શેર બબર, ગુજરાતમાં ઊંટિયો વાઘ ને સોરઠમાં સાવજ કહે છે. તે રેતાળ, સપાટ ને ખડકાળ, તથા થોર અને પાણીકાંઠે ઊંચા ઘાસવાળી ખુલ્લી ભૂમિમાં વસે છે. અધિક બળવાન ને અતિશય હિમતવાન તથા સાંકડી જગ્યામાં યે આસાનીથી સારું કૂદી શકતો હોવા છતાં સિંહ વાઘ જેટલો ચપળ નથી. વળી ખુલ્લામાં સામે મોંએ મોં ફાડીને હુમલો કરવાની તથા હમેશાં ધોરી માર્ગે જ આવજા કરવાની તેની ટેવ શિકારીને ઘણી અનુકૂળ નીવડે છે. દિવસ આખો એ ટાઢે છાંયે આરામ લે છે ને રાત્રે હરણ-બકરાં કે ઢોર વગેરેનો શિકાર કરવા નીકળે ત્યારે ગર્જનાઓ કરતા રહેવાની તેને ટેવ છે. તે હમેશાં પોતાનું મારેલું જ ખાય છે.

ઑક્ટોબરથી નવેમ્બર એ તેનો સંવનનનો ને જાન્યુઆરી-ફેબ્રુઆરી એ પ્રજનનનો કાળ ગણાય છે. એ વખતે માદા, શરીરે ટપકાં ને પટાવાળાં બે, ત્રણ કે ક્યારેક પાંચેક બચ્ચાં જણે છે. બચ્ચાંનાં ઉછેરમાં સિંહ પણ પૂરતો ભાગ લે છે ને આખા કુટુંબનું પોષણ કરે છે. સિંહની આવરદા ત્રીસેક વર્ષની લેખાય છે. લાઇગર નામે સિંહ અને વાઘની વર્ણસંકર પ્રજા પણ ઉપજાવાઈ છે.

માણેક ગોળ, ચોકા, લંબગોળ, ફેન્સી, મણિ અને પોટા વગેરે આકારના હોય છે, ને હીરાની સાથે વપરાય છે. મણિની માળાઓ થાય છે અને પોટાઓ જૂના કુંદનના જડતરમાં વપરાય છે. માણેકની ખાણો બ્રહ્મદેશ અને સિલોનમાં છે, પણ અસલ રંગનાં ખાસ કરીને બ્રહ્મદેશમાં જ થાય છે, જ્યાં સ્ત્રીઓ મોટા પ્રમાણમાં તેનો વેપાર કરે છે. માણેકના ઘાટ બનાવવાનાં કારખાનાં મુખ્યત્વે સિલોન, બર્મા અને હિંદમાં જયપુર અને ખંભાતમાં છે. ખંભાત એ રત્નો અને ઇમિટેશનનું એક સુવિખ્યાત મથક છે. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે અમેરિકામાં કરોડો રૂપિયાનું માણેક અહીંથી નિકાસ થયું હતું.

માણેકનો ઉપયોગ ગ્રહ તરીકે, તેમજ અતિ કીમતી હીરા સાથેના દાગીનામાં થાય છે. લોખંડ કરતાં પણ માણેક ઘસારાને વધુ પ્રતિકાર આપે છે, તેથી સૂક્ષ્મ યંત્રોનાં ફિટિંગ તરીકે ઘડિયાળ જેવાં યંત્રમાં પણ તે જ વપરાય છે. ગ્રહ તરીકે સવા રતી ઉપરનાં જ નંગ વપરાય છે. માણેકની કિંમત રતીના બેપાંચ રૂપિયાથી માંડીને હજારોના ભાવ સુધીની હોય છે.

મોતી (ચંદ્ર): મોતી માછલીના પેટમાં સમુદ્રની અમુક ખાડીઓમાં જ થાય છે. ખાસ કરીને બસરાની ખાડીમાં સર્વોત્તમ જાતનાં મોતી પાકે છે. એટલે અરબસ્તાનમાં મોતીનો વેપાર સ્વાભાવિક રીતે ઘણો જ વિકાસ પામ્યો છે. હિંદુસ્તાનમાં સાચાં મોતી ગામડે-ગામડે દાગીનામાં વપરાય છે. તેથી મોતીનો વેપાર પણ સારો વધેલો છે. સુરત તેનું જૂનું મથક છે. સુરતમાં પહેલાં અરબસ્તાનના સોદાગરો ઊંટ ઉપર મોતીના વેપાર માટે આવતા. ત્યાંનું ગોપીપુરા આજે પણ એ પુરાણા વેપારની યાદ આપે છે.

મોતીની કિંમત તેના કદ, ઘાટ અને રંગ ઉપરથી થાય છે. મોતીના ઘાટ ખાસ કરીને, ગોળ બટન (એકબાજુ ચપટાં), સુજની (એક બાજુ અણીવાળાં લંબગોળ), બેડિયા વગેરે હોય છે. એકદમ બારીક મોતી ખાખો કહેવાય છે ને એ તોલાબંધી વેચાય છે. તદ્દન હલકાં મોતીનો દવામાં ભસ્મ તરીકે ઉપયોગ થાય છે.

મોતીનું વજન ચવમાં થાય છે. આ વજનનું કોષ્ટક સહેલું નહિ પણ અટપટું છે, જે રતીનાં વજન અને દાણાની સંખ્યા ઉપરથી થાય છે. આથી રતીચવનાં છાપેલાં વજનોની તૈયાર ચોપડીઓ આવે છે. છેલ્લાં ત્રીસેક વર્ષથી જાપાને સાચાં મોતી જેવાં જ કલ્ચર મોતીની શોધ કરી છે. તે સાચાં મોતીને એટલાં મળતાં હોય છે કે કેટલીક વાર નિષ્ણાત ઝવેરીઓની પરખશક્તિ પણ ચોક્કસ કરી શકતી નથી. આથી જાપાને જ એક એવું મશિન શોધેલું છે, જે મારફત સાચાં અને કલ્ચર જુદાં પાડી શકાય છે. કલ્ચર મોતી કિંમતમાં સસ્તાં હોવાથી દુનિયાના ખૂણેખૂણે ઢગલાબંધ પહોંચી ગયાં છે. અને સાચા મોતીના વેપારને તેણે ઘણો જ ધોકો પહોંચાડયો છે. સાચા મોતીની કિંમત ચવની પાંચ-પચ્ચીસ રૂપિયાથી બસો-પાંચસો રૂપિયા હોય છે, જ્યારે કલ્ચર મોતીની કિંમત તોલાના પચાસ રૂપિયાથી બસો અઢીસો હોય છે.

રેશમના દોરાથી મોતીના દાગીનાને પરોવનાર ખાસ કારીગરો-પરોણીગરો કાયમ માટે આ કારીગરીથી ઘણી સારી રોજી મેળવે છે.

પરવાળું (મંગળ): આ નંગ ગુલાબી અગર સિંદૂરિયા રંગનાં હોય છે. સમુદ્રના કોઈ ટાપુ ઉપર થતી જીવાતનાં દરો અને અવશેષ જ તે હોય છે. એથી એમાં કોઇ જાતનો પ્રકાશ હોતો નથી. આની કિંમત પણ ઘણી જ સાધારણ હોય છે. સારા રંગનાં સફેદ છાંટ વગરનાં જેટલાં જ-બલ્કે વધારે કિંમતી હોય છે. તેની ખાણો ખાસ કરીને રશિયા, સિલોન અને હિંદમાં ઉદેપુર વગેરે ઠેકાણે છે. માણેકના દૂધક જેમ પાનામાં જાળાં હોય છે અને ઊંચાં રંગીન પાનાંમાં કુદરતી ચિકાશ હોય છે. આ નંગના ઘાટ પણ માણેકની જેમ ગોળ, ચોકી, આંબાગોટી, મણિ, ધોસવાળા (સુજની જેવા) પોટા વગેરે હોય છે. પાનાંને કાપવાના, ઘાટ બનાવવાના અને પૉલિશ કરવાના ઉદ્યોગ માટે જયપુર પ્રખ્યાત છે. અને દુનિયાનું એ એક મોટું કેન્દ્ર ગણાય છે.

પોખરાજ (ગુરુ): આ નંગ પીળાં અગર સફેદ હોય છે. સફેદ સારા પ્રકાશવાળાં ને કેટલીક વાર તો હીરા જેવાં જ દેખાય છે; પણ હીરા જેટલો કુદરતી તેજનો થનથનાટ તેમાં હોતો નથી. તેમાં માણેક તથા શનિના જેવા ચીરા, જાળાં, સફેદાઇ, કાળાશ વગેરે ત્રુટીઓ હોય છે; તેની ખાણો ખાસ કરીને બર્મા, ઈસ્ટઈંડીઝ ને સિલોનમાં છે. રતીના પાંચ-દસથી માંડીને સો-બસો રૂપિયા સુધીનાં તે કીમતી હોય છે. ગુરૂના નંગ તરીકે ચોખ્ખો પીળો પોખરાજ પસંદ કરવામાં છે.

હીરો (શુક્ર): સ્વયંપ્રકાશથી ચમકચમક થતો અને તણખા મારતો હીરો જોનારને મંત્રમુગ્ધ બનાવી દે છે. આ અણમોલ રત્નની વિશિષ્ટતા જ તેનો અખંડ સ્વયંસ્ફુરતો પ્રકાશ છે. હીરો સખ્તાઈમાં ઉચ્ચત્તમ ગણાય છે. તેની કિંમત તેનાં કદ, રંગ, (પાસાકામ) પ્રકાશ તેમજ તેના પેટાળની શુદ્ધિ ઉપરથી અંકાય છે. તેના પેટાળમાં દગકાચ વડે કાળી, લાલ એઓ જોવામાં આવે છે, જે હીરાની કિંમત આંકતી વખતે બીજી ઘણી ખાસિયતોની જેમ ધ્યાનમાં લેવી પડે છે. હીરાના પાસા પાડવાનો તો ખાસ મોટો ઉદ્યોગ હોય છે, જેનાં કારખાનાં મુખ્યત્વે હૉલૅન્ડ, બેલ્જિયમ અને પેલેસ્ટાઈનમાં આવેલાં છે. હિંદમાં પણ સુરત તથા મુંબઇમાં જૂજ નાનાં કારખાનાં છે. હીરાની ખાણો ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં છે. અને જગતના મોટા ભાગના હીરાઓ ત્યાંથી જ નીકળે છે. હિંદમાં પન્ના સ્ટેટમાંથી હીરા નીકળે છે.

હીરા ઘણા રંગના હોય છે: જેવા કે ગુલાબી, વાદળી, સફેદ, લીલા (વનસ્પતિ), પીળા, તપખીરિયા, કાળા વગેરે. ઉપરના ક્રમના રંગ પ્રમાણે જ તેની કિંમત હોય છે. એટલે કે ગુલાબી રંગનો હીરો ખૂબ કિંમતી ગણાય છે, જ્યારે કાળા રંગનો તદ્દન હલકો ગણાય છે. હીરા આકારમાં સાદા, ખાસ કરીને ગોળ અને ચોકી, તેમજ ફેન્સીમાં પાન, માર્કિવસ અને ત્રિકોણ આકારના હોય છે. હીરાની પતરીઓ તેમજ પતલા હીરા (વલંદી) જડતરના દાગીનામાં વપરાય છે.

શનિ (શનિ): તેનો રંગ વાદળી (બ્લુ) હોય છે. આ નંગ તેના રંગ સિવાય બીજી રીતે માણેકને મળતું જ હોય છે. આ પથ્થરોમાં પણ દૂધક, ચીરા વગેરે એબ હોય છે. માણેક કરતાં તેની કિંમત ત્રીજા-ચોથા ભાગની હોય છે. ખાસ કરીને તે ગ્રહોના નંગ તરીકે અથવા ફૅન્સી દાગીનામાં વપરાય છે. ગ્રહ તરીકે બને તેટલું ચોખ્ખું નંગ વાપરવાની જ્યોતિષીઓની સલાહ હોય છે.

ગોમેદક (રાહુ): તપખીરિયા રંગનું આ નંગ પોખરાજ જેવું હોય છે. અને રાહુના નંગ તરીકે તથા ક્વચિત્ દાગીનાઓમાં ફૅન્સી નંગ તરીકે વપરાય છે. આની કિંમત પણ જૂજ-રૂપિયે રતીથી માંડીને વધુમાં વધુ દસવીસ રૂપિયા રતીના હોય છે.

લસણિયો (કેતુ): અંગ્રેજીમાં આ નંગને 'કૅટ્સ આઈ' (બિલાડીની આંખ) કહે છે. આ જ શબ્દ તેના આકારની ઝાંખી આપે છે. દેખાવમાં લીલાશ પડતા અને કોઈક વાર લસણના જેવા રંગના આ

અને સંસ્કારક વિકાસ માટેના એ સંસ્થાન પી. મિત્ર અને જતીન્દ્રનાથે ક્રાન્તિકારી સંસ્થામાં ફેરવી નાખી અને તેમાં સૌપ્રથમ ભરતી થનાર જુવાન હતો ખુદ અરવિંદ ઘોષનો જ ભાઈ બારીન્દ્રકુમાર ઘોષ. સિસ્ટર નિવેદિતા પણ અવારનવાર આ સંસ્થાની મુલાકાત લેતાં અને તેનાં માર્ગદર્શક બની રહેલાં. પાછળથી શ્રી પુલિન દાસના નેતૃત્વ નીચે ઢાકા મુકામે પણ આ સંસ્થાની શાખા ખોલવામાં આવી. ક્રાન્તિકારી આંદોલનમાં આ સંસ્થાની કારકિર્દી ખરે જ રોમાંચક છે. પી. મિત્ર સાથે જતીન્દ્રનાથ તથા શ્રી અરવિંદને એવી સમજૂતી થએલી કે અનુશીલન સમિતિ બહારથી એનું સંસ્કારઘડતરનું કાર્ય ચાલુ રાખે, જ્યારે અંદરખાનેથી એની ક્રાન્તિકારી પાંખ પોતાનું ક્રાન્તિકાર્ય આગળ ધપાવે.

પૂર્વે કલકત્તામાં મુરારી પુકુર, માણિકતલા મુકામે શસ્ત્રાસ્ત્રો બનાવવા તથા સંઘરવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. બારીન્દ્રકુમાર ઘોષ, ઉપેન્દ્રનાથ બૅનરજી, ઉલ્લાસકર દત્ત વગેરે પ્રસિદ્ધ ક્રાન્તિકારીઓ એમાં જોડાએલા હતા. ધાડો પાડીને પૈસા એકઠા કરવામાં આવતા અને છૂપી પોલીસ તથા સામાન્ય પોલીસના જે લોકોએ સંસ્થાના કાર્યની ભાળ મેળવી હોવાની કે મેળવવાનો પ્રયત્ન કરતા હોવાની જાણ થાય તેમને સાફ કરવામાં આવતા. જતીન્દ્રનાથે આ પ્રવૃત્તિ આગળ ધપાવવા હિંદભરનો પ્રવાસ કર્યો અને ઠેરઠેર સંસ્થાની શાખાઓ ખોલી. લશ્કરમાં પણ પ્રવેશીને અમુક નિર્ધારિત દિવસે દેશભરમાં વિપ્લવની આગ ફેલાવી દેવાની એમની ઉમેદ હતી. વિદેશવાસી હિંદીઓના પણ એ નિકટ સંપર્કમાં રહેલા અને ગદર પાર્ટીવાળા (કોમાગાટામારૂ ઘટનાથી વધુ જાણીતા) બાબા ગુરુદત્તસિંગ એમના ખાસ મિત્ર હતા. પરંતુ માણિકતલા બૉમ્બનું એ કારખાનું પકડાઈ જતાં બધી યોજના ઊંધી વળી ને ધરપકડનો દોર શરૂ થયો. શ્રી અરવિંદ અને જતીન્દ્ર બંને ગિરફતાર થયા અને એમની સામે પ્રખ્યાત અલીપુર બૉમ્બ કેસ શરૂ થયો. લાંબી તપાસને અંતે કશા પ્રત્યક્ષ પુરાવાના અભાવે બંને છૂટી ગયા, જોકે એમના સહકારીઓને ભારે દંડ ભોગવવો પડ્યો.

જતીન્દ્રનાથે ત્યાર બાદ જે રખડપાટ આદરી તેમાં હિમાલયના પહાડી વિસ્તારમાં રખડતાં તે શ્રી સોહમ્ સ્વામી(ઢાકાના પ્રખ્યાત વાઘપાલક શ્યામકાન્ત બૅનરજી)ના પરિચયમાં આવ્યા. નૈનીતાલ મુકામેના તેમના આશ્રમમાં દીક્ષાનો સ્વીકાર કરી એ તેમના શિષ્ય બન્યા.

સંન્યસ્ત સ્વીકારીને સ્વામી નિરાલંબ બન્યા પછી ફરી એમણે હિંદભરની યાત્રા કરી, જેમાં તિબેટમાં આવેલા માનસરોવરનો પણ સમાવેશ હતો. પ્રવાસેથી પોતાને ગામ પાછા ફરી વસતિથી દૂર એક ઝરણાને કાંઠે પોતાનો આશ્રમ ઊભો કર્યો. એમનાં પત્ની શ્રીમતી ચિન્મયી દેવીએ પણ સંસારનો ત્યાગ કરેલો. બેત્રણ ઝૂપડાંઓના જ બનેલા એ આશ્રમમાં એમના હિંદુ-મુસલમાન અનેક ભક્તો જમા થતા. એમાંના એક ભક્ત બાબુ વિજયવસંત વાસકના નિવાસસ્થાને ઈ. ૧૯૩૦ના સપ્ટેમ્બરની ૫મીએ એમણે દેહ છોડ્યો.

દમણ

ભારતમાંનાં ફ્રેન્ચ થાણામાં ચાલતા મુક્તિજંગની માફક ગોવા, દમણ અને દીવનાં પોર્ટુગીઝ થાણાઓનો મુક્તિસંગ્રામ પણ હવે શરૂ થઈ ગયો છે. અને મુક્તિમોરચાના સ્વયંસેવકોએ સૂરત નજીક ખંભાતના અખાત પર આવેલા દમણ અને તેની નજીકના પોર્ટુગીઝ પ્રદેશના નગરહવેલી-પરગણાને મુક્ત પણ કરી દીધું છે.

મુંબઈથી ઉત્તરે સો માઈલ પર આવેલા એ દમણનું ક્ષેત્રફળ નગરહવેલી અને દાદરા સહિત ૧૪૯ ચોરસ માઈલ છે. દમણની ઉત્તરે ભગવાન નદી, દક્ષિણે દમણગંગા, પૂર્વમાં મુંબઈ રાજ્યની હદ અને પશ્ચિમે ખંભાતનો અખાત આવેલાં છે.

વાસ્કો દ ગામાએ ઈ. ૧૪૯૮માં સમુદ્રમાર્ગે દક્ષિણ આફ્રિકાના ચક્રાવો મારી ભારતખંડ શોધ્યો, અને કાલીકટ બંદરે ઊતર્યો તે પછી ભારતની સમૃદ્ધિ જોઈને પોર્ટુગીઝો વધુ પ્રમાણમાં ભારત આવવા લાગ્યા. તેઓ વેપાર કરવાનો શાન્તિમય ઇરાદો બતાવતા, પણ ચાંચિયાગીરી પણ કરતા અને રાજકારણમાં પણ માથું મારતા.

તે જમાનામાં દમણ હુન્નરઉદ્યોગ અને વેપારથી ધમધમતું હતું. ગુજરાતનું પ્રખ્યાત કાપડ અને બીજો માલ અહીંથી જ પૂર્વ આફ્રિકા પહોંચતો. પહેલી વાર તો પોર્ટુગીઝો દમણ માત્ર લૂંટી અને બાળીને ચાલ્યા ગયા. તે પછી ત્યાંની પુરુષાર્થી પ્રજાએ તે ફરી બાંધ્યું અને ફરી તે ધમધમતું થઈ ગયું. હવે પોર્ટુગીઝો તેની જાહોજલાલીથી આકર્ષાયા અને ઈ. ૧૫૧૮માં તેમણે ફરી દમણ કબજે કર્યું ને ત્યાં વસાહત જ સ્થાપીને આસપાસ કિલ્લેબંધી કરી લીધી. અત્યારે દમણનો જે કિલ્લો છે તે એ સમયે ૧૬૧૪થી ૧૬૨૭ની વચ્ચે બંધાવ્યો છે.

એ જમાનામાં મુસલમાનો, રજપૂતો, મરાઠાઓ અને પાછળથી અંગ્રેજો પણ સત્તા માટે પડાપડી કરતા હતા. એમની વચ્ચે પોર્ટુગીઝો દમણમાં પોતાની અટપટી કિલ્લેબંધી પાછળ સુરક્ષિત હતા; એટલું જ નહિ પણ ૧૭૮૦થી ૮૫ વચ્ચે તો તેમણે દાદરા અને નગરહવેલી પણ મરાઠા પાસેથી પડાવી લીધાં.

ત્યારે નદીઓનું વ્યૂહાત્મક મહત્ત્વ ઘણું હતું દમણની ઉત્તરે ભગવાન નદી અને દક્ષિણે કલેમ નદી વહે છે. પણ દમણગંગા મોટી નદી છે અને તે પૂર્વમાં ૪૦ માઇલ છેટેના ડુંગરોમાંથી આવે છે. ખંભાતના અખાતમાં પડતા આ બધા જલપ્રવાહોથી તે સુરક્ષિત ગણાતું.

અહીં ઇમારતી લાકડાનાં મોટાં જંગલો આવેલાં છે જેમાં બે તૃતિયાંશ ભાગ જેટલાં તો સાગનાં લાકડાં છે. એક કાળે દમણમાં જહાજબાંધકામનો ધીખતો ઉદ્યોગ ચાલતો. ત્યારે ખંભાતના અખાતને કાંઠે કિલ્લાની રાંગેરાંગે જહાજવાડાઓ અસ્તિત્વમાં હતા. 'ડોન ફર્નાન્ડો' નામનું ૧૯મી સદીના પ્રારંભમાં અહીં બંધાએલું ફ્રીગેટ જહાજ લિસ્બનના તાગુસ બારામાં આજે પણ નાંગરેલું પડ્યું છે. આજે પણ દમણ સુથારકામ અને શિલ્પકળા માટે જાણીતું છે.

દરિયાના ઊંડાણમાંથી માછલી પકડવા માટે પણ દમણના માછીમારો જાણીતા છે. દમણનાં હવાપાણી આરોગ્યપ્રદ અને તેની જમીન ફળદ્રુપ છે. ચોખા, ઘઉં, તમાકુ અને ઇમારતી લાકડું તેની મુખ્ય પેદાશ છે. દરિયાકાંઠાનો દમણ પ્રદેશ દમણગંગા વડે બે ભાગમાં વહેંચાઇ જાય છે. બંને કાંઠે એકેક કિલ્લો છે, જે પૈકી એકમાં ગવર્નરનો નિવાસ અને સરકારી મકાનો છે અને બીજા કિલ્લામાં દેવળ, પાદરીઘર, કબ્રસ્તાન વગેરે છે. બંને કિલ્લા પર તોપો ગોઠવવામાં આવી છે. દમણ, દાદરા અને નગરહવેલીની સંયુક્ત વસતિ ૧૯૫૦માં ૬૯,૦૦૦ની હતી.

નવ ગ્રહ અને રત્નો

જૂના કાળથી ઝવેરાત જ્યોતિષશાસ્ત્રની સાથે સંકળાએલું છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એમ નવ ગ્રહની અસર પૃથ્વી પર હોય છે. પૃથ્વી પરના દરેક માનવી ઉપર તેના જન્મ વખતની ગ્રહોની સ્થિતિ અને ત્યાર પછીના ભ્રમણ પ્રમાણે તે સારીનરસી અસર કરે છે. એ દરેક ગ્રહનાં નંગ નીચે પ્રમાણે છે: સૂર્ય–માણેક; ચંદ્ર–મોતી; મંગળ–પરવાળું; બુધ–પાનું; ગુરુ–પોખરાજ; શુક્ર–હીરો; શનિ–શનિ, રાહુ–ગોમેદક; કેતુ–લસણિયો.

માણેક (સૂર્ય): ગ્રહોમાં જેમ સૂર્ય તેમ રત્નોમાં માણેક. તેનો રંગ લાલ હોય છે. કેટલીક વાર એ રંગ વિકૃત થઇને ગુલાબી, બહેપી, ઘેરો (કાળો) લાલ બને છે. આ નંગની એક વિશિષ્ટતા એ છે કે ઘણુંખરું તેનામાં ખુલ્લી ખૂણેખાંચરે ને દ્વધક નામની એક સફેદ ફરકતી છાંય

શહેરીના એક ઉત્તરાધિકારીના નામ પરથી જ આજ સુધી પ્રચલિત રહેવા પામેલું કાવસજી પટેલ ટૅન્ક (સી. પી. ટૅન્ક) નામ અપાયું હતું. વળી પેલા જંજીરાના સીદી યાકુબખાને મુંબઈ પર હલ્લો કર્યો ત્યારે એ દોરાબજીના પુત્ર રૂસ્તમે અંગ્રેજોને બહુ જ ઉપયોગી થઈ પડે એવા પ્રકારની સેવા અર્પી હતી. એ સેવાની કદર રૂપે એ રૂસ્તમને મુંબઇના પહેલા 'પટેલ' તરીકે નીમવાનું સૌજન્ય અંગ્રેજોએ દાખવ્યું હતું એ અલબત્ત નોંધી લેવા જેવું ગણાય.

એવા જ એક બીજા પારસીનું નામ પણ મુંબાઈ સાથે જોડાએલું છે. તેનું નામ લવજી હતું અને તે સુરતથી આવીને મુંબઈ વસી રહ્યો હતો. સુરત બંદરે રહેતાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં વહાણોના 'સુપરિન્ટેન્ડેન્ટ' (ઉપરી) તરીકેનું કામ તેણે વર્ષો સુધી સંભાળ્યું હતું. એ લવજીની જ દેખરેખ નીચે ઈ. સ. ૧૭૩૫માં મુંબઈનો ડક્કો બાંધવામાં આવ્યો હતો એ ઇતિહાસને ચોપડે નોંધાયેલી હકીકત છે.

—ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

લાયકાતની કસોટી

ઘણા જુવાનોને પોતે કયા ધંધાને લાયક છે તેનો ખયાલ નથી હોતો અને પોતાને પ્રતિકૂળ એવા ધંધામાં ઘસડાઈ જાય છે, જેને પરિણામે તેમના જીવનનો જ નહિ પણ રાષ્ટ્રની શક્તિનો પણ અપવ્યય થાય છે. આ અટકાવવાને માટે અમેરિકામાં હોબોકેન લૅબૉરેટરી નામની એક પ્રયોગશાળા યોજાઈ છે. એ પ્રયોગશાળાએ કામદારો ઉપર અજમાવવા માટે એક કસોટી ઠરાવી છે. એની પરીક્ષાઓ સાવ સહેલી હોય છે. માણસ એક પાટિયા ઉપર કેટલી ઝડપે ખીંટીઓ ખોડી શકે છે, અથવા રંગોનો મેળ કેવી રીતે બેસાડી શકે છે, અથવા ગણિતનો સાદો દાખલો શી રીતે ઉકેલી શકે છે એના પ્રયોગ કરવામાં આવે છે. આવા પ્રયોગ ઉપરથી, જુદાજુદા કામની સફળતામાં કયાં લક્ષણો, વલણો વગેરે કામ કરતાં હતાં એ માનસશાસ્ત્રીઓ નક્કી કરી શકે છે.

આ જ ઢબ ઉપર ત્યાંની સરકારની બ્યૂરો ઑવ એમ્પ્લૉયમેન્ટ સિક્યુરિટી તરફથી પણ એક 'જનરલ ઍપ્ટીટ્યૂટ ટેસ્ટ બૅટરી' નામની એક કસોટી યોજવામાં આવી છે. એમાં ૧૫ પરીક્ષાઓ (જેમાંની ૧૧ પરીક્ષાઓ લેખિત હોય છે.) અરજદારનાં દસ વલણોની કસોટી કરવામાં આવે છે. એ કસોટીઓમાંની મુખ્ય આ પ્રમાણે છે:

૧. બુદ્ધિચાતુર્ય–કામ શીખવાની આવડત: કોઇ વિચાર ગ્રહણ કરવાની અને સૂચનાઓ તથા એની પાછળના સિદ્ધાંતો સમજવાની આવડત, તર્કબદ્ધ વિચાર કરવાની અને નિર્ણયો કરવાની શક્તિ.

૨. મૌખિક વલણ: શબ્દોના અર્થ અને એની સાથે સંકળાએલા વિચારો સમજવાની શક્તિ. ભાષા તથા એકબીજા શબ્દોના સંબંધ સમજવાની શક્તિ. માહિતી કે વિચારો સ્પષ્ટપણે રજૂ કરવાની શક્તિ.

૩. ગણિતનું કામ ઝડપથી ને ચોકસાઈથી કરવાની શક્તિ.

૪. 'અવકાશ' વિષેનું વલણ: અવકાશમાં સ્વરૂપો ઓળખવાની શક્તિ. સાદી અને નક્કર વસ્તુઓ વચ્ચેનો સંબંધ સમજવાની શક્તિ.

૫. સ્વરૂપનો ખયાલ: સચિત્ર કે આકૃવાળા ચિત્રની સમજણ.

૬. કારકુની શક્તિ: મૌખિક કે કોષ્ટકમાંની સામગ્રીમાંથી પ્રસ્તુત વિગતો સમજવાની શક્તિ.

૭. આંખ અને હાથ અથવા આંગળાનું ચોકસાઈપૂર્વક સંકલન કરવાની અને ઝડપભેર હરફર કરવાની શક્તિ, વગેરે.

આમાંથી જુદીજુદી કસોટીઓનું સંયોજન કરીને ૨૦ ક્ષેત્રોમાંનાં ૨,૦૦૦ વિવિધ કામો માટેની પરીક્ષા કરવામાં આવે છે.

વ્યક્તિવિશેષ : સ્વ. પ્રોફ. ભાતખંડે



સમગ્ર આયુ સંગીતદેવીની એકનિષ્ઠ ભક્તિમાં ગાળીને ભારતીય સંગીતને શાસ્ત્રશુદ્ધ કરનાર મહારાષ્ટ્રના આ સમર્થ સંગીતજ્ઞાતાનો જન્મ રત્નાગિરિ જિલ્લાના વેળણેશ્વર મુકામે ઈ. ૧૮૬૦ની ૧૦મી ઑગસ્ટે એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થએલો. નાનપણથી જ પ્રગટેલી અદમ્ય સંગીતપિપાસાને શાંત કરવાની ઉત્તમ તક કૉલેજમાં જોડાવા મુંબઈ આવતાં તેમને મળી. ત્યાં સિતારના ઉસ્તાદ શેઠ વલ્લભદાસના તો તેઓ પોતાની મુગ્ધતાએ કરીને થોડા સમયમાં જ અંતેવાસી બની ગયા, અને સિતારવાદનમાં અસાધારણ નિપુણતા પ્રાપ્ત કરી. ૧૮૯૦માં એલએલ.બી.ની પરીક્ષા પાસ કરીને પહેલાં કરાંચી અને પછી મુંબાઈમાં વકીલાત શરૂ કરી; પણ એ જ ગાળામાં થએલાં એમનાં પત્ની તથા એકના એક પુત્રીના મૃત્યુએ સંસારપ્રત્યે એમને વિમુખ બનાવી દીધા. સંગીતને જ જીવનનું એકમાત્ર ધ્યેય બનાવીને તેમણે સંગીતના પ્રાચીન ગ્રંથોનો નિઃશેષ અભ્યાસ કર્યો તથા તજ્જ્ઞો પાસેથી પણ પુષ્કળ મેળવ્યું. પછી તે અખિલ ભારતની સંગીતયાત્રાએ નીકળ્યા, આ ફલસ્વરૂપે બે ગ્રંથ આપણને મળ્યા : 'હિંદુસ્તાની સંગીતપદ્ધતિ' અને દળદાર ચાર ભાગવાળો 'ઉત્તર હિંદુસ્તાની સંગીત-પદ્ધતિ', જે પૈકી બીજા ગ્રંથને તો શ્રી દિલીપકુમાર રૉયે ભારતની બધી જ પ્રાન્તીય ભાષાઓમાં અનુવાદ કરવા યોગ્ય ગણાવ્યો છે. ઉપરાંત સંગીત માટે 'ચતુર પંડિત'ના ઉપનામથી સંસ્કૃતમાં કારિકાશૈલીમાં '**श्रीमल्लक्ष्यसङ्गीतम्**' નામનું પુસ્તક પણ તેમણે લખ્યું છે. એમની સમૃદ્ધ સંગીતયાત્રામાં અનેક સમર્થ સંગીતવિદોના સમાગમનો તેમને લાભ મળેલો.

સંગીતને ચિરંજીવ સ્વરૂપ આપવા માટેની તેમની વિવિધ પ્રવૃત્તિઓમાંની મુખ્ય હતી: સંગીતની પ્રાચીન હસ્તપ્રતો બહાર પાડવી, અર્વાચીન સંગીતકલાપ્રવાહ માટેનાં પુસ્તકો બહાર પાડવાં, સંગીતપરિષદો ભરવી અને મોટાં શહેરોમાં સંગીતશાળાઓ તથા કૉલેજો સ્થાપવી. વડોદરામાં ભરાએલી પહેલી સંગીત પરિષદમાં તેમણે આપેલું વ્યાખ્યાન સંગીતના અભ્યાસી તથા ઉસ્તાદો માટે પણ એટલું જ મનનીય હતું. સંગીતના સ્વતંત્ર અને બહોળા વિકાસના એ ભેખધારીએ સિંધીઆ મહારાજનું ૬૦૦ રૂપિયાનું વેતન પણ જતું કરેલું. મુંબાઈની સંગીતશાળામાં આજીવન છેલ્લે સુધી તેઓ જાતે જ શીખવતા.

અત્યારે તેઓ આપણી વચ્ચે નથી, પણ બરાબર અરધી સદી સુધી કરેલી તેમની સંગીતની અપ્રતિમ ને અનન્ય સેવાનું ઉજ્જવલ પરિણામ આપણી આંખ સામે પડયું છે.

દિનવિશેષ

તા. ૧ અહિંસા દ્વારા આઝાદી હાંસલ કરાવવા ગાંધીજીનો હિંદવ્યાપી અસહકાર શરૂ, ૧૯૨૦.
તા. ૫ ફ્રેંચ નવલ–નવલિકા-લેખક હાંરી રેને આલ્બર્ટ ગાઈ દ મૉપાસાંનો જન્મ, ૧૮૫૦.
તા. ૬ ભારતીય કલાના સમુદ્ધારક કલાગુરુ અવનીન્દ્રનાથ ઠાકુરનો જન્મ, ૧૮૭૧.
તા. ૯ ગાંધીજીની 'કરેંગે યા મરેંગે'ની ઘોષણા તળે હિંદવ્યાપી સ્વાતંત્ર્ય-આંદોલન, ૧૯૪૨.
તા. ૧૩ રાજકાજ ને સાહિત્ય બંનેમાં પ્રગલ્ભ પ્રતિભાવાન રમેશચંદ્ર દત્તનો જન્મ, ૧૮૪૮.
તા. ૧૫ ભારત આઝાદ બન્યું, હિંદના બે ભાગલા : હિંદ–પાકિસ્તાન, ૧૯૪૭.
તા. ૧૬ બંગાળના ભક્તિમાર્ગના સ્થાપક સ્વામી રામકૃષ્ણ પરમહંસનું અવસાન, ૧૮૮૬.
તા. ૨૫ સિંગાપોરમાં આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ સ્વીકારી સુભાષ નેતાજી બન્યા, ૧૯૪૩.
તા. ૩૧ 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ના કર્તા ને ધર્મોપદેશક જૉન બનિયનનું અવસાન ઈ. ૧૬૮૮.

પ્રસંગવિશેષ : પહેલા મહાયુદ્ધનો આરંભ–૧લી ઑગસ્ટ ૧૯૧૪

પૂર્વના વેરને કારણે ઑસ્ટ્રિયાના ગાદીવારસ આર્કડયૂક ફર્ડિનાન્ડનું ખૂન થતાં તે આરોપ સર્વિયા પર ઢોળી ઑસ્ટ્રિયાએ તેની સામે યુદ્ધ જાહેર કર્યું. આ તક સાધી યુદ્ધનાં પ્યાસી સર્વ યુરોપીય રાષ્ટ્રો તેમાં ભળ્યાં. ૧૮૭૦નો જર્મનીના હાથનો પરાજય ફ્રાંસથી, અને જર્મનીનો વિકાસ ઈંગ્લંડથી સહન ન થતાં એ બંને મિત્રરાજ્ય બની ઑસ્ટ્રિયાના પક્ષકાર જર્મનીના વિનાશની તક શોધવા લાગ્યાં. રશિયા મિત્રરાજ્યો સાથે, ને ઈટાલી પહેલાં જર્મનીની પણ પછી મિત્રરાજ્યોની સાથે ભળ્યું. મિત્રરાજ્યોનો પક્ષ ઘણો જ બળવાન હતો, જ્યારે તકસાધુ ઈટાલીની અને નાનકડા ઑસ્ટ્રિયાની સહાયવાળું જર્મની વાસ્તવમાં એકલું જ હતું. છતાં મક્કમ તાકાત ધરાવતું જર્મની ૧૯૧૪ના ઑગસ્ટની ૧લીએ યુદ્ધ જાહેર કરી બેલ્જિયમને કચરી ફ્રાંસ તરફ આગળ વધ્યું. બહાનું જ શોધતું ઇંગ્લંડ બેલ્જિયમનો પક્ષ લઈ જર્મની સામે ફ્રાંસની મદદે ઊભું. પછી, મિત્રરાજ્યોને ધીરેલાં નાણાં ડૂબે નહિ માટે અમેરિકાએ અને પછી જાપાને પણ મિત્રરાજ્યનો પક્ષ લીધો. આમ, મિત્રરાજ્યોનું બળ વધી જતાં આખરે ૧૯૧૮માં સંધિઓ થઈ જેમાં જર્મનીના જે હાલ થયા તેથી શરમાઈ કૈઝર હોલૅન્ડ નાસી ગયો. અનેક રાષ્ટ્રોને સંડોવતા આ પ્રથમ મહાયુદ્ધે જે ખુવારી બોલાવેલી તે તો ઘણાએ જોઈ–જાણી છે.

ભવિષ્યની ડિરેક્ટરી (અનુસંધાન)

મેં નોટ હાથમાં લીધી અને ધ્યાનથી જોઈ. એકાએક મારા મગજમાં પ્રકાશ પડયો અને મારું મુખ ગંભીર બની ગયું. ખિસ્સામાંથી ચેકબુક કાઢીને મેં ચેક લખવા માંડયો. 'શું કરે છે, અનિલ?' જ્યોતિ બોલી.

'સો રૂપિયાનો ચેક લખીને શહેરિયારને આપું છું નોટની બદલીમાં. જેથી તે છેતરાયો છે એમ તેને ન લાગે.'

'મૂર્ખ છે કે શું? આપણે ક્યાં શહેરિયાર પાસેથી રેસ્ટોરાં ભાડે રાખ્યું હતું? ખાલી સો રૂપિયા ફેંકી દેવા? શહેરિયારે એવા અજાણ્યા માણસને શું કામ ભાડે આપ્યું?' જ્યોતિ બોલી.

'જ્યોતિ, પેલાની વાત બરાબર હતી. શહેરિયાર છેતરાય નહિ તે મારે જોવાનું છે તેમ તેણે કહ્યું હતું કે નહિ? તેમજ તેનું સ્મરણચિહ્ન શહેરિયાર મને આપશે એમ પણ સાથે કહેલું!'

'હા, પણ તેનું શું?'

'આ નોટ જો, એટલે તને બરાબર સમજ પડશે.' કહી મેં નોટ આપી.

નોટ બનાવટી નહોતી, સાચી જ હતી. રીઝર્વ બૅંકની બરાબર હતી. વૉટરમાર્ક પણ સાચો જ હતો. પણ તેનો નંબર સીરીઝ ૧૯૮૦ ડી ૦૦૦૯૭૫ લખેલો હતો, એટલે કે તે નોટ ઇ. સ. ૧૯૮૦માં છપાઇ હતી —કે છપાવાની હતી—અને તેમાં મારી જ પોતાની સહી હતી: 'અનિલચંદ્ર કે. શાહ, ગવર્નર, રીઝર્વ બૅંક! (સૂચિત)

નાના તે નિન્દા કરે, સમાન દાખે દ્વેષ,
નર મોટાનાં નેણમાં, નેહ દિસે સવિશેષ.

—તનસુખ ભટ્ટ

બત્તી વિના સાઈકલ ચલાવવા માટે પકડાએલા એક વિદ્યાર્થીને ન્યાયાધીશે પાંચ રૂપિયા દંડ કર્યો. વિદ્યાર્થી ગરીબ પણ પ્રામાણિક હતો. તેણે કહ્યું: 'મને પોતાને શ્રમ પડે એવી કોઈ મજૂરીની સજા કરો; કારણ કે આ દંડ તો મારા ગરીબ પિતાજી ઉપર પડવાનો છે, મારા ઉપર નહિ.' અને વિદ્યાર્થીની આ સચ્ચાઈ જોઈ ન્યાયાધીશે તેને સજામાંથી મુક્તિ આપી.

શબ્દોનાં મૂળ: **અખિયાણું**=માંગલિક પ્રસંગોએ ગોર તથા ઢોલી વગેરે વસવાયાંને ઘઉં, નાળિયેર આદિ આપવામાં આવે છે તે. આજે તો ઘઉં અપાય છે, પણ પ્રાચીન કાળમાં શુભ પ્રસંગે 'શાલિદાન'–ચોખાનું દાન થતું, અને એમાં જ એ શબ્દનું મૂળ રહેલું છે. મૂળ એ શબ્દ સંસ્કૃતમાં 'અક્ષતદાનકમ્'. તેના ઉપરથી પ્રાકૃતમાં 'અક્ખય–આણઅં' થયું; તે પરથી 'અક્ખઈ–આણઅં,' પછી 'અક્ખિયાણઅં,' અને પછી અપભ્રંશમાં 'અક્ખિયાણઉં' થયું તે પરથી મધ્યકાલીન ગુજરાતીમાં 'અખિયાણઉં' અને ગુજરાતીમાં 'અખિયાણું' થયું.

આપણે હવા વગર વધુમાં વધુ પાંચ મિનિટ, પાણી વગર સાત દિવસ અને ઊંઘ વિના દસ દિવસ ચલાવી શકીએ.

સ્થળ વિષે લોકોક્તિ
મચ્છુકાંઠો ને મોરબી, વચમાં વાંકાનેર;
માળીએ માઢુ નીપજે, પાણીએ પાણીએ ફેર.

કોઈ પણ બે રકમોનો ગુણાકાર કરવા માટે નીચેની રીત લાંબી પણ નવતર છે. દાખલા તરીકે આપણે ૬૭ અને ૯૮ એ બે રકમોનો ગુણાકાર કરવો છે. તો એ બે પૈકી મોટી રકમને ડાબી બાજુ અને નાની રકમને જમણી બાજુ એમ સામસામા કૉલમમાં મૂકો. હવે મોટી રકમને ક્રમાનુક્રમ અરધી કરતા જઈને અંતે ૧ આવે ત્યાં સુધી તેના આંકડા એકબીજાની નીચે મૂકતા જાઓ. એમ કરવામાં જ્યાં એકી રકમનું અરધું અપૂર્ણ આવતું હોય ત્યાં તેની પહેલાની રકમ મૂકવી. હવે તે જ રીતે તેની સામેની રકમને બમણી કરતા જઈ, પહેલી રકમના ૧ની સામે આવી પહોંચે તેટલી રકમો એક પછી એક મૂકતા જાઓ:

૯૮	૬૭ •
૪૯	૧૩૪
૨૪	૨૬૮ •
૧૨	૫૩૬ •
૬	૧૦૭૨ •
૩	૨૧૪૪
૧	૪૨૮૮

હવે ડાબા કૉલમમાંની બેકી રકમોની સામે આવેલી જમણા કૉલમની રકમો છેકી નાખો (ઉપર તે ફૂદડી વડે દર્શાવી છે), અને બાકી રહેલી રકમોનો સરવાળો કરો એટલે ગુણાકારની રકમ આવી રહેશે.

(શશિન પટેલ–વીરેન્દ્ર દેસાઈ)




ભૂમિતિની આકૃતિઓ અને સુંદર અક્ષરોનાં આલેખન તથા તેનાં ચાતુરીભર્યાં સંયોજન એ મુસ્લિમકળાની વિશિષ્ટતા છે. એવી સુંદર લિપિકળા વડે ઘોડાની આકૃતિ ઉપજાવતો નમૂનો અગાઉ ૨૯૩મા અંકમાં આપ્યો હતો. એવી આ વાઘની આકૃતિ છે.


રશિયામાં જુદી જુદી ૧૭૦ પ્રજાઓ વસે છે અને લગભગ ૬૦ જેટલી ભાષાઓમાં ત્યાં પુસ્તકો પ્રગટ થાય છે.

એરંડિયાનું મોણ દીધેલી રોટલી કે ભાખરી હમેશાં ખાનારને કદી કબજિયાત, વાયુ કે મરડાનું દરદ થવાનું નહિ. (૨૫)

નાળિયેરની કાચલીમાંથી ટોપરું ન નીકળતું હોય તો થોડી વાર કાચલી પાણીમાં પલાળી રાખજો; તરત નીકળશે. (૨૫)

ગ્રાહક: તમારી હૉટલ તદ્દન રદ્દી છે. આ ખોરાક કોઈ ઢોર પણ ન ખાય એવો છે.
મૅનેજર: શાંત થાઓ સાહેબ, હમણાં એવો મંગાવી આપું.








હરતાલ અને હિંગ સમાન ભાગે લીંબુના રસમાં ઘૂંટી સોગઠી બનાવી રાખવી. વીંછી કરડે ત્યારે એ સોગઠી લીંબુના રસમાં ઘસી ડંખ ઉપર લગાવવાથી વેદના દૂર થશે. (છગનભાઈ મકન)

(૧) આ 'ઈલ' (બામ) નામની મીઠા પાણીની માછલી બધી જન્મે છે સારગાસ્સો સમુદ્રમાં–ખારા પાણીમાં! પછી એનાં બચ્ચાં મીઠાં પાણીમાં ચાલ્યાં જાય છે; અને દસ વરસ પછી મરવા માટે ફરી સારગાસ્સોમાં જ પાછાં ફરે છે! (૨) બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ કરેલી મદદની કદરમાં પોતાના નવમા મુક્તિદિને હોલાંડના લોકોએ ૪૯ ઘંટવાળું આ કૅરિલૉન નામનું વિશિષ્ટ વાજિંત્ર તેને ભેટ આપ્યું છે. (૩) પોતાના કદ ને વજનના પ્રમાણમાં દુનિયામાં મોઘામાં મોઘી કોઈ ચીજ હોય તો બ્રિટિશ ગિયાનાની ઈ. ૧૮૫૬ની એક પેનીની આ ટિકિટ! એક લાખ ડૉલરથી ઓછે આજે મળે એમ નથી. તેની મૂળકિંમત કરતાં એકકરોડ ગણી મોઘી!



ખિલેલા પુષ્પ જેવાં તાજાં
અને મોહક રહો...
વાપરો
હમામ
ન્હાવાનો સાબુ
HAMAM
હમામની ખુશબો નવીન પ્રકારની છે...અને તે ટકે છે પણ લાંબો વખત!
ટાટાની બનાવટ







દેશની બધી કોમોને
બધા વર્ગોને

પસંદ પડે તેવું કાપડ

તૈયાર કરવાનો

અમારો મુદ્રાલેખ છે

અમારી ગ્રૂપ મિલોનું કાપડ
દેશપરદેશમાં વપરાય છે
જહાંગીર વકીલ ગ્રૂપ મિલોનું કાપડ વાપરો

જહાંગીર મિલ અમદાવાદ ★ ન્યૂ જહાંગીર મિલ ભાવનગર

રુસ્તમ મિલ અમદાવાદ ★ નવજીવન મિલ કલોલ